સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 44
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ કાર્તિક વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૯ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

VEG JAIN

IATA

By: NOVEX COMMUNICATIONS

## Velvet Vacations

# મંગલ શુભારંભ

**તારીખ: 9th Nov. 2025**
**(આજે છેલ્લો દિવસ)**


**સમય: 11:30 am થી - 5:30 pm**


**સ્વીકાર કરો આમંત્રણ, અમારી નવી ઑફિસ ના ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ નું.**

**સીમિત સમય માટે – મેગા ઑફર ચૂકી ન જશો!**

**સંતોષકારક પ્રવાસોનુ સરનામુ એટલે વેલ્વેટ વેકેશન્સ**

**બુક કરાવો તમારા યાદગાર પ્રવાસો અને મેળવો ખરેખર આકર્ષક ઓફર**




**આપની સુવિધા માટે પાર્કિંગ ઉપલબ્ધ છે.**

આ શુભપ્રસંગે આપની હાજરી અમારી માટે સન્માનરૂપ હશે.
આવો અને નવા પ્રવાસની નવી દિશા સાથે જોડાઈ જાવ!

ઉંડા અભ્યાસ અને વર્ષો ના અનુભવી ટીમ મેમ્બર્સ દ્વારા આયોજીત ... રાજસ્થાની મહારાજ સુવિધાઓ સાથે ની ખરેખર પૈસા વસુલ ટુરો એટલે કે "વેલ્વેટ વેકેશન્સ"

### ઓપનિંગ સ્પેશિયલ ઓફર:

- માત્ર ₹8100/-* માં (પ્રતિ વ્યક્તિ) તમારી પસંદગીનો કોઈ પણ ટૂર બુક કરો!. સાથે મેળવો સરપ્રાઈઝ ભેટ.
- યુરોપ ટૂર પર સ્પેશિયલ ડિસ્કાઉન્ ₹ 51,151/-
- મુંબઈ સાન્તાક્રુઝ ના જાણીતા "રામ શ્યામ ચાટ ભંડાર વાળા" ની સ્વાદિષ્ટ ચાટ નો આનંદ માણો 🙂

* શરતો લાગુ.

**VENUE**

R-WING, (G2) ગ્રાઉન્ડ ફ્લોર, રેમી બિઝ કોર્ટ,
પ્લોટ નં 9, શાહ ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ઓફ. વીરા દેસાઈ રોડ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - 400058.

**CALL:**
**+91 8108012096**
**+91 8108013951**

www.velvetvacations.in

Skyline Holidays

PRANAV

# ધોરણ ૧૦ અને ૧૨ની ગુજરાત બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર, ૨૬ ફેબ્રુઆરીથી આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (જીએસઈબી) દ્વારા ૮ નવેમ્બર શનિવારે ધોરણ ૧૦ (એસએસસી) અને ૧૨ (એચએસસી)ની મુખ્ય બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ (ટાઈમ ટેબલ) જાહેર કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે ઓક્ટોબરમાં જાહેર થઈ જતું ટાઈમ ટેબલ આ વર્ષે કેટલાક ટેકનિકલ કારણોસર થોડું મોડું જાહેર કરવામાં આવ્યું હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થશે. ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી યોજાશે. ગત વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા ૧૦ દિવસ વહેલા શરૂ થશે.

# ગુજરાત સરકારના કૃષિ રાહત પૅકેજથી કિસાન સંઘ નારાજઃ સહાય સાવ ઓછી ગણાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ પણ નારાજ છે. કૃષિ નુકસાની સામે સરકારે જાહેર કરેલ રાહત પેકેજ ખૂબ ઓછું ગણાવ્યું હતું.

રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું હતું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી. નુકસાની ખરેખર જેને થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ જ નથી. તેમણે દાવો કર્યો હતો કે આગામી સમયમાં ખેડૂતો આક્રોશિત થશે તો કિસાન સંઘ તેમાં જોડાશે. સરકારે કોઇ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કરી દીધું છે. ખેડૂતોને સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે. સરકારે રાહત પેકેજ અંગે પુનઃ વિચારણા કરવાની જરૂર છે. ૧૦૦ ટકા નુકસાની અને ૨૫ ટકા નુકસાની બંનેને સરખું વળતર કેમ હોય શકે. ૧૦,૦૦૦ કરોડના ઐતિહાસિક પેકેજની વાતો સરકાર કરતી હોય તો, ખેડૂતોના ભાગે શું આવ્યું એ મોટો પ્રશ્ન છે. ખેડૂતોનો ખર્ચાની વાત કરીએ તો, ૫૨ વીઘે ૧૮૦૦૦ થી ૨૮૦૦૦ જેટલો ખર્ચ છે. આજે પ્રકારનું ખેડૂતોને નુકસાન થયું છે તે ખર્ચ પહેલા નુકસાનને બહાર કાઢવાનું પણ નથી.

કિસાન સંઘે દાવો કર્યો હતો કે, સરકાર અને સમાજ જેને ખરેખર નુકસાન થયું છે એના માટે કશું નથી. સમાજના સૃષ્ટિઓ સમાજના ઉદ્યોગપતિઓએ આગળ આવવું જોઈએ. સરકારે પોતાની મર્યાદા બતાવી દીધી કે બે હેક્ટર પૈસા આપી શકીશું. સમાજે હવે આગળ આવવું પડશે. ખેડૂતોમાં સરકારના પેકેજથી અસંતોષ છે. ખેડૂતોમાં આક્રોશ છે.

જો ખેડૂતો આગળ આવશે તો ભારતીય કિસાન સંઘ પણ ખેડૂતોના પડખે રહેશે. આર. કે. પટેલે કહ્યું હતું કે, સરકારે જે આધારે આ પેકેજ જાહેર કર્યું છે તેનો આધાર મૂકવો જોઈએ. ખેડૂતો માટે ઘાસચારો પણ ન આવે એ પ્રકારનું પેકેજ છે. સરકારે પુનઃ વિચાર કરવાની અમારી માગ છે. સરકારે પિયત અને બિન પીયતની બાબત કાઢી નાંખી એ આવકારદાયક છે.

## કૉંગ્રેસના ગુજરાત સરકાર પર ચાબખા, ખેડૂતોના રાહત પૅકેજને પડીકું ગણાવ્યું

અમદાવાદઃ ગુજરાત સરકારે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને રૂ.૧૦,૦૦૦ કરોડનું રાહત પૅકેજ જાહેર કર્યાના બીજા દિવસે કૉંગ્રેસે સરકારની ટીકા કરી હતી અને કહેવાતા ઐતિહાસિક પેકેજને પડીકું ગણાવ્યું હતું.

કૉંગ્રેસના પ્રદેશાધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં જગતનો તાત ખેડૂત તમામ રીતે હેરાન પરેશાન છે, આર્થિક રીતે પાયમાલ થયો છે અને આત્મહત્યા કરવા માટે મજબૂર બન્યો હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. કહેવાતું ઐતિહાસિક પેકેજ એ પેકેજ નહીં પણ પડીકું છે. ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી ખેડૂતોની હાલત જોઈએ તો એક વર્ષમાં ક્યાંક અતિવૃષ્ટિ થાય છે, વાવાઝોડું આવે છે, પૂરની સ્થિતિનું નિર્માણ થાય છે, ક્યારેક કમોસમી વરસાદ થાય છે અને ખેડૂતોની આખા વર્ષની જે મહેનત ધોવાઈ જાય છે અને એની સામે સરકાર પાસે જે આશાની અપેક્ષા હોય એવી કોઈપણ જાતની મદદ કે રાહત આજ દિન સુધી ખેડૂતોને મળી નથી. ગુજરાતમાં ૫૦ લાખથી વધુ ખેડૂતોએ બેંકોમાંથી ધિરાણ લીધું છે. અને આ ધિરાણની રકમ ૧.૫૦ લાખ કરોડ જેટલી થાય છે.

સરકારની જાહેરાત મુજબ ૧૬,૫૦૦ જેટલાં ગામો અસરગ્રસ્ત થયા. અને ગુજરાતમાં લગભગ ૭૨ લાખ હેક્ટર જેટલી જમીનમાં વાવેતર હતું એ પૈકી સરકારના રેકોર્ડ અહેવાલ મુજબ ૪૨ લાખ હેક્ટર જમીનમાં કમોસમી વરસાદને કારણે વાવેતરને નુકસાન થયું છે. પેકેજમાં પ્રતિ હેક્ટર ૨૨,૦૦૦ રૂપિયાની સહાય આપીશું અને બે હેક્ટરની મર્યાદા છે પરંતુ વીઘા દીઠ આ સહાયની ગણતરી કરો તો ફક્ત ૩,૫૦૦ રૂપિયા પ્રતિ વીઘા મળવાના છે. કપાસ-મગફળી જેવા પાકોમાં લગભગ ૧૭,૦૦૦ જેટલી રકમ તો ખેતી ખર્ચ પાછળ જાય છે. જયારે ખાતર, બિયારણ, વીજળી મોંઘી બની છે ઉપજનો અંદાજો ટેકાના ભાવ મુજબ ગણીએ તો બીજા ૩૦ થી ૩૧,૦૦૦ રૂપિયાનો છે. આ બંનેનો સરવાળો ગણીએ તો લગભગ વીઘાએ ૪૫થી ૫૦ હજાર રૂપિયા ખેડૂતોને મળવા જોઈતા હતા.

# ગુજરાતની તમામ મનપા, ન.પા. ગ્રામ પંચાયતોને સ્માર્ટ લાઈટિંગ સિસ્ટમ અપનાવવા આદેશ

અમદાવાદઃ રાજ્ય સરકાર હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ભારે વીજબીલનો ભાર ઘટાડવા ગંભીર બની છે. રાજ્યના ઊર્જા વિભાગે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે, જેમાં તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયતોને સ્માર્ટ લાઇટિંગ સિસ્ટમ અપનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. સ્માર્ટ ટૅકનોલૉજી, સેન્સર આધારિત લાઇટિંગ અને સૌરઊર્જા વડે વીજ બચત કરી શકાય તે માટે ખાસ યોજના અમલમાં લાવવામાં આવી રહી છે.

સ્થાનિક સંસ્થાઓ દ્વારા શહેરો અને ગામોમાં જાહેર માર્ગો ઉપર લાગેલી સ્ટ્રીટ લાઇટોના વીજ વપરાશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર વધારો થયો છે. અનેક સ્થળે સમયસર સેટિંગ યોગ્ય ન હોવાના કારણે લાઇટો દિવસ દરમિયાન પણ ચાલુ રહે છે અથવા ઓછા ટ્રાફિકના સમયમાં પણ પૂર્ણ તીવ્રતાથી પ્રકાશ આપે છે, જેના કારણે વીજળીનો વ્યય વધી રહ્યો છે. હવે ઊર્જા વિભાગે આવા બગાડ પર રોક લાવવા પગલાં લીધાં છે. ઊર્જા વિભાગ દ્વારા બહાર પાડાયેલી માર્ગદર્શિકામાં દરેક સંસ્થાને ઓપરેશન ટાઇમિંગ ઓપ્ટિમાઇઝેશન અને સ્માર્ટ લાઇટિંગ સોલ્યુશન અમલમાં લાવવા સૂચના આપવામાં આવી છે. ડિસેમ્બર ૨૦૨૫ પહેલાં તમામ સંસ્થાઓએ પોતાના વિસ્તાર માટે 'સ્ટ્રીટ લાઇટ એનર્જી એફિશિયન્સી એક્શન પ્લાન' તૈયાર કરી રજૂ કરવો ફરજિયાત રહેશે. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (ગેડા)ને થર્ડ પાર્ટી એનર્જી ઑડિટ દ્વારા વીજ બચતના ઉપાયોનું મૂલ્યાંકન કરવાનું કહેવામાં આવ્યું છે.

માર્ગદર્શિકા અનુસાર હવે દરેક વિસ્તારમાં સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય અનુસાર માસિક સમય સેટિંગ ફેરફાર કરવાની રહેશે. આ સાથે જ કુદરતી પ્રકાશ અપૂરતો હોય ત્યારે જ લાઇટ ચાલુ થાય તે માટે લાઇટ સેન્સર આધારિત ઓટોમેશન સિસ્ટમ અપનાવવી પડશે. આ સિસ્ટમ આસપાસના પ્રકાશના આધારે ઓટોમેટિક સ્વિચિંગ કરશે, જેથી અનાવશ્યક વીજ વપરાશ અટકે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે.

સ્માર્ટ લાઇટિંગના ભાગરૂપે રાત્રે ૧૨ થી ૪ વાગ્યા સુધી ડિમ લાઇટિંગ સિસ્ટમ રાખવાની રહેશે અને અવરજવર વધે ત્યારે જ લાઇટની તીવ્રતા વધે તે માટે મોશન સેન્સર લગાવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. ઊર્જા વિભાગે જણાવ્યું છે કે આ ટૅકનોલૉજી વડે વીજળીનો વપરાશ ૩૦થી ૪૦ ટકા સુધી ઓછો થઈ શકે છે.

# પંચાયતી રાજમાં ચૂંટાયેલા ભ્રષ્ટ હોદ્દેદારોને ડીડીઓપદ પરથી હટાવી શકશે, સરકારે રાજપત્ર જાહેર કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં પંચાયતોને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. પંચાયતી રાજમાં ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા થતા ભ્રષ્ટાચારને ડામવા માટે રાજ્ય સરકારે એક નવું રાજપત્ર જાહેર કર્યું હતું, જે અંતર્ગત અધિકારીઓને અભૂતપૂર્વ સત્તાઓ આપવામાં આવી છે. નવી જોગવાઈ મુજબ હવેથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના કોઈપણ હોદ્દેદાર સામે ભ્રષ્ટાચારનો આરોપ સિદ્ધ થશે, તો જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) તેમને તાત્કાલિક અસરથી પદ પરથી હટાવી શકશે.

મહત્ત્વની વાત એ છે કે, ભ્રષ્ટાચારની તપાસ અને પગલાં લેવાની સંપૂર્ણ સત્તા ડીડીઓ અને તેમનાથી ઉપરના અધિકારીઓને સોંપવામાં આવી છે. આનાથી તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખો જેવા ઉચ્ચ હોદ્દા પર બેઠેલા પ્રતિનિધિઓ સામે પણ નિષ્પક્ષ તપાસ કરી કડક કાર્યવાહી કરી શકાશે. આ નિર્ણયની સૌથી મોટી અસર એ થશે કે હવે ભ્રષ્ટાચારની ફરિયાદ કરવા માટે જટિલ પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. અધિકારીઓ માત્ર સાદી અરજી કે પછી મળેલી મૌખિક બાતમીના આધારે પણ ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરી શકશે. પંચાયતી રાજના ઇતિહાસમાં પ્રથમ વખત ચૂંટાયેલા હોદ્દેદારો સામે કાર્યવાહી કરવાની સીધી સત્તા અધિકારીઓને આપતું આ રાજપત્ર ભ્રષ્ટાચાર વિરુદ્ધની નીતિ સ્પષ્ટ કરે છે.

# કમોસમી વરસાદથી ખેતી પાકને થયેલા વ્યાપક નુકસાનમાંથી ધરતીપુત્રોને પુનઃ બેઠા કરવા રાજ્ય સરકારની સંપૂર્ણ સંવેદના

**▶ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત ખેડૂતોની સહાયતા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યું ▶ પિયત અને બિનપિયત પાક માટે એકસમાન ધોરણે સહાય આપવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ઐતિહાસિક નિર્ણય ▶ તાજેતરના કમોસમી વરસાદથી સર્જાયેલી અસાધારણ સ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકાર ખેડૂતોની વિપદાની વેળાએ માતબર સહાય પેકેજથી પડખે ઊભી રહી ▶ ૩૩ જિલ્લાના ૨૫૧ તાલુકાના ૧૬,૫૦૦થી વધુ ગામના ખેડૂતોને થયેલા પાક નુકસાનનો સર્વે ૫૧૦૦ ટીમે હાથ ધર્યો.**

મુંબઈઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના કમોસમી વરસાદ અને વાતાવરણના બદલાવને કારણે સર્જાયેલ અસાધારણ સ્થિતિમાં ખેતી પાકને થયેલા નુકસાનમાંથી ખેડૂતોને ઝડપભેર બેઠા કરવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડ રૂપિયાનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યું છે.

રાજ્ય સરકારે ધરતીપુત્રો પર આવી પડતી કુદરતી આફતોની હરેક વિપદામાં તેમની પડખે સંપૂર્ણ સહાનુભૂતિ સાથે ઊભા રહીને ખેતી પાકના નુકસાન સામે ઉદારતમ સહાય પેકેજ વખતોવખત આપેલાં છે.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોના હિતો માટે જે અનેકવિધ કલ્યાણકારી પગલાઓ લીધાં છે તેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કિસાન હિતકારી અભિગમથી સતત આગળ ધપાવી રહ્યા છે.

આ વર્ષે તાજેતરમાં થયેલા કમોસમી વ્યાપક વરસાદથી ખેડૂતોના ઊભા પાકને કાપણી સમયે જ મહત્તમ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોને આ નુકસાનમાંથી બનતી ત્વરાએ બેઠા કરવાનો સંવેદનશીલ અભિગમ ઉદારતમ સહાયથી અપનાવ્યો છે.

રાજ્યમાં અત્યાર સુધી અપાયેલા રાહત સહાય પેકેજના ઇતિહાસમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પિયત અને બિનપિયત પાકને એકસમાન પાક નુકસાન વળતર આપવાનો મહત્ત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કર્યો છે.

રાજ્યના ખેડૂતોને તાજેતરના કામોસમી વરસાદથી થયેલા પાક નુકસાન સામે આ નિર્ણયના અનુસંધાને ૨૨ હજાર રૂપિયા પ્રતિ હેક્ટર, હેક્ટર દીઠ બે હેક્ટરની મર્યાદામાં સહાય રાજ્ય સરકાર આપશે.

ખેતી પાકને જે વ્યાપક નુકસાનનો માર સહન કરવાનો વારો આવ્યો છે તેમાંથી ખેડૂતોને ઝડપભેર ઉગારવા આ રાહત સહાય પેકેજ અંતર્ગત આશરે કુલ રૂ. ૧૦ હજાર કરોડની સહાય રકમ રાજ્ય સરકાર ચૂકવશે.

મુખ્યમંત્રી આ કુદરતી આપદામાં સતત ખેડૂતોની ચિંતા કરીને તેમની પડખે ઊભા રહ્યા છે. એટલું જ નહીં, તેમણે કમોસમી વરસાદની તારાજીનો ભોગ બનેલા ૨૫૧ તાલુકાના ૧૬,૫૦૦થી વધુ ગામના ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે ત્રણ દિવસમાં પૂર્ણ કરવા માટે પાંચ હજારથી વધુ ટીમને દિવસ રાત કાર્યરત કરવાના દિશાનિર્દેશો ઉચ્ચસ્તરીય બેઠકમાં આપેલા હતા.

આ દિશાનિર્દેશોને પગલે કૃષિ વિભાગ અને સંબંધિત વિભાગો તથા જિલ્લા વહીવટી તંત્રોએ સતત ખડેપગે ૨૪x૭ કામ કરીને પાક નુકસાનીનો સર્વે/પંચ રોજકામ હાથ ધર્યા હતા.

મુખ્યમંત્રીએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓને વરસાદી અસરગ્રસ્ત વિસ્તારોની જાત માહિતી મેળવવા સંબંધિત જિલ્લાઓની મુલાકાત માટે પણ સૂચનાઓ આપી હતી.

આ સૂચનાઓના પગલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુરત જિલ્લામાં, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી ભાવનગરમાં, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ તાપીમાં, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા જૂનાગઢ અને ગીર સોમનાથમાં તેમજ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી જિલ્લાની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને સ્થળ પરના નુકસાન અહેવાલની વિગતો મુખ્યમંત્રીને પૂરી પાડી હતી.

મુખ્યમંત્રી પોતે પણ ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં પહોંચ્યા હતા અને ધરતીપુત્રોની વીતક પૂરી સંવેદનશીલતા સાથે સાંભળીને તેમને હૂંફ-સધિયારો આપ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર વિગતોની વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા રાજ્યના મંત્રીઓ સર્વશ્રી જીતુભાઈ વાઘાણી, ઋષિકેશભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળિયા, અર્જુનભાઈ મોઢવાડિયા તથા રમણભાઈ સોલંકી સાથે બેઠક યોજીને કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ વીડિયો કોન્ફરન્સથી આ બેઠકમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં રાજ્ય સરકારે વ્યાપક નુકસાનનો ભોગ બનેલા ધરતીપુત્રોની વહારે આવીને રાજ્યના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું માતબર સહાય પેકેજ આપવાનો આ નિર્ણય કર્યો છે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, નાણાં વિભાગના અગ્ર સચિવ શ્રી ટી. નટરાજન, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, નાણાં સચિવ શ્રીમતી આરતી કંવર, મુખ્યમંત્રીના સચિવ ડૉ. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યાં હતાં.

મહેસૂલ અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ વીડિયો કોન્ફરન્સથી સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે જાહેર કરેલું આ ઉદારતમ સહાય પેકેજ અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકસાનમાંથી ઝડપભેર બેઠા થઈને પૂર્વવત્ થવામાં મદદરૂપ નીવડશે. ■

# ફોરેક્સ ટ્રેડિંગના નામે સુરતના વેપારી પાસેથી નાણાં ખંખેરનારી ટોળકી નવી મુંબઈથી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ૬૦ વર્ષીય રહેવાસી અને જમીનની દલાલી સાથે જોડાયેલા સિનિયર સિટિઝનને ઠગનારી ટોળી મહારાષ્ટ્રના નવી મુંબઈથી ઝડપાઈ હતી. બોગસ ફોરેક્સ ટ્રેડિંગ કંપની ઊભી કરી, વાર્ષિક ૭૦ ટકાના ઊંચા વળતરની લાલચ આપી સિનિયર સિટિઝન પાસેથી રૂ. ૨૯,૦૬, ૨૮૩ લાખ પડાવી લીધા હતા. તેમની ફરિયાદ બાદ સુરત સાઈબર ક્રાઈમ સેલે નવી મુંબઈ ખાતેના એક કોલ સેન્ટર પર દરોડા પાડયા હતા અને સાયબર ઠગોની ટોળકીને પકડી પાડી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. અગાઉની ઘટનાઓની જેમ આ કેસમાં પણ સિનિયર સિટિઝનને વિશ્વાસમાં લેવા માટે પહેલા તેમને નિર્ધારિત વળતર આપવામાં આવ્યું હતું. વેપારીએ રોકેલા રૂ. ત્રણ લાખનું સારું એવું વળતર મળતા તેમણે જીવનભર કમાયેલી રૂ. ૨૯ લાખ જેવી મોટી રકમ સાયબર ઠગોને રોકડથી આપી હતી. ત્યારબાદ ઠગોએ તેમનું પૈસા ઉપાડવાનું ઓપ્શન બંધ કરી દીધું અને ફોન નંબર પણ બંધ કરી દીધો. પોતે છેતરાયા હોવાની જાણ થતાં વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

ટૅકનોલૉજીની મદદથી પોલીસે નવી મુંબઈમાં આવેલા કોલ સેન્ટર સુધી પહોંચી અહીં કામ કરતા શાહબાઝ શબ્બીર અબ્દુલા શેખ નામના શખસની ધરપકડ કરી હતી. આ સાથે અન્ય આરોપી સુધી પોલીસ પહોંચી હતી. આ કોલસેન્ટરના નામે આવી નવ ફરિયાદો હોવાનું પણ ખૂલ્યું છે. હાલમાં પોલીસ વિશેષ તપાસ હાથ ધરી રહી છે.

## પાટણ ભાજપમાં આંતરિક વિખવાદ

# પાટણ પાલિકા પ્રમુખે ભાજપના જ છ કોર્પોરેટર સામે કાર્યવાહી કરવા મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો

અમદાવાદઃ પાટણ પાલિકામાં ભાજપ વિરુદ્ધ ભાજપનો ઘાટ ઘડાયો છે. પાલિકા પ્રમુખ હિરલબેન પરમારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને ભાજપના જ છ નગરસેવકને વિકાસ વિરોધી ટોળકી ગણાવી તેમની સામે પગલાં લેવાની વિનંતી કરી હતી. તેમણે પત્રમાં એમ પણ જણાવ્યું હતું કે, આજકાલથી નહીં વર્ષ ૨૦૨૦માં જ્યારથી મેં પ્રમુખ પદ સંભાળ્યું તે દિવસથી ભાજપના છ નગરસેવકો વિકાસનાં કામોમાં રોડા નાખતા આવ્યા છે, જે કૉંગ્રેસના પાંચ સભ્યની મદદ લઈને બહુમતિ સાથે કામો નામંજૂર કરાવે છે. પાટણ નગરપાલિકાની તા. ૩૦/૧૦/૨૦૨૫ની સામાન્ય સભાનાં સત્તાધારી પાર્ટીનાં કેટલાક સભ્યોએ એજન્ડાના સંખ્યાબંધ કામોનો વિરોધ કરીને મુલતવી કે નામંજૂર કરીને શહેરની જનતાનાં વિકાસનાં કામોમાં વિક્ષેપ ઊભો કર્યા હોવાના આક્ષેપોની હજુ પણ આજે સાત દિવસ પછી પણ કળ વળી નથી. ૩૦ ઓક્ટોમ્બરની સામાન્ય સભા બાદ પ્રમુખ હિરલબેન પરમારે આ વિવિધ પ્રજાલક્ષી ગ્રાન્ટોનાં કામોનો વિરોધ કરીને તેમનાં પક્ષનાં લોકોએ વિકાસમાં રોડા નાંખતાં હોવાનો આક્ષેપ ખુલ્લેઆમ કર્યો હતો. પાલિકાના પ્રમુખ હિરલબેન પરમારે વિરોધ કરનારા તેમની જ પાર્ટીનાં છ સભ્યોનાં નામ સાથે પોતાની હૈયાવરાળ સ્વરૂપની ફરીયાદ હવે મુખ્યમંત્રીને લેખિત સ્વરૂપે કરી છે. સાથે પ્રમુખે એજન્ડાની નકલો પણ મુખ્ય પ્રધાનને ઇ-મેઇલ કર્યો હતો.

પાલિકાના પ્રમુખ હિરલબેન પરમારે મુખ્ય પ્રધાનને એવી પણ રજૂઆત કરી હતી કે, તેમણે ભારતીય જનતા પાર્ટીનાં આદેશથી તા. ૯/૧/૨૦૨૦નાં રોજથી પ્રમુખ પદ સંભાળ્યું તે દિવસથી (ભાજપના છ નગરસેવકો જેમાં શૈલેષ મોહનભાઈ પટેલ, મનોજ ખોડીદાસ પટેલ, મનોજ નગરભાઈ પટેલ, ડો.નરેશ દવે, મુકેશ જેઠાભાઈ પટેલ અને બીપીનભાઇ વિકાસનાં કામોમાં રોડા નાંખતા આવ્યા છે અને સામાન્ય સભામાં વિપક્ષની ભૂમિકા ભજવતા આવ્યા છે. તેમણે મુખ્યમંત્રીને કરેલી રજૂઆતનાં ૧નો પત્રમાં આક્ષેપો કર્યા હતો કે, જ્યારથી તેઓ પ્રમુખ પદ સંભાળી રહ્યા છે ત્યારથી આ સુધરાઈ સભ્યો હંમેશાં કામોને મુલત્વી કે નામંજૂર કરવામાં આવે છે. તા.૩૦/૧૦/૨૦૨૫ની સામાન્ય સભામાં આ લોકોએ કૉંગ્રેસનાં પાંચ સભ્યોની મદદ લઈને બહુમતી સાથે નામંજૂર કર્યા હતાં. જેમાં જે કામો નામંજૂર કર્યા તેમાં સાયરનની ખરીદી, ગાર્ડનનાં સ્ટ્રીટ લાઈટનો મુદ્દો, નગરપાલિકાનું નવું બિલ્ડિંગ બનાવવા માટે સરકારની ગ્રાન્ટ મળતી હોવા છતાં તે કામનાં ખર્ચની બહાલીનાં કામોને નામંજૂર, ડ્યુરેબલ રોડ બ્રશની ખરીદીનો ખર્ચે, કચરો બાળવાનું મશીન, કેનાલ પર સોલાર સિસ્ટમ, વિગેરેનો સમાવેશ થતો હતો.

# રાજ્યમાં આજથી ૯૭ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં આવતીકાલ ૯ નવેમ્બર રવિવારથી ટેકાના ભાવે કૃષિ પેદાશોની ખરીદીનો આરંભ થશે. શરૂઆતમાં, રાજ્યભરમાં કુલ ૯૭ કેન્દ્રો પરથી ખરીદીની કામગીરી હાથ ધરવામાં આવશે. સરકાર ખેડૂતો પાસેથી ૧૫ હજાર કરોડથી વધુના મૂલ્યની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવા પણ જઈ રહી છે. આ ખરીદી પ્રક્રિયા ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવો મળે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારની એક મહત્વની પહેલ છે. આ ૯૭ કેન્દ્રો પર પ્રારંભિક ખરીદી બાદ, સોમવારથી રાજ્યના કુલ ૩૦૦ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે, જેથી રાજ્યના વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧ નવેમ્બરથી ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ થવાની હતી, પરંતુ વરસાદની આગાહીના પગલે ખરીદી મુલતવી રાખવામાં આવી હતી. ત્યાર બાદ સરકાર દ્વારા ૯ નવેમ્બરથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

ટેકાના ભાવની ખરીદીમાં પારદર્શિતા જળવાઈ રહે અને કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખરીદી કેન્દ્રો પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાનું લાઇવ સ્ટ્રીમિંગ સીધું રાજ્યના કૃષિ વિભાગમાં કરવામાં આવશે. એટલે કે, સમગ્ર ખરીદી પ્રક્રિયા પર કૃષિ વિભાગની ચાંપતી નજર રહેશે. આ ઉપરાંત, ખરીદી કેન્દ્રો પરના વહીવટને સુવ્યવસ્થિત રાખવા માટે ક્લાસ-૧ અને ક્લાસ-૨ કક્ષાના અધિકારીઓની હાજરી ફરજિયાત કરવામાં આવી છે. આ નિર્ણય દ્વારા સરકાર ખરીદી પ્રક્રિયામાં ભ્રષ્ટાચારની શક્યતાઓને ન્યૂનતમ કરવા માંગે છે. આ વ્યવસ્થા દ્વારા સરકાર એ સંદેશ આપવા માગે છે કે ટેકાના ભાવની ખરીદી પ્રક્રિયામાં કોઈ શરતચૂક કે અનિયમિતતા ચલાવી લેવામાં આવશે નહીં.

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલને અદ્યતન મશીનો મળ્યા, કૅન્સરના નિદાનના ૧૦ રિપોર્ટ માત્ર ૧ કલાકમાં મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની સિવિલ હૉસ્પિટલ સંકુલમાં આવેલી ધ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (જીસીઆરઆઈ) કેન્સરના નિદાન માટે એક મોટું પગલું ભર્યું છે. હૉસ્પિટલના ન્યુક્લિયર મેડિસિન વિભાગમાં આરોગ્ય પ્રધાનના હસ્તે રૂપિયા ૪૪ લાખની કિંમતના બે અત્યાધુનિક, જર્મન ટેકનોલોજીના પેટ સીટી અને સ્પેક્ટ સીટી મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જીસીઆરઆઈના ડિરેક્ટર ડો. શશાંક પંડ્યાએ જણાવ્યું હતું કે, આ મશીનોની મદદથી દર્દીના આખા શરીરનું સ્કેનિંગ માત્ર ૫ મિનિટમાં કરીને કેન્સરગ્રસ્ત અંગનું સચોટ નિદાન થઈ શકશે. અગાઉ ૧ કલાકમાં માત્ર ૪ રિપોર્ટ થતા હતા, જે હવે વધીને ૧૦ થશે, જેથી સારવાર ઝડપી બનશે. જ્યાં ખાનગી સેન્ટરોમાં આ રિપોર્ટનો ખર્ચ રૂમ.૨૫ થી ૪૦ હજાર થતો હોય છે, તે જ રિપોર્ટ જીસીઆરઆઈમાં માત્ર રૂમ.૧૦ થી ૧૫ હજારમાં ઉપલબ્ધ થશે. આ મશીનો હૃદયની સ્થિતિ, કાર્ડિયાક પ્લાનિંગ અને વિવિધ પ્રકારના કેન્સરના નિદાનમાં મદદરૂપ થશે. આ સાથે જ, સિવિલની સ્પાઈન ઇન્સ્ટિટ્યુટના પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ (પીઓ) વિભાગમાં ઓએનજીસી દ્વારા સીએસઆર હેઠળ રૂમ. ૨૦ લાખના ૩ અદ્યતન મશીનોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે, જેનો લાભ દરરોજ આવતા સરેરાશ ૫થી ૭ કૃત્રિમ અંગોના દર્દીઓને મળશે.

# કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દીવ અને દાદરા નગર હવેલીની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ, દીવ અને દાદરા નગર હવેલીમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનાં પરિણામો જાહેર થયાં હતાં. જેમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો. આ અંગે મળતી માહિતી મુજબ દમણ જિલ્લા પંચાયતમાં ૧૬માંથી ૧૫, નગર પાલિકાની ૧૫માંથી ૧૪ અને સરપંચ માટેની ૧૬માંથી ૧૫ બેઠકો પર વિજય થયો હતો. દીવ જિલ્લામાં ભાજપ જિલ્લા પંચાયતની તમામ ૮ બેઠક ભાજપે જીતી હતી. જયારે દાદરા નગર હવેલી જીલ્લામાં ભાજપે ૨૬ માંથી ૨૪ બેઠક જીતી જયારે નગર પાલિકામાં તમામ ૧૫ બેઠકો પર વિજય થયો હતો. કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપના વિજય પર કૉંગ્રેસે આકરા પ્રહાર કર્યા હતા. જેમાં કૉંગ્રેસે આ ચૂંટણી કાવા દાવા કરીને જીતવાનો આક્ષેપ લગાવ્યો હતો. આ ચૂંટણીના પરિણામોમાં કુલ ૧૨૨ બેઠકો એટલે કે ૯૧ બેઠક પર કોઈ પણ વિરોધ વિના ભાજપને જીત મળી હતી. જેનું કારણ આ ૭૫ બેઠક પર ભાજપ વિરુદ્ધ કોઈ ઉમેદવાર જ ન હતો. જયારે કૉંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે, આવું એના માટે થયું કે કૉંગ્રેસના ઉમેદવારોના ફોર્મ જાણી જોઈને રદ કરવામાં આવ્યા હતા. કૉંગ્રેસે ભાજપ પર આરોપ લગાવતા મુંબઈ હાઈ કોર્ટમાં અરજી પર દાખલ કરી હતી. દમણ, દીવ અને દાદરા નગર હવેલીની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ૦૫ નવેમ્બરના રોજ યોજવામાં આવી હતી.

# નવા સર્ક્યુલરથી નારાજ સસ્તા અનાજના દુકાનદારોની ફરી આંદોલનની ચીમકી

અમદાવાદઃ ચાર-પાંચ દિવસ પહેલા ચોથી નવેમ્બરે રાજ્ય સરકાર અને સસ્તા અનાજના દુકાનદારો વચ્ચે બેઠક યોજાઈ હતી અને તેમાં સમજૂતિ થતાં સસ્તા અનાજના દુકાનદારોએ પોતાની હડતાળ પાછી ખેંચી હતી, પરંતુ ૭મી નવેમ્બરે રાજ્ય સરકારે બહાર પાડેલા નવા પરિપત્રમાં સમજૂતીનો ભંગ થયો હોવાના આક્ષેપો સાથે દુકાનદારોએ ફરી આંદોલન પર જવાની ચીમકી આપી હતી.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 44
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ કાર્તિક વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૯ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જાડા છો, ડાયાબિટીઝ કે હાર્ટ ટ્રબલ છે... ...તો અમેરિકામાં નો-એન્ટ્રી




## ટ્રમ્પે નવો ફતવો જાહેર કર્યો : અમેરિકાની સરકારી સહાય પર નિર્ભર બને એવા લોકોને વિઝા કે ગ્રીન કાર્ડ નહીં આપવા આદેશ

વૉશિંગ્ટન : અમેરિકન સત્તા પર આવ્યા બાદ ડોનલ્ડ ટ્રમ્પ એક બાદ એક આકરા નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે વિઝાના નિયમોમાં પણ ઘણી વખત ફેરફાર કર્યા. જેનાથી અમેરિકા જવાની ઈચ્છા રાખતા લોકોની મુશ્કેલીઓ વધી હતી. ફરી એક વખત અમેરિકા જવાનું સપનું જોતા લાખો લોકોને ટ્રમ્પ વહીવટીતંત્રે મોટો ઝટકો આપ્યો છે. નવા નિયમો પ્રમાણે જે વ્યક્તિને ડાયાબિટીઝ, હૃદયરોગ કે કેન્સર જેવી લાંબા સમયની બીમારી હશે તેને વિઝા કે ગ્રીનકાર્ડ મળવું લગભગ અશક્ય બની જશે. વિદેશ ખાતાએ વિશ્વભરની અમેરિકી એમ્બેસીઓને નવી સૂચના મોકલી દીધી છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે આખા વિશ્વની એલચી કચેરીને સૂચના આપી છે કે વસાહતી કાયદાના 'પબ્લિક ચાર્જ' જોગવાઈ હેઠળ નવા વિઝાની તપાસના નિયમો અમલમાં મૂકવાનો આદેશ આપ્યો છે. અમેરિકાની વસાહતી નીતિના 'પબ્લિક ચાર્જ' નિયમ અધિકારીઓને સરકારી સહાય પર અવલબંન થનારાને વિઝા કે પર્મેનેન્ટ રેસિડન્સી (ગ્રીન કાર્ડ) નકારવાની સત્તા આપે છે. ડોનલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રે આ નવો આદેશ આપ્યો છે જેમાં અમેરિકામાં રહેવાના વિઝા ઈચ્છુકોને ડાયાબિટીઝ કે મેદસ્વિતા જેવી મેડિકલ કન્ડિશન હોય તો એ નકારી શકાય.

નવા નિયમ પ્રમાણે હૃદયરોગ, શ્વાસની તકલીફ, કેન્સર, ડાયાબિટીઝ, મેટાબોલિક ડિસીઝ, ન્યુરોલોજિકલ સમસ્યાઓ અને માનસિક બીમારીઓને બાયાબિલિટી ગણવામાં આવશે. ખાસ વાત એ છે કે મેદસ્વિતા (ઓબેસિટી) ડિસ ઑર્ડર ધરાવનારાઓને પણ વિઝા આપવાનો ઈનકાર કરી દેવામાં આવશે. કારણ કે તેનાથી અસ્થમા, સ્લીપ એપ્નિયા અને હાઈ બ્લડપ્રેશર જેવી તકલીફો થઈ શકે છે.

જો કોઈ પણ વ્યક્તિ લાંબા સમયની

(જુઓ પાનું ૨) ▸▸




## બિહારની ચૂંટણીમાં ડૂબવાની પ્રેક્ટિસ રાહુલ ગાંધી કરી રહ્યા છેઃ મોદી

પટણા : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતા થોડા દિવસ પહેલાં રાહુલે માછલી પકડવા તળાવમાં મારેલી ડૂબકીની મજાક ઉડાવી હતી.

સીતામઢીમાં જાહેર સભાને સંબોધતા મોદીએ રાહુલ ગાંધીની ચુટકી લીધી હતી. તેમણે બીજા તબક્કાના પ્રચાર કરતાં રાહુલનું નામ લીધા વગર કહ્યું હતું કે 'બડે બડે લોગ' રાજ્યમાં આવે છે અને માછલી પકડવા ડાઈવ મારે છે. મોદીએ કહ્યું હતું કે બડે બડે લોગ યહાં કી મચ્છી દેખને આ રહે હેં. પાણી મેં ડૂબકી લગા રહે હેં. બિહાર કે ઈલેક્શનમેં ડૂબને કી પ્રેક્ટિસ કર રહે હેં (મોટા લોકો અહીં માછલી જોવા આવે છે. તેઓ પાણીમાં ડૂબકી મારે છે. બિહાર ચૂંટણીમાં ડૂબવાની પ્રેક્ટિસ કરી રહ્યા છે.)

રાહુલ આ અઠવાડિયાની

(જુઓ પાનું ૨) ▸▸



**મત માટે જાળ બિછાવી?:** બિહારમાં ચૂંટણીપ્રચાર દરમ્યાન એક તળાવમાં માછીમારો સાથે કૉંગ્રેસી નેતા રાહુલ ગાંધી ઊતર્યા હતા અને તેના પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કટાક્ષ કર્યો હતો.

## બિહારમાં વીવીપૅટ સ્લીપ રસ્તા પર મળીઃ ચૂંટણી અધિકારી સસ્પેન્ડ

સમસ્તીપુરઃ બિહારના સમસ્તીપુર જિલ્લામાં મોટા પ્રમાણમાં વીવીપૅટ સ્લીપ રસ્તા પરથી મળી આવ્યા બાદ શનિવારે આસિસ્ટન્ટ રિટર્નિંગ ઑફિસર (એઆરઓ) વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાનું બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

જિલ્લાના સારાઈરંજન

(જુઓ પાનું ૨) ▸▸

## એશિયા કપની ટ્રોફી આવે છે આઇસીસીમાં વાતચીત શરૂ

નવી દિલ્હીઃ ભારતની એશિયા કપ ટ્રોફીની ગૂંચ થોડા દિવસમાં ઉકેલાઈ જશે એવી ગઈ કાલે આ પ્રકરણમાં આવેલા એક વળાંકને પગલે સંભાવના છે. ભારત અને પાકિસ્તાનનાં ક્રિકેટ બોર્ડ (પીસીબી) વચ્ચે શનિવારે આઇસીસીની મીટિંગ વખતે આ મુદ્દાનો ઉકેલ લાવવા સંબંધમાં સકારાત્મક ચર્ચા આઇસીસીના પ્રયાસો થકી શરૂ થઈ હતી. સૂર્યકુમાર યાદવની ટીમને આ બહુમૂલ્ય ટ્રોફી કેવી રીતે મળી શકે એ વિશેના વિકલ્પો બન્ને દેશના ક્રિકેટ બોર્ડ દ્વારા વિચારવામાં આવી રહ્યા છે. આ જાણકારી બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ પીસીબીના પ્રમુખ મોહસિન નકવી સાથેની ચર્ચા બાદ આપી હતી. ઉલ્લેખનીય છે કે ભારતને ટ્રોફી આપવા સંબંધમાં નકવી દ્વારા જે આડોડાઈ કરવામાં આવી છે એની આઇસીસીમાં ગંભીર નોંધ લેવાઈ છે. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૯-૧૧-૨૦૨૫ થી તા. ૧૫-૧૧-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં તુલા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ વૃશ્ચિક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં તા. ૧૧મીએ વક્રી થાય છે. શુક્ર તુલા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ૯મીએ ચંદ્ર મિથુન રાશિમાં રહે છે. તા. ૧૦મીએ કર્ક રાશિમાં, તા. ૧૨મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે. તા. ૧૫મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીના વેપારમાં લાભ જણાય છે. નોકરી માટે આ સપ્તાહ શુભ ફળદાયી જણાય છે. તા. ૧૦, ૧૫ નોકરી માટે શુભ જણાય છે. આ સપ્તાહના પ્રવાસો એકંદરે સફળ રહેશે, પરંતુ પ્રવાસના આયોજનોમાં સાવધાની દાખવવી જરૂરી છે. નાણાં વ્યવહાર આ સપ્તાહમાં સફળ બનશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીમાં અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ અભ્યાસ માટે સરળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાં રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરીના મિત્રોમાં યશસ્વી નીવડશો. તા. ૧૧, ૧૨ના નિર્ણયો સફળતાસૂચક જણાય છે. ભાઈ-બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. પરિવારના સભ્યો સાથેનો નાણાં વ્યવહાર પણ સંપન્ન થશે. કારોબારની નાણાં આવકમાં અનુકૂળતાઓ નિર્માણ થશે. મહિલાઓને નવી નોકરીના પ્રારંભની અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબના અભ્યાસના નિર્ણયો લેવામાં સ્વતંત્રપણે સફળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૪ સાનુકૂળ જણાય છે. નોકરીમાં અધિકારીની મદદ મેળવશો તથા પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પણ સંપન્ન થતાં જણાશે. જૂનાં સ્વાસ્થ્યના સવાલોનો ઉકેલ પણ આવશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસ માટે માર્ગદર્શન પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે દૈનિક લે-વેંચના વેપારમાં સફળતા જણાશે. તા. ૧૧, ૧૪, ૧૫ નોકરીની પ્રવૃત્તિઓમાં યશસ્વી પુરવાર થશે. પ્રવાસમાં નવી ઓળખાણ થાય તથા નાણાં ઉઘરાણી માટેના પ્રયત્નો સફળ થતાં જણાશે. નવી નોકરીનો પ્રારંભ પણ આ સપ્તાહમાં શક્ય છે. નાણા વ્યવહાર અનુકૂળ બની રહેશે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પ્રાસંગિક જવાબદારીઓમાં પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં ધાર્યા મુજબની સફળતા પ્રાપ્ત કરશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ તથા નવા વેપારને અપનાવી શકશો. નોકરી માટે તા. ૧૦, ૧૨, ૧૩ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ પણ મેળવશો. સરકારી અધિકારી, કોર્પોરેટ કંપનીના અધિકારીનો સહયોગ મેળવશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને નોકરીમાં આ સપ્તાહમાં સફળતાનો અનુભવ થશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતાની પ્રાપ્તિ જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા નવા નાણાં રોકાણમાં સફળતા જણાશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પણ સંપન્ન થશે. તા. ૧૦, ૧૧, ૧૨મીએ નોકરીમાં યશ મેળવશો. વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. વ્યવહારુંપણે મહિલાઓ પરિવારના મતભેદનો ઉકેલ લાવી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના કામકાજની જવાબદારી છતાંય વિદ્યાભ્યાસમાં સફળતાની પ્રાપ્તિ જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૪ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ સંપન્ન થશે. નાણાં વ્યવહાર સફળતાથી સંપન્ન થશે. અધિકારી સાથેના મહિલાઓના નોકરીના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સુખદ અનુભવ થાય.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણમાં તથા દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા જણાશે. નોકરીમાં તા. ૧૨, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. વૈચારિક મતભેદો દૂર થવાથી ભાગીદાર સાથેના કામકાજમાં સફળતા જણાશે. વેપારના કામકાજમાં પ્રગતિ જણાશે. અર્થવ્યવસ્થા મજબૂત બનશે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના પ્રસંગોમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તકો પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની તકો મેળવશો. નોકરી માટે તા. ૯, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના જૂનાં અધૂરા કાર્યો પૂર્ણ કરી શકશો. મકાન મિલકત વાહનના નિર્ણયો જન્મકુંડળીના આધારે લેવા જરૂરી છે. વેપાર લાભદાયી બની રહેશે. મહિલાઓને નવા કામકાજ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થાય.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ વધુ દૃઢ બનશે તથા નવા રોકાણ માટેના પ્રયત્નો સફળ નીવડશે. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૫ શુભ જણાય છે. નોકરીના કઠીન કાર્યો પૂર્ણ કરવા માટે ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. વ્યક્તિગત પ્રભાવ અને પ્રતિષ્ઠાનો ઉમેરો થાય. મહિલાઓને કાર્યક્ષેત્રે પ્રગતિ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૦, ૧૩, ૧૪ શુભ જણાય છે. સરકારી અધિકારીઓનો સહયોગ મેળવશો. કુટુંબના કારોબારમાં પ્રગતિ જણાશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી મહિલાઓને પરિવારના સંબંધોમાં સફળતાનો અનુભવ થશે. પ્રસંગો સુખદ પુરવાર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પ્રવાસ માટે અનુકૂળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૧૧, ૧૩, ૧૪ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. સ્વાસ્થ્ય જાળવણીના પ્રયત્નો સફળ નીવડશે. કુટુંબના સભ્યો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. પ્રવાસની સફળતા મેળવશો. ભાગીદાર ઉપયોગી થશે. મહિલાઓને પરિવારના સભ્યો સાથે મુસાફરીની શક્યતા જણાય છે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ મેળવશે.

## આજનું પંચાંગ
### દક્ષિણાયન - સૌર હેમંતઋતુ,
### રવિવાર, તા. ૯-૧૧-૨૦૨૫, બુધ વક્રી થાય છે

ભારતીય દિનાંક ૧૮, માહે કાર્તિક, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭,
કાર્તિક વદ-૫
જૈન વીર સંવત ૨૫૫૨,
માહે કાર્તિક, તિથિ વદ-૫
પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન,
માહે ૩જો ખોરદાદ,સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૭મો આસમાન,
માહે ૪થો તીર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ,
માહે ૯મો આદર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૭મો,
માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૯મો,
માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૦-૦૪ સુધી, પછી પુનર્વસુ
ચંદ્રઃ મિથુન (ક, છ, ઘ),
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૦, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ-
ભરતીઃ બપોરે ક. ૧૩-૫૯, મધ્યરાત્રે ક. ૦૩-૦૭ (તા. ૧૦)
ઓટઃ સવારે ક. ૦૮-૨૩, રાત્રે ક. ૨૦-૧૩
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - પંચમી. બુધ વક્રી.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ શિવ પરિવાર પૂજા, રુદ્રાભિષેક, રાહુ દેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી જાપ, હવન, રાહુ દેવતાનું પૂજન, અગરના ઔષધીય પ્રયોગો, ઔષધ ઉપચાર, બાળકને અન્નપ્રાશન, વિદ્યારંભ, આભૂષણ, વસ્ત્ર, રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ પતાકા ચઢાવવી, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ લોકોમાં માનીતા.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ (તા. ૧૦) ચંદ્ર-જયેષ્ઠા યુતિ.
ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની
### તા. ૯-૧૧-૨૦૨૫ થી તા. ૧૫-૧૧-૨૦૨૫

રવિવાર, કાર્તિક કૃષ્ણ-૫, વિ. સં. ૨૦૮૨, તા. ૯મી નવેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૦-૦૪ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર, બુધ વક્રી. શુભ દિવસ.

સોમવાર, કાર્તિક કૃષ્ણ-૬, તા. ૧૦મી, નક્ષત્ર પુનર્વસુ સાંજે ક. ૧૮-૪૭ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં બપોરે ક. ૧૩-૦૨ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. બ્રહ્મલિન પૂ. શ્રી ડોંગરેજી મહારાજની પુણ્યતિથિ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪-૦૬. શુભ દિવસ.

મંગળવાર, કાર્તિક કૃષ્ણ-૭, તા. ૧૧મી, નક્ષત્ર પુષ્ય સાંજે ક. ૧૮-૧૭ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૩૧, ગુરુ વક્રી. (સવારે ક. ૧૧-૩૩ પછી શુભ).

બુધવાર, કાર્તિક કૃષ્ણ-૮, તા. ૧૨મી, નક્ષત્ર આશ્લેષા સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, કાલભૈરવ જયંતી, પ્રથમાષ્ટમી (ઓરિસ્સા). (સવારે ક. ૦૯-૩૨ પછી સામાન્ય દિવસ), આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિપૂજા.

ગુરુવાર, કાર્તિક કૃષ્ણ-૯, તા. ૧૩મી, નક્ષત્ર મઘા રાત્રે ક. ૧૯-૧૭ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. કાનજી અનલા નવમી (ઓરિસ્સા) પારસી ૪થો તીર માસારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, કાર્તિક કૃષ્ણ-૧૦, તા. ૧૪મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૧-૨૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૦ સુધી (તા. ૧૫), પછી કન્યા રાશિ પર જન્માક્ષર. બાલદિન, નહેરુ જયંતી, બુધ પશ્ચિમમાં અસ્ત, ભદ્રા બપોરે ક. ૧૨-૦૬ થી ક. ૨૪-૪૯. વૈધૃતિ જન્મયોગ શાંતિ પૂજા. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, કાર્તિક કૃષ્ણ-૧૧, તા. ૧૫મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૨૩-૩૪ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ઉત્પત્તિ એકાદશી (બદામ), આળંદીયાત્રા. શુભ દિવસ.

# દિલ્હી પ્રદૂષણના રેડ ઝોનમાં: અનેક જગ્યાએ એક્યૂઆઈ ૪૦૦ને પાર

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) ના ડેટા અનુસાર, શનિવારે સવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક્યુઆઈ 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં હતો, દિલ્હીમાં એક્યૂઆઈ શનિવારે સાંજે અનેક વિસ્તારોમાં ૪૦૦ને પણ પાર થઈ જતા રાષ્ટ્રીય રાજધાની પ્રદૂષણના રેડ ઝોનમાં હતું. શનિવારે બપોરે ૩ વાગ્યા સુધીમાં, દિલ્હીના બવાનામાં સૌથી ખરાબ એક્યુઆઈ વાંચન ૪૧૦ હતું, જ્યારે દ્વારકામાં પ્રમાણમાં સ્વચ્છ હવા જોવા મળી હતી, જેમાં હવાની ગુણવત્તા ૨૦૧ હતી. રાજધાનીમાં હવાની સતત નબળી ગુણવત્તાને કારણે, સરકારે પ્રદૂષણને પહોંચી વળવા માટે કેટલાક પગલાં લીધાં છે. સીએક્યુએમના આદેશ મુજબ, પહેલી નવેમ્બરથી દિલ્હીમાં નોંધાયેલા તમામ બિન-દિલ્હી-રજિસ્ટર્ડ બીએસ-થ્રી અને નીચેના ધોરણના કમર્શિયલ માલવાહક વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. બીએસ એ ભારત સ્ટેજ ઉત્સર્જન ધોરણોનો ઉલ્લેખ કરે છે - વર્તમાન બીએસ-૬ છે - જે વાહનોમાંથી ઉત્સર્જનને નિયંત્રિત કરવા માટે ભારતમાં સરકાર દ્વારા ફરજિયાત નિયમો ધોરણો સૂચવે છે કે એન્જિન મહત્તમ કેટલા પ્રદૂષકો ઉત્સર્જિત કરી શકે છે. આયોગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ પગલું વાહનોના ઉત્સર્જનને ઘટાડવા અને રાજધાની અને નજીકના પ્રદેશોમાં હવાની ગુણવત્તાને સંબોધવા માટે લેવામાં આવ્યું છે. આદેશ મુજબ, દિલ્હીમાં નોંધાયેલા બિન-દિલ્હી-રજિસ્ટર્ડ હળવા માલવાહક વાહનો (એલજીવી), મધ્યમ માલવાહક વાહનો (એમજીવી) અને ભારે માલ વાહનો (એચજીવી) જે બીએસ-ઈંટ ધોરણોને પૂર્ણ કરતા નથી તેમને દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે સાવચેતીનાં પગલાં તરીકે દિલ્હી સરકાર અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીઓના કામકાજના કલાકોમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

# વારાણસીથી ચાર વંદે ભારત એક્સપ્રેસને મોદીની લીલી ઝંડી

વારાણસીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બનારસ (વારાણસી) રેલવે સ્ટેશનથી ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી હતી. આ નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો બનારસ, ખજુરાહો, લખનઊ, સહારનપુર, ફિરોઝપુર, દિલ્હી, અને એર્નાકુલમ-બેંગલુરુ રૂટ પર દોડશે. વંદે ભારત એક્સપ્રેસ વારાણસીથી ખજુરાહો પહોંચવામાં ૨ કલાક ૪૦ મિનિટનો સમય લેશે. જેનાથી વારાણસી, પ્રયાગરાજ, ચિત્રકૂટ અને ખજુરાહો જેવા ધાર્મિક-સાંસ્કૃતિક સ્થળોને જોડાશે. લખનઊ અને સહારનપુર વચ્ચેની વંદે ભારત એક્સપ્રેસ ૭ કલાક ૪૫ મિનિટમાં મુસાફરી પૂર્ણ કરશે. આ વંદે ભારત એક્સપ્રેસથી લખનઊ, સીતાપુર, શાહજહાંપુર, બરેલી, મુરાદાબાદ, બિજનૌર અને સહારનપુરના મુસાફરોને ફાયદો મળી રહેવાનો છે. તે ઉપરાંત હરિદ્વાર જનારા મુસાફરોને પણ તેનો લાભ મળી રહેવાનો છે. ફિરોઝપુરથી દિલ્હી વચ્ચે દોડનારી વંદે ભારત એક્સપ્રેસ ૬ કલાક ૪૦ મિનિટનો સમય લેશે. જોકે, આ ટ્રેન ફિરોઝપુર-દિલ્હી રૂટની સૌથી ઝડપી ટ્રેન હશે. આ ટ્રેન પંજાબના મુખ્ય શહેરો જેવા કે ફિરોઝપુર, ભટિંડા, પટિયાલાનું અને રાષ્ટ્રીય રાજધાની સાથે જોડાણ મજબૂત કરશે. આ સિવાય એર્નાકુલમ બેંગલુરુ રૂટ પરની વંદે ભારત એક્સપ્રેસ ૮ કલાક ૪૦ મિનિટનો સમય લેશે.

# સંસદનું શિયાળુ સત્ર પહેલી ડિસેમ્બરથી ૧૯ ડિસેમ્બર વચ્ચે

નવી દિલ્હીઃ સંસદનું આગામી શિયાળુ સત્ર પહેલી ડિસેમ્બરથી ૧૯ ડિસેમ્બર સુધી ચાલશે. આ જાણકારી કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ આપી હતી.

રિજિજુએ એક્સ પર જણાવ્યું કે ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી (સંસદીય કાર્યની જરૂરિયાતોને આધિન) સંસદનું શિયાળુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે એક રચનાત્મક અને સાર્થક સત્રની આશા છે. જે આપણી લોકશાહીને મજબૂત કરનાર અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરનાર સાબિત થાય.

# ગરીબ અમેરિકનોને અન્ન માટે મળતી સહાય ટ્રમ્પ સરકારે રોકી

બોસ્ટન : સરકારી શટડાઉન વચ્ચે સપ્લીમેન્ટલ ન્યુટ્રીશન એસિસ્ટન્સ પ્રોગ્રામ (એસએનએપી) ફૂડ એડ પેમેન્ટસ પૂરેપુરું આપવાના અદાલતી હુકમ પર હંગામી રીતે મનાઈ ફરમાવવાની દાદ ચાહતી ટ્રમ્પ વહીવટીતંત્રની ઈમરજન્સી અપીલને સ્વીકારી હતી. જજે રીપબ્લિકન વહીવટીતંત્રને એસએનએપી હેઠળ ફૂડની મદદ માટે નાણાં ચુકવવા શુક્રવાર સુધીનો સમય આપ્યો હતો. જોકે વહીવટીતંત્રે અપીલ્સ કોર્ટને એવા કોઈ અદાલતી આદેશ જેમાં કન્ટીજન્સી ફંડ (સંકટ વેળાના ફંડ)માં ઉપલબ્ધ હોય એના કરતા વધારે નાણાં ચુકવવાનું કહેતા હોય તો એને સસ્પેન્ડ કરવાની વિનંતી કરી હતી. આવા કેસમાં વહીવીટતંત્રે અપીલ્સ કોર્ટને મહિનાનું એસએનએપી પેમેન્ટ આંશિક ચુકવવાની છૂટ આપવાનું કહ્યું હતું. અપીલ્સ કોર્ટે આમ કરવાની ના પાડતાં ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકાની સુપ્રીમ કોર્ટને તેની વિનંતી હાથ ધરવાનું જણાવ્યું હતું. ફૂડ પ્રોગ્રામનો લાભ દર આઠમાંથી એક અમેરિકનને મળે છે. આ લાભાર્થી મોટા ભાગના નીચી આવકવાળા હોય છે. છ રાજ્યોના અધિકારીઓએ સમર્થન આપ્યું હતું કે અમુક લાભાર્થીને નવેમ્બરનું પૂરું પેમેન્ટ મળ્યું હતું.

# સરળ જીવન માટે ન્યાય મળવામાં સરળતા જરૂરી છેઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે જીવનની અને વ્યવસાયની સરળતા સુનિશ્ચિત કરવા માટ સરળતાથી ન્યાય મળી રહે છે, અને ન્યાય શોધનારાઓ દ્વારા તેને સમજી શકાય તે માટે કાનૂની ભાષાને સરળ બનાવવાનું આહ્વાન કર્યું હતું. એમણે કાનૂની સહાય વિતરણ પદ્ધતિઓને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદના ઉદઘાટન સત્રમાં કહ્યું કે સામાજિક ન્યાય ત્યારે જ સુનિશ્ચિત કરી શકાય છે જ્યારે ન્યાય દરેક વ્યક્તિ સુધી પહોંચે, પછી તેમની સામાજિક કે નાણાકીય પૃષ્ઠભૂમિ ગમે તે હોય.

દરેકને ન્યાય ઉપલબ્ધ હોવો જોઈએ અને જીવનની સરળતા અને વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરવા માટે ન્યાયની સરળતા જરૂરી છે, એમ તેમણે કહ્યું.

મોદીએ નોંધ્યું હતું કે સરકારે તાજેતરના વર્ષોમાં ન્યાયની સરળતા સુધારવા માટે ઘણા પગલાં લીધા છે અને આ પ્રક્રિયાને વધુ વેગ આપશે.

કાયદાની ભાષા એવી હોવી જોઈએ જે ન્યાય શોધનારાઓ દ્વારા સમજી શકાય. જ્યારે લોકો કાયદાને પોતાની ભાષામાં સમજે છે, ત્યારે તે વધુ સારી રીતે પાલન અને ઓછા મુકદ્મા તરફ દોરી જાય છે, એમ તેમણે કહ્યું.

# પાકિસ્તાની અણુ મથકને ઉડાવી દેવા ઈંદિરા તૈયાર નહોતાં થયાંઃ સીઆઈએ

નવી દિલ્હીઃ સીઆઈએના ભૂતપૂર્વ અધિકારી રિચર્ડ બાર્લોએ દાવો કર્યો હતો કે ૧૯૮૦ના આરંભમાં પાકિસ્તાનના કાહૂટા અણુ સંસ્થાન પર ભારત અને ઈઝરાયલ દ્વારા હુમલાની કાર્યવાહી કરવાના પ્રસ્તાવનો અમલ કરવામાં આવ્યો હોત તો અનેક સમસ્યાઓનો ઉકેલ આવી ગયો હોત, પરંતુ તત્કાલિન વડા પ્રધાન ઈંદિરા ગાંધીએ તેને મંજૂરી નહોતી આપી. ઈંદિરા ગાંધીના આ નિર્ણયને તેમણે શરમજનક લેખાવ્યો હતો.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે આ કાર્યવાહીનો મુખ્ય આશય પાકિસ્તાનના અણુ કાર્યક્રમને અટકાવી દેવાનો હતો.

પાકિસ્તાન પોતાના ગુપ્ત અણુ કાર્યક્રમને આગળ વધારી રહ્યો હતો તે સમયે બાર્લો સીઆઈએમાં કાઉન્ટરપ્રોલિફેરેશન ઑફિસર તરીકે ફરજ બજાવતા હતા. તેમણે કહ્યું હતું કે સીઆઈએની આ યોજના અંગે મેં સાંભળ્યું હતું, પરંતુ હું તેમાં સીધી રીતે સામેલ નહોતો. જોકે એ યોજના ક્યારેય અમલમાં નહોતી મુકાઈ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# બિહારની ચૂંટણીમાં રાહુલ ગાંધીની દુકાન બંધ થઈ જશેઃ અમિત શાહ

પૂર્નિયા (બિહાર): કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર એમ કહીને પ્રહાર કર્યા હતા કે વિધાનસભાની ચૂંટણીમાં ઈન્ડિ બ્લૉક ધોવાઈ જશે અને રાહુલની દુકાન બંધ થઈ જશે.

૨૪૩ બેઠક ધરાવતી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ ૧૬૦ બેઠક મેળવશે અને સત્તા પર આવશે, એમ તેમણે કહ્યું હતું. પૂર્ણિયા, કટિહાર અને સૂપોલમાં એક પછી એક રેલીને સંબોધન કરતા શાહે આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધી અને આરજેડીના નેતા તેજસ્વી યાદવ બિહારના સીમાવર્તી વિસ્તારને ઘૂસણખોરોનો અડ્ડો બનાવવા તત્પર છે. શાહે ભારપૂર્વક કહ્યું હતું કે કેન્દ્ર સરકાર પ્રત્યેક ગેરકાયદે સ્થળાંતરીઓને શોધી કાઢશે અને મતદારયાદીમાંથી તેમનું નામ કાઢી નાખશે તેમ જ આ તમામ લોકોને તેમના દેશમાં પાછા મોકલી આપશે.

# એચ-વનબી વિઝાનો દુરુપયોગઃ ૧૭૫ કિસ્સામાં તપાસ શરૂ કરાઈ

ન્યૂ યોર્ક : ટ્રમ્પ વહીવટીતંત્રે એચ-વનબી વિઝાના દુરુપયોગ અંગે લગભગ ૧૭૫ તપાસ શરૂ કરી છે, જેમાં ઓછા વેતન, અસ્તિત્વમાં ન હોય તેવા કાર્યસ્થળો અને કર્મચારીઓને બેન્ચિંગ કરવાની પ્રથા જેવી ખામીઓનો સમાવેશ થાય છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર અનુસાર, આ તપાસ અમેરિકન નોકરીઓના રક્ષણ માટેના વ્યાપક પ્રયાસનો ભાગ છે.

''અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવાના અમારા મિશનના ભાગરૂપે, અમે એચ-વનબીના દુરુપયોગ અંગે ૧૭૫ તપાસ શરૂ કરી છે,'' એમ. શ્રમ વિભાગે શુક્રવારે એક્સની એક પોસ્ટમાં જણાવ્યું હતું. ટ્રમ્પ વહીવટીતંત્રે એચ-વનબી વિઝા કાર્યક્રમમાં દુરુપયોગને રોકવા માટે મોટા પાયે કાર્યવાહી શરૂ કરી છે.

## પહેલા પાનાનું ચાલુ

### ... તો અમેરિકામાં

બીમારીથી પીડાઈ રહ્યો હોય અને તેને આ બીમારીના ઈલાજ માટે કોઈ સહાયની જરૂર પડતી હોય તેવા લોકો માટે અમેરિકા હવે વિઝા નહીં આપે. વિઝા અધિકારીઓને હવે સીધું પૂછવાનું કહેવાયું છે કે શું તમે જીવનભરની સારવારનો ખર્ચ ઉઠાવી શકશો, બિનજરૂરી સરકારી મદદ વગર? જો જવાબ ના હોય તો વિઝા રદ. સૌથી મોટી ચિંતા એ છે કે આ અધિકારીઓ ડોક્ટર નથી, તેમ છતાં તેઓ કોઈના આખા જીવનના આરોગ્યનો અંદાજ લગાવી રહ્યા છે. વાઈટ હાઉસે માહિતી આપી છે કે જો ખરાબ તંદુરસ્તી ધરાવતી વ્યક્તિને વિઝા આપવામાં આવે તો તે જાહેર લાભ પર મદાર રાખશે અને અમેરિકાનાં સંસાધનોનું ધોવાણ થશે. અમેરિકાના વિદેશ ખાતાએ એલચી કચેરીને અને કોન્સ્યુલર અધિકારીને કેબલ મોકલાવ્યા છે. કેબલમાં કહેવામાં આવ્યું હતું કે અરજદારના આરોગ્યને ગણતરીમાં લેવી જોઈએ. મેડિકલ કન્ડિશન્સ જેવી કે કાર્ડિયોવાસ્ક્યુલર ડીસીઝ, શ્વાસના રોગ, કેન્સર, ડાયાબિટીઝ, મેટાબોલિક ડીસીસ. ન્યુરોલોજિકલ ડીસીઝ અને મેન્ટલ હેલ્થ કન્ડિશન્સમાં હજારો ડૉલરનો સારવારમાં ખર્ચ થાય છે. મંત્રાલયે મેદસ્વીતા જેવી કન્ડિશનને ગંભીરતાથી લેવાનું કહ્યું છે. મંત્રાલય કહે છે કે મેદસ્વિતાને લીધે દમ, હાઈ બ્લડ પ્રેશર અને સ્લીપ એપનીયા જેવી બીમારી થઈ શકે. ટ્રમ્પની પ્રથમ મુદતમાં આ જોગવાઈ નક્કી કરવામાં આવી હતી, પરંતુ ભૂતપૂર્વ પ્રમુખ જો બાઈડનની મુદતમાં આમાં છૂટ આપવામાં આવી હતી. ટ્રમ્પ ૨૦૨૫ની શરૂઆતમાં સત્તા સંભાળી ત્યાર બાદ આ જોગવાઈ ફરી અમલમાં આવી કેબલમાં કહેવામાં આવ્યું હતું કે આત્મનિર્ભરતા એ અમેરિકાની વસાહતી નીતિનો સિદ્ધાંત છે.

### વીવીપૅટ સ્લીપ

વિધાનસભા મતદારક્ષેત્રમાં કૉલેજ નજીક રસ્તા પર મોટા પ્રમાણમાં વીવીપૅટ સ્લીપ વિખેરાયેલી પડેલી જોવા મળી હતી. આ અંગેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થયા બાદ ચૂંટણી પંચ સક્રિય બન્યું હતું. મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યાનુસાર જિલ્લા મેજિસ્ટ્રેટને ઘટનાસ્થળની મુલાકાત લઈ તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. બેદરકારી દાખવવા બદલ એઆરઓને સસ્પેન્ડ કરી તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### બિહારની

શરૂઆતમાં બેગુસરાઈમાં માછીમારો સાથે વાતચીત કર્યા બાદ નજીકના ફિસિંગ પોન્ડમાં ગયા હતા. વીડિયોમાં જોવા મળે છે કે તેમણે તળાવના મધ્યમાં બોટ લઈને તેમાં ડૂબકી લગાડી હતી. રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન સૈની તેમની જોડે હતા અને તેમણે જાળ પણ બિછાવી હતી. કન્હૈયા કુમાર પણ સાથે હતા. છાતી સુધીના પાણીમાં રાહુલ સાથે અનેક માછીમારો ગયા હતા.

મોદીએ રાહુલ ઉપરાંત આરજેડી પર પણ પ્રહારો કર્યા હતા. મોદીએ આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષ સત્તા પર આવશે તો લોકોના લમણે કટ્ટા તાકશે અને તેમને હાથ ઉપર કરવાનું કહેશે. આરજેડી તેમની ઝુંબેશમાં બાળકોને રંગદાર બનાવવાનું કહે છે. બિહારને કટ્ટા, કુશાસન, ક્રૂરતા અને ભ્રષ્ટાચાર દેનારી સરકાર નથી જોઈતી.

મોદીએ રાજ્યમાં બારેક રૅલી સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે હું જ્યાં ગયો ત્યાં લોકો કહે છે કે અમારે કટ્ટા સરકાર નથી જોઈતી . અમારે એનડીએ સરકાર જોઈએ છે.

#### હૅન્ડ્સ-અપ નહીં સ્ટાર્ટ-અપ ઈચ્છે છે

બિહારમાં લોકો આરજેડીના નેતૃત્વ હેઠળના વિપક્ષને મત નથી આપી રહ્યા કારણ કે તેમને ડર છે કે જો તેઓ સત્તામાં આવશે, તો તેમની સરકાર તેમના લમણે બંદૂક રાખશે અને તેમને હાથ ઊંચા કરવાનો આદેશ આપશે. આ દાવો વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારમાં એક ચૂંટણી રેલીમાં કર્યો હતો. તેનાથી વિપરીત વડા પ્રધાને ચૂંટણી રાજ્યના સીતામઢી જિલ્લામાં એક રેલીમાં જણાવ્યું કે એનડીએ ઉત્તમ શિક્ષણ અને રમતગમત જેવા ક્ષેત્રોમાં વિકાસ ઉપરાંત સ્ટાર્ટઅપ ઉદ્યોગને પ્રોત્સાહન આપી રહ્યું છે. મોદીએ કહ્યું કે મને એ સાંભળીને ખૂબ જ દુઃખ થાય છે કે આરજેડી તેમના પ્રચાર અભિયાનમાં બાળકો પાસેથી એવું કહેવડાવી રહી છે કે તેઓ મોટા થઇને 'રંગદાર' બનવા માગે છે. બિહાર ચોક્કસપણે જેની પાસે કટ્ટા, કુશાસન, ક્રૂરતા અને ભ્રષ્ટાચાર હોય એવી સરકાર ઇચ્છતું નથી..

#### રેકૉર્ડબ્રેક મતદાનથી વિપક્ષને ૬૫ વૉલ્ટનો ઝટકો

બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં મોટાપાયે (૬૫.૦૯ ટકા) મતદાન કરી જનતાએ વિપક્ષ ઈન્ડિ બ્લૉકને ૬૫ વૉલ્ટનો ઝટકો આપ્યો હોવાને કારણે હવે વિપક્ષની ઊંઘ હરામ થઈ ગઈ હોવાનો વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દાવો કર્યો હતો.

એનડીએના વિજય અંગે વિશ્વાસ વ્યક્ત કરતા વડા પ્રધાને દાવો કર્યો હતો કે પ્રથમ તબક્કામાં મોટાપાયે થયેલું મતદાન શાસક મોરચાની તરફેણમાં હશે.

૬ નવેમ્બરે ૧૨૧ બેઠક માટે યોજાયેલી ચૂંટણીમાં થયેલા ૬૫.૦૯ ટકા મતદાનનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે આ બાબતે વિપક્ષને ૬૫ વૉલ્ટનો ઝડકો આપ્યો છે.

૧૧ નવેમ્બરે યોજાનારાં મતદાનમાં પ્રથમ તબક્કાનો વિક્રમ તોડવાની તેમણે મતદારોને વિનંતી કરી હતી અને એ ખાતરી કરવા જણાવ્યું હતું કે એનડીએ માત્ર તમામ બેઠક પર વિજયી જ ન નીવડે, પરંતુ તમામ બૂથમાં બઢત પણ મેળવે. (એજન્સી)

### મહારાષ્ટ્ર સરકારના વધુ એક પ્રધાનનો જમીન ખરીદીનો વિવાદ

# પરિવહન ખાતાના પ્રધાન પર ૨૦૦ કરોડની જમીન ૩ કરોડમાં ખરીદવાનો ગંભીર આરોપ

મુંબઈ: મહારાષ્ટ્રની મહાયુતિ સરકારની સમસ્યાઓનો કોઈ અંત જોવા મળતો નથી. હજી તો નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર દ્વારા જમીન ખરીદી કૌભાંડના સમાચારની શાહી સુકાઈ નથી, ત્યાં રાજ્યના પરિવહન ખાતાના પ્રધાન પર જમીન ખરીદી કૌભાંડનો આરોપ થયો છે. ૨૦૦ કરોડના મુલ્યની જમીન ત્રણ કરોડની નજીવી કિંમતે ખરીદી કરવાનો આરોપ તેમના પર લાગ્યો છે.

કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે શનિવારે એવો આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રના પ્રધાન પ્રતાપ સરનાઈકે તેમની શૈક્ષણિક સંસ્થા માટે મીરા ભાયંદરમાં લગભગ ૨૦૦ કરોડ રૂપિયાના મુલ્યની ચાર એકર જમીન ફક્ત ત્રણ કરોડ રૂપિયામાં ખરીદી હતી, આ આરોપને સરનાઈકે નકારી કાઢ્યા હતા અને દાવા માટે દસ્તાવેજી પુરાવા માગ્યા હતા.

પત્રકારોને સંબોધતા કોંગ્રેસના નેતાએ એવો દાવો કર્યો હતો કે રાજ્યના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે મુંબઈ નજીક મીરા-ભાયંદરમાં લગભગ ૨૦૦ કરોડની ચાર એકર જમીન માત્ર ત્રણ કરોડમાં શૈક્ષણિક સંસ્થા સ્થાપવા માટે ખરીદી હતી.

'શું કોઈ પ્રધાન પોતાની શૈક્ષણિક સંસ્થા માટે આવી રીતે જમીન ખરીદી શકે છે? જો આ માન્ય હોય, તો આવું આખા મહારાષ્ટ્રમાં થવા દો. અમે લાચારીથી આંખો બંધ કરી દઈશું. આમના શાસનમાં આ હાલની પરિસ્થિતિ છે,' એવા શબ્દોમાં તેમણે રાજ્યની મહાયુતિ સરકારની ટીકા કરી હતી. ■

### મારા નામે બોલાતી જમીન ક્યાં છે તે જોવા આવ્યો છું: સરનાઈક

જોકે, સરનાઈકે વડેટ્ટીવારના દાવાને નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે પ્રધાનોએ વારંવાર આવા આરોપોનો સામનો કરવાનો વારો આવતો હોય છે.

'વડેટ્ટીવાર કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે. હું અપેક્ષા રાખું છું કે તેઓ મારા વિરુદ્ધના તેમના આરોપોને સમર્થન આપતા દસ્તાવેજો રજૂ કરશે. હું એ પણ જોવા માટે આવ્યો છું કે મારા નામે જે જમીનનો ઉલ્લેખ થઈ રહ્યો છે તે ક્યાં આવેલી છે અને તે મારી સાથે કેવી રીતે જોડાયેલી છે? એ સાચું છે કે પ્રધાન તરીકે અમને વારંવાર આરોપોનો સામનો કરવો પડે છે,' એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું. ■

### કોઈ ફરિયાદ મળી નથી: બાવનકુળે

મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુળેએ કહ્યું હતું કે તેમણે ફક્ત આરોપ વિશે સાંભળ્યું હતું, પરંતુ કોઈ ઔપચારિક ફરિયાદ મળી નથી.'આ લોકો ફરિયાદ નોંધાવવા કરતાં મીડિયાના માધ્યમથી આરોપો કરવામાં વધુ સમય વિતાવે છે. જો ફરિયાદ દાખલ થાય, તો અમે તપાસનો આદેશ આપી શકીએ છીએ. તાજેતરના પુણે જમીન કેસ પર નજર નાખો. જ્યારે આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો, ત્યારે રાજ્ય સરકારે એક સમિતિની રચના કરી અને તપાસ શરૂ કરી હતી,' એમ તેમણે કહ્યું હતું. ■

**પાર્થ પવાર વિવાદ**

# ફડણવીસે તપાસ કરવી જોઈએ, તથ્યો બહાર લાવવા જોઈએ: શરદ પવાર

અકોલા: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો ઉલ્લેખ કરીને એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે શનિવારે તેમના પૌત્ર-ભત્રીજા પાર્થ પવારની કંપની સાથે જોડાયેલા વિવાદાસ્પદ જમીન સોદાની તપાસને સમર્થન આપ્યું હતું.

'મુખ્ય પ્રધાને જાહેરમાં કહ્યું છે કે આ મામલો ગંભીર છે. તેથી તેમણે તપાસ કરાવવી જોઈએ અને હકીકતો સમાજ સમક્ષ મૂકવી જોઈએ,' એમ શરદ પવારે શનિવારે પત્રકારોને જણાવ્યું હતું.

આ વિવાદ પુણેના મુંઢવા વિસ્તારમાં ૪૦ એકર સરકારી જમીનના કથિત ગેરકાયદે વેચાણ સાથે સંબંધિત છે, જેનું બજાર મુલ્ય આશરે રૂ. ૧,૮૦૦ કરોડ હોવાનું કહેવાય છે. વિપક્ષી નેતાઓનો દાવો છે કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ સાથે સંકળાયેલી કંપની દ્વારા સ્ટેમ્પ ડ્યુટી માફી સાથે માત્ર ૩૦૦ કરોડ રૂપિયામાં આ જમીન ખરીદવામાં આવી હતી. અજિત પવારે આ વ્યવહારથી પોતાને દૂર રાખ્યા છે.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેમના ભત્રીજા અજિત પવારને મહાયુતિમાં સાથીઓ દ્વારા રાજકીય રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે, ત્યારે સિનિયર પવારે કહ્યું હતું કે, 'મને ખબર નથી.'જોકે મહત્ત્વની બાબત એ છે કે શરદ પવાર તેમની પુત્રી અને એનસીપીના સાંસદ સુપ્રિયા સુળે દ્વારા પાર્થ પર કરાયેલી ટિપ્પણી સાથે સહમત ન હોવાનું જણાય છે. સુળેએ કહ્યું હતું કે તેમને નથી લાગતું કે પાર્થ કશું ખોટું કરી શકે. 'આ તેમનો (સુપ્રિયા)નો વ્યક્તિગત મત હોઈ શકે છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે ભારપુર્વક કહ્યું હતું કે, વહીવટ, રાજકારણ અને પરિવાર અલગ અલગ રાખવા જોઈએ. 'એક પરિવાર તરીકે, અમે (પવાર) એક છીએ, પરંતુ અમે વૈચારિક રીતે વિભાજિત છીએ. મારા એક પૌત્ર-ભત્રીજાએ અજિત પવાર સામે ચૂંટણી લડી હતી અને અજિત પવારની પત્નીએ મારી પુત્રી સામે ચૂંટણી લડી હતી,' એમ તેમણે કહ્યું હતું. ■

# મુંબઈ-પુણે જમીન સોદા પર શ્વેતપત્ર જાહેર કરો: સપકાળ

મુંબઈ: મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળ શનિવારે એવી માગણી કરી હતી કે રાજ્ય સરકારે પુણે અને મુંબઈમાં જમીન વ્યવહારો પર 'શ્વેતપત્ર' બહાર પાડવું જોઈએ અને વિધાનસભાના આગામી શિયાળુ સત્ર દરમિયાન આ મુદ્દા પર આખો દિવસ ચર્ચા માટે ફાળવવો જોઈએ.

મુંબઈમાં પત્રકારોને સંબોધતા, સપકાળે એવો આરોપ લગાવ્યો હતો કે રાજ્યભરમાં જમીન વ્યવહારોમાં મોટા પાયે ગેરરીતિઓ આચરવામાં આવી રહી છે અને 'જમીન કૌભાંડો પાછળના મુખ્ય સૂત્રધારો મંત્રાલયમાંથી કાર્યરત છે.'

તેમણે આ વ્યવહારોને 'સામૂહિક ગુનાહિત કૃત્યો' ગણાવ્યા હતા અને ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર પર ગેરરીતિઓમાં સંડોવાયેલા લોકોને રક્ષણ આપવાનો આરોપ લગાવ્યો હતો. 'મહાયુતિ સરકાર સંપૂર્ણપણે બેશરમ બની ગઈ છે. દરરોજ એક નવું કૌભાંડ પ્રકાશમાં આવે છે, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. શાસક પક્ષના નેતાઓ અને તેમના સંબંધીઓ રાજ્યને લૂંટી રહ્યા છે. મુંબઈ અને પુણેમાં કરોડોની જમીન નજીવી કિંમતે હડપ કરવામાં આવી છે,' એવો ગંભીર આરોપ સપકાળે લગાવ્યો હતો. પુણે જમીન કેસનો ઉલ્લેખ કરતાં તેમણે એવો દાવો કર્યો હતો કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારે ૪૦ એકર 'મહાર વતન'ની જમીન રૂ. ૩૦૦ કરોડમાં ખરીદી હતી, જ્યારે સ્ટેમ્પ ડ્યુટી તરીકે માત્ર રૂ. ૫૦૦ ચૂકવ્યા હતા. ■


સાબિત કેલ્સીયોગ®
હાડકા અને સાંધાના ટોનિક
આયર્ન અને વિટામિન સી સાથે
આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
Amazon પર કૅશ ઑન ડિલિવરી ઉપલબ્ધ
9422011723
આયુર્વેદિક સ્ટોર્સ પર ઉપલબ્ધ


# લિફ્ટ તૂટી પડતાં સગર્ભા સહિત પાંચ જખમી

થાણે: થાણે જિલ્લાના કોપરીમાં શનિવારે એક બિલ્ડિંગની લિફ્ટ તૂટી પડતા બે બાળકો, એક ગર્ભવતી મહિલા સહિત પાંચ જખમી થયા હતા. તમામ લોકોને બિલ્ડિંગના રહેવાસીઓએ તાત્કાલિક બહાર કાઢીને હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા.

મળેલ માહિતી મુજબ કોપરીમાં બીએસયુપી (બેસિક સર્વિસ ફોર અર્બન પુઅર) રેસિડન્ટ બિલ્ડિંગમાં શનિવારે બપોરના આ બનાવ બન્યો હતો, જેમાં લિફ્ટ પાંચમાથી છઠ્ઠા માળા પર જઈ રહી હતી ત્યારે અચાનક કેબલ તૂટી પડતા લિફ્ટ નીચે ફસડાઈ પડી હતી.બિલ્ડિંગના રહેવાસીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને લિફ્ટમાં ફસાઈ ગયેલા તમામ લોકોને બહાર કાઢ્યા હતા. ■

**ખાયા પિયા કુછ નહીં, ગ્લાસ તોડા ૪૨ કરોડ રૂપિયા**

# વેચાણ દસ્તાવેજ રદ કરવા પાર્થ પવારની કંપનીએ ડબલ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડશે

પુણે: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારની કંપની દ્વારા પુણેમાં એક મોકાની જગ્યા માટે કરાયેલ વેચાણ દસ્તાવેજ રદ કરવામાં આવ્યાની જાહેરાત પછી, હવે એવું જાણવા મળ્યું છે કે અમાડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપી (પાર્થ પવારની કંપની)ને હવે આ સોદો રદ કરવા માટે ડબલ સ્ટેમ્પ ડ્યુટી એટલે કે ૪૨ કરોડ રૂપિયા ભરવા પડશે.

રજિસ્ટ્રેશન એન્ડ સ્ટેમ્પ્સ વિભાગે પાર્થ પવારના કઝિન (મામાના દીકરા ભાઈ) અને અમાડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપીમાં ભાગીદાર દિગ્વિજય અમરસિંહ પાટીલને એવી જાણ કરી છે કે પેઢીએ અગાઉની ૭ ટકા સ્ટેમ્પ ડ્યુટી (મહારાષ્ટ્ર સ્ટેમ્પ એક્ટ હેઠળ ૫ ટકા સ્ટેમ્પ ડ્યૂટી તરીકે, ૧ ટકા સ્થાનિક સંસ્થા કર પેટે અને ૧ ટકા મેટ્રો સેસ પેટે) ચૂકવવી પડશે, કારણ કે તેણે જમીન પર ડેટા સેન્ટર પ્રસ્તાવિત હોવાનો દાવો કરીને સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ માગી હતી.

દસ્તાવેજને રદ કરવા માટે તેણે વધારાની ૭ ટકા સ્ટેમ્પ ડ્યુટી પણ ચૂકવવી પડશે, એમ પણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું.

વિભાગના જણાવ્યા મુજબ, પેઢીએ વેચાણ દસ્તાવેજ સમયે સ્ટેમ્પ ડ્યુટી મુક્તિનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે જમીન પર ડેટા સેન્ટર સ્થાપિત કરવામાં આવશે, પરંતુ હવે રજૂ કરાયેલ રદ દસ્તાવેજ દર્શાવે છે કે યોજના પડતી મૂકવામાં આવી છે, એમ તેમણે નોંધ્યું હતું.ગુરુવારે, અમાડિયા એન્ટરપ્રાઇઝને અપસ્કેલ મુંઢવા વિસ્તારમાં ૪૦ એકર સરકારી જમીનનો વેચાણ દસ્તાવેજ જરૂરી મંજૂરીઓના અભાવે તપાસ હેઠળ આવ્યો હતો. વિપક્ષી નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે તેની બજાર કિંમત રૂ. ૧,૮૦૦ કરોડ હતી.

રજિસ્ટ્રાર કાર્યાલયના ઈન્સ્પેક્ટર જનરલ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે, પિંપરી ચિંચવડ પોલીસે દિગ્વિજય પાટિલ, શિતલ તેજવાણી (જેઓ પાવર ઓફ એટર્ની દ્વારા જમીનના ૨૭૨ 'માલિકો'નું પ્રતિનિધિત્વ કરતા હતા) અને સબ-રજિસ્ટ્રાર આર. બી. તરુ સામે કથિત ગેરરીતિ અને છેતરપિંડી માટે એફઆઈઆર નોંધ્યો હતો.

# પાર્થ પવારની કંપની દ્વારા વધુ એક કૌભાંડ: ડેરી વિભાગની ૪૦ હેક્ટર જમીનની ઉચાપતનો આરોપ

મુંબઈ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને નાણા પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવાર પુણેના કોરેગાંવ પાર્કમાં ૪૦ એકરનો પ્લોટ ખરીદ્યો હતો. ત્યારબાદ આ મામલે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. હવે તેમની કંપની પર વધુ એક જમીન કૌભાંડ કરવાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે એવો દાવો કર્યો છે કે પાર્થ પવારની કંપનીએ પુણેમાં ડેરી વિભાગની ૩૫ હેક્ટર જમીન પચાવી પાડી છે. તેમણે એવી માગણી પણ કરી છે કે આ મામલે પણ કાર્યવાહી કરવામાં આવે.

સપકાળે શનિવારે કહ્યું હતું કે, તાજેતરમાં, પાર્થ પવાર દ્વારા ડેરીની જમીન સંબંધી ગેરરીતિ પ્રકાશમાં આવી છે. ૩૫ હેક્ટરથી વધુ જમીન વેચાઈ ગઈ છે. જ્યારે આઈટી પાર્કના નામે જમીનનો ગેરરીતિ ચાલી રહી છે, ત્યારે પાર્થ પવારના નામે એક કંપની બીજી સરકારી જમીન લે છે અને તે કંપની દૌંડમાં ખાંડ ફેક્ટરીમાંથી ક્રેડિટ મેળવે છે. ■






# રખડતા શ્વાનના હુમલામાં બે વર્ષની બાળકી ગંભીર જખમી

થાણે: થાણે જિલ્લાના દિવામાં એક રખડતા શ્વાનના હુમલામાં બે વર્ષની બાળકી ગંભીર રીતે જખમી થઈ હતી. શ્વાનને બાળકીને ત્રણથી ચાર બચકા ભર્યા હતા. આ ઘટના સીસીટીવીમાં રેકોર્ડ થઈ ગયા બાદ સોશિયલ મિડિયામાં ફરી વળતા લોકોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ હતી.

દિવામાં મ્હાત્રે ગેટ પરિસરમાં એક બિલ્ડિંગમાં માતા-પિતા સાથે રહેતી બે વર્ષની બાળકી શુક્રવારે સાંજે બિલ્ડિંગમાં નીચે બીજા નાના છોકરા સાથે રમવા માટે ઉતરી હતી. એ સમયે રખડતા શ્વાન તેની પાછળથી આવ્યો હતો અને બાળકી પર હુમલો કર્યો હતો. તેની સાથે રહેલો બાળક ડરીને ભાગી ગયો હતો. આ દરમ્યાન શ્વાને બાળકીને ત્રણથી ચાર બચકા ભરી લીધા હતા.શ્વાનના હુમલામાં બાળકી જખમી થઈ હતી. બાળકીના ચહેરા પર પણ માર લાગ્યો હતો. બિલ્ડિંગના રહેવાસીઓ દોડી આવ્યા હતા અને તેને તાત્કાલિક કલવામાં આવેલી થાણે પાલિકાની છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. હાલ તેની તબિયત સ્થિત હોવાનું તેના પિતાએ જણાવ્યું હતું. રખડતા શ્વાનના હુમલાને કારણે સ્થાનિક રહેવાસીઓ ડરનું વાતાવરણ નિર્માણ થયું છે. ■

# મનુષ્યનું હિચકારી કૃત્ય: હાથી પર સૂતળી બૉમ્બ ફેંક્યો

સાવંતવાડી: સાવંતવાડી તાલુકામાં છેલ્લા દોઢ મહિનાથી વસવાટ કરી રહેલા ઓમકાર નામના ૧૦-૧૨ વર્ષના હાથી પર સુતળી બોમ્બ ફેંકવાની અમાનવીય, હિચકારી અને ભયંકર ઘટના બની હોવાની માહિતી મળી છે.

આ ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો છે અને શરૂઆતમાં એવું કહેવામાં આવ્યું હતું કે વન વિભાગની ટુકડીએ વિકૃતિની ચરમસીમા જેવું આ કૃત્ય કર્યું હતું.

આ ગંભીર ઘટના અંગે ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ મિલિશ શર્માનો સંપર્ક કરવામાં આવ્યો અને પાણીમાં ટ્રાઇ રહેલા હાથી પર સુતળી બોમ્બ ફેંકવા અંગે પ્રતિક્રિયા જાણવાનો આગ્રહ રાખ્યો ત્યારે તેમનો જવાબ હતો કે બાગાયત માટે નદીના તટપ્રદેશમાં પાણીના પંપ લગાવવામાં આવ્યા છે. હાથીની દિશા બદલવા માટે બોમ્બ ફેંકવામાં આવ્યા હતા જેથી તે ત્યાં ન જાય અને નુકસાન ન થાય. ■

# અગાઉ પણ રહ્યો છે પાર્થનો વિવાદનો રેકોર્ડ

મુંબઈ: પાર્થ પવારને વિવાદ સાથે ઘરોબો છે. પાર્થ પવારના પિતા અજીત પવાર અને દાદા શરદ પવાર પણ ઘણી વખત મુશ્કેલીમાં મુકાયા છે. પુણેમાં કુખ્યાત ગેંગસ્ટરને મળવા બદલ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષની વિચારધારા વિરુદ્ધ બોલવા માટે, અયોધ્યામાં રામ મંદિર પર ટિપ્પણી કરવાને કારણે અને હિન્દી ફિલ્મ અભિનેતા સુશાંત સિંહ રાજપૂત આત્મહત્યા કેસમાં સરકારને મુશ્કેલીમાં મૂકતી ટિપ્પણી કરવા માટે પાર્થ પવાર વિવાદના વમળમાં ઘેરાયા છે.

કોથરુડમાં દહેશત ફેલાવનારા ગુંડા ગજાનન ઉર્ફે ગજ્યા મારણે ૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસે પાર્થ પવારને મળ્યો હતો. મારણે પાર્થ પવારને મળ્યા બાદ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. આ અંગે અજિત પવારે મીડિયા સામે ખુલાસો કરવો પડ્યો હતો કે આવા લોકોને મળવું યોગ્ય નથી. મારણે વિરુદ્ધ હત્યા સહિત ૩૦ ગંભીર કેસ નોંધાયેલા છે. એ કોથરુડમાં ગુંડાઓની ગેંગ ચલાવે છે. પોલીસે તેની ગેંગના અનેક ગુંડાઓની ધરપકડ કરી છે.

સપ્ટેમ્બર ૨૦૨૦માં પાર્થ પવારે અયોધ્યામાં રામ મંદિરના સમર્થનમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પોસ્ટ કરી હતી. મંદિરના ઉદઘાટન પહેલા પાર્થે કહ્યું હતું કે આપણે આ સાંસ્કૃતિક વિજય માટે વિનમ્ર બનવું જોઈએ'. પાર્થ પવારના દાદા શરદ પવારે આ અંગે સ્પષ્ટતા કરવી પડી હતી. શરદ પવારે કહ્યું હતું કે પાર્થની ટિપ્પણી અપરિપક્વતાનું ઉદાહરણ છે. ઉલ્લેખનીય છે કે, તે જ વર્ષે જુલાઈમાં પાર્થ પવારે સુશાંત સિંહ રાજપૂતના આત્મહત્યા કેસની સીબીઆઈ તપાસની માગ કરી હતી. અજિત પવાર તે સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન હતા. ■






# પ્રેમી સાથે મળી પત્નીએ પતિનો કાંટો કાઢ્યો: શબ નદીમાં ફેંકી બન્ને ફરાર

થાણે: પ્રેમી સાથે મળીને પત્નીએ ગળું દબાવી પતિની કથિત હત્યા કર્યા બાદ તેના મૃતદેહને નદીમાં ફેંક્યો હોવાની આંચકાજનક ઘટના પ્રકાશમાં આવી હતી. બદલાપુરમાં બનેલી આ ઘટનામાં મૃતકની પત્ની પ્રેમી સાથે રફુચક્કર થઈ ગઈ હોવાનું પોલીસનું કહેવું છે.સિનિયર ઈન્સ્પેક્ટર કિશોર શિંદેએ જણાવ્યું હતું કે ગુરુવારે બનેલી આ ઘટનામાં ફરાર બન્ને આરોપીની શોધ ચલાવાઈ રહી છે. આરોપીઓની ઓળખ મનીષા પરમાર અને લક્ષ્મણ ભોઈર (૩૬) તરીકે થઈ હતી.

બદલાપુરમાં રહેતા ભોઈરને પડોશમાં રહેતી મનીષા સાથે અફૅર હતું. આ વાતની જાણ મનીષાના પતિ કિસન પરમાર (૪૪)ને થઈ હતી. આ બાબતે ખુલાસો કરવા કિસને મનીષાની પૂછપરછ કરી હતી. આડા સંબંધો ઉઘાડા પડી જતાં દંપતી વચ્ચે વિવાદ થયો હતો. (પીટીઆઈ)

# મધ્ય પ્રદેશમાં હત્યાના કેસમાં ફરાર આરોપી સાત વર્ષે મુંબઈમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય પ્રદેશના કટની જિલ્લામાં હત્યા કરીને ફરાર થઈ ગયેલો આરોપી સાત વર્ષે દક્ષિણ મુંબઈના મસ્જિદ બંદર પરિસરમાંથી પકડાયો હતો.

પકડાયેલા આરોપીની ઓળખ રાજારામ રામધાર તિવારી (૩૫) તરીકે થઈ હતી. કટનીના વિજયરાઘવગઢ તાલુકાના પિપરા ગામના વતની તિવારીને વધુ તપાસ માટે મધ્ય પ્રદેશની બરહી પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી તિવારી વિરુદ્ધ તેના જ ગામની એક વ્યક્તિનો આરોપ છે. તેની વિરુદ્ધ બરહી પોલીસ સ્ટેશનમાં ૨૦૧૮માં હત્યા અને ધમકીનો ગુનો નોંધાયેલો હતો. ગુનો નોંધાતાં જ આરોપી ફરાર થઈ ગયો હતો. બરહી પોલીસ તેની શોધ ચલાવી રહી હતી. ■




# મુંબઈમાં ૯૦,૦૦૦ રખડતા શ્વાન સામે માત્ર આઠ આશ્રયસ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રખડતા શ્વાન કરડવાને મુદ્દે સાર્વજનિક સ્થળ શાળા, હૉસ્પિટલો, બસ અને રેલવે સ્ટેશન સહિતના જાહેર વિસ્તારોમાં તમામ રખડતાં શ્વાનને બે મહિનાની અંદર દૂર કરવાનો સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે ત્યારે મુંબઈમાં લગભગ ૯૦,૦૦૦ રખડતા શ્વાન સામે માત્ર આઠ આશ્રયસ્થાન હોવાનું મુંબઈ મહાનગરપાલિકાનું કહેવું છે.

કોર્ટના આદેશ બાદ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે કોર્ટના આદેશનું પાલન કરવા માટે મુંબઈમાં રખડતા શ્વાન માટે શેલ્ટર હોમની સંખ્યા વધારવી પડશે. હાલ મુંબઈમાં માત્ર આઠ શેલ્ટર હોમ છે. પાલિકાએ લગભગ ૧૧ વર્ષ પહેલા રખડતા શ્વાનની ગણતરી કરી હતી ત્યારે તેની સંખ્યા ૯૫,૭૫૨ હતી પણ ૨૦૧૪ની સાલેથી એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગામ હાથમાં લીધા બાદ રખડતા શ્વાનની સંખ્યામાં ઘટાડો થયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. હાલ શહેરમાં રખડતા શ્વાનની સંખ્યા લગભગ ૯૦,૬૦૦ છે. હાલ માત્ર આઠ શેલ્ટર હોમ છે પણ જૂના નિયમ મુજબ શ્વાનનું વંધીકરણ કરીને તેમને છોડી દેવામાં આવે છે. જોકે હવે શુક્રવારે સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ મુંબઈના શેલ્ટર હોમની ક્ષમતા કેટલી છે તે તપાસવી પડશે. શ્વાનનું સરેરાશ આયુષ્ય ૧૨થી ૧૫ વર્ષનું હોય છે.

# એસટીની કથળેલી આર્થિક પરિસ્થિતિઃ રખડી પડેલા પગાર સરકારની સબ્સિડી આવ્યા બાદ હવે સોમવારે મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કથળેલી આર્થિક સ્થિતિ વચ્ચે રાજ્ય સરકાર દ્વારા સપ્ટેમ્બર મહિનાની સબ્સિડી આપવામાં વિલંબ થયો હોવાથી અટકી પડેલા એસટી (એમએસઆરટીસી)ના કર્મચારીઓનું વેતન હવે સોમવારે થવાની શક્યતા છે.

રાજ્ય સરકાર દ્વારા એસટી નિગમને ૪૭૧.૦૫ કરોડની સબ્સિડીની રકમ આપવામાં આવતા એસટી કર્મચારીઓના પગાર તેમના બેંક ખાતામાં સોમવારે જમા થશે એવી માહિતી આપવામાં આવી છે. કર્મચારીઓને દર મહિનાની સાત તારીખે પગાર મળે છે. જોકે, સબ્સિડીની રકમ મળવામાં વિલંબ થવાને કારણે એસટી કર્મચારીઓના પગારમાં વિલંબ થયો છે.

હવે રાજ્ય સરકારે સપ્ટેમ્બર ૨૦૨૫ માટે સબ્સિડીની ભરપાઈ તરીકે એસટી નિગમને ૪૭૧.૦૫ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. તેથી, સોમવારે કર્મચારીઓના બેંક ખાતામાં પગાર જમા કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

એસટી નિગમ દ્વારા મુસાફરી કરતા રાજ્યના હજારો મુસાફરો માટે વિવિધ રાહત યોજનાઓ છે.

આ યોજનાઓ દ્વારા, મુસાફરોના ટિકિટ ભાડામાં ૩૩ ટકાથી ૧૦૦ ટકા સુધીની છૂટ આપવામાં આવે છે. આમાં વરિષ્ઠ નાગરિકો માટે મફત ટિકિટ ભાડા અને મહિલાઓ માટે અડધી ટિકિટ યોજનાનો સમાવેશ થાય છે. આ છૂટછાટોની જવાબદારી રાજ્ય સરકારની છે. તેથી, રાજ્ય સરકાર સંપૂર્ણ ટિકિટ ભાડાના ૬૭ ટકા સબ્સિડી પેટે એસટી મહામંડળને ચુકવે છે.

સપ્ટેમ્બર ૨૦૨૫ના કન્સેશનલ મૂલ્યની ભરપાઈ માટે એસટી નિગમને ૪૭૧.૦૫ કરોડ રૂપિયાનું ભંડોળ આપવામાં આવ્યું હતું.

આ દ્વારા એસટી નિગમના લગભગ ૮૩ હજાર કર્મચારીઓના ઓક્ટોબર મહિનાના પગારનો મુદ્દો ઉકેલાઈ ગયો છે.

# જરાંગે પાટીલને નોટિસઃ સોમવારે પોલીસ સ્ટેશનમાં હાજર થવા સૂચના

મુંબઈ: મરાઠા અનામત આંદોલનના નેતા જરાંગે પાટીલ સહિત છ જણને મુંબઈ પોલીસે નોટિસ મોકલાવી છે. આંદોલન સમયે નિયમોનું ઉલ્લંઘન કરવા સહિતના મામલે પૂછપરછ માટે સોમવારે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાનું નોટિસમાં જણાવાયું છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આઝાદ મેદાન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫(૩) હેઠળ આ નોટિસ આપવામાં આવી છે. ૨૯ ઑગસ્ટથી બીજી સપ્ટેમ્બરની સાંજ સુધી દક્ષિણ મુંબઈમાં કરાયેલા આંદોલન પ્રકરણે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનાની તપાસ અર્થે તથ્યો અને વસ્તુસ્થિતિ જાણવા પૂછપરછ માટે સબળ કારણો પોલીસ પાસે હોવાથી સોમવારની સવારે ૧૧ વાગ્યે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું નોટિસમાં જણાવાયું છે. આ નોટિસ જરાંગે પાટીલ સહિત પાંડુરંગ તારક, સીતારામ કલકુટ્ટે, પ્રશાંત સાવંત, ચંદ્રકાંત ભોસલે અને વીરેન્દ્ર પવારને પણ મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. મરાઠા આંદોલન સમયે જમાવબંધી આદેશનું ઉલ્લંઘન કરાયું હતું. એ સિવાય સૂત્રોચ્ચાર કર્યા, ટ્રાફિક વ્યવસ્થાને ખોરવી અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત કરવાના આરોપસર પોલીસે ગુનો નોંધ્યો હતો.

# ડોંબિવલી મોટાગાંવ રેલવે ક્રોસિંગ પર ચાર લેનના ફ્લાયઓવરને મંજૂરી

ડોંબિવલીઃ ડોંબિવલી પશ્ચિમમાં માણકોલી ફ્લાયઓવર સાથે જોડાયેલા દિવા-વસઈ રેલવે લાઇન પરના રેતીબંદર મોટાગાંવ રેલવે ક્રોસિંગ પર ચાર-લેન રેલ્વે ઓવરબ્રિજ બનાવવા માટે રેલ્વે પ્રશાસને મંજૂરી આપી દીધી છે. આ પુલ રેલવે ક્રોસિંગ પર માર્ગ દ્વારા મુસાફરી કરતા મુસાફરોની ભીડનો અંત લાવશે. આ પુલના કામ માટે કુલ ૧૬૮ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે અને કલ્યાણ ડોમ્બિવલી નગરપાલિકાએ થાણે જિલ્લા કલેક્ટરને આ કામ માટે સરકારી ભંડોળને વહીવટી મંજૂરી આપવાની માગ કરી છે.

ડોંબિવલીથી થાણે, મુંબઈનું અંતર ઓછું કરવા માટે કલ્યાણ શિલફાટા, દુર્ગાડી, કોનથી ભિવંડી બાયપાસ રોડ પરની ટ્રાફિક જેમથી છુટકારો મેળવવા માટે મોટાભાગના પ્રવાસીઓ ડોંબિવલીથી માણકોલી ફ્લાયઓવર દ્વારા થાણે, મુંબઈ, મુંબ્રા થઈને નવી મુંબઈ, પનવેલ તરફ જવાનું પસંદ કરી રહ્યા છે. માણકોલી ફ્લાયઓવર પર જવા માટે ડોંબિવલીથી રેતીબંદર મોટા ગાંવ રેલવે ફાટક થઈને જવું પડે છે. આ રેલવે લાઇન દિવા-વસઈ, વસઈ-પનવેલ શહેરોને જોડે છે.

રેલવે ક્રોસિંગ પર ફ્લાયઓવરની ઉપયોગીતાને ધ્યાનમાં રાખીને, કલ્યાણ ડોંબિવલી નગરપાલિકાએ બે વર્ષ પહેલાં સરકાર પાસે ભંડોળની માંગણી કરી હતી. સરકારે ૧૬૮ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે.

# બસ અકસ્માતમાં ગંભીર ઈજા પામેલી મહિલાને પંચાવન લાખનું વળતર

થાણેઃ સ્ટેટ ટ્રાન્સપોર્ટને નડેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાને થાણેની ધ મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) પંચાવન લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ શુક્રવારે આપેલા આદેશમાં મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસઆરટીસી) જ અકસ્માત માટે જવાબદાર હોવાની નોંધ કરી હતી. આ અકસ્માતને લીધે મહિલાએ જમણો હાથ ગુમાવ્યો અને નોકરી પણ ગુમાવી દીધી હતી.

અકસ્માતની ઘટના ૨૪ ઑગસ્ટ, ૨૦૨૧ની બપોરે બની હતી. તે સમયે ૩૬ વર્ષની મહિલા કંચન શામ કુટે એસટી બસમાં નાશિક-પુણે હાઈવે પર ખેડથી શિવાજીનગર જઈ રહી હતી ત્યારે બસને અકસ્માત નડ્યો હતો. બસ વીજળીના થાંભલા સાથે ભટકાઈને ઊંધી વળી ગઈ હતી.

એમએસઆરટીસી વતી દલીલ કરાઈ હતી કે બ્રેક ફેઈલ થવાને કારણે અકસ્માત થયો હતો, પરંતુ ટ્રિબ્યુનલે ડ્રાઈવરની જ બેદરકારી હોવાનું કહીને એસટીની દલીલ નકારી કાઢી હતી.

ડ્રાઈવર બસ સ્પડીમાં ચલાવતો હતો કે બસની બ્રેક ફેઈલ થઈ ત્યારે તે સ્ટિયરિંગ પર કાબૂ રાખી શક્યો નહોતો. ડ્રાઈવરે બ્રેક ફેઈલ અંગે કન્ડક્ટરને સંકેત આપ્યો હતો, પરંતુ પ્રવાસીઓની સુરક્ષા માટે તેણે સૂચના આપી હોય તેવા કોઈ પુરાવા નથી, એવું ટ્રિબ્યુનલે નોંધ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

## ખોપોલીમાં

અલગ વિભાગ હશે. આ ઉપરાંત દર્દીઓના શારીરિક અને માનસિક પુનર્વસન પર ભાર મૂકવામાં આવશે અને આયુર્વેદિક દવાઓની અસરકારકતા પર વૈજ્ઞાનિક અભ્યાસ પણ કરવામાં આવશે.

કેન્સરના દર્દીઓમાં કીમોથેરપી અને રેડિયેશનની આડઅસરો ઘટાડવામાં આયુર્વેદ મદદરૂપ થઈ શકે છે. ટાટા મેમોરિયલના સૂત્રોએ જણાવ્યું હતું કે ખોપોલીની આ હોસ્પિટલ પરંપરાગત જ્ઞાન અને આધુનિક વિજ્ઞાન વચ્ચેનો સેતુ બનશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં દર વર્ષે લગભગ ૧૪ લાખ નવા કેન્સરના દર્દીઓ જોવા મળે છે. તેમાં મોટાભાગના સારવાર પછી થાક, ભૂખ ઓછી થવી અને માનસિક તણાવનો સામનો કરે છે. આ પૃષ્ઠભૂમિમાં, એકીકૃત આરોગ્ય કેન્દ્રની જરૂરિયાત અનુભવાઈ છે.

પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે અને ૨૦૨૬માં દર્દીની સારવાર શરૂ કરવાનું લક્ષ્ય છે. આ સાથે જ આ સેન્ટરમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ અને ટાટા મેમોરિયલ હોસ્પિટલના સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ પણ હાથ ધરવામાં આવશે. નિષ્ણાતોના મતે ખોપોલીમાં બની રહેલું આ સેન્ટર સમગ્ર દેશમાં સર્વગ્રાહી સારવારની નવી દિશા બતાવશે. કેન્સર સામેની લડાઈમાં માત્ર દવા જ નહીં, પરંતુ જીવનશૈલી, માનસિક શાંતિ અને આહારના સંયોજનની જરૂર છે. આયુષ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે આયુર્વેદ આ સંતુલનનો જવાબ બની શકે છે. આ સેન્ટર શરૂ થવાથી મુંબઈ-પુણે પટ્ટાના દર્દીઓ પાસે કેન્સરની સારવાર માટે સસ્તો, પૂરક અને સર્વગ્રાહી વિકલ્પ હશે. જો આયુર્વેદ પર આધારિત આ પ્રયોગ સફળ થાય તો નિષ્ણાતો ભારતના અન્ય રાજ્યોમાં પણ આવા કેન્દ્રોની શ્રેણી શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

## ગોરેગામના

સાલમાં લગભગ ૨૭ કરોડ રૂપિયાના ખર્ચે વીર સાવરકર જે એમટીએનએલ ફ્લાયઓવર તરીકે પણ ઓળખાય છે તે રેડિસન હોટલ નજીક વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને રુસ્તમજી ઓઝોન સાથે જોડે છે. પૂર્વ -પશ્ચિમને જોડનારો અને એક મહત્ત્વનો ગણાતો આ ફ્લાયઓવર ગોરેગામ, મલાડ, માર્વે, મઢ-આક્સા અને ચારકોપ જવા ઈચ્છુક વાહનચાલકોને ટ્રાફિકવાલા એસ.વી. રોડને બાયપાસ કરવામાં મદદ કરે છે.

ઑગસ્ટમાં પાલિકાએ મુંબઈ કોસ્ટર રોડ (ઉત્તર) પ્રોજેક્ટ હેઠળ નવા ફ્લાયઓવર માટે માર્ગ બનાવવા માટે પુલ તોડી પાડવાનો પ્રસ્તાવ મુક્યો હતો. તેની સામે સ્થાનિક રહેવાસીઓ સહિત રાજકીય પક્ષોએ વિરોધ કર્યો હતો. છેવટે પાલિકાએ આઈઆઈટી બોમ્બેના નિષ્ણાતો દ્વારા પુલને બચાવી લેવા માટે વિકલ્પો શોધવા માટે અભ્યાસ કરવાની જવાબદારી સોંપી હતી.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે અનેક શક્યતાઓ પર વિચાર કર્યા બાદ મોનોપાઈલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પ્રસ્તાવિત ડબલ-ડેકર બ્રિજ બનાવવાનો વિકલ્પ શોધી કાઢ્યો છે. તેની માળખાકીય સ્થિરતા અંગે આઈઆઈટી બોમ્બે પાસેથી અહેવાલ આવે તેની રાહ જોઈ રહ્યા છે. જો મંજૂરી મળી જાય તો વીર સાવરકર ફ્લાયઓવરને તોડવાની જરૂર રહેશે નહીં. આગામી આઠથી દસ દિવસની અંદર તેનો રિપોર્ટ આવવાની શક્યતા છે.

બ્રિજ ડિપાર્ટમેન્ટના અધિકારીના જણાવ્યા મુજબ પુલના બાંધકામમાં મોનોપાઈલ ટેક્નોલોજીના ઉપયોગથી માઈન્ડસ્પેસ મલાડ અને દિંડોશી વચ્ચેના પ્રસ્તાવિત પુલ વર્સોવા-દહિસર લિંક રોડ પ્રોજેક્ટનો ખર્ચ વધી શકે છે. અંતિમ રિપોર્ટ મળ્યા પછી ખર્ચની અસરોનું મૂલ્યાંકન કરવામાં આવશે.

## માટુંગામાં

આ ઘટના બની હતી. બસ માટુંગા પોલીસ સ્ટેશનની સામે ડૉ.બાબાસાહેબ આંબેડકર રોડ પર હતી ત્યારે ડ્રાઈવરે બસની છત પરના એસી યુનિટમાંથી ધુમાડો નીકળતો જોયો હતો. તેણે તાત્કાલિક બસને એકબાજુએ લીધી હતી અને એસી યુનિટને ઈમરજન્સી સપ્લાય બંધ કરી દીધી હતી અને ફાયરબ્રિગેડને જાણ કરી હતી. બસમાં બેસેલા તમામ ૨૮ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

સ્ટેટ ટ્રાન્સપોર્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બસમાં આગ લાગી નહોતી પણ એસી યુનિટમાંથી નીકળતા ધુમાડા અને બસની બંધ બારીઓને કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. સદ્‌નસીબે કોઈને ઈજા પહોંચી નહોતી. બસમાં સવાર તમામ મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ...તો સોમવાર

ડૉક્ટરોની સારવાર કરવામાં આવી હતી. સારવાર પછી તબિયત સુધારા પર હોવા છતાં તેમને ઘણો માનસિક આઘાત લાગ્યો છે. ત્રણેય ડૉક્ટર માનસિક તણાવ હેઠળ હોવાની માહિતી મહારાષ્ટ્ર ઍસોસિયેશન ઑફ રેસિડેન્ટ ડૉક્ટર્સ (માર્ડ) દ્વારા આપવામાં આવી હતી.

આ ઘટનાની ગંભીર નોંધ લઈ માર્ડે જણાવ્યું હતું કે રેસિડેન્ટ ડૉક્ટરોની સુરક્ષાનો મુદ્દો ફરી ઉપસ્થિત થયો છે. કૂપર માર્ડે આ મામલે એડિશનલ મ્યુનિસિપલ કમિશનર સાથે અર્જન્ટ મીટિંગની માગણી કરી હતી.

માર્ડની અમુક માગણીઓ છે, જેમાં પાલિકા સંચાલિત હૉસ્પિટલોના ઈમર્જન્સી અને ક્રિટિકલ પરિસરમાં ચોવીસ કલાક તાલીમબદ્ધ માર્શલ-એમએસએફની નિયુક્તિ, ડૉક્ટરો પર હુમલો કરનારાની તાત્કાલિક મેડિકૅર પ્રોટેક્શન ઍક્ટ હેઠળ ધરપકડ, સિક્યોરિટી સુપરવાઈઝર્સને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવા, કાયમી સશસ્ત્ર સુરક્ષા અને સીસીટીવીનું મૉનિટરિંગનો સમાવેશ થાય છે. એ સિવાય મલ્ટિ-લેયર સિક્યોરિટી સિસ્ટમ અને દર મહિને માર્ડ સાથે સેફ્ટી ઑડિટની પણ માગણી કરવામાં આવી છે. માર્ડે અલ્ટિમેટમ આપ્યું છે કે સોમવારની સાંજે પાંચ વાગ્યા સુધીમાં માગણીઓનો સંતોષજનક ઉકેલ નહીં આવે અને એડિશનલ કમિશનર સાથેની મીટિંગમાં નક્કર પરિણામો નહીં આવે તો કૂપર માર્ડની સામૂહિક સજાની અપીલમાં પાલિકાની ચારેય મુખ્ય હૉસ્પિટલ-કેઈએમ, નાયર, સાયન અને કૂપર જોડાશે. ઈમર્જન્સી સિવાયની તમામ તબીબી સેવાઓ સોમવાર સાંજથી બંધ કરવામાં આવશે, એવું માર્ડનું કહેવું છે.

## મુંબઈમાં

તાપમાન ૨૩.૫ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝ ૩૪.૫ ડિગ્રી સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન રહ્યું હતું. તો લઘુતમ તાપમાન ૨૧.૨ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં સૌથી વધુ ઠંડી મધ્ય મહારાષ્ટ્રના જળગાંવમાં રહી હતી. અહીં ૧૦.૮ ડિગ્રી જેટલું નીચું તાપમાન નોંધાયું હતું. હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૧૩.૨ ડિગ્રી, નાશિકમાં ૧૩.૪ ડિગ્રી, માલેગાંવમાં ૧૪.૨ ડિગ્રી, અહમદનગરમાં ૧૪.૬ ડિગ્રી, સોલાપુરમાં ૧૮.૬ ડિગ્રી, સતારામાં ૧૭.૧ ડિગ્રી, ઔરંગાબાદમાં ૧૪.૨ ડિગ્રી, બીડમાં ૧૩.૫ ડિગ્રી, અકોલામાં ૧૪.૭ ડિગ્રી, અમરાવતીમાં ૧૩.૩ ડિગ્રી, ગોંદિયામાં ૧૪.૮ ડિગ્રી, નાગપુરમાં ૧૬.૨ ડિગ્રી,વાશિમમાં ૧૩.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## દહિસર ટોલ

ટોલનાકાને હટાવી દેવાની જાહેરાતનો ફિયાસ્કો થયો હતો.

આ દરમ્યાન પ્રતાપ સરનાઈક, નેશનલ હાઈવે ઓથોરિટી, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન, પોલીસ પ્રશઆસન અને પાલિકા પ્રશાસનના અધિકારીઓએ શનિવારે ટોલનાકાની મુલાકાત લીધી હતી. કામ હજી પૂરું થયું ન હોવાથી ૧૩ નવેમ્બર સુધી કામ પૂરું થશે એવો દાવો કર્યો હતો. દહિસર ટોલનાકાને મુંબઈ-અમદાવાદ હાઈવે પર વર્સોવા પુલ પાસે ગિરનાર હોટલ નજીક ઊભું કરવાનો વિચાર છે. શનિવારે પ્રતાપ સરનાઈક સહિતના સરકારી અધિકારીઓએ આ જગ્યાનું નિરીક્ષણ કરવા ગયા હતા ત્યારે અહીં ટોલનાકુ ઊભું કરવા માટે મંજૂરી આપવામાં આવશે નહીં એવું કહીને સ્થાનિક લોકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિક રાજકીય નેતા, ભૂમિપુત્ર સંઘટના સહિત સ્થાનિક ગ્રામવાસીઓએ સરનાઈકના આ વિઝિટ સામે વિરોધ નોંધાવ્યો હતો અને વસઈની હદમાં ટોલનાકું ઊભું કરવા દેવાશે નહીં એવી ચીમકી આપી હતી અને પ્રતાપ સરનાઈક સહિત સરકારી અધિકારીઓના વિરોધમાં હાય-હાયના નારા લગાવીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિક ભૂમિપુત્રોના દાવો મુજબ વર્સોવા પુલ પાસેથી જતો આ રોડ હાઈવે ઓથોરિટી અંતર્ગત આવે છે. તેથી કાયદા મુજબ દહિસર ટોલનાકાને વસઈને હદમાં સસૂનવઘર પાસે સ્થળાંતર કરી શકાય નહીં. અહીં ટોલનાકાને માટે મંજૂરી આપવામાં આવશે નહીં એવી ભૂમિકા સ્થાનિક ભૂમિપુત્રોએ લીધી છે. તેમ જ મુંબઈના પ્રવેશદ્વાર પાસે રહેલા ટોલનાકાને વસઈમાં મંજૂરી આપવા પાછળનું કારણ શું એવો સવાલ પણ સ્થાનિકોએ પ્રતાપ સરનાઈકને કર્યો હતો. દહિસર ટોલ નાકાને વર્સોવામાં સ્થળાંતર કરવાના મુદ્દા પર ભૂમિપુત્ર સંઘટના આક્રમક થઈ ગઈ છે. નેશનલ હાઈવે પર મહાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેન દ્વારા બનાવવામાં આવેલ ટોલનાકુ ગેરકાયદેસર હોવાનો દાવો સંઘટને કર્યો હતો. મહારાષ્ટ્ર સરકારના જીઆર મુજબ ૨૦૨૭ સપ્ટેમ્બર સુધી દહિસર ટોલનાકાને બંધ કરવાનું રહેશે. તેમ જ જો આ ટોલનાકુ વર્સોવામાં સ્થળાંતર થયું તો મુંબઈ-અમદાવાદ હાઈવે, થાણે તરફ જતા રોડ પર ટ્રાફિક જૅમ થશે. આ ટોલનાકાને મુંબઈને પ્રવેશદ્વાર ગણવામાં આવે છે પણ જો તે વર્સોવામાં સ્થળાંતર કરવામાં આવ્યું તો દહિસર નહીં જનારા લોકોને પણ કારણવગર ટોલ ભરવો પડશે એવી નારાજગી પણ ભૂમિપુત્ર સંઘટનાએ વ્યક્ત કરી છે.

## હિન્દુ મરણ

છસરા (કચ્છ) ગામના મૂળ નિવાસી હાલ મુલુન્ડ, રાજા નવિનચંદ્ર અડવા, સ્વ. ભારતીબેન નવિનચંદ્ર અડવા અને સ્વ. જ્યોતિ નવિનચંદ્ર અડવાના પુત્ર. સ્વ. વેલજીભાઇ રતનશી અડવાના પૌત્ર અવસાન તા. ૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ થયું છે. તે મીતાબેન રાજા અડવાના પતિ. ખુશી અને ઉમંગ અડવાના પિતા. ગીતા રમેશ ઠક્કરના જમાઈ. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

પીપળવાવાળા હાલ ભાયંદર હર્ષદ રમણિકલાલ કરવત (ઉં. વ. ૫૯) તે સ્વ. હંસાગૌરી રમણિકલાલ કરવતનાં સુપુત્ર. સ્વ. ઇન્દુબેન શરદકુમાર મહેતા, રંજનબેન પ્રવીણકુમાર કાણકિયા, ભરત, અશ્વીન, કિરીટ, ભાવેશ તથા સંજયનાં ભાઇ. સુજીત, વિશાલ, જય, મિત, દૃષ્ટિ તથા વૈશાલી આશિષકુમાર કાણકિયાનાં કાકા. મોસાળ પક્ષે ચોગઠવાળા શાંતિલાલ ગોપાળજી દેસાઇના ભાણેજ. ગુરુવારે તા, ૬-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જામનગર નિવાસી હાલ મુંબઇ ચીરાબજાર અ. સૌ. વીણાબેન બિમલ રાભેરૂ (ઉ. વ. ૫૬) તે બિમલ સૂર્યકાન્તના પત્ની. ભગવાનદાસ પિતાંબરદાસ પરમારના પુત્રી. પ્રાચી આયુશ, હિરેન, કિરણ અભિષેક આડતીયાના માતુશ્રી. મુકેશ, જતીન, જુલી મહેન્દ્ર મહેતાના ભાભી. રાજશ્રી, નિતીન, મનીષના બહેન. તા. ૬-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૧૧-૨૫ સોમવારના ૪થી ૬. ઠે. ભાટીયા ભગીરથી, શંકર મંદિર, દાદીશેઠ અગિયારી લેન, મુંબઇ-૨.

**મોઢ વૈષ્ણવ વણિક**

ચોટીલા નિવાસી તથા હાલ મીરા રોડ સ્વ. અમિતભાઇ નટવરલાલ (ઉં. વ. ૫૭) તા. ૬-૧૧-૨૫ ગુરુવારના શ્રીજીના ચરણોમાં લીન થયા છે. સ્વ. સુલોચનાબેન તથા નટવરલાલ મુલચંદભાઇ પારેખના પુત્ર. પારુલબેનના પતિ. પન્નાબેન તથા સ્વ. નવીનચંદ્ર જયંતિલાલ મહેતાના જમાઇ. જયશ્રીબેન જગદીશભાઇ પરીખ, રાજશ્રીબેન મનીષભાઇ પારેખના ભાઇ. દૃષ્ટિબેન, પુષ્ટિબેન અને હેતના પિતાશ્રી. અર્પણ સંદીપભાઇ પારેખના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ટેલિફોનિક સભાઃ સોમવાર, તા. ૧૦-૧૧-૨૫ના સવારના ૯થી ૧૧.

**કચ્છી લોહાણા**

સ્વ. ગોમાબેન ગોપાલજી કતીરાના સુપુત્ર નાનજી (ઉં.વ . ૮૫) ગામ વાયોર તાલુકા અબડાસા તા. ૭-૧૧-૨૫ શુક્રવારના રામચરણ પામેલ છે. તે હીરાગૌરીબેનના પતિ. સ્વ. પ્રેમજી શિવજી ગણાત્રા ગામ અકરી હાલ મુંબઇના જમાઇ. તે માલતીબેન અશ્વિનભાઇ ચંદન, શોભાબેન જગદીશભાઇ સૂચકના પિતાશ્રી. સ્વ. નારાણજીભાઇ, લક્ષ્મીદાસભાઇ, દિનેશભાઇનાં ભાઇ. રાજેશ, મહેશ, જગદીશ, ભગવાન, લલીત, અ.સૌ. ગીતાબેન હરીશભાઇ, ગં. સ્વ. જયોતીબેન ભાવેશકુમારના કાકા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૧૧-૨૫ના ૪થી ૫, ઠાકર મંદિર, નવરાત્રિ ચૌક, કચ્છ વાયોર મુકામે રાખેલ છે, મુંબઇમાં પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**કચ્છી લોહાણા**

લીલાધર માવજી તન્ના ( બારદાનવાળા) કચ્છ ગામ મુરુ, હાલ નિવાસી નાસિકના સુપુત્ર વિઠ્ઠલ લીલાધર તન્ના (ઉં. વ. ૭૪) તા. ૦૭/૧૧/૨૦૨૫ના શ્રીરામશરણ પામેલ છે, તે નારાયણભાઈ અને સ્વ. મધુસૂદન, સ્વ. દેવીબેન કારીઆના ભાઈ. જૂઈ અને વરુણના પપ્પા. નમા અને સચિન પાટીલના સસરા. ક્રિષના નાના. સ્વ. આશાબેન, સ્વ. અશ્વિનભાઈ રૂપારેલ બીટ્ટાવાળા (હાલ ઘાટકોપર)ના મોટા જમાઈ. પ્રાર્થનાસભા આરતી વિદ્યાલય, પંચવટી, નાસિક મધ્યે રવિવાર તા. ૦૯/૧૧/૨૫ના બપોરે ૪ થી ૫.૩૦.

**કપોળ**

ડેડાણવાળા હાલ વસઈ સ્વ. દમયંતી હરકિશનદાસ મહેતાના પુત્ર પ્રવિણના ધર્મપત્ની ભાવના (ઉ. વર્ષ ૭૦) તે જીગ્નેશ, મેહુલના માતુશ્રી. સેજલ, મનિષાના સાસુ. ધૈર્ય, અપન, દિયા, ધનશ્રીના દાદી. હરેશ, જાગૃતિ, બકુલા, રક્ષાના ભાભી. સાગર, હેમાલી, ફોરમના ભાભુ. પિયરપક્ષે રાજુલાવાળા સ્વ. જયંતીલાલ પ્રેમજી સંઘવીના દિકરી. તા ૭-૧૧-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ભવાનજી કેશવજી સોનેતા (ઠક્કર) ગામ વરસામેડી (હાલ મુલુંડ)ના ધર્મપત્ની ગં. સ્વ. ભાનુમતી (બચુબાઇ) ગામ અંજારવાળા લાલજી ત્રિકમજી ભમરિયાના બેન તા. ૬-૧૧-૨૫ ગુરુવારે અક્ષરધામ થયેલ છે. રમેશચંદ્ર, સ્વ. વંસત, મધુસુદન, વિજયકુમાર (ટાયગરભાઇ) સ્વ. ઉમેશ, લીનાના માતુશ્રી. નયના, પ્રતિમા, લતાના સાસુમા. નીવા રાજીવ, સ્વ. ચિરાગ, રોનકના દાદીમા. પૂજા જગદીશ પટેલ, ડિમ્પલ વઢવા, કંદર્પ, અંકિતા, રુચિત ભૌરીયા, રોશની જયજીત મુખર્જીના દાદી. પ્રાર્થનાસભા તા. ૯-૧૧-૨૫ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ ભેરાઇ હાલ મુંબઇ સ્વ. દિનેશભાઇ (વિનોદભાઇ) પુંજાભાઇ ચૌહાણ તે પુંજાભાઇ માયાભાઇ ચૌહાણ તથા સોનીબેનના પુત્ર. ક્રમ્પાબેનના પતિ. હેતલ, દેવ્યાનીબેન, કંચનબેનના ભાઇ. વિશાલ, મનિષા, રાહુલના પિતાશ્રી. અર્ચનાબેન મનસુખભાઇ ચૌહાણ તેમ જ જતીનભાઇ રાઠોડના સસરા તા. ૩૦-૧૦-૨૫ના ગુરુવારે રામચરણ પામ્યા છે. બારમાની વિધિ તા. ૧૦-૧૧-૨૫ સોમવારના સાંજે ૫.૦૦ કલાકે. ઠે. એ/૬, આલો સોસ, સતકેવળ ચીર મેઘમાયા માર્ગ, તુલસીવાડી, મુંબઇ-૩૪.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર નીલમબેન સન્મુખરાય અજમેરા (ઉ. વ. ૮૬) તા. ૭-૧૧-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે ડો. રશ્મિબેન, ભારતીબેન તથા ડો. જિતેન્દ્ર અજમેરાના માતુશ્રી. તેજલબેનના સાસુ. ધ્રિતીના દાદી. સ્વ. માધવજીભાઇ શાહ, (ઉરણ)ના દીકરી. સ્વ. વ્રજલાલ, સ્વ. રસિકલાલ શાહ તથા સ્વ. જયશ્રીબેન ટીંબડીયાના બહેન. પ્રાર્થનાસભા તા. ૯-૧૧-૨૫ રવિવારના ૯.૩૦થી ૧૧. ઠે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

થાનગઢ નિવાસી (હાલ મલાડ) સ્વ. કિરણબેન હરીલાલ શાહ તથા સ્વ. લલિતાબેન શિવલાલભાઇ શાહનાં સુપુત્ર રાજેશભાઇ (ઉ. વ. ૫૭) તા. ૮-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મીરાબેનનાં પતિ. કાવ્યા હર્ષિલ વોરા તથા પ્રાચી નિશાંત મિસ્ત્રીનાં પિતાશ્રી. તે હરેશભાઇ-પ્રફુલ્લાભાભી તથા નવ બહેનોનાં નાનાભાઇ. વઢવાણ નિવાસી સ્વ. રંજનબેન મુકુંદરાય શાહનાં જમાઇની પ્રાર્થનાસભા તા. ૧૦-૧૧-૨૫ સોમવારે સાંજે ૪થી ૫.૩૦. ઠે. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, મંગુભાઇ દતાણી માર્ગ, અતુલ ટાવર નજીક, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નિરુપમાબેન નરેન્દ્રભાઇ સંઘવીના સુપુત્ર વિરલ, (ઉં. વ. ૫૨) તા. ૫-૧૧-૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે પલ્લવીના પતિ. રિનાબેન નિખિલકુમાર શાહ (ખંઢેરાવાળા) , ગૌરવ, મિથિલ, મિતુલ, રિતુલના ભાઇ. તે શશીકાંતભાઇ તથા સ્વ. ભરતભાઇના ભત્રીજા. રસિલાબેન કાંતિલાલ દેઢીયા (તલવાણા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન**

મૂળ વતન ધોરાજી હાલ ઘાટકોપર, સ્વ. પ્રાણકુંવર શાંતિલાલ શાહના સુપુત્ર પ્રદીપકુમાર શાહ (ઉં. વ. ૮૦) તે રેખાબેનના પતિ. અભય બીના, પ્રીતિ અને પારૂલબેનના પિતા. વૈશાલી, નીતિન, રાજન અને ચિરાગના સસરા. ભાણજી જાદવજી મહેતાના જમાઈ. તા. ૭/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૯/૧૧/૨૫ના ૧૦ થી ૧૨. સ્થળઃ પંતનગર, સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ઘાટકોપર ઈસ્ટ.

**પાલનપુર સ્થાનકવાસી જૈન**

પાલનપુર નિવાસી હાલ ગોરગામ, ડો. પંકજ મેહતા, તે સ્વ. જોરમલભાઇ અને સ્વ. ચંદ્રાબેનના સુપત્ર. દક્ષાબેન મેહતાના પતિ. સ્વ. ગોપાલદાસ અને સ્વ. વિજયાબેન શાહના જમાઇ. સંધ્યાબેન વિક્રમભાઈ મહેતા તથા દિપીકાબેન નરેન્દ્રભાઈ શાહના ભાઈ. સ્વ. પ્રીતેશ તથા ગૌરાંગ મેહતાના પિતા. તા. ૭-૧૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૯-૧૧-૨૫ના ૫-૭ કલાકે. રુસ્તમજી ઓઝોન બિલ્ડિંગ, કલબ હાઉસ, ગોરેગામ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબિયાના તારામતી પ્રવિણચંદ્ર છેડા (શાહ) (ઉં. વ. ૭૩) તા. ૭-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. હીરાબેન કલ્યાણજી ના પુત્રવધૂ. પ્રવિણના પત્ની. જ્યોતિ, નિશા, જયેશના માતુશ્રી. તુંબડી વેલબાઈ જીવરાજ/ મણિબેન ગાંગજીના પુત્રી. શામજી, ખીમજી, કલ્યાણજી, છગન, મગન, ધીરજ, નાંગલપુરના વિમળા લાલજી, લુણી ભાનુ હસમુખ, ભુજપુર સરલા શશીકાંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.: પી. કે. શાહ, ૩૦૨, નિર્મલ પ્રીતિ, બી. પી. એસ. ક્રોસ રોડ નં. ૪, મુલુંડ (વે) મું- ૮૦.

બેરાજા હાલે ભુજપુરના લીલાધર દેવજી સાવલા (ઉં. વ. ૮૪) તા. ૫-૧૧-૨૫ના કચ્છમાં અવસાન પામેલ છે. કસ્તુરબેનના પતિ. દેવકાબાઇ દેવજી પ્રેમજીના સુપુત્ર. વશનજી, કુંવરજી, લક્ષ્મીબેન, સાકરબેન, શાંતાબેનના ભાઇ. ડેપાના લધીબાઇ દેવજી નાનજી રાંભીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરજ લખમશી, ૧૬૫/એ, વિનસન્ટ ચેમ્બર, ડો. બી.એ.રોડ, દાદર, મું. ૧૪.

તલવાણાના રસીલા કાંતિલાલ રતનશી દેઢિયાના જમાઇ, વિરલ (ઉં. વ. ૪૨) તા. ૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. પલ્લવિના પતિ. જેસરના નિરૂપમા નરેન્દ્ર સંઘવીના સુપુત્ર. ગૌરવ, મિથિલ, મિતુલ, રિતુલના ભાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. પલ્લવી, બી-૫, ગેલડા ભવન, જગડુશા નગર, નોર્થ બોમ્બે સ્કુલની સામે, ઘાટકોપર (વે.), મુંબઇ-૮૬.

બેરાજા હાલે રાજકોટના રમીલા મોહિત ભુપેન્દ્ર મામણીયા (ઉં. વ. ૩૨) તા.૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી હીરબાઇ ભવાનજીના પૌત્ર. સ્વ.માલતી ભુપેન્દ્ર (ટીકુ)ના પુત્ર. હાર્દિકના ભાઇ. પ્રાગપર માતુશ્રી કસ્તુરબેન ગાંગજી ગાલાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ભુપેન્દ્ર મામણીયા, શાહ બિલ્ડીંગ, શિવાજી ચોક, તા.ધુના. ૪૧૩૮૦૧.

## ગયા વર્ષના

શિયાળુ સત્ર પહેલા કરવામાં આવેલા મેન્ટેનન્સ અને રિપેરિંગ કામ માટે ₹૭૧ કરોડ, અને ૨૦૨૫ માં કરવામાં આવેલા મેન્ટેનન્સ રિપેરિંગ કાર્ય માટે ₹૮૦ કરોડ. આમ બાકી બિલની કુલ રકમ ૧૫૦ કરોડ રૂપિયા છે.' રાજ્ય વિધાનસભાનું શિયાળુ સત્ર દર વર્ષે ડિસેમ્બરમાં નાગપુરમાં યોજાતું હોવાથી, વિવિધ વિભાગો, વહીવટી અધિકારીઓ અને વિધાનસભ્યો બે-ત્રણ અઠવાડિયા સુધી શહેરમાં રહે છે અને રાજ્ય સરકાર તેમના રહેઠાણો અને ઓફિસોનું નિયમિત સમારકામ અને જાળવણી કરે છે. જાહેર બાંધકામ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકારે બાકી રહેલા બિલની ચુકવણી કરવા માટે ભંડોળને મંજૂરી આપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને ટૂંક સમયમાં એનો અમલ કરવામાં આવશે.

## આજે રેલવેની

રહેશે. જેને કારણે સીએસએમટીથી વાશી, બેલાપુર પનવેલ વચ્ચે અપ-ડાઉન લોકલ ટ્રેનો બંધ રહેશે. નેરુળ, બેલાપુર પનવેલથી પ્રવાસ કરનારા પ્રવાસીઓને કુર્લા સુધીની મર્યાદિત સેવાનો લાભ મળશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી-કુર્લા અને વાશી-પનવેલ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# રૅપિડોચાલક મહિલા પ્રવાસીનાં પગને ખરાબ રીતે અડક્યો

## બેંગ્લૂરુની ઘટનાનો વીડિયો વાયરલ થતા હોબાળો

બેંગલુરુ: આજના સમયમાં મહિલાઓ અબળા રહી નથી. તેમ છતાં ઘણીવાર અસામાજિક તત્વો મહિલાઓની છેડતીનો પ્રયાસ કરવાનું દુ:સ્સાહસ કરતા રહે છે. તાજેતરમાં કર્ણાટકના બેંગલુરુ ખાતે મહિલાની છેડતી કરવાના પ્રયાસની ઘટના સામે આવી છે. જેનો વિડીયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

એક મહિલાને તાજેતરમાં આ માધ્યમોમાં મુસાફરી દરમિયાન ગેરવર્તણૂકનો અનુભવ થયો છે. ગેરવર્તણૂકનો ભોગ બનનારી મહિલાએ સોશિયલ મીડિયા પર એક વિડીયો શેર કરીને રૅપિડો રાઇડના ડ્રાઇવર પર સવારી દરમિયાન અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

મહિલાએ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, ૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, ચર્ચ સ્ટ્રીટથી તેના પીજી (પેઇંગ ગેસ્ટ એકોમોડેશન) પર પરત ફરતી વખતે આ ઘટના બની હતી. રૅપિડો ડ્રાઈવરે સવારી દરમિયાન બે વાર મારો પગ પકડવાનો પ્રયાસ કર્યો. શરૂઆતમાં હું આશ્ચર્યચકિત થઈ ગઈ, પરંતુ જ્યારે ડ્રાઇવર ન અટક્યો, ત્યારે મેં તેને રાઈડ રોકવા કહ્યું.

પોતાના ડેસ્ટિનેશન પર પહોંચ્યા પછી મહિલા ધ્રૂજતી હતી અને રડી રહી હતી. તેથી નજીકમાં ઊભેલા એક વ્યક્તિએ તેને મદદ કરી અને રૅપિડો ડ્રાઈવર સાથે વાત કરી. ડ્રાઈવરે માફી તો માગી, પરંતુ જતા સમયે તેણે મહિલા તરફ આંગળી ચીંધી, જેનાથી મહિલા પોતાને વધુ અસલામતી અનુભવવા લાગી.

વિડીયો વાયરલ થયા પછી, સોશ્યલ મીડિયા યુઝર્સ પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે અને સવાલો ઉઠાવી રહ્યા છે. મળતી માહિતી મુજબ બેંગલુરુ શહેર પોલીસે આ મામલે તપાસ શરૂ કરવા માટે મહિલાને ઘટના, સ્થાન અને સંપર્ક માહિતીની વિગતો શેર કરવા જણાવ્યું છે. રૅપિડો કંપનીએ પણ આ બાબતની ગંભીર નોંધ લીધી છે. ■

# અડવાણીને જન્મદિવસની શુભેચ્છા આપી મોદીએ

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભાજપના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણીને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી અને તેમને ઉચ્ચ દ્રષ્ટિ ધરાવતા રાજકારણી તરીકે બિરદાવ્યા હતાં. રાષ્ટ્રીય રાજકારણમાં ભાજપને એક પ્રબળ શક્તિ તરીકે ઉદય અપાવનાર અડવાણી શનિવારે ૯૮ વર્ષના થયા. તેમને આ વર્ષે ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી નવાજવામાં આવ્યા.

પીએમ મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે શ્રી લાલકૃષ્ણ અડવાણીજીને તેમના જન્મદિવસ પર શુભેચ્છાઓ. ■

# શ્રીમતી શારદાબેન મનસુખલાલ કામદાર ચેરિટી ફાઉન્ડેશન અને સાસ્મીરાએ, શ્રી મગનલાલ એચ. દોશીના ૧૦૦મા જન્મદિવસની ઉજવણી કરી



મુંબઈ: શ્રીમતી શારદાબેન મનસુખલાલ કામદાર ચેરિટી ફાઉન્ડેશન અને ધ સિન્થેટિક એન્ડ આર્ટ સિલ્ક મિલ્સ રિસર્ચ એસોસિએશન (સાસ્મીરાએ) જૈન સમુદાયના એક સ્વપ્નદૃષ્ટા નેતા, પરોપકારી અને દિગ્ગજ શ્રી મગનલાલ એચ. દોશીના ૧૦૦મા જન્મદિવસની ગર્વથી ઉજવણી કરી હતી.

મગનભાઈ તરીકે જાણીતા, શ્રી દોશી, શ્રીમતી શારદાબેન મનસુખલાલ કામદાર ચેરિટી ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી છે, જે શિક્ષણ, આરોગ્ય અને માનવતાવાદી સેવા માટે ખૂબ જ પ્રતિબદ્ધ સંસ્થા છે. ટ્રસ્ટ પંચગનીમાં શારદા વેલનેસનું પણ સંચાલન કરે છે, જે એક શાંત રિટ્રીટ છે જે સર્વાંગી સુખાકારી અને કરુણાને પ્રોત્સાહન આપે છે, તેમના જીવન અને માન્યતાઓને પ્રતિબિંબિત કરે છે. એક સાચા દેશભક્ત, શ્રી મગનલાલ એચ. દોશી એક સ્વતંત્રતા સેનાની હતા જેમણે ભારતની સ્વતંત્રતા ચળવળ અને સ્વતંત્રતા રેલીઓમાં સક્રિયપણે ભાગ લીધો હતો. ■

# સુંદરવનમાં લેસ્બિયન લગ્ન: ગામવાસીઓએ પણ ટેકો આપ્યો

કુલતલી (પશ્ચિમ બંગાળ) : સુંદરવનના અંતરિયાળ ગામમાં મેન્ગ્રોવ જંગલ નદીઓનું રક્ષણ કરે છે અને પરંપરા લાંબી અને ઊંડી છે ત્યારે એક ગામના મંદિરમાં બે યુવતી એકમેકના જીવનસાથી બને છે. રિયા સરદાર અને રાખી નસ્કર બન્નેની વય વીસની આસપાસ છે અને પ્રોફેશનલ ડાન્સર છે. આ બે યુવતીએ ચોથી નવેમ્બરે કુલતલી બ્લોકના જલબેરિયાના પાલેર ચક મંદિરમાં છેડા બાંધ્યા હતા. આ સમારોહમાં સેંકડો ગ્રામવાસીઓએ શંખ ફૂંક્યા હતા અને નવદંપતીને આશિર્વાદ આપ્યા હતા.

ભારતમાં સજાતીય મેરેજને કાનૂની માન્યતા નથી અને આ બાબત સુપ્રીમ કોર્ટના વિચારાધીન છે. આ મેરેજમાં ચળવળ કરતાં પ્રેમ વધુ ઝલકે છે. આ લગ્ન રૂઢિચુસ્ત સુંદરવનમાં થયા છે. મેરેજમાં રિયાએ વરનો અને રાખીએ વધૂનો લિબાસ પહેર્યો હતો. બન્નેએ એકમેકને માળા પહેરાવી હતી અને સપ્તપદીના સંકલ્પો લીધા હતા. ગ્રામજનોએ મૌન રાખીને આ મેરેજને સ્વીકાર્યા હતા. મંદિરબજારના રામેશ્વરપુરમની રિયા કહે છે કે અમે જીવનસાથી બનવા સંકલ્પ કર્યો છે. બકુલતલા પોલીસ સ્ટેશન હેઠળની રાખીએ કહ્યું હતું કે અમે પુખ્ત વયના છીએ. અમે અમારા જીવનનો ફેંસલો કરી શકીએ છીએ.

જીવનસાથી પસંદ કરવામાં જાતિનું શું મહત્ત્વ છે? રિયાએ કહ્યું હતું કે મેં નાની વયે મારા માતાપિતા ગુમાવ્યા છે અને મને મારી માસી કવિતા કોયલે પાળીને મોટી કરી છે. કવિતા કહે છે કે મને આઘાત લાગ્યો છે, પરંતુ હું આનો વિરોધ કરતી નથી. રિયાએ હાઈ સ્કૂલ સુધી અભ્યાસ કર્યો છે અને ડાન્સર તરીકે કામ કરે છે. રાખી નવમા ધોરણ સુધી ભણી છે અને સ્થાનિક નૃત્ય મંડળીમાં કામ કરે છે. જેને હું ચાહતી હોઉ એવી વ્યક્તિ સાથે મેરેજ કરવા માગતી હતી. બન્નેની મુલાકાત સોશ્યલ મીડિયાના માધ્યમથી થઈ હતી અને ફોન નંબરની આપલે કરી હતી. બન્નેએ લાંબા સમય સુધી વાતચીત કરી હતી. પછી બન્ને એક જ ડાન્સ ગ્રૂપમાં જોડાઈ હતી. અમારી મિત્રતા પ્રણયમાં ફેરવાઈ હતી. પોલીસે કહ્યું હતું કે કોઈએ અમારો સંપર્ક કર્યો નહોતો. જો ગ્રામવાસીઓ શાંતિથી આમાં હાજરી આપે તો અમે કંઈ ન કરી શકીએ. (એજન્સી) ■




# કાશ્મીરમાં બે આતંકવાદીને ઠાર માર્યા સશસ્ત્ર દળોએ

જમ્મુ: જમ્મુ અને કાશ્મીરના કુપવાડા સ્થિત કેરન સેક્ટરમાં સુરક્ષા દળોએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. શનિવારે થયેલી આ કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા. સેનાના 'વાઇટ ચિનાર કોર્પ્સ' એ 'એક્સ' (ટ્વિટર) પર જણાવ્યું કે શુક્રવારે રોજ ગુપ્ત માહિતી મળ્યા બાદ 'ઓપરેશન પિમ્પલ' શરૂ કરવામાં આવ્યું હતું. ઘૂસણખોરીની કોશિશમાં લાગેલા બે આતંકવાદીઓને ઘેરી લેવામાં આવ્યા અને ત્યારબાદ કાર્યવાહીને અંજામ આપવામાં આવ્યો.

ઓપરેશન પિમ્પલ એ ભારતીય સશસ્ત્ર દળો દ્વારા કુપવાડાના કેરન સેક્ટરમાં શરૂ કરાયેલું સુરક્ષા અભિયાન છે. આ સંયુક્ત અભિયાન શુક્રવારે રોજ વિસ્તારમાં શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળ્યા બાદ શરૂ કરવામાં આવ્યું હતું. જ્યારે સતર્ક સૈનિકોએ તેમને પડકાર ફેંક્યો, ત્યારે આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. આના કારણે અથડામણ શરૂ થઈ અને ૨ આતંકવાદીઓ માર્યા ગયા. વિસ્તારમાં તલાશી અભિયાન હજી પણ ચાલુ છે. આ અભિયાન ચિનાર કોર દ્વારા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ચલાવવામાં આવી રહ્યું છે.

આ પહેલાં, જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના વન વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. આતંકવાદીઓને પકડવા માટે ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. આ ઓપરેશન બુધવારે ગાઢ વન વિસ્તાર ચતરુમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણ બાદ શરૂ થઈ હતી. ■

# આફ્રિકાના માલીમાં પાંચ ભારતીયને બંધક બનાવાયા

બમાકો: પશ્ચિમ આફ્રિકાના દેશ માલીમાં જેહાદી તત્વોનો આતંક ચરમસીમાએ પહોંચી ગયો છે. અલ-કાઇદા અને આઈએસઆઈએસ જેવા આતંકી સંગઠનોથી જોડાયેલા જૂથોએ અહી આતંકની હદો પાર કરી દીધી છે. અહેવાલો અનુસાર આતંકવાદી સંગઠનોએ પાંચ જેટલા ભારતીય નાગરિકોનું અપહરણ કરી લીધું હતું. માલી સુરક્ષાદળોના જણાવ્યા અનુસાર, હથિયારધારી આતંકવાદીઓએ પાંચ જેટલા ભારતીયોનું અપહરણ કરી લીધું છે કે જેઓ ઇલેક્ટ્રિફિકેશનની કંપનીમાં કામ કરતાં હતા.

આતંકીઓના ડરના કારણે કંપનીના અન્ય કર્મચારીઓને રાજધાની બામાકોમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા છે. જો કે હજુ સુધી કોઇપણ સંગઠને અપહરણની જવાબદારી સ્વીકારી નથી. આર્થિક સંકટની સામે જજૂમી રહેલા માલીમાં હાલ સૈન્ય શાસન છે. અલ કાઇદા અને આઈએસઆઇએસના કારણે અહીં આતંકવાદી ઘટનાઓ ઘટિત થતી રહે છે. કટ્ટરપંથી ઇસ્લામિક સંગઠનો અને આતંકવાદીઓએ અહીં ફ્યુઅલ નાકાબંધી લાદી છે. માલીમાં વિદેશીઓને નિશાન બનાવવા એ સામાન્ય બાબત છે. કટ્ટરપંથી જૂથો ઘણીવાર વિદેશીઓને મારી નાખે છે અથવા તેમનું અપહરણ કરે છે. ૨૦૧૨ માં બળવો થયો હતો, અને ત્યારથી શાંતિ ભાગ્યે જ જોવા મળી છે. ગયા મહિને જ, આતંકવાદીઓએ બે યુએઇ અને એક ઈરાની નાગરિકનું અપહરણ કર્યું હતું. પાંચ કરોડ ડૉલરની ખંડણી ચૂકવ્યા પછી તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. ■

## સિટી ન્યૂઝ

# સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે સ્ટાર પ્રચારકોની મર્યાદા ૨૦થી વધારીને ૪૦ કરી

મુંબઈ: મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી)એ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષો માટે સ્ટાર પ્રચારકોની સંખ્યા ૨૦ થી વધારીને ૪૦ કરી દીધી છે. શનિવારે એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૧૪ ઓક્ટોબરે એસઇસીની ઓફિસમાં બેઠક દરમિયાન રાજકીય પક્ષોની રજૂઆતો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

'મહારાષ્ટ્ર સ્ટેટ પોલિટિકલ પાર્ટીઝ રજિસ્ટ્રેશન, રેગ્યુલેશન એન્ડ ઇલેક્શન સિમ્બોલ (રિઝર્વેશન એન્ડ એલોટમેન્ટ) ઓર્ડર, ૨૦૨૫ ફકરા નંબર ૨૬માં સ્ટાર કેમ્પેઇનર્સ સંબંધિત જોગવાઈઓ નક્કી કરવામાં આવી છે. રાજકીય પક્ષોની આ જોગવાઈઓ અને માગણીઓને ધ્યાનમાં રાખીને મર્યાદા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજકીય પક્ષોએ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તેમના સ્ટાર પ્રચારકોની યાદી સંબંધિત જિલ્લા કલેક્ટર અથવા મ્યુનિસિપલ કમિશનરને સુપરત કરવાની રહેશે, એમ ચૂંટણી પંચની યાદીમાં જણાવવામાં આવ્યું છે. (પીટીઆઈ) ■








# મીરા-ભાયંદરના તળાવમાં ભગવાન વિઠ્ઠલની ૫૧ ફૂટની પ્રતિમા બેસાડાશે

ભાયંદર: મીરા - ભાયંદર વિસ્તારના નવઘર અને કાશીમીરા સ્થિત જરીમરી તળાવમાં ૫૧ ફૂટની વિઠ્ઠલ મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે. આ પ્રતિમા શહેરમાં વિશેષ આકર્ષણ બનશે અને આવતા મહિનામાં તેનું ઉદઘાટન કરવામાં આવશે. મહાનગરપાલિકાએ આ તળાવની આસપાસ એક પાર્ક બનાવ્યો છે. સિવાય તળાવના સુશોભીકરણ માટે પણ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે નવઘરના જૂના તળાવ અને જરીમરી તળાવમાં ભગવાન વિઠ્ઠલની ઊંચી પ્રતિમા સ્થાપિત કરવાની માગ કરી હતી એને પગલે એના માટેના ભંડોળને સરકારે મંજૂરી આપી છે. પ્રશાસન ૨૦ નવેમ્બરે નવઘર સ્થિત અને ૨૦ ડિસેમ્બરે જરીમરી તળાવની મૂર્તિનું ઉદઘાટન કરશે. મીરા ભાયંદર મહાનગરપાલિકાની હદમાં મૌજે નવઘર અનામત નં. ૨૯૯ સ્થાન પર ધર્મવીર છત્રપતિ સંભાજી મહારાજની ભવ્ય પ્રતિમા બનાવવાની માગણી રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવી હતી. ■

# આખરે અટલ બ્રિજના રસ્તા પર રિસર્ફેસિંગનું કામ શરૂ

## આઈઆઈટીના નિષ્ણાતોની દેખરેખ હેઠળ કામ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકાવાના માત્ર ૧૮ મહિનામાં જ રસ્તાની હાલત ખખડી જતા ટીકાનો ભોગ બનેલી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ અટલ સેતુ પરના રસ્તાનું રિસર્ફેસિંગનું કામ હાથ ધર્યું છે. તબક્કાવાર કરવામાં આવનારા બ્રિજના સમારકામને પગલે જોકે વાહનચાલકોને અગવડ થઈ શકે છે.

દરિયા પર બાંધવામાં આવેલા દેશના સૌથી લાંબા ગણાતા અટલ સેતુનું લોકાપર્ણ થવાના માત્ર દોઢ વર્ષમાં જ બ્રિજના રસ્તા ખાડા પડવાની સાથે જ ઉપરના ભાગમાં રહેલો ડામર ઉખડી ગયો હતો. અત્યાધુનિક આંતરરાષ્ટ્રી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બ્રિજ બાંધ્યો હોવાનો દાવો પોકળ સાબિત થતા એમએમઆરડીએને ભારે ટીકાનો સામનો કરવો પડયો હતો. એ બાદ તેણે કૉન્ટ્રેક્ટર સામે દંડાત્મક પગલાં પણ લીધા હતા અને લાઈબિલિટી પિરીયડ હોવાથી બ્રિજના રસ્તાનું રિસર્ફેસિંગનું કામ કૉન્ટ્રેક્ટર મારફત ફરી કરાવવામાં આવી રહ્યું છે.

બ્રિજ પર રિસર્ફેસિંગનું કામ તબક્કાવાર કરવામાં આવવાનું છે. તે મુજબ હાલ નવી મુંબઈની દિશામાં જતા રસ્તા પર ૧૦.૪ કિલોમીટર લંબાઈના ભાગનું રિસર્ફેસિંગ કરવામાં આવશે અને ત્યારબાદ બાકીના રસ્તાનું કરવામાં આવશે. આ દરમ્યાન અટલ સેતુ પર અમુક જગ્યાએ રસ્તો બંધ કરવામાં આવવાનો હોવાથી વાહનચાલકોને હેરાનગતીનો સામનો કરવો પડશે.

મુંબઈ અને નવી મુંબઈ વચ્ચે બાંધવામાં આવેલા ૨૧.૮ કિલોમીટરના બ્રિજને કારણે આ બંને શહેર વચ્ચેનું અંતર માત્ર ૧૨ મિનિટમાં પાર કરી શકાય છે. એમએમઆરડીએ દ્વારા બાંધવામાં આવેલા અટલસેતુનું લોકાર્પણ જાન્યુઆરી ૨૦૨૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તે કરવામાં આવ્યું હતું. જોકે માત્ર ૧૮ મહિનામાં જ બ્રિજ પર મોટા મોટા ખાડા અને તિરાડો પડી જતા કામની ગુણવત્તા સામે સવાલ ઊભા થયા હતા. એ બાત એમએમઆરડીએ દ્વારા તાત્પૂરતા સમય માટે ખાડા પૂરી દેવામાં આવ્યા હતા.

ચોમાસું પૂરું થયા બાદ હવે એમએમઆરડીએ દ્વારા રસ્તાનું રિસર્ફેસિંગનું કામ કૉન્ટ્રેક્ટરને આપવામાં આવ્યું છે. કામની ગુણવત્તા જળવાઈ રહે તે માટે આઈઆઈટી બોમ્બેના નિષ્ણાતોની દેખરેખ હેઠળ આ સમારકામ કરવામાં આવવાનું હોવાનો દાવો એમએમઆરડીએ દ્વારા કરવામાં આવ્યો છે આ દરમ્યાન રસ્તાની હાલતને જોતા કૉન્ટ્રેક્ટર દેવૂ-ટાટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને એક કરોડ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. તેમ જ તેનો લાઈબિલિટી પિરીયડણ એક વર્ષથી વધારી દેવામાં આવ્યો હતો. ■

# હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન નંબર પ્લેટ બેસાડવા માટે લૂંટ ચલાવાય છે

મુંબઈ: હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન નંબર પ્લેટ (એચએસઆરપી) બેસાડવા માટે વાહન માલિકો પાસેથી વધુ પૈસા પડાવી લેવાની ઘટનાઓ બની રહી છે. સરકારે ટૂ-વ્હીલર પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) સહિત ૫૩૧ રૂપિયાની ડ્યૂટી નક્કી કરી છે. જોકે વાહનની નંબર પ્લેટ બેસાડનારાઓ પાસેથી વધારાના પૈસા માગવામાં આવી રહ્યા છે. સાથે જ વાહન માલિકોને બિનજરૂરી વસ્તુઓ આપવા માટે દબાણ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સરવાળે વાહન માલિકોના ખિસ્સા ખંખેરવામાં આવી રહ્યા છે.

વાહનની નંબર પ્લેટ સાથે ચેડાં તેમજ નકલી નંબર પ્લેટના દૂષણને અટકાવવા, રસ્તા પર દોડતા વાહનો જલ્દી ઓળખાઈ જાય અને વાહનોને કારણે થતા ગુનાઓ ઘટાડવા માટે હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન નંબર પ્લેટ બેસાડવામાં આવી રહી છે. આ માટેની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર હોવાથી ડ્રાઇવરો એચએસઆરપી વાહનની નંબર પ્લેટ મેળવવા દોડાદોડી કરી રહ્યા છે. ■

# ભિવંડીમાં ગેસ સિલિન્ડરમાં ગળતર

થાણે: થાણે જિલ્લાના ભિવંડીમાં એક ગોડાઉનમાં રાખવામાં આવેલા હાઈડ્રોજન ક્લોરાઈડના ગેસ સિલિન્ડરમાં શનિવારે ગેસ લીકેજ થવાની દુર્ઘટના નોંધાઈ હતી. ફાયરબ્રિગેડે તાત્કાલિક પગલું લઈને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. ભિવંડી નિઝામપુર સિટી મ્યુનિસિપલ કૉર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના અધિકારીએ જણાવ્યું હતું કે માનકોલીમાં દાપોડી ગામમાં હરીહર કૉર્પોરેશન કૉમ્પ્લેક્સમાં વી એક્સપ્રેસ હાઉસ આવેલું છે. અહીં ગુજરાત સ્થિત ગુજરાત ક્લોરો કેમિકલ કંપનીના હાઈડ્રોજન ક્લોરાઈડ ગેસના પાંચ સિલિન્ડર ગોડાઉનમાં રાખવામાં આવ્યા હતા. શનિવારે સવારના ૧૧.૩૦ વાગે અચાનક એક સિલિન્ડરમાંથી ગેસનું ગળતર થવા માંડ્યું હતું. ■

# મેઘરાજાની મહેરબાનીઃ ભારતે ૧-૨ની હારનો બદલો ૨-૧ની જીતથી લઈ લીધો

## સિરીઝની શરૂઆત વર્ષાથી થઈ અને વરસાદ ઉપરાંત વીજળીના ગડગડાટ સાથે આવ્યો અંતઃ અભિષેક મૅન ઑફ ધ સિરીઝ

બ્રિસ્બેનઃ અહીં ગઈ કાલે ગૅબાના મેદાન પર ઑસ્ટ્રેલિયા સામેની પાંચમી અને આખરી ટી-૨૦ મૅચ વરસાદને કારણે ધોવાઈ જતાં ભારતે સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. એ સાથે, ભારતે વન-ડે શ્રેણીમાં ૧-૨થી થયેલી હારનું ટી-૨૦ સિરીઝમાં ૨-૧ની જીત સાથે સાટું વાળી લીધું અને ટ્રોફી જીતી લીધી. ભારતીય ટીમને ફેબ્રુઆરીમાં ઘરઆંગણે રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં સારો આત્મવિશ્વાસ મળી ગયો છે.

### બૅટિંગ-બોલિંગમાં કોણ મોખરે

ઓપનર અભિષેક શર્માને સૌથી વધુ ૧૬૩ રન કરવા બદલ મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો. શુભમન ગિલ ૧૩૨ રન સાથે બીજા નંબર પર અને ટિમ ડેવિડ ૮૯ રન સાથે ત્રીજા નંબરે હતો. બોલિંગમાં નૅથન એલિસ નવ વિકેટ સાથે અવ્વલ સ્થાને રહ્યો હતો. બીજા નંબરે વરુણ ચક્રવર્તી (પાંચ વિકેટ) અને ત્રીજા નંબરે અર્શદીપ સિંહ (ચાર વિકેટ) હતો.

### ભારતીય ટીમને કમબૅક ફળ્યું

૨૯મી ઑક્ટોબરે પાટનગર કૅનબેરાના મનુકા ઓવલ મેદાન પર સિરીઝની પ્રથમ મૅચ વરસાદને લીધે ધોવાઈ ગઈ હતી. ત્યાર પછી ત્રણ મૅચ રમાઈ જેમાં ભારતે મૅચ નંબર-ટૂ હારી ગયા બાદ જોરદાર કમબૅક કરીને ઉપરાઉપરી બે મૅચ જીતીને શ્રેણીમાં ૨-૧થી સરસાઈ મેળવી અને શનિવારે બ્રિસ્બેનમાં અંતિમ મૅચ બૅડલાઇટ તેમ જ વરસાદનાં વિઘ્નો અને વીજળીના ગડગડાટ વચ્ચે અનિર્ણીત જાહેર કરવામાં આવતાં શ્રેણીનો વહેલો અંત આવી ગયો.

### ગિલના પાંચ બૉલમાં ચાર ચોક્કા

ભારતને પ્રથમ બૅટિંગ મળી હતી અને ઓપનર્સ શુભમન ગિલ (૨૯ અણનમ, ૧૬ બૉલ, છ ફોર) તથા અભિષેક શર્મા (૨૩ અણનમ, ૧૩ બૉલ, એક સિક્સર, એક ફોર)ની જોડી વચ્ચે બાવન રનની અતૂટ ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. જોકે ૪.૫ ઓવરમાં ભારતનો સ્કોર ૦/૫૨ હતો ત્યારે રમત અટકાવવામાં આવી હતી અને પછી શરૂ જ નહોતી કરી શકાઈ. ગિલે એક તબક્કે પેસ બોલર બેન ડ્વારશુઇસની એક ઓવરમાં પાંચ બૉલમાં ચાર ચોક્કા ફટકારી દીધા હતા. ત્યારે તેણે ટીમનો સ્કોર ૦/૧૯ પરથી સીધો ૦/૩૫ ઉપર પહોંચાડી દીધો હતો.

### અભિષેકને ૧૩ બૉલની ઈનિંગ્સમાં બે જીવતદાન

પહેલી જ ઓવરમાં ટી-૨૦નો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક છ રન પર હતો ત્યારે તેને આઉટ કરવાનો ઑસ્ટ્રેલિયાને સારો મોકો હતો. ગ્લેન મૅક્સવેલે બેઠાં બેઠાં ઝીલી શકાય એવો તેનો આસાન કૅચ છોડ્યો હતો. ત્યાર બાદ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અભિષેક ૧૧ રન પર હતો ત્યારે બેન ડ્વારશુઇસના હાથે તેને જીવતદાન મળ્યું હતું. ત્રણ જ બૉલ બાદ અભિષેકે ઊંચી સિક્સર ફટકારીને પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું.




### રિન્કુને સિરીઝમાં બૅટિંગ જ ન કરવા મળી

વર્લ્ડ નંબર-થ્રી બૅટ્સમૅન તિલક વર્માને આ મૅચમાંથી આરામ આપવામાં આવ્યો હતો અને રિન્કુ સિંહને સિરીઝમાં પહેલી વાર રમવાની તક અપાઈ હતી. જોકે મૅચ ધોવાઈ જતાં તેને સિરીઝમાં જરાય નહોતું રમવા મળ્યું. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બરના એશિયા કપમાં રિન્કુને છેક પાકિસ્તાન સામેની ફાઇનલમાં રમવાની તક મળી હતી અને એમાં તેને માત્ર એક બૉલ રમવા મળ્યો હતો જેમાં તેણે વિનિંગ ફોર ફટકારી હતી. ■

# ભારતીય ટીમને એશિયા કપ ટ્રોફી વહેલાસર મળી જશે, બન્ને દેશ વિકલ્પ શોધવા સંમત

નવી દિલ્હીઃ સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારત ૨૮મી સપ્ટેમ્બરે પાકિસ્તાનને ફાઇનલમાં પરાસ્ત કરીને એશિયા કપમાં ચૅમ્પિયન બન્યું ત્યારથી ભારતીય ટીમના હકની ટ્રોફીના મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચે જે મડાગાંઠ છે એ શનિવારે ઉકેલાવાની શરૂઆત થઈ ગઈ હતી. બન્ને દેશના ક્રિકેટ બોર્ડ ભારતીય ટીમને આ બહુમૂલ્ય ટ્રોફી કેવી રીતે મળી શકે એના વિકલ્પ આવનારા દિવસોમાં શોધવા સંમત થયા હતા. આ સકારાત્મક વળાંક દુબઈમાં ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ની મીટિંગ બહારની ખાસ મુલાકાત દરમ્યાન આવ્યો હતો.

દોઢ મહિનાથી ગૂંચવાયેલા આ મુદ્દે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) તેમ જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) વચ્ચે સુમેળભર્યું સમાધાન થઈ રહ્યું હોવાનું ભારતીય બોર્ડના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ પીટીઆઇને શનિવારે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ૨૮મી સપ્ટેમ્બરે ભારતે ચૅમ્પિયનપદ મેળવ્યું ત્યારે સૂર્યકુમાર યાદવની ટીમે દુશ્મન-દેશ પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડના પ્રમુખ તથા એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના વડા મોહસિન નકવીના હસ્તે ટ્રોફી સ્વીકારવાની ના પાડી દીધી હતી. એ નકવીને નહોતું ગમ્યું અને બેશરમ બનીને તેણે ભારતના હકની ટ્રોફી મેદાન પરના ટેબલ પરથી લેવડાવીને એસીસીના કબાટમાં રખાવીને સમગ્ર ખેલકૂદ જગતમાં અક્કલનું પ્રદર્શન કર્યું હતું. ક્યારેય કોઈ ટીમને ફાઇનલ જીત્યા પછી ચૅમ્પિયનપદની ટ્રોફી ન મળી હોય એવી આ પહેલી જ ઘટના હતી.

સૈકિયાએ પીટીઆઇને શનિવારે જણાવ્યું હતું કે ‘ આઇસીસીની વિધિસરની બેઠકમાં ટ્રોફીના મુદ્દે બન્ને બોર્ડ વચ્ચેની મુલાકાત એજન્ડામાં હતી જ નહીં, પરંતુ આઇસીસીએ મારી તેમ જ પીસીબીના ચીફ નકવી વચ્ચે અલગથી બેઠક યોજી આપી હતી જેમાં આઇસીસીના વરિષ્ઠ હોદ્દેદારો અને અન્ય એક સિનિયર અધિકારી પણ ઉપસ્થિત હતા. બન્ને દેશ તરફથી સુમેળભરી રીતે વાટાઘાટ શરૂ થઈ હતી અને એ વિશેષ બેઠક પરથી એટલી ખાતરી થઈ હતી કે બન્ને ક્રિકેટ બોર્ડ ટ્રોફીના મુદ્દે સુમેળભર્યો વિકલ્પ શોધી કાઢશે.’

સૈકિયાએ આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીના નામ નહોતાં જાહેર કર્યાં, પણ આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે ડેપ્યૂટી ચૅરમૅન ઇમરાન ખ્વાજા તથા સીઇઓ સંજોગ ગુપ્તાએ બન્ને બોર્ડ વચ્ચેની ચર્ચા શરૂ કરી હતી. સૈકિયાએ પીટીઆઇને એવું પણ કહ્યું હતું કે ‘જો સ્થિતિ સકારાત્મક રીતે આગળ વધશે તો ટ્રોફીના મુદ્દાનો વહેલાસર ઉકેલ આવી જશે.’

જય શાહ આઇસીસીના ચૅરમૅન છે અને તેમના અધ્યક્ષસ્થાન હેઠળની ક્રિકેટની આ સર્વોચ્ચ સંસ્થા ટ્રોફીને લગતો આ મુદ્દો સંભાળવા એક સમિતિની રચના કરશે એવું મનાય છે. જોકે બીસીસીઆઇના સેક્રેટરીએ આ અટકળ નકારી કાઢી હતી અને કહ્યું હતું કે ‘ આ તબક્કે આવી કોઈ સમિતિની જરૂર પણ નથી.’

ભારતના હકની ટ્રોફી દુબઈમાં એસીસીના હેડ ક્વૉર્ટરના કબાટમાં બંધ છે અને નકવીએ ત્યાંના સ્ટાફને કડક સૂચના આપી છે કે તેની પરવાનગી વિના આ ટ્રોફી કબાટમાંથી નીકળવી ન જોઈએ. નકવી પાકિસ્તાન સરકારમાં આંતરિક બાબતોને લગતું ખાતું પણ સંભાળે છે અને તેણે આગ્રહ રાખ્યો છે કે ભારતીયોએ તેની પાસેથી જ ટ્રોફી સ્વીકારવી પડશે. ■

# સ્મૃતિ અને પલાશ ટૂંક સમયમાં પરણી જશે

## સંગીતકાર પલાશ મુચ્છલના હાથ પર ગર્લફ્રેન્ડ સ્મૃતિ મંધાનાના નામવાળું અનોખું ટૅટૂ

મુંબઈઃ મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય ખેલાડીઓમાં સૌથી વધુ ૪૩૪ રન કરનાર સ્મૃતિ મંધાનાએ રવિવારે ભારતને સૌપ્રથમ વિશ્વ કપ ટ્રોફી અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી અને એ સાથે ભારતે આ ઐતિહાસિક ટ્રોફી જીતી લીધી જેની ખુદ મંધાનાએ સાથી ખેલાડીઓ સાથે મળીને ભરપૂર ઉજવણી તો કરી, મંધાનાનો બૉયફ્રેન્ડ પલાશ મુચ્છલ પણ એક રીતે આ સેલિબ્રેશનનો હિસ્સો બન્યો છે. વર્લ્ડ કપ પૂરો થયા પછી હવે એવી વાતો સંભળાય છે કે મંધાના અને પલાશ ટૂંક સમયમાં લગ્નગ્રંથિથી જોડાઈ જશે.

મંધાનાના ૪૩૪ રન ટૂર્નામેન્ટની તમામ બૅટર્સમાં (સાઉથ આફ્રિકાની કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટના ૫૭૧ રન પછી) બીજા નંબરે હતા. નવી મુંબઈમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમની ફાઇનલમાં ભારતીય ટીમે સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવી દીધું એને પગલે ભારતીય ક્રિકેટમાં અભૂતપૂર્વ આનંદોત્સવ શરૂ થઈ ગયો હતો. પલાશ મુચ્છલે ઇન્સ્ટાગ્રામ પર ગર્લફ્રેન્ડ મંધાનાના હસતાં ચહેરાવાળો એક ફોટો શૅર કર્યો હતો. એટલું જ નહીં, પલાશ વર્લ્ડ કપની ટ્રોફી હાથમાં ઊંચકીને અને મંધાના તરફ બતાવીને તેની સાથે આ ઉજવણીમાં સહભાગી પણ થયો હતો.






પલાશ મુચ્છલે શૅર કરેલી એ તસવીરની કૅપ્શનમાં લખ્યું છે, ‘સબસે આગે હૈં હમ હિન્દુસ્તાની.’ એ રીતે પલાશે ગર્લફ્રેન્ડની સિદ્ધિનો તેમ જ દેશને મળેલા અનેરા ગૌરવનો સંકેત આપ્યો છે. વર્લ્ડ કપમાં લીગ સ્તરે ઉપરાઉપરી ત્રણ મૅચમાં મંધાનાએ ઑસ્ટ્રેલિયા સામે ૮૦ રન, ઇંગ્લૅન્ડ સામે ૮૮ રન અને ન્યૂ ઝીલૅન્ડ સામે ૧૦૯ રન કર્યા હતા.

પલાશ મુચ્છલ જાણીતો મ્યૂઝિશ્યન છે. તેણે શૅર કરેલી તસવીરમાં તેના જે હાથમાં ટ્રોફી હતી એ હાથ પરનું ટૅટૂ પણ ઊડીને આંખે વળગે એવું છે. એ ટૅટૂમાં તેણે ‘એસએમ૧૮’ ચિતરાવ્યું છે. એ ટૅટૂમાં સ્મૃતિ મંધાનાના અંગ્રેજી નામને શૉર્ટ ફૉર્મમાં તેનાં જર્સીના નંબર સાથે બતાવવામાં આવ્યું છે.

મંધાના અને પલાશ છ વર્ષથી રિલેશનશિપમાં છે. ૨૦૧૯માં મુંબઈમાં એક કૉમન ફ્રેન્ડે બન્નેની એકમેક સાથે ઓળખાણ કરાવી હતી અને ત્યારથી મંધાના અને પલાશ એકમેકના પ્રેમમાં પડ્યા હતા. મંધાનાને કરીઅરમાં સંઘર્ષના સમયે પલાશનો બહુ સારો સપોર્ટ મળ્યો હતો. એવું મનાય છે કે આ મહિને મંધાના પોતાના વતન સાંગલીમાં પલાશ સાથે લગ્નગ્રંથિથી જોડાશે. ■

# ભારતની આ બીજી વર્લ્ડ ચૅમ્પિયન પ્લેયર બની ડેપ્યૂટી સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ

## રિચા ઘોષને ફાઈનલના પ્રત્યેક રન બદલ મળ્યું એક લાખ રૂપિયાનું ઈનામ

કોલકાતાઃ ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ટીમની વિકેટકીપર-બૅટર રિચા ઘોષનું શનિવારે અહીં ઈડન ગાર્ડન્સમાં પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું જે દરમ્યાન તેને બાંગા ભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી, તેને ડેપ્યૂટી સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (ડીએસપી)ની પદવી આપવામાં આવી હતી તેમ જ ૩૪ લાખ રૂપિયાનું રોકડ ઇનામ પણ અપાયું હતું. દીપ્તિ શર્મા પણ ડીએસપીની પદવી ધરાવે છે. તેને એ સન્માન ઉત્તર પ્રદેશની સરકારે આ વર્ષના જાન્યુઆરીમાં આપ્યું હતું.



રિચા ઘોષે ગયા રવિવારે સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં ૨૪ બૉલમાં બે સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૩૪ રન કર્યા હતા અને તેને એ ૩૪ બહુમૂલ્ય રન બદલ (દરેક રનના એક લાખ રૂપિયાની ગણતરીએ) કુલ ૩૪ લાખ રૂપિયાની ઇનામી રકમ અપાઈ હતી. લગભગ એક કલાક સુધી ચાલેલા સમારોહમાં રિચા ઘોષને સોનાનો ચેઇન પણ ભેટ અપાયો હતો.

### બંગાળની પ્રથમ વર્લ્ડ કપ વિજેતા

રિચા ઘોષ પશ્ચિમ બંગાળની સૌપ્રથમ વર્લ્ડ કપ વિજેતા ક્રિકેટર છે. સૌરવ ગાંગુલી ૨૦૦૩માં ભારતની વન-ડે વર્લ્ડ કપ ટીમનો કૅપ્ટન હતો અને ભારત એ વિશ્વ કપની ફાઇનલમાં પહોંચીને ઑસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું.

### રિચા એક દિવસ ભારતની કૅપ્ટન બનશેઃ ગાંગુલી

ક્રિકેટ ઍસોસિયેશન ઑફ બેંગાલના પ્રમુખ સૌરવ ગાંગુલીએ સીલીગુરીમાં રહેતી બાવીસ વર્ષની રિચા ઘોષને વર્લ્ડ કપમાંના પર્ફોર્મન્સ બદલ બિરદાવતાં કહ્યું હતું કે ‘ રિચાએ રાજ્યનું ગૌરવ વધાર્યું છે. હું આશા રાખું છું કે તે આવો જ સારો પર્ફોર્મન્સ જાળવી રાખશે અને એક દિવસ ભારતની મહિલા ટીમની કૅપ્ટન બનશે.’ રિચાએ વર્લ્ડ કપમાં ૧૩૩.૫૨ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૨૩૫ રન કર્યા હતા. ■

# હૉંગ કૉંગ સિક્સીસમાં ભારતનો સૌથી ખરાબ દિવસ, ત્રણ નાની ટીમ સામે હાર્યું

હૉંગ કૉંગ સિક્સીસ નામની છ-છ પ્લેયર અને છ-છ ઓવરવાળી ટૂર્નામેન્ટમાં ભારતે શુક્રવારે પાકિસ્તાનને પરાસ્ત કર્યું ત્યાર પછી શનિવારનો દિવસ ભારતીય ટીમ માટે સૌથી ખરાબ રહ્યો છે. આ એક જ દિવસમાં દિનેશ કાર્તિકના સુકાનમાં ભારતીય ટીમ ત્રણ નાની ટીમ સામે પરાજિત થઈ હતી અને સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી. પહેલાં તો ભારતનો કુવૈત સામે ૨૭ રનથી પરાજય થયો હતો. ત્યાર બાદ યુએઇ સામે ભારતની ચાર વિકેટે હાર થઈ હતી અને પછી જાણે બાકી હોય એમ ભારતે નેપાળ સામે ૯૨ રનથી પરાજય જોવો પડ્યો હતો. બીજી તરફ, ઑસ્ટ્રેલિયા અને પાકિસ્તાનની ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ હતી.

નવાઈની વાત ભારતની સ્ક્વૉડમાં ઘણા જાણીતા ખેલાડીઓ હોવા છતાં તેઓ ક્રિકેટમાં ટચૂકડી ગણાતી ઉપરાઉપરી ત્રણ ટીમ સામે પરાજિત થયા. ભારતની સ્ક્વૉડમાં કૅપ્ટન દિનેશ કાર્તિક, રૉબિન ઉથપ્પા, ભારત ચિપલી, મનોજ તિવારી, શ્રીવત્સ ગોસ્વામી, સ્ટુઅર્ટ બિન્ની, કેદાર જાધવ અને શાહબાઝ નદીમનો સમાવેશ હતો. ■

# ભારતનો રવિન્દર સિંહ શૂટિંગની વિશ્વ સ્પર્ધામાં ગોલ્ડ જીત્યો

કૅરોઃ ભારતીય લશ્કરનો રવિન્દર સિંહ નામનો ૨૯ વર્ષીય સૈનિક ઇજિપ્તના પાટનગર કૅરોમાં આઇએસએસએફ વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ૫૦ મીટર ફ્રી પિસ્તોલ નામની હરીફાઈમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. નિશાનબાજીની વિશ્વ સ્તરની વ્યક્તિગત હરીફાઈમાં રવિન્દરની આ સૌથી મોટી સિદ્ધિ છે. જમ્મુ અને કાશ્મીરના બિશ્નાહ નગરનો રવિન્દર ૨૦૨૩માં આ સ્પર્ધામાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો. તેણે શનિવારની ફાઇનલમાં ૫૬૯ શૉટના સ્કોર સાથે મોખરાનું સ્થાન મેળવ્યું હતું. સાઉથ કોરિયાનો કિમ ચેઑન્ગયૉન્ગ ૫૫૬ શૉટ સાથે બીજા નંબર પર રહી ગયો હતો, જ્યારે તટસ્થ ટીમના ઍથ્લેટ તરીકે આ સ્પર્ધામાં ભાગ લેનાર ઍન્ટોન ઍરિસ્તારખોવને બ્રૉન્ઝ મળ્યો હતો. દરમ્યાન, ટીમ હરીફાઈમાં ભારતે સિલ્વર મેડલ જીતી લીધો હતો. ભારતની ટીમમાં રવિન્દર ઉપરાંત કમલજીત તથા યોગેશ કુમારનો સમાવેશ હતો.

નાયબ સુબેદાર રવિન્દર સિંહ હજી એક પખવાડિયા પહેલાં પિતા બન્યો હતો. તેની પત્નીએ લગ્ન પછીના સાત વર્ષ બાદ પ્રથમ બાળકીને જન્મ આપ્યો હતો. ■

# હરમનપ્રીતે બે વાર જર્સીનો નંબર બદલ્યો છે

## હરમનપ્રીતે હાથ પર વર્લ્ડ કપની ટ્રોફીનું ટૅટૂ બનાવડાવ્યા પછી ઈન્સ્ટાગ્રામ પરની સ્ટોરીમાં લખ્યું, ‘હવે હું રોજ સવારે તને જોઈશ’

નવી દિલ્હીઃ ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટ ટીમની સુકાની હરમનપ્રીત કૌરે કરીઅરમાં બે વાર પોતાની જર્સીનો નંબર બદલ્યો છે એ ઘણાની જાણમાં નહીં હોય.



કારકિર્દીની શરૂઆતમાં તે ૮૪ નંબરની જર્સી પહેરતી હતી. તેના મમ્મીએ તેને આ નંબર રાખવા આગ્રહ રાખ્યો હતો, કારણકે એવું કરીને તેના મમ્મી ૧૯૮૪માં દિલ્હીમાં થયેલા હત્યાકાંડમાં મૃત્યુ પામેલા શીખ લોકોને અંજલિ આપવા માગતા હતા. પછીથી હરમને એમએસ ધોનીની માફક ૭ નંબરની જર્સી પહેરી હતી. તે નાનપણથી ધોનીની ચાહક છે. થોડા વર્ષોથી હરમને બીજી વાર જર્સીના નંબરમાં ફેરફાર કરાવ્યો અને ૨૩ નંબરનું જર્સી પહેરે છે. તેને આ નંબર એક આંકડાશાસ્ત્રીએ ભાગ્ય ચમકાવવાની સલાહ સાથે સૂચવ્યો હતો.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે રવિવારે નવી મુંબઈમાં વિમેન્સ વન-ડે ક્રિકેટની નવી વર્લ્ડ ચૅમ્પિયન બનીને ભારત માટે નવો ઇતિહાસ રચ્યો એ બદલ હરમનપ્રીત કૌર અને તેની ટીમ કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલમાં તો વસી જ ગઈ છે, ખુદ હરમનપ્રીત આ બહુમૂલ્ય ટ્રોફીની બાબતમાં એટલી બધી ભાવુક થઈ ગઈ છે કે તેણે આ ટ્રોફીનું ટૅટૂ હાથનાં બાવડાં પર ચિતરાવ્યું છે. આ ટૅટૂ બનાવડાવીને તેણે ઇન્સ્ટાગ્રામ પરની સ્ટોરીમાં લખ્યું, ‘હવે હું રોજ સવારે તને જોઈશ.’


સ્વાભાવિક છે કે હરમનપ્રીત કૅપ્ટન તરીકે આ ટ્રોફીને તેની તેમ જ સમગ્ર ભારતીય ટીમની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ તરીકે ગણાવે છે. પંજાબના મોગા શહેરની હરમનપ્રીતે આ ટૅટૂ બનાવડાવીને એનો ફોટો ઇન્સ્ટાગ્રામ પર શૅર કર્યો છે. આ ટૅટૂ તેને હંમેશાં આ ઐતિહાસિક ઉપલબ્ધિની યાદ અપાવતી રહેશે.

હરમનપ્રીતે આ ટ્રોફીના ફોટો સાથે કૅપ્શનમાં લખ્યું છે, ‘(કરીઅરના) પહેલા દિવસથી હું તારી રાહ જોઈ રહી હતી. હવે હું દરરોજ સવારે તને જોઈશ અને આભાર તથા આનંદ વ્યક્ત કરીશ.’

રવિવારે ફાઇનલમાં ભારતે સાઉથ આફ્રિકાને બાવન રનથી પરાસ્ત કર્યું અને ઐતિહાસિક વર્લ્ડ ચૅમ્પિયનપદ મેળવી લીધું ત્યાર બાદ સોમવારે હરમનપ્રીતે વધુ વિચાર કર્યા વગર હાથ પર ટ્રોફીનું ટૅટૂ બનાવડાવવા માટેના પ્રયત્નો શરૂ કરી દીધા હતા. તે એક જાણીતા હાઇ-પ્રોફાઇલ ટૅટૂ આર્ટિસ્ટ પાસે પહોંચી ગઈ હતી અને બનાવડાવ્યું હતું. ■

# રિષભ પંતને ત્રણ વાર બૉલ વાગ્યો, બૅટિંગ છોડવી પડી

## જોકે સાઉથ આફ્રિકા-એ સામે પાછા રમવા આવીને ઈજા ગંભીર ન હોવાનો સંકેત આપ્યોઃ ધ્રુવ જુરેલની બન્ને દાવમાં સદી





ધ્રુવ જુરેલ (ઉપર) અને એક બૉલથી બચ્યા બાદ રિષભ પંત. (પીટીઆઇ)

બેંગ્લૂરુઃ ભારતનો વિકેટકીપર બૅટ્સમૅન રિષભ પંત ઇન્જરી-પ્રોન ખેલાડી છે અને ગઈ કાલે તે ફરી એકવાર ઇજા પામતાં આવતા અઠવાડિયે સાઉથ આફ્રિકા સામે પ્રથમ ટેસ્ટ રમનાર ભારતની ટેસ્ટ ટીમ ચિંતામાં મુકાઈ ગઈ છે.

બેંગ્લૂરુમાં સાઉથ આફ્રિકા-એ સામે બીજી બિનસત્તાવાર ટેસ્ટ રમતા ઇન્ડિયા-એના કેપ્ટન પંતે બીજા દાવમાં બૅટિંગ દરમ્યાન ૧૭ રનના તેના સ્કોર પર ઇન્જરીને લીધે રિટાયર-હર્ટ થવું પડ્યું હતું. જોકે તે થોડા સમય બાદ પાછો બૅટિંગમાં આવ્યો હતો અને ૬૫ રનના પોતાના સ્કોર પર આઉટ થયો હતો. તેણે ચાર સિક્સર અને પાંચ ફોર ફટકારી હતી.

સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર ત્સેપો મૉરેકીની બોલિંગમાં ત્રણ વખત પંતને શરીર પર તેમ જ ખાસ કરીને હેલ્મેટ પર બૉલ વાગ્યો હતો. પંત તો હજી પણ બૅટિંગ ચાલુ રાખવા માગતો હતો, પરંતુ ઇન્ડિયા-એ ટીમના કોચ ઋષિકેશ કાનિટકર અને ફિઝિયોથેરોપિસ્ટે પંતને પાછા આવી જવા દબાણ કર્યું હતું એટલે તે પાછો આવી ગયો હતો.

ચાર દિવસની આ મૅચમાં ઇન્ડિયા-એના ૨૫૫ રન સામે આફ્રિકા-એ ટીમ ૨૨૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ દાવમાં અણનમ ૧૩૨ રન કરનાર વિકેટકીપર ધ્રુવ જુરેલે ગઈ કાલે બીજા દાવમાં અણનમ ૧૨૭ રન કરીને જબરદસ્ત બૅટિંગ પર્ફોર્મન્સ બતાવ્યો હતો. ઇન્ડિયા-એ ટીમે બીજો દાવ ૭/૩૮૨ના સ્કોર પર ડિક્લેર કરીને સાઉથ આફ્રિકા-એ ટીમને જીતવા ૪૧૭ રનનો લક્ષ્યાંક આપ્યો હતો અને બીજા દાવમાં પ્રવાસી ટીમે વિના વિકેટે પચીસ રન કર્યા હતા. આજે છેલ્લા દિવસે ભારતીય ટીમને જીતવાની તક છે. બીજી રીતે કહીએ તો ઇન્ડિયા-એના બોલર મોહમ્મદ સિરાજ, આકાશ દીપ, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ ક્રિષ્ના અને હર્ષ દુબેની કસોટી થશે. ■

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# ‘વંદે માતરમ્’ના ૧૫૦ વર્ષની ઉજવણી:

# ફરી એક નવો વાદ-વિવાદ-વિખવાદ

**શાસક પક્ષ કહે છે કે વિપક્ષી કૉંગ્રેસે વંદે માતરમ્ ગીતના અમુક ટુકડા કાઢી નાખ્યા એથી દેશમાં ભાગલાના બીજ વવાયાં... જોકે, આવા આક્ષેપોને જોરદાર રદિયો કૉંગ્રેસ આપી રહી છે. હકીકત શું છે?**




ભારતના રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ ને ૧૫૦ વર્ષ પૂરા થયાં તેની દેશભરમાં ઉજવણી શરૂ થઈ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ નવેમ્બરે નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં રાષ્ટ્રગીત વંદે માતરમ્ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ટપાલ ટિકિટ અને એક સિક્કો બહાર પાડ્યો અને એક વર્ષ સુધી ચાલનારા સ્મૃતિ સમારોહને ખુલ્લો મૂકીને વેબસાઇટ પણ લોન્ચ કરી.

રાબેતા મુજબ, આ ઉજવણી સાથે વંદે માતરમ્ મુદ્દે રાજકીય જંગ પણ શરૂ થઈ ગયો છે. મોદીએ વંદે માતરમ્નાં ૧૫૦ વર્ષના કાર્યક્રમમાં કૉંગ્રેસ પર વંદે માતરમ્ના ટુકડા કરવાનો આક્ષેપ મૂકીને તેના કારણે દેશમાં ભાગલાનાં બીજ વવાયાં હોવાનો ગળે ન ઊતરે એવો દાવો પણ કરી દીધો.

વડા પ્રધાનનું કહેવું છે કે, ૧૯૩૭માં કૉંગ્રેસ દ્વારા વંદે માતરમ્નો સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગા માના ઉલ્લેખ ધરાવતો એક ભાગ કાઢી નાખીને તેના ટુકડા કરવામાં આવ્યા હતા. વંદે માતરમ્ના ટુકડાથી દેશમાં ભાગલાના બીજ વાવવામાં આવ્યા અને આ વિભાજનકારી વિચારસરણી આજે પણ દેશ માટે મોટો પડકાર છે.

વંદે માતરમ્ના મૂળ ગીતમાં છ અંતરા છે અને રાષ્ટ્રગાન તરીકે બે જ અંતરા ગવાય છે, બાકીના ચાર અંતરા ગવાતા નથી. હિંદુ દેવીઓ સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગાનો ઉલ્લેખ ધરાવતા અંતરા કૉંગ્રેસના ફૈઝપુર ખાતે ૨૬થી ૨૮ ડિસેમ્બર દરમિયાન મળેલા અધિવેશનમાં જવાહરલાલ નહેરૂના કહેવાથી કાઢી નાખવામાં આવ્યા હતા એ વાત સાવ ખોટી નથી પણ તેના કારણે ભારતના વિભાજનના બી રોપાયાં એ વાત ખોટી જ નહીં, પણ હાસ્યાસ્પદ જરૂર છે.

ભારતમાં થયેલી કોઈ પણ ખરાબ બાબત માટે જવાહરલાલ નહેરૂ પર દોષનો ટોપલો ઢોળી દેવાની માનસિકતા હોય તો અલગ વાત છે, બાકી મુસ્લિમો માટેના અલગ પાકિસ્તાનની માગણી બહુ પહેલાં જ શરૂ થઈ ગઈ હતી. ‘સારે જહાં સે અચ્છા હિંદોસ્તાં હમારા ’ લખનારા અલામા ઈકબાલે ૧૯૩૦માં જ મુસ્લિમ બહુમતી ધરાવતા પ્રાંતોમાંથી અલગ રાષ્ટ્રનો વિચાર વહેતો મૂકી દીધેલો.

‘મુસ્લિમ લીગ’ ના મોહમ્મદ અલી ઝીણા સહિતના નેતાઓએ તેને હવા આપી તેથી કૉંગ્રેસે સરસ્વતી- લક્ષ્મી અને દુર્ગા માતાના ઉલ્લેખ કરતા અંતરા કાઢી નાખ્યા તેના કારણે વિભાજનનાં બી રોપાયાં એ વાત હજમ થાય એવી નથી. ‘મુસ્લિમોને હિંદુ દેવીઓની પ્રસંશા કરતું ગીત ગાવાથી કચવાટ થશે’ એવી નહેરૂની દલીલ બકવાસ હતી એમ શાસક પક્ષના પણ આક્ષેપ વાહિયાત છે.

આવા આક્ષેપ સામે હવે કૉંગ્રેસ પણ મેદાનમાં આવી છે. કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનો આક્ષેપ છે કે, ભાજપને અચાનક વંદે માતરમ્ પર હેત ઊભરાયું છે, બાકી ભાજપ કે તેના પિતૃ સંગઠન ‘રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ’ (આરએસએસ)ના કાર્યક્રમોમાં કદી વંદે માતરમ્ ગવાતું નહોતું. સંઘના કાર્યક્રમમાં હંમેશાં ‘માતૃભૂમે સદા વત્સલે’ ગવાય છે, પણ કદી વંદે માતરમ્ ગવાતું જ નથી. ખડગેએ તો સંઘે કદી રાષ્ટ્રગાનને સન્માન નથી આપ્યું એવો આક્ષેપ પણ કર્યો છે. સંઘે આઝાદી પછી દેશના રાષ્ટ્રધ્વજને, દેશનાં પ્રતીકો કે બંધારણને પણ નહોતું સ્વીકાર્યું એ હકીકત છે, પણ સંઘનાં કૃત્યોને ભાજપ સાથે જોડી ના શકાય.


બીજી તરફ, ભાજપે છેલ્લાં કેટલાંક વરસોથી વંદે માતરમ્ને મહત્ત્વ આપ્યું છે એ હકીકત છે. જો કે આ તાજા વિવાદનો મૂળ મુદ્દો આપણા રાજકારણીઓની માનસિકતાનો છે. વંદે માતરમ્ દેશના ઈતિહાસમાં એક ગૌરવપૂર્ણ પ્રકરણ છે અને તેને પણ હલકું રાજકારણ રમવાનો મુદ્દો બનાવી દેવાય એ શરમજનક કહેવાય, પણ જાડી ચામડી ધરાવતા રાજકારણીઓમાં એવી શરમ નથી તેથી મોદી વર્સિસ મલ્લિકાર્જુનની લડાઈમાં બંને છાવણીના બીજા નેતા પણ કૂદી પડ્યા છે.

વંદે માતરમ્ના ટુકડા કરવાનો કૉંગ્રેસ પર આક્ષેપ મૂકાય છે, પણ વંદે માતરમ્ને કૉંગ્રેસના કારણે જ ખ્યાતિ મળી અને ૧૯૩૭માં કૉંગ્રેસે જ વંદે માતરમ્ને નેશનલ સોંગ તરીકે માન્યતા આપી હતી એ વાતને કોરાણે મૂકીને રાજકીય વાદ-વિવાદના ખેલ શરૂ થઈ ગયો છે. વંદે માતરમ્ પહેલી વાર રવીન્દ્રનાથ ટાગોરે ૧૮૯૬માં કૉંગ્રેસના અધિવેશનમાં ગાયું પછી જ તેને રાજકીય મહત્ત્વ મળ્યું. કૉંગ્રેસનાં અધિવેશનોમાં વંદે માતરમ્ ગવાતું તેથી તેને લોકપ્રિયતા મળી પણ પાણીમાંથી પોરા કાઢવામાં માહિર નગુણા લોકો બીજી પારાયણ માંડીને બેસી ગયા છે. વડા પ્રધાને યોગ દિવસની ઉજવણી શરૂ કરાવી ત્યારે મુસ્લિમ પર્સનલ લો બૉર્ડે તેનો બહિષ્કાર કરવાની હાકલ કરેલી. બૉર્ડના જનરલ સેક્રેટરી મૌલાના વલી રહેમાને દેશના તમામ ઈમામો તથા મુસ્લિમ સંગઠનોને કાગળ લખીને કહેલું કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર યોગ, સૂર્ય નમસ્કાર અને વંદે માતરમ્ને લોકપ્રિય બનાવવાના ઉધામા કરીને બ્રાહ્મણ ધર્મ અને વેદિક સંસ્કૃતિ પરાણે દેશ પર ઠોકી બેસાડવા માગે છે. મુસ્લિમ સંગઠનો તથા ઈમામો મોદી સરકારનાં આ તમામ પગલાં સામે મુસ્લિમોને એક કરે અને તેમનામાં જાગૃતિ લાવવાની જે ચેષ્ટા કરી ત્યારે હલકી માનસિકતા દર્શાવી હતી એવી જ માનસકિતાનું પ્રદર્શન અત્યારે થઈ રહ્યું છે.

વંદે માતરમ્ માત્ર એક ગીત નથી, પણ માતૃભૂમિને માતાનો દરજ્જો આપતો વિચાર છે. દુનિયાના બીજા કોઈ દેશમાં માતૃભૂમિને માતા નથી ગણવામાં આવતી, પણ આપણા દેશ માટે ‘ભારત માતા’ એવો શબ્દ વાપરીએ છીએ. ભારત માતાનો વિચાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને હિન્દુવાદી સંગઠનોની દેન હોવાનો પ્રચાર કરવામાં આવે છે, પણ હિંદુવાદી સંગઠનોને તેની સાથે કંઈ લેવાદેવા નથી. ૧૮૫૭ના વિપ્લવ પછી દેશમાં હતાશાનો માહોલ હતો ત્યારે લોકોમાં દેશપ્રેમની આગ ફરી જગાડવાના જે વિચાર વહેતા થયા તેમાં એક વિચાર ભારત માતાનો હતો.

બંગાળી લેખક કિરણચંદ્ર બેનરજીએ ભારત માતા નાટક લખીને આ વિચાર પહેલી વાર રમતો કર્યો. ૧૮૭૩માં આ નાટક પહેલી વાર ભજવાયું પછી એક રાષ્ટ્ર તરીકે ભારતના વિચારને બળ મળ્યું. ભારતને એક રાષ્ટ્ર તરીકે રજૂ કરવાનો વિચાર પણ બંગાળમાંથી ઉદ્ભવેલો અને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની ૧૮૮૨માં લખાયેલી નવલકથા ‘આનંદમઠ’માં આ વિચારને વધારે અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યો હતો. એ નવલકથામાં ‘વંદે માતરમ્’ ગીત સમાવાયું એ સૌ જાણે છે, પણ બંકિમચંદ્રે ‘આનંદમઠ’ લખી એ પહેલાં આ ગીત લખેલું. વંદે માતરમ્, ૭ નવેમ્બર ૧૮૭૫ના રોજ અક્ષય નવમીના શુભ દિવસે બંકિમ ચંદ્રે રચેલું અને નવલકથા આનંદમઠના હપ્તાવાર પ્રગટ થતી હતી એ મેગેઝિન ‘બંગદર્શન’માં સૌથી પહેલાં પ્રકાશિત થયું હતું. આમ આ ગીત આઝાદીની લડતમાં રાષ્ટ્રગીત બની ગયેલું.

આઝાદી પછી વંદે માતરમ્ અનેક રીતે ગવાયું, પણ સૌથી યાદગાર વર્ઝન આનંદમઠ ફિલ્મમાં હેમંત કુમારના સંગીતમાં લતા મંગેશકરે ગાયેલું ‘વંદે માતરમ્’ અને એ. આર. રહેમાને ગાયેલું ‘મા તુઝે સલામ’ છે.



## વંદે માતરમ્ સાથે ‘ભારત માતા’... એ કોની પરિકલ્પના?

વંદે માતરમ્ ગીત સાથે જ ભારત માતાની મૂર્તિ નજર સામે તરવરી ઊઠે છે. એ તસવીરમાં હિંદુ દેવીઓ મૂર્તિમંત થાય છે. એક કૉંગ્રેસી નેતાએ ભારત માતાના આ સ્વરૂપને મૂર્તિમંત કર્યું છે. આઝાદીની લડત વખતે કૉંગ્રેસની આક્રમક એટલે કે જહાલ નેતાગીરીમાં લાલ- બાલ- પાલની ત્રિપુટી મોખરે હતી. આ ત્રિપુટીના બિપિનચંદ્ર પાલે ભારત માતાના વિચારને હિન્દુ પરંપરાના સંદર્ભમાં રજૂ કર્યો અને રવીન્દ્રનાથ ટાગોરના ભત્રીજા અબનિન્દ્રપાલ ટાગોરે ભારત માતાનું ચિત્ર બનાવી તેમને મૂર્તિમંત કર્યાં.

ભગવા વસ્ત્રોમાં સજ્જ અને હાથમાં વેદ સાથેની ભારત માતાની એ છબી લોકોના માનસમાં તરત જ જડાઈ ગયેલી. ભારતીય દેવીઓની જેમ તેમને ચાર હાથ હતા. સ્વામી વિવેકાનંદનાં સાથી સિસ્ટર નિવેદિતા આ ચિત્ર પર ફિદા થઈ ગયેલાં. ચાર હાથે દેશવાસીઓને શિક્ષા-દિક્ષા-અન્ન અને વસ્ત્ર આપતાં ભારતમાતાને તેમને ભારતીય સંસ્કૃતિનું પ્રતીક ગણાવેલાં. ભારત માતાને એ પછી ક્યારેક દુર્ગા માતાના સ્વરૂપમાં તો ક્યારેક હાથમાં તિરંગા સાથે અલગ અલગ સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યાં છે, પણ મૂળ ઈમેજ અબનિન્દ્રપાલ ટાગોરે રજૂ કરેલી એ જ રહી છે. ■



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ટૉંબ રેઈડરની ધરતી



મોટા ભાગના પ્રવાસી એવા સ્થળની ખોજ કરવા માગે છે જે દૂર હોય અને પરિચિત મહેસૂસ કરાવે. આરામ અને સંસ્કૃતિનાં મૂળિયાંજાળવી રાખીને દુનિયાની ખોજ કરવાનું ગમે તેવા ઘણા બધા ભારતીયો માટે કમ્બોડિયા તેમાં એકદમ બંધબેસે છે. તે ઘરથી નજીક છે,ખિસ્સા માટે હળવું છે અને સમયની કસોટીમાંથી પાર ઊતરેલી વાર્તાઓથી ભરચક છે.

પ્રથમ નજરે કમ્બોડિયા અંગકોર વટ માટે વધુ ઓળખાય છે, જે દુનિયાનું સૌથી વિશાળ મંદિર સંકુલ છે અને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે.જોકે નજીકથી જોવામાં આવે તો તમને ઘણું બધું જોવા મળશે. અહીંનાં શહેરોના રોમરોમમાં ઊર્જા ભરેલી છે, તરતાં ગામડાં નદીના લય પર જીવે છે અને અહીંના લોકોની ઉષ્મા એવી કે તમે પરત આવો તે પછી પણ લાંબા સમય સુધી યાદ રહી જાય છે. તમે સિયેમ રીપમાં પ્રાચીન કોતરકામો જોતા હોય, નોમ પેન્હના રિવરસાઈડ પ્રોમેનેડ પર વોક કરતા હોય કે સધર્ન કોસ્ટ પર આરામ ફરમાવતા હોય, કમ્બોડિયા આંખો અને મનને ઊંડાણથી સ્પર્શ કરીને તમને સુખદ આશ્ચર્ય આપે છે.

આ એવી ધરતી છે જ્યાં શ્રદ્ધા હજુ પણ રોજબરોજના જીવનને આકાર આપે છે, જ્યાં સ્મિત સહજ આવે છે અને જ્યાં ભારતના પ્રવાસીઓનેઘર જેવું મહેસૂસ થાય છે. તે અહીંનાં મંદિરો અને પરિચિત ફ્લેવર્સને કારણે નહીં, પરંતુ સાદગી અને પરોણાગતના સમાન જોશને કારણે.

**સિયેમ રીપ - અંગકોરનું પ્રવેશદ્વાર**

મોટા ભાગના પ્રવાસીઓ માટે સિયેમ રીપથી કમ્બોડિયન વાર્તા શરૂ થાય છે. અને તે ખરેખર સુંદર શરૂઆત છે. વિશ્વવિખ્યાત અંગકોર વટનું ઘરઆ શહેર આધુનિક આરામ સાથે પ્રાચીન અજાયબીઓનું સંતુલન કરે છે, જે જૂજ સ્થળો કરી શકે છે. અંગકોર વટ પર સૂર્યોદયનાં પ્રથમ કિરણોને જોવાનો અનુભવ તમને હંમેશાં યાદગાર રહી જાય છે. 12મી સદીમાં નિર્મિત આ વિશાળ મંદિર સંકુલ એક સમયે ખ્મેર સમ્રાટનું હાર્દ હતું અને ભક્તિ, કળાકારીગરી તથા સ્થિતિસ્થાપકતાનું આજે પ્રતીક છે.

પૃથ્વી પર જૂજ સ્થળો અંગકોર વટના ઉચ્ચ સ્તર અને પ્રતીકાત્મકતા સાથે સુમેળ સાધી શકે છે. 400 એકરથી વધુ જગ્યામાં ફેલાયેલું તે દુનિયામાં સૌથી વિશાળ ધાર્મિક સ્મારક છે, જે મૂળમાં બુદ્ધ સંગ્રહાલય બનવા પૂર્વે ભગવાન વિષ્ણુને સમર્પિત હિંદુ મંદિર હતું. તેનો આકાર સાથે તેની અચૂકતા પણ તેને નોંધપાત્ર બનાવે છે, જેમાં દરેક ટાવર, દીવાલ અને કોતરકામ કોસ્મિક ડિઝાઈનના છે, જે ભગવાનનું ચમત્કારી ઘર મેરુ પર્વત આલેખિત કરે છે. તેની ગેલેરીઓ થકી વોક કરો ત્યારે પથ્થરોમાં કોતરેલી સદીઓની ભક્તિનું પગેરું મેળવી રહ્યા હોય તેવો અહેસાસ થાય છે. ખ્મેર દંતકથાઓ સાથે કોતરેલી રામાયણ અને મહાભારતની વાર્તાઓ પરોઢના સોનેરી પ્રકાશમાં જાણે નાહી ઊઠે છે.

સિયેમ રીપ તેનાં મંદિરો કરતાં પણ વિશેષ છે. આસપાસમાં બાયોનના રહસ્યમય હસતા ચહેરા અને તા પ્રોમમાં ઝાડનાં મૂળિયાં સદીઓજૂના પથ્થરોમાં વીંટળાયેલાં જોઈને સંપૂર્ણ અંગકોર પ્રદેશ ખુલ્લા સંગ્રહાલય જેવું મહેસૂસ કરાવે છે. આમ છતાં ઈતિહાસની પાર શહેર આહલાદકખુશી પ્રદાન કરે છે: મૈત્રીપૂર્ણ ટુક-ટુક રાઈડ્સ, ધમધમતી રાત્રિ બજારો અને ધીમી ગતિ, જે ભારતીય પ્રવાસીઓને તુરંત પરિચિત મહેસૂસ કરાવે છે.

અહીંનું ખાદ્ય સુખદ આશ્ચર્ય આપે છે. ઘણી બધી રેસ્ટોરાં નારિયેળની મલાઈ અને સુગંધી મસાલાઓથી બનાવવામાં આવેલી શાકાહારીખ્મેર કરીઝ પીરસે છે, જ્યારે ઓલ્ડ માર્કેટ વિસ્તાર આસપાસ ભારતીય રેસ્ટોરાં અને કેફે તમને ઘર જેવું મહેસૂસ કરાવે છે. તેમાં તાજાં મોસમી ફળો, શેરડીનો રસ અને ભાત તથા નૂડલ માટે નિરંતર વિકલ્પો જોતાં તમારી પાસે ભરપૂર પસંદગીઓ છે.

**નોમ પેન્હ - જીવિત રાજધાની**

જો સિયેમ રીપ કમ્બોડિયાનો ભૂતકાળ તમારી સામે મૂકે છે તો નોમ પેન્હ તમને તેના વર્તમાન સાથે રૂબરૂ કરાવે છે. મેકોંગ અને ટોન્લે સેપ નદીઓના સંગમ પર સ્થિત આ રાજધાની સ્વર્ણિમ, વ્યસ્ત અને ગુણોથી ભરચક છે. એક સમયે "પર્લ ઓફ એશિયા" તરીકે પ્રસિદ્ધ નોમ પેન્હ તેની ચમક પાછી મેળવી રહ્યું છે. આ શહેરમાં આધુનિક કેફે પાર્શ્વભૂમાં ગોલ્ડન પેગોડા છે, જ્યારે પારંપરિક ટુક ટુક વ્યાપક ફ્રેન્ચ નિર્મિત બુલવર્ડસ થકી ગૂંથે છે.

આ શહેરનું સૌથી આકર્ષક સીમાચિહ્ન રોયલ પેલેસ છે, જે ઝળહળતા ગોલ્ડન સ્પાયર્સ સાથે ખ્મેર સ્થાપત્યનો અદભુત દાખલો છે. તેની બાજુમાં સિલ્વર પેગોડા છે, જેનું નામ 5000થી વધુ સિલ્વર ટાઈલ્સની તેની ફરસ પરથી પડ્યું છે. આ સ્થળ ભક્તિ અને કળાકારીગરીથી દીપી ઊઠે છે. નજીકમાં નેશનલ મ્યુઝિયમ પણ અવશ્ય મુલાકાત લેવા જેવું છે, જે પ્રાચીન ખ્મેર શિલ્પો અને અંગકોરના ઝાકઝમાળભર્યા દિવસોના અવશેષોના સાઉથ ઈસ્ટ એશિયાના સૌથી ઉત્કૃષ્ટ કલેકશનમાંથી એક છે.

તેનાં સ્મારકોની પાર નોમ પેન્હ ધીમી ગતિથી માણવાની મજા ન્યારી છે. સાંજે રિવરસાઈડ પ્રોમેનેડ પરથી વોક અત્યંત આરામદાયકઅનુભવ કરાવે છે. પરિવારો અહીં ફરવા આવે છે, સાધુઓ ભિક્ષા ભેગી કરે છે અને મેકોંગ પર સૂર્યાસ્ત થાય છે તે જોવાનું સુખદ છે.સ્થાનિક બજારોમાં સેન્ટ્રલ માર્કેટ અને રશિયન માર્કેટ સિલ્ક સ્કાર્વ્ઝ, લાકડાંનાં કોતરકામ અને સુવેનિયરોથી ભરચક છે,જે વિચારપૂર્વકની યાદગીરીઓ બની જાય છે.

**સિહાનુકવિલે અને સધર્ન કોસ્ટ - રેતી, સમુદ્ર અને શાંતિ**

સિયેમ રીપના સાંસ્કૃતિક ઊંડાણ અને નોમ પેન્હના જીવંત લયમાં ડૂબકીઓ લગાવ્યા પછી કમ્બોડિયાનો સધર્ન કોસ્ટ હળવેથીશ્વાસ બહાર કાઢવા જેવું મહેસૂસ કરાવે છે. સિહાનુકવિલેનું રિસોર્ટ શહેર દરિયાકાંઠા માટે પ્રવેશદ્વાર છે, જે ધીમે ધીમે નૈસર્ગિક સૌંદર્યઅને આરામ વચ્ચે તેનું સંતુલન શોધી કાઢે છે. શહેર પોતે ઝડપથી વૃદ્ધિ પામ્યું છે ત્યારે તેની આસપાસના ટાપુઓ અણસ્પર્શીરિત્નો રહ્યાં છે - શાંત, સ્વચ્છ અને આશ્ચર્યકારક રીતે નજીક.

ટૂંકી ફેરી રાઈડ પર કોહરોંગ અને કોહરોંગ સેમલોમ જોવા મળે છે, જ્યાં ભૂરાં જળનો ભૂકીદાર સફેદ રેતી સાથે સંગમ થાય છે. અહીંની સવાર લહેરોના અવાજ સાથે શરૂ થાય છે અને આકાશને રંગતા સૂર્યાસ્ત સાથે પૂરી થાય છે. ઘણા બધા રિસોર્ટસ હવે ભારતીય પ્રવાસીઓને ધ્યાનમાં રાખીને શાકાહારી ભોજન, તાજાં મોસમી ફળો અને ટાપુની સાદગી ગુમાવ્યા વિના ભરપૂર પરિચિત કમ્ફર્ટસ પણ પ્રદાન કરે છે.

બીચની પાર સાઉથ પ્રતિબિંબ માટેનું સ્થળ છે. નાનાં માછીમારી ગામડાં, બુદ્ધ પેગોડા અને નેચર રિઝર્વ્સ ધીમા પડવા અને નિસર્ગ સાથેફરીથી જોડાવા માગતા પ્રવાસીઓ માટે તેને આદર્શ બનાવે છે. તમે જળ પાસેથી સાંજે વોક કરવા માગતા હોય કે મેન્ગ્રોવ્ઝ થકી બોટ ટ્રિપકરતા હોય કે એક પછી એક ઉદ્ભવતા તારાઓ જોવા માગતા હોય, કમ્બોડિયાનો સધર્ન કોસ્ટ તમને રિલેક્સેશન એ એક્સપ્લોરેશન જેટલુંજ સુખદ છે તે યાદ અપાવે છે.

**નકશાની પાર - સંસ્કૃતિ, હસ્તકળા અને જોડાણ**

કમ્બોડિયાને ખરા અર્થમાં સમજવું હોય તો તેને મહેસૂસ કરવું જોઈએ, જે તેનાં મંદિરો, તેની પરંપરાઓ અને સૌથી મહત્ત્વપૂર્ણતેના લોકો થકી કરી શકાય. અંગકોર વાટની ભવ્યતા અથવા નોમ પેન્હની સોનેરી છતો નમ્રતા અને કૃપાદ્રષ્ટિ ધરાવતા આ દેશમાંમોહિત કરીને રહે છે. અપ્સરા નૃત્યાંગનાઓ, હાથોથી રેશમનું વણાટ કરતા કળાકારીગરો, ટોન્લે સેપ લેક પાસે રહેતા પરિવારો - આ બધુંજ સ્થિતિસ્થાપકતા અને શાંત ગૌરવની વાર્તા કહે છે.

તમે જ્યાં પણ જાઓ તમને સ્મિત અને "સુએસ' દેઈ” સાથે આવકારવામાં આવશે. આ ઉષ્મા કમ્બોડિયાને અવિસ્મરણીય બનાવી દે છે.આ દેશ તમને મોહિત કરવા સાથે નમ્રતાથી, સ્થિરતાથી અને નિખાલસતાથી અપનાવી લે છે. સિયેમ રીપના પ્રાચીન પથ્થરોથીસાઉથમાં શાંત બીચ સુધી અહીંનો લય સમાન છે: શાંત, આવકાર્ય અને અત્યંત માનવીય.

સંસ્કૃતિ, જોડાણ અને શાંતિ ચાહતા ભારતીય પ્રવાસીઓ માટે કમ્બોડિયા નવું અને પરિચિત પણ મહેસૂસ કરાવે છે. તે તમને પ્રવાસએ ફક્ત સ્થળો જોવા પૂરતો સીમિત નથી હોતો પરંતુ સાદગી અને કૃતજ્ઞતાનું સૌંદર્ય દર્શાવતા લોકોને મળવાનો પણ અવસર હોય છેએ યાદ અપાવે છે. કમ્બોડિયામાં દરેક પ્રવાસ સમાન રીતે પૂરો થાય છે: તમારું મન ભરાઈ જાય છે અને તમારી ગતિ થોડી ધીમી પડી જાય છે.તો આગામી સપ્તાહમાં ફરી મળીશું

ચાલો, બેગ ભરો, નીકળી પડો!
અરાઉન્ડ ધ વર્લ્ડ વિથ વીણા વર્લ્ડ...
યુરોપ 150000 (6D) Dec 10
સિંગાપોર થાઈલેન્ડ મલેશિયા 175000 (10D) Nov 22
શ્રીલંકા 75000 (6D) Nov 28
દુબઈ અબુ ધાબી 95000 (5D) Dec 10
રૂમ પાર્ટનર ગેરંટી
કેરળ 57000 8 Days-Nov 24
ઉટી કુર્ગ મૈસૂર બેંગલુરુ 65000 (8D) Nov 22
આંદામાન 82000 (7D) Nov 15 Dec 6
સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોક 68000 (7D) Dec 6
35,000+
T&C apply.
વન લાઈફ. વન યુ. જસ્ટ ગો!
Email: travel@veenaworld.com I veenaworld.com
Toll-Free: 1800 313 5555
વીણા વર્લ્ડ
વુમન્સ સ્પેશિયલ ટુર્સ
જ્યાં પ્રવાસ બને છે તમારો સમય, તમારી સ્પેસ, તમારો આનંદ!
Book Online 365 days 24x7 Visit veenaworld.com
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# બિહાર -૨૦૨૫ (૩)



સૌ પ્રથમ તો આજે એક જન્મજયંતીની વાત જેને તમે ‘ભયંકર’ અતિશયોક્તિ અલંકારમાં ‘અવતરણ દિન’ તરીકે વર્ણવી શકો અને સાવ સીધો એ દિવસને અતિ સામાન્ય વર્ષગાંઠ તરીકે પણ જાણી શકો. ઉખાણું છે કે એ જ દિવસે બિહાર ઇલેકશનનું અંતિમ ચરણ છે અને એ જ દિવસ માટે આ શેર લખાયો છે.

**કબૂતર માથા ઉપરનું હવે તો મુક તું હેઠું**
**જરા વિચાર તો કર! કે તને સિત્તેરમું બેઠું!!!**

તો વાતચીતનો દોર આગળ વધારીએ તે મારી જાણ મુજબ બિહારમાં પહેલીવાર ૬૪.૬૬ ટકા વોટિંગ થયું. શું બિહાર પણ નઘરોળ ગુંડારાજ કે સામંતશાહી કે મગરની ચામડીવાળા રાજકારણીઓના હાથથી જઇ રહ્યું છે? આવા ખુશખબર મારું નાજુક હૃદય જીરવી નહીં શકે!!! ખોટો ઠરું તો ય ૧૪મી સુધી તો આ અતિપ્રસન્નતા રહેવાની જ છે.

**‘દિલ કો ખુશ રખને કે લિયે ગાલિબ યે ખયાલ અચ્છા હૈ’**

‘હાફીડીપીટ’ અને ૭મી ફેલથી ડાયરેક્ટ પી.એચ.ડી અને સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાન પચાવી પાડવા અને સ્વયમ્ જેલમાં અને કમઅક્કલ અર્ધાંગિની મુખ્ય મંત્રીના ખેલમાં અને સામંતોની લખલૂંટ લૂંટ ઇત્યાદિથી ૧૪મી સુધી તો મુક્તિ છે જ. બુદ્ધ, મહાવીરની વિશેષ કૃપા હશે તો એ પછી પણ...

મને બરાબર યાદ છે ૨૦૨૧ માર્ચના એ દિવસો. પ્રશાંત કિશોરે એક હૃદયદ્રાવક શબ્દ શોધ્યો છે ‘પલાયન’... અને પલાયન કયાંથી? પોતાના ઘર-માતા-પિતા-સગા-વહાલા-લોકોથી બળજબરી જબરજસ્તીથી By Cumpulsion પલાયન થવું પડે એવું પલાયન. લગભગ તો ભારતભરમાંના દરેક રાજ્યના બધા જ ઘરમાં ૨૪ કલાક કામ કરતાં કે ચાર પાંચ ઘરોમાં છૂટક કામ કરી પાંચ-છ બિહારીઓ ભેગા રુમ રાખીને આ રાજ્યના ઉપલબ્ધ ઘરનોકરથી અડધા પોણા પગારમાં ‘સેવાઓ’ આપે એ બધાને માલિકોએ કોવિડ ફેલાય નહીં એ માટે પોતપોતાના ઘરોમાંથી તગેડી મૂકયા હતા. જેમના ચાલીને બિહાર તરફ પ્રયાણ કરવાથી હાઇ-વે ખદબદતા હતા. પ્રતિપલાયન બિહાર તરફ. રામ મનોહર લોહિયાનું એક વાક્ય યાદ આવે છે. ‘ઝીંદા **કૌમે પાંચ સાલ તક ઇન્તઝાર નહીં કર સકતી’** સ્ત્રીઓ બાળકોને માથા પર બેસાડી બેસાડીને પુરુષો સાથે હજાર હજાર કિલો મીટરની પદયાત્રા કરીને બિહાર, જેવા તેવા પણ ઘરે પહોંચી, એ બધાયને આ ‘પલાયન’ જયારે જયાં જેના દ્વારા બોલાતું હશે ત્યારે બળતરા નહીં થતી હોય? *૬૩.૬૬ ટકા એમને એમ જ ન આવે સીધા ૪૭-૪૯ કે વધુમાં વધુ ૫૦-૫૧માંથી.*

***ચાલો ફરી સવાર વિશે રાહ જોઇએ.***
***કાલે ગયો તો એમ ફરી જાય છે દિવસ***
***કૈલાશ પંડિત***

*અને આપણે પ્રજા છીએ. મહેરબાની કરીને આપણી શક્તિઓ ઓછી નહીં આંકતા. છેતરાઇએ છીએ સતત આપણે એક સડી ગયેલી, ભ્રષ્ટ સિસ્ટમથી અને સિસ્ટમને નામે. પણ જો કોઇએ છંછેડયા તો આખું આકાશ ઊઠાવી જાણીએ છીએ. ૭૦માંથી ૬૭ અને ૭૦માંથી ૬૨ દ્વારા ભલભલાના મગજના પારાને પાણીમાં પરિવર્તિત કરી ય નાંખીએ છીએ અને જેને પૂજયો’તો એને જ એવી ઊંડી ગર્તામાં ધકેલીયે છીએ કે બીજી વાર Cheers કરવાનું* નામ ન લે, અરે નામ તો જવા દો, જીવતો હોવા છતાંય પૃથ્વીના પટ પરથી જ અલોપ થઇ જાય....

મારો શોભિત દેસાઇનો એક બહુ જ સુંદર શેર પહેલાં તો તમારી સમક્ષ મૂકું.

**બધા સામ્રાજ્ય તૂટ્યા અલ્પતાથી**
**તિમર ડરતું રહે છે આગિયાથી**

જગતમાં ગાંડપણના નવા વિક્રમો નોંધાવનાર તદન બેવકૂફના બીલીયોનર્સ મિત્રો (અબજપતિ-ખર્વ નિખર્વ પરાર્ધ શંકુ પતી) અને ૨૨ મિલિયન ડૉલર્સ (બે હજાર કરોડ રૂપિયા)ના ખર્ચા પછી પણ ન્યુ યોર્કના મેયર તરીકે શરૂઆતમાં સાવ વાઇલ્ડ કાર્ડ ગણાતા મુંબઇના ‘છોકરા’ ઝોહરાન મમદાની ભારે ફરકથી ચૂંટાઇ આવ્યા છે. અમેરિકાના મેયર સંપૂર્ણ સતાવાદી અને આપણા મુખ્ય પ્રધાનની સમકક્ષ હોય છે. તમારી જાણ ખાતર

★★★

***રાત જીતની ભી સંગીન હોગી, સુબહ ઉતની રંગીન હોગી. રાત ભર કા હૈ મહેમાં અંધેરા... કીસકે રોકે રુકા હૈ સવેરા?!***

એક સાવ નવી ગઝલનાં બીજા એક અતિ બારીક શેરથી આજે તમને વિદાય આપું....

***અવાજ મોટો જરીકે પસંદ કયાં એને?!***
***ભરોસો રાખવો પૂરો ને સાનમાં રહેવું.***

આજે આટલું જ.... ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@
bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

‘ક્યા હુઆ ચાચા...ક્યું રો રહે હો?’ સાદિયાએ અમ્મીની બૂમની પરવા કર્યા વિના પૂછ્યું. જાફરભાઈએ બહાર ધસી આવેલા ડૂમાને મહામુસીબતે અટકાવવાની કોશિશ કરી. એમણે બંને આંખો પર હથેળીઓ દાબી દીધી.

‘કૂછ નહીં બેટા....તૂમ ઘર જાઓ.’ એ બોલ્યા.

બિલ્ડીંગની બહાર આવીને અમ્મીએ સાદિયાનું બાવડું પકડીને પોતાની તરફ ખેંચતા કહ્યું: ‘છૂઆ તો નહીં ને તૂને. જાફરભાઈ, બચ્ચી હૈ...ઔર આપકે ઘરમેં કોરોના ઘૂસા હૈ.’ જાફરભાઈએ બાંયો વડે આંસુ લૂછ્યા.

‘જાફરભાઈ, ક્યા કોઇ બૂરી ખબર આઇ ઇલિયાસ કી....?’

‘બસ બેટા, દુઆ કરના.’ સાદિયા અને એની અમ્મી ધીમા પગલે ચાલી રહેલા જાફરભાઈને જોતી રહી.

‘ચાચા, આપ ઉસ તરફ કહાં જા રહે હો.?’ સાદિયાએ કહ્યું.

‘જહાં કિસી કો મુઝે છૂને કા ડર ના હો. જહાં મૈં બૈઠ કર રો સકું.’ જાફરભાઈએ કહ્યું.

થોડીવાર પછી જાફરભાઈ થોડે આગળ આવેલી દરગાહમાં બેસીને ચોધાર આંસુએ રડી રહ્યા હતા.

***************

વહેલી સવારે લગભગ છ વાગ્યે ગોપાળ, હરિ અને રમેશ તાલીમી ડોક્ટરો સચિન તથા ઉમંગની સાથે મળીને મૃતકોને પગથી માથા સુધી કાળા પ્લાસ્ટિકમાં વીંટાળવાનું કામ કરી રહ્યા હતા. ત્યારબાદ એમને ઝપાટાભેર સ્ટ્રેચર પર બહાર લાવીને ઝાડ નીચે કતારબંધ ગોઠવી દેવા લાગ્યા. તાલીમી ડોક્ટર સચિને પ્લાસ્ટિક પર દરદીનું નામ અને નંબર લગાડેલી કાપલી ચેક કરીને પોતાની પાસેના પેડ પર લખેલા ૧૮ મૃતદેહોના નામ-નંબર સામે એણે ટીક કર્યું. થોડીવારમાં સાયરન વગાડતી ચાર એમ્બ્યુલન્સ ગેટ પર આવી પહોંચી. વોચમેન મિશ્રાએ ગેટ ખોલ્યો. મૃતદેહોને એમ્બ્યુલન્સમાં એકની ઉપર એક ખડકી દેવાયા. સોલંકી તમામ મૃતકોની ડિટેલ સાથેની મેડિકલ ફાઇલ સાથે બહાર આવીને પહેલા ચારેય એમ્બ્યુલન્સ પર અને પછી માસ્ક પહેરીને ઊભેલા ગોપાળ, હરિ અને રમેશની સામે જોયું.

‘રમેશ અને હરિ તમે મારી સાથે ચાલો.’ એણે કહ્યું.

‘સાહેબ, રમેશને નહીં લઇ જાવ... હું આવું છું એને બદલે..’

‘એણે આ બધું જોઇને ઉલ્ટી કરી છે.’ ગોપાળ બોલ્યો.

‘નહીં તું અહીં જ રે...એને મોતને વધુ નજીક જોવાની આદત પડવા દે.’

‘ચાલ રમેશ. હવે તને ઉલ્ટી ની થહે. તારો આત્મા અંદરથી રડહે, પણ કાળજું મજબૂત બની જવાનું.’ સોલંકીએ એમ્બ્યુલન્સનો દરવાજો ખોલ્યો. પહેલા હરિ અને પછી રમેશ મૃતદેહોની બાજુમાં બેઠા. સોલંકી સૌથી પહેલી એમ્બ્યુલન્સમાં બેઠો. હૈયાને હચમચાવી નાખતા સાયરન વાગ્યા. એક પછી એક એમ્બ્યુલન્સ બહાર નીકળી ત્યારે ડો. શાહ હોસ્પિટલને પગથિયે ઊભા હતા અને મિશ્રા હાથ જોડીને ઊભો હતો.

**************

ઇમર્જન્સી વોર્ડમાં ઑક્સિજન પર રખાયેલો ઇલિયાસ આંખો બંધ કરીને પડ્યો હતો. રાઉન્ડ પર નીકળેલા ડો. ત્રિવેદી અને નર્સ જ્યોતિ એના પલંગ પાસે ઊભા હતાં.

‘ઇલિયાસભાઇ જરા હાથ ઉપર કરો બીપી ચેક કરના હૈ.’ બંધ આંખે ઇલિયાસે હાથ સહેજ ઉપર કર્યો. જ્યોતિએ બાવડું પકડીને બીપી મશીનનો પટ્ટો એની ફરતે વીંટાળ્યો. સ્વીચ ઓન કરી. સતત વધતા આંકડા પર ડો. ત્રિવેદીની નજર ફરતી રહી.

‘બીપી હજી હાઇ છે.’ ડો.ત્રિવેદીના બોલતાની સાથે જ જ્યોતિએ પટ્ટો ખોલીને પેડ પર આંકડા નોંધી લીધા. પછી પહેલી આંગળીમાં ઓક્ઝિમીટર ભરાવ્યું.

’થોડું સુધારા પર છે. કદાચ ઑકિસજનને લીધે હશે.’ આંકડો નોંધાય એ દરમિયાન ડો. ત્રિવેદીએ કહ્યું: ‘ઑકિસજન ચાલુ રાખજે અને રોજ સવાર સાંજ બીપીની દવા ચાલુ છે ને?’

**ક્ષણભરમાં માણસ જેવો માણસ અગ્નિ બની ગયો અને છાને ખૂણે સંભળાતા રહ્યાં આપ્તજનોના ડૂસ્કાં....**

‘સર,’ જ્યોતિએ ઇલિયાસની છાતીનો તાજો એક્સરે બતાવ્યો.

‘હમ... હજી લંગ્સ ઇન્ફેક્શન છે... કન્જેશન પણ હજી છે. દવાઓ ચાલુ રાખજે. ધીરે ધીરે બેટર થશે.’

‘જી સર,’ જ્યોતિ બોલી.

‘નિર્મલ પરીખને જોઇ લઇએ.’ ડો. ત્રિવેદીએ કહ્યું.

નિર્મલનું નામ સાંભળતા જ ઇલિયાસે આંખો ખોલી. એ ઊભો થવા ગયો.

‘અરે અરે...યહ આપ ક્યા કર રહે હો?’ જ્યોતિ અકળાઇ ગઇ.

‘નિર્મલ, મેરા દોસ્ત ઇસ હી વોર્ડ મેં હૈ?’

‘હા’ જ્યોતિએ આગળ નીકળી ગયેલા ડો. ત્રિવેદી સાથે કદમ મિલાવવા પગ ઉપાડતા કહ્યું.

ઇલિયાસે સહેજ બેઠા થઇને જોયું. બંનેના બેડ વચ્ચે થોડું અંતર હતું, પણ બેઉના અંતરમન વચ્ચે કોઇ અંતર નહતું !

***************

ડો. ત્રિવેદીએ નિર્મલનું રૂટીન ચેક-અપ શરૂ કર્યું. જ્યોતિ પાછળ આવીને કહેવા લાગી: ‘સર, નિર્મલભાઇ વારેવારે સીપીએપીનું માસ્ક કાઢી નાખે છે. મને ખબર પડે પછી...પીપીઇ પહેરવામાં મને સહેજેય પાંચેક મિનિટ લાગી જાય..પછી અહીં પહોંચતા બીજી પાંચ મિનિટ...આમ માસ્ક કાઢી નાખશે તો એમને કન્ટીન્યુઝ એર પ્રેશર નહીં મળે તો ક્યારેક મુશ્કેલી થઇ જશે. એમની પર સતત વોચ કેમ રાખવી?’

‘કંઇ વાંધો નહીં. આપણી પાસે એનો પણ રસ્તો છે. એને અર્ધબેભાન અવસ્થામાં રાખીને વેન્ટિલેટર પર રાખીશું.’ એમણે નિર્મલને અર્ધ- બેભાનાવસ્થામાં રાખવા માટેના ઇન્જેક્શન લખી આપ્યા. ‘આનાથી એ હાથપગ નહીં હલાવે અને આપણું કામ થઇ જશે.’

‘પણ સર, આ જોખમી નથી?’ જ્યોતિએ પૂછ્યું.

‘જ્યોતિ, એમને સાજા કરવા જે જરૂરી છે એ તો કરવું જ પડશે. અત્યારે એમના માટે સીપીએપી ટ્રીટમેન્ટ જરૂરી છે.’ ડો. ત્રિવેદી બોલ્યા.

***************

એમ્બ્યુલન્સનો કાફલો શાંતિધામ સ્મશાને પહોંચ્યો. સોલંકીએ ઊતરીને જોયું ત્યાં પહેલેથી જ મૃતદેહોની લાંબી લાઇન હતી અને સગાવ્હાલાઓ...આપ્તજનો ત્રણ-ત્રણ, ચાર-ચારના ટોળામાં ગમગીન ચહેરે દૂર ઊભા હતા. સ્મશાનમાં ખરા અર્થમાં સ્મશાનવત્ શાંતિ હતી. હવામાં લાશોના બળવાથી ઉત્પન્ન થતી તીવ્ર વાસ તરતી હતી. સ્મશાન એક અજંપો ઓઢીને બેઠું હતું. અંતિમ અંજલિ આપવા કોઇના હાથમાં ફૂલ નહતા, સુખડના હાર નહતા...મૃતદેહને ઓઢાડવા શાલ નહતી....દરેક જણ ખાલી હાથે અને ભારે હૈયે ઊભો હતો. દરેકના ચહેરા પર ઘેરો વિષાદ હતો... ક્યાંક હૈયાફાટ રુદન હતું...પોતાના આપ્તજનનું મોં સુધ્ધાં જોવા નહીં મળ્યાનો વસવસો હતો. તો ક્યાંક હૈયે પેસી ગયેલો ફફડાટ હતો.

બીએમસીના કર્મચારીઓ અને શાંતિધામના સ્વયંસેવકો મેડિકલ ફાઇલ ચેક કરીને આપેલા નંબર મુજબ અગ્નિસંસ્કાર વિધિ કરાવતા હતા. સોલંકીએ મૃતદેહોને શાંતિધામના સ્વયંસેવકોને સુપરત કર્યા....બીએમસીના કર્મચારીઓને કાગળિયા સોંપ્યા. એમના સંબંધિત સગાઓને જાણ કરી. નિયમ મુજબ કોઇ પણ વ્યક્તિને મૃતદેહની નજીક જવાની મનાઇ હતી. માનવીના જીવનમાં મૃત્યુ દ્વારા મળેલી આ સૌથી કપરી પળ હતી.

લાલચોળ વિદ્યુત ભઠ્ઠીના દરવાજા ખુલતા ગયા...પટરી પર મૂકેલા મૃતદેહો અંદર ધકેલાતા ગયા....ક્ષણભરમાં માણસ જેવો માણસ અગ્નિ બની ગયો અને છાને ખૂણે સંભળાતા રહ્યાં આપ્તજનોના ડૂસ્કાં.... વિદ્યુત ભઠ્ઠીની સામે ઊભા રહીને માનવીના જીવનની સૌથી કમનસીબ અંતિમ ક્ષણો જોઇ રહેલા રમેશનું આખું શરીર તપતું હતું. સોલંકીએ એના ખભા પર હાથ મૂક્યો. રમેશની આંખો વિદ્યુત ભઠ્ઠીમાં ધકેલાવા માટે તૈયાર નનામી પર હતી. પાછળ જોયા વિના જ એ બોલ્યો: ‘સાહેબ, મેં કેટલાય સગાસંબંધીઓને વળાવ્યા છે, પણ આજે સાવ અજાણ્યા લોકોને આવી કરુણ વિદાય પહેલીવાર આપી. ભગવાન પાસે એટલું જ માગું છું કે આવું મોત કોઇને ન આપે. ચાલો સાહેબ....’ એ આગળ નીકળીને એમ્બ્યુલન્સમાં બેસી ગયો. ચારેય એમ્બ્યુલન્સ શોકમગ્ન હોય એમ સાયરન વગાડ્યા વિના સૂમસામ રસ્તા પર દોડવા લાગી. એમ્બ્યુલન્સ હોસ્પિટલ પહોંચી ત્યારે એટુઝેડ ચેનલની વેન બહાર જ ઊભી હતી.

**************

સોલંકીએ મિશ્રા પાસેની પાણીની બોટલ લઇને મોં ધોયું.

‘સાહબ, મૈંને ટીવીવાલોં કો કૂછ નહીં બતાયા.’ મિશ્રાએ વેનની સામે જોતા કહ્યું. સોલંકીએ એની વાત અવગણી. બચેલા પાણીની બોટલ રમેશને આપીને અંદર ગયો. ડો. શાહની કેબિનમાં રિપોર્ટર સંજુ અને કેમેરામેન હેગડે બેઠા હતા.

‘સાહેબ, તમે મોટા ડોક્ટર સાહેબને સમજાવોને...એકવાર પેલી બાઇનું શૂટ કરવા દે.’

‘એ તો ની બને....એને બદલે ડો. શાહ સનસનાટી મચાવી દેનારું સ્ટેટમેન્ટ આપહે...એ લઇ લો...’ સોલંકી બોલ્યો.

સંજુએ હેગડેની સામે જોયું. બંનેએ પછી ડો. શાહની સામે જોઇને કહ્યું.

‘ચાલશે સાહેબ, હેગડે કેમેરા ઓન કર.’ હેગડે તૈયાર જ હતો. ડો. શાહે લેન્ડલાઇનનું રિસિવર નીચે મૂક્યું. કેબિન પર ટકોરા પડ્યા. સોલંકીએ જોયું ડો. સાળુંખે હતાં.

‘એની થિંગ અરજન્ટ?’ ડો. શાહે પૂછ્યું.

‘થોડા રિપોર્ટસ વિશે વાત કરવી છે.’ ડો. સાળુંખે બોલ્યાં.

‘સર, અમે થોડીવાર બહાર જતા રહીએ. તમે અરજન્ટ મીટિંગ પતાવી લો.’ સંજુ અને હેગડે બહાર ગયા કે તરત જ ડો. સાળુંખે બોલ્યા: ‘સર, આઇસોલેશનમાં રખાયેલાં કોરોનાના દરદીઓની બીજીવાર ટેસ્ટ કરવામાં આવી. જેના રિપોર્ટસ આવી ગયા છે જેમાંથી દસ જણ સાજા થયા છે... અને એમાં એક મિસ એક્સ છે.’

‘સારવારની અસર થઇ એ સારા સમાચાર છે, પણ મિસ એક્સ ક્યાં જશે.?’ ડો. શાહે કહ્યું.

‘એનું આપણે પછી જોઇ લેવા.....હાલ જે સાજા થયા એમને ઘરે મોકલવાની શરૂઆત કરી દો.’ સોલંકી બોલ્યો.

‘પણ આપણે ચેનલવાળાને શું કહેશું?’ ડો. શાહે પૂછ્યું.

‘એને આપણે નક્કી કયરું એ સનસનાટી મચાવનારું સ્ટેટમેન્ટ આપી દો, સાહેબ.’

‘હું જાઉં સર...?’ ડો. સાળુંખે બહાર ગયાં ને સંજુ અને હેગડે અંદર આવ્યા.

કેમેરા ઓન થયો. ડો. શાહે બોલવાનું શરૂ કર્યું.

‘અમે એટુઝેડ ચેનલના માધ્યમથી ફરી એકવાર જાહેર અપીલ કરીએ છીએ કે અમારી હોસ્પિટલમાં સારવાર હેઠળની મૂક-બધીર યુવતી સહીસલામત છે, પરંતુ ગઇ રાતે કોઇ અજાણ્યા માણસે બુરખો પહેરીને એ યુવતીની સલામતી જોખમમાં મૂકવાની કોશિશ કરી. એ શખસ એનો પતિ હતો તો બુરખો પહેરીને શા માટે આવ્યો? અમારી એ ભાઇને વિનંતી છે કે જો એ એનો પતિ હોય તો માનસન્માન સાથે પત્ની અને બુરખો લઇ જાય. અને જો એ એનો પતિ નથી તો અમારે ન છુટકે પોલીસમાં ફરિયાદ કરવી પડશે.’

‘ટીવીમાં ન્યૂઝ જોઇ રહેલા હરેશના હાથ-પગ ઢીલાં પડી ગયા. એણે ટીવીની સ્વીચ ઓફ કરીને પાછળ જોયું તો બચીબાઇ ઊભી હતી. (ક્રમશઃ)■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@
bombaysamachar.com

# કચ્છી પ્રેમભરી કુરનિશ

ગુજરાતી સાહિત્ય લેખન પર હમણાં એક કાર્યક્રમમાં આલેખ પાઠ કરવાનું થયું, ત્યાં પણ કચ્છ અને કચ્છીની ખૂબ યાદ આવતી હતી. એ પરથી સ્વસાહિત્ય માટે થોડું મનોમંથન ચાલતું હતું, ત્યારે રામસિંહ રાઠોડની કલમથી કચ્છી રાગજી રોશનાઈની અનોખી પ્રસ્તુતિને આજે માણીએ.

દિલ અને દિમાગના એકરસમાંથી રેલાતી રચના એટલે રાગ. કચ્છીમાં રાગ કરવો એટલે સાહિત્ય રચવું, હૃદયના હલચાલને શબ્દરૂપ આપવું. રાગ એટલે એ ભાવ જગતનો સંવાદ, જ્યાં શબ્દો સંગીતના લયે ધબકતા હોય છે. કચ્છી રાગના બંધારણ વિના કચ્છી સાહિત્ય અધૂરું છે, કેમ કે એ જ કચ્છની ભાષા, સંસ્કૃતિ અને માનસની મૂળ ધ્વનિ છે.

કચ્છી રાગના રાગ-વાઙ્મયમાં મનને કારે એવો સાચો સાર અને સૂર છે; જે કચ્છની ધરતીની ધૂળમાં, રેતીના ધોરાંમાં અને દરિયાની લહેરોમાં પણ સંભળાય છે. ગામઠી કચ્છ એને રોજિંદા જીવનમાં ભોગવે છે; રોજની વાતચીતમાં, તહેવારોમાં, મેળામાં અને માનવસંબંધોમાં પણ.

આજે કચ્છી રાગનો ભાણ જાણે ફરી એકવાર ડૂબવાની તલપ જગાવે છે. અત્રે જે રજૂ થાય છે તે એની સંધ્યાની આભાનું આછું અજવાળું છે; અંધારાની પહેલાંની તે ચમક, જે કચ્છની આત્માનો પ્રકાશ છે.

પાણી મથે પન તરે ને તીકું ડે, તિંય અસાંજો મન લુડે લોરી વિચમે

જેમ જલલહેરમાં તરતું પાન ક્યારેક બૂડે, ક્યારેક તરે તેમ કચ્છી રાગનાં લહેરિયાં મનુષ્યના મનમાં હેલાં લે છે. કચ્છી રાગ એ કચ્છના માણસના મનની ભીતર ઊંડે ઉતરેલું સંગીત છે, જે દુઃખમાં સાથ આપે અને આનંદમાં ઉમંગ વધારે છે.

આ કોઈ લેકસાહિત્યની ઔપચારિક મહેફિલ નથી, ન કોઈ ભજન-કીર્તન કે કવ્વાલીનો મંચ. આ તો છે જનતાની મધમાં ગુંથાયેલા ગામઠી ઢંગના કાલાવાલાઃ કચ્છની અસલિયતનો ઉત્સવ. રાગ અને રાગીની આ રોશનાઈ ભારતીય સંગીતની મોટી ગાથામાં કચ્છી પ્રેમભરી કુરનિશ છે.

કચ્છી રાગની ખાસિયત એ છે કે એ ભાવવાહી, મીઠી અને મૌલિક કવિતાશૈલી ધરાવે છે. એમાં એક ચંગો રંગ છે, જે શબ્દોને સૂરના સહારે જીવંત કરે છે. પ્રાકૃત અને સંસ્કૃતની મળતાવાડી કચ્છી બોલ, ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં એક અનોખું ચમકતું પાન ઉમેરે છે.

કચ્છી રાગ માત્ર શબ્દો કે સૂર નથી, એ તો કચ્છી માનસનો સ્વર છે. ધૂળના ધોરાંથી લઈને દરિયાના તટ સુધી એની ગૂંજ છે. તે પ્રેમમાં મીઠાશ લાવે છે, વિયોગમાં સહાનુભૂતિ આપે છે અને આશામાં નવો ઉલ્લાસ જગાવે છે.

કચ્છી રાગ ગુજરાતી કવિતાના લયભાવને ઉજળો બનાવે છે અને આ રીતે કચ્છી ભાષા ગુજરાતની કવિતાની રોશનાઈમાં પોતાનો દીવો પ્રગટાવે છે.

કચ્છી રાગને જાણવું, નાણવું અને માણવું એટલે કચ્છને તેની સંસ્કૃતિના સાચા સ્વરૂપે અનુભવું. કચ્છી રાગની રોશનાઈનો આ ઝબક ગુજરાતની આંખને ચમક આપે એ મિશાલ ભારતીય કવિતાના છત્રીશ રાગ પૂરા માં અત્રે મોજૂદ થાય છે.

***સુણો સૂર કેલેયાણ સિને મ્યાંનું લધો***
***જખરા તું જમન જીંય સોર રાગ જીલાઈયેં***
***થેઆ સૂર સામુંઢિકે વૈયા ઉ વટાયે***
***સુઅણીકે સિક સાડજી ધરિયામેં ધામાયે***
***ખટણ હલઈ ખંભાત સે સારંગ સુણાઈયેં***
***કઈ કાલ કિડારેનું વ્યા કાફલા કાહે***
***સસઈ પાંજે સાજન પુઆ આભડી ઓભાએ***
***મુલક મિડે માજુરી કેયા ધેસી પૈચ પચાઈયે***
***કલ કી પઈ કોયારીનું વ્યા છપર છોલાએ***
***હોસેની લજ હુંધા ભીલાલ ભરમાઈયેં,***
***સંગીત સોરઠ સુણી ભરવેસેં ભુલાઈયેં***
***રમઈ હીર રાંજનસે ઈ ઈછકસેં અડાઈયેં,***
***સુણ સોંક કછ કીનરેજા રાણકે રીજાઇયેં***
***ખુશ થૈ ખાહુડી, રામકલી રાગે***
***સુર રિપનું વૈદ્યા ચનેસર સેં ચાહે***
***ધીધાર ડોથીવનલા થૈ કાપાતી કંમાઇયે***
***ડાઈ થૈ ડારલા ગર ગાતુ ગારાઈયે***
***રખે સેક સિક્કિડારેજો આસા ઉમેધ હુલાઈયે.***
***મારઈજી મીંજે મ્યાં, લુડાવ લંગેઇય લંગાઈયેં***
***દ્રકથી ઢોલામારૂજો વ્યા કાફલા કાહે***
***ધનાસરી ધિલભર ડિસી મોરચંગ મિલાઈયેં***
***જલાય જાન જોગી, ગિંધરી ગુજ ગાલાઈયેં***
***સુજેં કાલ કારાયલજો સૂર સિનેસે સુણાઈયેં***
***બેસક ભેરવ ભાઈયાં લીલાં લાડ લુડાઈયેં***
***તંબૂરેજી તંધસે લગી લઉં કશરી કરાઇયેં***
***ઇં છત્રી સૂર પૂરા વાઈમે વેરાઇયેં***
***ચય બાવો બાપુશાહ ગુલશન ગારાઈયેં***
***વલેંજો વલેકાર કછી રાગમે સુણાઈયેં*** ■



સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# કમોસમી વરસાદની જેમ આવતી મુસીબત જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે...



અમેરિકાના પ્રવાસેથી પાછા ફર્યા બાદ મને નાટકોની કોઈ ઓફર નહોતી આવી. સદનસીબે કામ વિના હાથ જોડી બેસી રહેવાનો વારો નહોતો આવ્યો. ‘રશ્મી શર્મા ટેલિફિલ્મ્સ’ની ધારાવાહિક ‘સાથ નિભાના સાથિયા’માં રોલ મળ્યો હોવાથી મારું ગાડું ગબડી રહ્યું હતું. અલબત્ત, નાટકમાં કામ કરવાનો જે આનંદ જે ભૂમિકા ભજવવાની ચેલેન્જ હોય એ બધું સિરિયલમાં ન હોય, પણ મારી કોઈ ફરિયાદ નહોતી. મારે કામ કરવાનું હતું જેથી મારી આર્થિક જરૂરિયાત પોષાતી રહે. ‘સંતોષી જીવ સદા સુખી’ એ જીવનમંત્ર મેં અપનાવ્યો હતો. એના અનુકરણને લીધે વ્યથા આવતી તો પણ એની પીડા બહુ નહોતી થતી.

ટીવી સિરિયલમાં શૂટિંગ દરમિયાન એક સાથી કલાકારે સંતોષી જીવનનો એક ચોટદાર પ્રસંગ કહ્યો હતો જે હું ‘મુંબઈ સમાચાર’ના પ્રિય વાચકો સાથે શેર કરું છું. એક ભિક્ષુક હતો. એને ઓછું મળે ત્યારે પ્રભુને હાથ જોડી ફરિયાદ કરતો કે ‘ઈશ્વર, આજે ઓછું કેમ આપ્યું?’ જોકે, કોઈ દિવસ ધાર્યા કરતાં ઘણું વધારે મળી જાય તો પ્રભુનો પાડ નહોતો માનતો. સ્વભાવે લોભી હતો. એક દિવસ દાનની દેવી એના પર પ્રસન્ન થઈ. ભિક્ષુકને આકાશવાણી સંભળાઈ કે ‘હું તારા પર પ્રસન્ન છું. સોનામહોરનો વર્ષાવ કરું છું. તારી ઝોળી ફેલાવી ભેગી કરી લે. પણ, એક વાત યાદ રાખજે કે જો સોનામહોર જમીન પર પડશે તો એ કાંકરા થઈ જશે.’ ભિક્ષુકે માથું ધુણાવ્યું અને પોતાની જૂની ઝોળી ફેલાવી સોનામહોરના વરસાદની પ્રતીક્ષા કરવા લાગ્યો.

દાનની દેવીના વચન અનુસાર સોનામહોરનો વરસાદ થયો, ભિક્ષુકની ઝોળી ભરાવા લાગી અને ધીરે ધીરે છલકાવા પણ લાગી. સોનાની ચમકથી ભિક્ષુકના મન પર લોભે ભરડો લીધો અને હવે બસ કરો એમ બોલવાનું ભાન જ એને ન રહ્યું. ઝોળીમાં સોનામહોરનો ભાર વધતો ગયો, પણ ભિક્ષુકનો લોભ ઓછો ન થયો. દાનની દેવીએ પૂછ્યું પણ ખરું કે ‘હજુ કેટલી?’ ભિક્ષુકે જવાબ આપ્યો કે ‘વાંધો નહીં, આવવા દ્યો’. દેવી મર્માળુ હસ્યાં અને સોનામહોર મોકલવાનું ચાલુ રાખ્યું. એક તબક્કે ભિક્ષુકની જૂની ઝોળી વજન ખમી ના શકી અને ફાટી ગઈ. જમીનને અડતા જ બધી જ સોનમોહર કાંકરા થઈ ગઈ. આ જોઈ બેબાકળા થયેલા ભિક્ષુકે ઉપર આકાશ તરફ નજર નાખી તો દાનની દેવી અદ્રશ્ય થઈ ગઈ હતી. છે તો આ એક દ્રષ્ટાંત કથા, પણ ઘણું બધું શીખવાડી જાય છે.

‘સાથ નિભાના સાથિયા’ સિરિયલનું કામ ઘણું લાંબું ચાલ્યું, લગભગ બે વર્ષ. અલબત્ત એકધારું – સતત નહીં. કટકે કટકે કામ આવે. ટીવી સિરિયલવાળા તેલ જુઓ તેલની ધાર જુઓ એ વાત ધ્યાનમાં રાખી ટ્રેક બદલતા હોય. પરિણામે વચ્ચે નવા કલાકારની પણ એન્ટ્રી થાય. કથા આગળ ચાલે અને ક્યાંક જૂના તાંતણા મળી જાય ત્યારે ફરી કહેણ આવે. વચ્ચે વચ્ચે મીના ઘીવાલાની ટેલિવિઝન સિરિયલ માટે પણ કામ મળ્યું હતું. ટૂંકમાં નાટકોની ગેરહાજરીમાં ટેલિવિઝન મને પોષી રહ્યું હતું. હું મારા વન રૂમ કિચનના નાનકડા ફ્લેટમાં રહેતી હતી એટલે બહુ જંજાળ પણ નહોતી.

એવામાં એક દિવસ એવી ઘટના બની જેની મેં સપનેય કલ્પના નહોતી કરી. મુસીબત ઘણી વાર કમોસમી વરસાદની જેમ આવી જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે. મારી સાથે પણ એવું જ બન્યું. વધુ એક વાર.

રાતે હું મીઠી નીંદરમાં હતી અને બેલ વાગી. હું સફાળી જાગી અને ઘડિયાળમાં જોયું તો ૧૧ વાગ્યા હતા. આ સમયે કોણ આવ્યું હશે એવો વિચાર આવ્યો અને કોઈ અટકળ બાંધું એ પહેલા બહારથી અવાજ આવ્યો કે ‘મમ્મી, બારણું ખોલ, હું છું.’ નોકરી માટે એક મહિનો બહાર રહેતા મારા દીકરા શાંગ્રિલનો અવાજ સંભળાયો. મને થયું કે હજી મહિનો પૂરો નથી થયો અને એ કેમ પાછો આવી ગયો? અલબત્ત આ સવાલનો જવાબ તો એ જ આપી શકે એમ હતો. દરવાજો ખોલતા મેં શું જોયું? નિસ્તેજ અને નંખાયેલા ચહેરા સાથે મારો દીકરો ઊભો હતો. હું અસ્વસ્થ થઈ ગઈ અને લાગલો સવાલ કર્યો કે ‘દીકરા, થયું છે શું? વિનિતા (એની પત્ની) સાથે બોલાચાલી – અણબનાવ જેવું કંઈ થયું છે?.

એક પણ અક્ષર બોલ્યા વગર દીકરો મને ભેટી પડ્યો અને એટલું જ બોલ્યો કે ‘આઈ, વિનિતા ડિવોર્સ માંગે છે.’

‘બાપ રે!’ મારા મોઢામાંથી એટલા જ ઉદગાર નીકળ્યા. પિયરમાં રહેતી એની પત્નીએ ડ્યુટી પરથી એને પોતાનાં ઘરે બોલાવી લીધો અને રાતના જ બધી વાત સાફ સાફ સંભળાવી દીધી હતી. છૂટાછેડા માટેનું કારણ શું એવું મેં પૂછ્યું તો દીકરા પાસે કોઈ જવાબ નહોતો. અમને પાછળથી ખબર પડી કે એ બીજી વ્યક્તિ સાથે રિલેશનશિપમાં હતી. મારો દીકરો એક મહિનો પત્ની સાથે હોય અને એક મહિનો ડ્યુટીના કારણે એકલો હોય એ દરમિયાન વિનીતા બીજા કોઈના પ્રેમમાં પડી. અલબત્ત દીકરાએ પત્નીને મનાવવાની ઘણી કોશિશ કરી પણ એ તો ડિવોર્સ માટે જીદ પકડીને બેઠી હતી.

અંતે બાંદ્રા કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ થઈ અને એ જ સમયે મને ‘અગલે જનમ મુજે બિટિયા હી કીજો’ સિરિયલની ફરી ઓફર આવી. અગાઉ હું પાંચ દિવસનું શૂટિંગ કરી આવી હતી. વાર્તા આગળ વધી હોવાથી અને મારા પાત્રની જરૂરિયાત ઊભી થઈ હોવાથી ‘મહેશ્વરી બહેન, તમારું શૂટિંગ છે. આવી જજો’ એવું કહેણ આવ્યું. મને કામની જરૂર તો હતી જ. પણ આ વખતે માનસિક રીતે સ્વસ્થ નહોતી અને સિરિયલમાં કામ કરવાને બદલે દીકરા પાસે હાજર રહેવું મને વધુ જરૂરી લાગ્યું. લે ‘મૈં કામ નહીં કર સકતી’ એમ કહી ના પાડી દીધી. એ દિવસોમાં મેં ઘણું કામ જતું કર્યું – ગુમાવ્યું. અલબત્ત મને એનો અફસોસ નહોતો, કારણ કે એક્ટ્રેસ પછી, પહેલા હું માતા હતી જે સંતાનના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય. વ્યથિત દીકરાને એકલો મૂકી મારે કામ નહોતું કરવું.


આખરે દીકરાના ડિવોર્સ થઈ ગયા. માનસિક સંતાપના એ દિવસોમાં શાંગ્રિલ મારી સાથે જ નાનકડા ફ્લેટમાં રહેતો હતો. છૂટાછેડા પછી પ્રોપર્ટીને કારણે વિવાદ ન થાય એ માટે શાંતાબહેન અને એના દીકરા – વહુને રહેવા માટે જે ઘર આપ્યું હતું એ વેચી નાખ્યું અને પૈસા ઠેકાણે લગાડી દીધા. અને શાંતાબહેન, એમનો દીકરો કુલદીપ, એની પત્ની અને એમનું સંતાન શાંગ્રિલ સાથે એના ફ્લેટમાં રહેવા લાગ્યા. જોકે, કુલદીપ કોઈ કામ ધંધો નહોતો કરતો એટલે બધી જવાબદારી મારા દીકરા પર આવી પડી. પછી દીકરાએ મને એની સાથે જ રહેવા બોલાવી લીધી. ■

### કવિઓનું નાટ્યકાર તરીકે નોંધપાત્ર યોગદાન

કૃષ્ણલાલ શ્રીધરાણીની પ્રમુખ ઓળખ કવિ તરીકે છે. તેમની અનેક રચનાને બહોળી પ્રસિદ્ધિ મળી હતી. ‘સલામ’ કાવ્યમાં પ્રેમીઓના સ્વભાવની વિષમતાઓ પ્રગટ થાય છે. અભિમાની – ગર્વિષ્ઠ નાયિકાને કવિતાનો નાયક ખુમારીથી સંભળાવી દે છે કે ‘સલામ સખી! આજથી નવ વદું તને હું કદી, હવે હૃદયમાં નહીં જ તું અભિમાન રાખતી.’ એમની કવિતાઓમાં કટાક્ષ ભારોભાર નજરે પડતો હતો. જોકે, શ્રીધરાણીની એક ઓળખ ઘણા લોકો નથી જાણતા અને એ છે નાટ્યકારની ઓળખ. ‘પીળાં પલાશ’ અને ‘સોનપરી’ ઉપરાંત ‘વડલો’ અને ‘ડુંગળીનો દડો’ જેવા બીજાં કેટલાક નોંધપાત્ર બાળનાટકો શ્રીધરાણીએ લખ્યાં હતાં. ‘વડલો’ નાટકની ખાસ્સી ચર્ચા થઈ હતી અને એના નવતર પ્રયોગને કારણે એની ખૂબ પ્રશંસા સુધ્ધાં કરવામાં આવી હતી. નાટકમાં પ્રકૃતિ સાથે ખેલ ખેલતા ગ્રહો – નક્ષત્રો તેમજ પવન, ઝરણાં, પક્ષી જેવાં મનુષ્ય સિવાયનાં પાત્રો અને માનવી સાથે કાવ્યાત્મક અનુભવ પ્રેક્ષકોને કરાવ્યો હતો. તેમણે એકાંકી સુધ્ધાં આપ્યાં છે જેમાં ‘પિયા ગોરી’ કરુણ નાટક હતું. આ સિવાય તેમના ઐતિહાસિક કથાવસ્તુ ધરાવતા નાટક ‘પદ્મિની’માં એમની પ્રયોગશીલ શૈલી નજરે પડે છે. સામાજિક નાટક ‘મોરનાં ઈંડાં’ ખાસ્સું પ્રચલિત બન્યું હતું. એવું જ ઉમાશંકર જોશીની બાબતમાં જોવા મળે છે. કવિ તરીકે પોતાનું અલાયદું એવરેસ્ટ બનાવનારા કવિએ ‘સાપના ભારા’, ‘બારણે ટકોરા’, ‘ઊડન ચરકલડી’ અને ‘પડઘા’ જેવા ગુજરાતી ભાષાનાં ગૌરવ લઈ શકાય એવા એકાંકીઓ આપણને આપ્યા. ઈન્દુલાલ ગાંધી પછી આ બન્ને કવિઓએ એકાંકી લેખનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. ઈન્દુલાલ ગાંધીના એકાંકીઓ આકાશવાણી રાજકોટ કેન્દ્ર પરથી રજૂ થયા હતા.

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# રિવાજ - કુરિવાજ વચ્ચેનો ભેદ પારખીને જીવો




થોડા સમય અગાઉ એ પરિચિત સાથે વાત થઈ. એ વખતે તેમણે ફરિયાદના સૂરમાં કહ્યું: ‘હું સંયુક્ત કુટુંબમાં રહું છું. મારા- પિતાના મૃત્યુ પછી ઘરના બધા નિર્ણય મારા મોટા ભાઈ જ લે છે. તેમની સાથે મારે બીજી બધી વાતે સારું બને છે, પણ સારા-નરસા પ્રસંગે કેટલાંક કુરિવાજોના પાલનનો આગ્રહ રાખવાના તેમના જડ વલણને કારણે મારાં સંતાનો અકળાઈ જાય છે. એ બધા કહે છે કે તમે કેમ કંઈ બોલતા નથી? હું પણ કુરિવાજોની વિરુદ્ધ છું એટલે સંતાનોની વાત સાથે સહમત છું, પણ આખી જિંદગી મોટાં ભાઈની આમન્યા રાખી છે એટલે તેમની સામે કશું બોલી શકતો નથી. મારાં સંતાનો જેવી જ ફરિયાદ મોટા ભાઈના એકના એક દીકરાને પણ હતી. તે જુદો થઈને બીજે રહેવા ચાલ્યો ગયો છે. હવે મોટા ભાઈ કહે છે કે મારો દીકરો તો મારા કહ્યામાં ન રહ્યો. હવે તારાં સંતાનો પર જ મને આશા છે. આને કારણે મારી સારી હાલત કફોડી થઈ ગઈ છે.’

તેમની વાત સાંભળીને મને ઓશોના કોઈ પુસ્તકમાં વાંચેલી એક બોધકથા યાદ આવી ગઈ. ઓશો મુલ્લા નસીરુદ્દીનના પાત્રને કેન્દ્રમાં રાખીને ઘણી ચોટદાર વાતો કહી ગયા છે એમાંની આ એક છે.

મુલ્લા નસીરુદ્દીન કેટલાક ખરાબ રીત-રિવાજોમાં માનતા નહોતા. તેમના ઘણાં સગાં અને મિત્રો તેમની ઈર્ષા કરતા. તેઓ કેટલાક ખરાબ રીત-રિવાજો પાળવાનો ઇનકાર કરી દેતા ત્યારે તેમના સગાંવહાલાં-દોસ્તો કોચવાતા પણ મુલ્લાને કંઈ કહી ન શકતા, કારણ કે કોઈ ખોટી સલાહ આપવા જાય તો મુલ્લા તેમનું અપમાન કરી દેતા. ધર્મને નામે કે સમાજ-બિરાદરીના નામે એમને દબાવી ન શકતા. વળી મુલ્લા પૈસાદાર હતા એટલે તેમના મોટા ભાગના સગાંવહાલાં-દોસ્તોને ક્યારેક તો તેમની મદદની જરૂર પડતી રહેતી. એટલે પણ એ બધા મુલ્લાની કોઈ વાત ન ગમે તો પણ મૂંગા રહેતા.

આમ છતાં નસીરુદ્દીનના ઘણા વિરોધીઓ હતા. એ લોકોને નસીરુદ્દીન આંખમાં કણાની જેમ ખૂંચતા. એ બધા મુલ્લાને પાઠ ભણાવવાની તક શોધતા રહેતા. આવી રીતે એક વાર કોઈ કુરિવાજને મુદ્દે મુલ્લાએ વિરોધ નોંધાવ્યો ત્યારે તેમના વિરોધીઓએ હોહા મચાવી મૂકી.

મામલો વધી ગયો અને નસીરુદ્દીનના વિરોધીઓએ મુલ્લાના વિરોધમાં સભા બોલાવવા બિરાદરી પર દબાણ કર્યું. નસીરુદ્દીનને બિરાદરીની એ બેઠકમાં હાજર રહેવાનો આદેશ અપાયો. મુલ્લા ક્યારેય પલાયનવાદ ન અપનાવતા એટલે તેઓ નિશ્ચિત સમયે બિરાદરીની બેઠકમાં હાજરી આપવા પહોંચી ગયા.

એ વખતે મુલ્લા સાથે પોતાના બળદને લઈ ગયા. ગામના મોટા ચોકમાં બિરાદરીની બેઠક યોજાવાની હતી ત્યાં બળદને દોરીને પહોંચ્યા એટલે બધાંને કુતૂહલ થયું. સભા શરૂ થવામાં હજી થોડી વાર હતી. નસીરુદ્દીનને બળદ સાથે આવેલા જોઈને કેટલાક લોકોને નવાઈ લાગી અને કેટલાક વિરોધીઓને ડર લાગ્યો કે મુલ્લા તેમના શક્તિશાળી બળદને અમારા પર છોડી મૂકશે.

નસીરુદ્દીનના કેટલાક મિત્રોએ આશ્ચર્યને કારણે અને કેટલાક વિરોધીઓએ ભયને કારણે નસીરુદ્દીનને પૂછ્યું, ‘આ બળદ શા માટે લઈ આવ્યા?’

નસીરુદ્દીને જવાબ આપ્યા વિના એક મિત્રને એક નાનકડો ખીલો અને હથોડો આપતાં કહ્યું: ‘આ ખીલો જમીનમાં ખોડી દે. મારે બળદને બાંધવો છે.’

નસીરુદ્દીનના તે મિત્રએ ખીલો જમીનમાં ખોડ્યો એટલે નસીરુદ્દીને બળદને બાંધેલા દોરડાંના છેડાને એ ખીલા સાથે બાંધીને ગાંઠ વાળી. એ દોરડું એકદમ પાતળું હતું અને ખીલો એકદમ નાનો હતો.

આ જોઈને ત્રણ-ચાર જણ એકસાથે બોલી ઊઠ્યા કે આટલા નાના ખીલાથી અને આટલાં પાતળાં દોરડાંથી આ બળદ થોડો બંધાવાનો હતો? બળદ દોરડું તોડીને કે ખીલો ખેંચીને ભાગી જશે!

નસીરુદ્દીને હસીને કહ્યું: ‘એમ કેવી રીતે ભાગી જશે એ? એ દોરડું તોડીને ભાગી જશે તો તેણે તેના બિરાદરીવાળાઓને જવાબ નહીં આપવો પડે?’

નસીરુદ્દીનના વિરોધીઓ થોડા ઝંખવાણા પડી ગયા. એ લોકો કશું બોલે એ પહેલા નસીરુદ્દીને ઉમેર્યું: ‘આ બળદ જ્યારે નાનો વાછરડો હતો ત્યારથી હું તેને આ ખીલાથી અને આ જ દોરડાથી બાંધી રહ્યો છું. નાની ઉંમરમાં એણે આ બંધન તોડવાની કોશિશ કરી હતી, પણ તેને નિષ્ફળતા મળી હતી. ત્યારથી તેણે સ્વીકારી લીધું છે કે તે આ બંધન તોડી નહીં શકે.’

કોઈએ કહ્યું, ‘પણ અત્યારે તો આ બળદ શક્તિશાળી છે. એક હળવા ઝટકા સાથે તે આ બંધન તોડી શકે!’

‘એ ચોક્કસ એવું કરી શકે, પણ એ એવું કરશે નહીં કેમ કે તે આ ગામમાં તમારા બધાની વચ્ચે મોટો થયો છે! તમે પણ લાંબા સમયથી જે માન્યતા મગજમાં ઠસાવીને બેઠા છો એમાંથી ક્યાં બહાર આવી શકો છો? કુરિવાજોની ચુંગાલમાંથી બહાર આવી શકાય એવું તમે ક્યાં માનો છો!’

૦૦૦

ઓશોની આ બોધકથા કહીને મેં મારા પરિચિતને સલાહ આપી કે તમે શિક્ષિત છો એટલે તમારે કુરિવાજો સામે અવાજ ઊઠાવવો જ જોઈએ. રિવાજ જુદી વાત છે અને કુરિવાજ જુદી વાત છે.

ઘણા ઉચ્ચ શિક્ષિત લોકો પણ વાહિયાત કુરિવાજોને અનુસરે ત્યારે આશ્ચર્ય અને આઘાતની લાગણી થાય છે. જે-તે સમયે એ કુરિવાજની શરૂઆત કઈ રીતે થઈ હતી એ વિષે તેમને કહીએ તો પણ એ સાંભળવા એ સમજવા તૈયાર નથી હોતા.

માણસે રિવાજ અને કુરિવાજ વચ્ચેનો ભેદ પારખીને જીવતા શીખવું જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# રવિવાર : સૌથી મોટો તહેવાર... સુખનો મામૂલી સિક્કો

**ટાઈટલ્સઃ**

**દુઃખમાં રજા... સજા લાગે. (છેલવાણી)**

યાદ છે બાળપણમાં વૃદ્ધ દાદીમા પહેલાં તો એક પોટલી ખોલતાં. પછી પોટલીમાંથી નાની થેલી, થેલીમાંથી બટવો, બટવામાંથી રૂમાલ કાઢતાં ને રૂમાલમાંથી ૧રૂ.નો સિક્કો કાઢીને તમને ખૂબ પ્રેમથી આપતાં!

રવિવારની રજાનુંયે એવું જ છે. સોમ મંગળ બુધ વગેરે દિવસોની પોટલી-થેલી- બટવામાંથી નીકળેલો ‘સુખ નામનો મામૂલી સિક્કો એટલે સંડે!’

સંડે પર તમને ઘરે ઘરે અમુક શબ્દો અચુક સાંભળવા મળશે : ‘ચાલોને કશુંક કરીએ’ કે ‘કંઈક પ્લાન બનાવીએ.’ રવિવારે તમે ખાસ કંઈ ના કરો તોયે ‘શું શું કરવું?’ ને ‘તમે શું શું નથી કરી શક્યા?’ એની ચિંતા જ તમને હજારો હાર્ટ-એટેક આપી શકે છે.

ગીતામાં એક શબ્દ છેઃ ‘અકર્મ’. બસ તો રવિવાર, ‘અ-કર્મ‘ને ઊજવવાનો વાર છે તોયે મનગમતા સંડેની સળગતી સમસ્યા છેઃ ‘બોરડમ કંટાળો’. તમે પરણેલા હશો તો પત્ની કે પતિ અચાનક હાથમાંથી છાપું પછાડીને કહેશે, ‘શું દર અઠવાડિયાની જેમ રાશિ ભવિષ્ય વાંચવાનું? વર્તમાનનું વિચારોને કંઇ! અમારે રજામાં આમ જ સડવાનું છે. કંઈક તો એક્સાઇટિંગ હોય? આ કાંઇ લાઈફ છે!’

તમને કહેવાનું મન થશે, ‘હમણાં સુધી તો તમે વાંચવામાં મશગૂલ હતા ને અડધેથી આર્ટિકલ બોરિંગ બની ગયો એટલે લાઈફ બોરિંગ લાગવા માંડી? અચાનક ‘કંઈક કરવું જોઈએ’ નું મહાજ્ઞાન પ્રગટ્યું?’ રવિવાર ચીજ જ એવી છે.

એમાં યે ભૂલથી પણ રવિ-પૂર્તિમાં કોઇ લેખ વાંચતી વખતે ‘અરેરે...શું થવા બેઠું છે સમાજમાં?’

એમ બોલો તો સૌ તરત જ પૂછશે : ‘શું થયું? શું થયું’ તમે ભોળાભાવે ખાલી સમાચાર શેર કરશો કે ‘ચંદીગઢમાં એક ગૃહિણીએ વરને ડિવોર્સ આપ્યા, કારણકે એ રવિવારે પત્નીને બહાર ફરવા ના લઇ જતો ને બસ ઘોર્યા કરતો!’

...અને બસ થઈ રહ્યું! તરત જ ઘરનાં સ્ત્રીપાત્રો તૂટી પડશેઃ ‘તે એમાં એકલીનો વાંક? વરની જવાબદારી નહીં કે પત્નીને પિક્ચર જોવા લઇ જાય? ત્યાં થિએટરમાં ભલેને ઘોરતો!’ પછી સમસ્ત પુરુષજાતિ તરફથી ચૂપ થઇને તમારે માથું ઢાળી દેવું પડે!

**ઈન્ટરવલઃ**

**હઝારોં ખ્વાહિશેં ઐસી કિ હર ખ્વાહિશ પે દમ નિકલે,**
**ઇતવાર મનાને કે અરમાન થે, હર અરમાન કમ નિકલે.**
**(‘ગાલિબ’ની માફી સાથે)**




તમે માનશો કે ૧૮૯૦ સુધી ભારતમાં રવિવાર જેવી સાપ્તાહિક રજા જ નહોતી! અંગ્રેજોના શાસનમાં મજૂરોએ ૭ દિન આખું અઠવાડિયું કામ કરવું પડતું, પણ અંગ્રેજોને છુટ્ટી મળતી કારણ કે અંગ્રેજીમાં રજાને ‘હોલિડે’ અર્થાત્ ‘પવિત્ર દિવસ’ કહેવાય ને એ ગોરાઓનો ચર્ચમાં જવાનો દિવસ.

ત્યારે નારાયણ મેઘાજી લોખંડે નામના ભારતીય મિલ મજૂર નેતાએ બ્રિટિશ સરકારને અરજ કરી કે ભારતીય મજૂરોને પણ એક દિવસ રજા મળવી જ જોઈએ, જેને અંગ્રજોએ સંપૂર્ણપણે ફગાવી દીધી.

પછી તો લોખંડેજીએ લોખંડી મનોબળ સાથે મજૂરોને ભેગા કર્યા અને ‘બોમ્બે હેન્ડ્સ એસોસિએશન’ દ્વારા, પહેલીવાર ૧૮૮૧માં ફેક્ટરી એક્ટમાં ફેરફાર માટે પ્રચંડ આંદોલન કર્યું. મુંબઇનાં રેસકોર્સ મેદાનમાં દેશભરના ૧૦,૦૦૦ કામદારોએ હડતાળની જાહેરાત કરી ને આખરે ૧૦મી જૂન,૧૮૯૦ના રોજ, ગોરાઓએ સ્વીકારવું પડ્યું કે ભારતીય કામદારોને પણ રવિવારે રજા ને બપોરે અડધો કલાક ‘લંચબ્રેક’ મળશે.

તો થેંક્યુ લોખંડેજી, ‘સંડે રજા’ અપાવવા માટે પણ જેમ સુખ-દુઃખ કાયમ માટે ટકતાં નથી, એમ રવિવાર પણ ટકતો નથી. આવે છે ને જાય છે ને પાછળ મૂકી જાય છે એવરગ્રીન અધૂરા પ્રશ્નો. સોમવારે નોકરી-ધંધે વળગો કે સૌ એકબીજા પર પ્રશ્નોની વણઝાર લઈને તૂટી પડે :

‘રજામાં શું મઝા કરી?’ કે પછી ‘રજામાં આપણે એવું તે શું કરીએ કે સામેનો માણસ ઈમ્પ્રેસ થાય? એ વાતનું પ્રેશરાત્મક ટેંશન જન્મે! રવિવારની મજા જાણે ‘આધાર કાર્ડ’ની જેમ કંપલ્સરી હોય એમ આપણે નિરાધાર થઈને અકળાઈએ. ક્યારેક તો ગુસ્સામાં કહેવાનું મન થાય કે ‘અમે આ શનિવારે હિમાલય ચઢેલા ને રવિવારે ઊતરી ગયા! હવે બોલો?’ કે પછી ‘સંડે તો અમે રોકેટ ભાડે લીધું ને શુક્રગ્રહ પર શનિ-રવિ ઊજવી આવ્યાં. આવતા મંગળવારે રજા આવશે ત્યારે બુધના ગ્રહ પર જઈશું,

ગુરુપૂર્ણિમાની રજાએ ગુરુ પર પણ જઈ આવશું! આવવું છે તમારે આંટો મારવા?!’

હકીકતમાં રજામાં આપણે મોટેભાગે કાં તો કરિયાણું લેવા કે મોલમાં અટવાવા જેવાં વાહિયાત કામ કરીએ છીએં અથવા ઘોરતા હોઈએ છીએ, પણ આપણે એમ કહીએ કેઃ ‘આખો સંડે સૂતો હતો’ તો એમાંયે હરખપદૂડાઓ કહેશે, ‘વાઉ, રવિવારે જાતને ‘રિચાર્જ’ કરી, એમને?’ તમને થશે કે તમારું શરીર મોબાઈલની બેટરી છે કે ૪૫ કલાક ઊંઘવાથી આપણાંમાં ઝમ ઝમ કરતું જોબન ઊતરી આવે?

ઘણાં લોકો રવિવારે હોસ્પિટલમાં માંદાઓને જોવા જઈને સાત્ત્વિક આનંદ લે! કોઇક છાપા મેગેઝિન બૂક વાંચવાને મહાન કલાત્મક પ્રવૃત્તિ ગણે છે. અઠવાડિયામાં જે જે નહોતું વાંચ્યુ એ બધું જ રવિવારની પૂર્તિમાં વિટામિનની ગોળીની જેમ એકસાથે ગળી જશે! રવિવારની ટિપિકલ વાત માર્ક કરી છે? ઘરના બીજા સભ્યના હાથમાં જે પાનું હોય એ જ પાનું તમને વાંચવાનું મન થશે!

બીજાના હાથમાં જે પાનું હોય એમાં છપાયેલા સ્વિટ્ઝરલેંડનો ફોટો તમને અચાનક ગમવા માંડશે અને તમે એ પાનું છીનવવાની ટ્રાય કરશો! વળી ટી.વી.ની ૩૫૦ ચેનલમાંથી એક પણ ચેનલ જોવા જેવી ન લાગે અને કોઈ પણ વેબસિરીઝ દીઠી ના ગમે, એ માટે જ રાસ્કલ રવિવાર સર્જાયો છે!

આ દુનિયામાં અબજો લોકો છે પણ તોયે ‘આપણે સાવ એકલા છીએ રે‘ એવી ફિલિંગ આપણને રવિવારે જ થાય! ખરું ને?

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ આજે રવિવાર છે.**
**ઈવઃ પૂછે છે કે કહે છે?** ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# મલાલા યુસુફજઈઃ મહાનતાના બોજથી સ્વયં બનવાની સરળતા સુધીની યાત્રા

**નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા કહે છે કે તેના જીવનની કહાની હવે ૧૫ વર્ષની એ છોકરીની નથી રહી, જેણે ગોળી ખાધી હતી પણ એવી સ્ત્રીની છે, જે આજે પણ પોતાને સમજવાના- સ્વીકારવાના અને પોતાનો માર્ગ શોધવાની યાત્રા પર છે**

લગભગ ૪૦૦ વર્ષ પહેલાં, વિલિયમ શેક્સપિયરે તેમના કોમેડી નાટક ‘ટ્વેલ્થ નાઈટ’માં લખ્યું હતું, ‘અમુક લોકો જન્મથી મહાન હોય છે, અમુક મહાનતા હાંસલ કરે છે અને અમુક પર તો મહાનતા થોપવામાં આવે છે.’

શેક્સપિયર રાજાઓ અને ઉમરાવોના જમાનામાં રહેતા હતા, જ્યાં લોકોને પદ-પ્રતિષ્ઠા પેરેન્ટ્સ તરફથી વારસામાં મળતી હતી. અમુક લોકો મહેલમાં જન્મ્યા હોવાથી મહાન હતા, અમુક લોકો ઉત્તમ નેતા બનીને મહાન બનતા હતા તો અમુક સાવ નકામા હોવા છતાં મહાન ગણાઇ જતા હતા.

આજે રાજા-રજવાડાં નથી, પણ મીડિયા છે અને સાર્વજનિક જીવન છે, જે લોકોને મહાન બનાવી દે છે. એનું જીવતું ઉદાહરણ છે પાકિસ્તાનની માનવાધિકાર કાર્યકર મલાલા યુસુફજઈ. માત્ર ૧૫ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય મીડિયાની ‘ડાર્લિંગ’ બની ગયેલી મલાલાએ તેના એક નવા પુસ્તકમાં એકરાર કર્યો છે કે તેને જે રીતે એક હીરોઈન બનાવી દેવામાં આવી છે તેવી તે અસલમાં છે નહીં...!

૧૫ વર્ષની ઉંમરે તાલિબાનોના હુમલામાંથી પોતાનો જીવ બચાવીને અને આ કટ્ટરપંથીઓનાં કુકર્મો પર ડાયરી લખીને મલાલા દુનિયામાં ‘સાહસ’, ‘ત્યાગ’ અને ‘સ્ત્રી શક્તિ’નું પ્રતીક બની ગઈ હતી. તેને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેને સંયુક્ત રાષ્ટ્રમાં ભાષણ આપવા માટે આમંત્રવામાં આવી હતી પછી તે શિક્ષણના અધિકાર માટેનો વૈશ્વિક અવાજ બની ગઈ હતી.

આ બધી ઘટનાઓનું વર્ણન કરતાં મલાલા તેના નવા સંસ્મરણ ‘ફાઈન્ડિંગ માય વે’માં તેની આ પ્રસિદ્ધ ઈમેજને નકારે છે અને લખે છે :

‘હું ડરતી પણ હતી, હું ભૂલ પણ કરતી હતી, પણ લોકો મારી એવી ઈમેજ બનાવી દીધી જાણે હું કોઈ સંત કે દેવી હોઉં. એ લોકોને મને એક એવી સદાચારી, કર્તવ્યનિષ્ઠ હીરોઈન બનાવી દીધી હતી જેને હું પોતે ઓળખતી નહોતી.’

૧૫ વર્ષની ઉંમરે જ્યારે મલાલાને તાલિબાનોએ માથામાં ગોળી મારી હતી, કારણ કે તેણે શાળાએ જવાની ગુસ્તાખી કરી હતી ત્યારે આખી દુનિયાએ તેને ‘સાહસ’ની પ્રતિમા તરીકે જોઈ હતી. તેની એ વાર્તા તેના પ્રથમ પુસ્તક ‘આઇ એમ મલાલા’ માં નોંધવામાં આવી છે, જેણે શિક્ષણના અધિકાર માટે અવાજ ઉઠાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો.

જોકે હવે ૨૮ વર્ષની ઉંમરે એક નવા પુસ્તક મારફતે તે આપણને યાદ અપાવે છે કે તે દુનિયાની કલ્પના પર કબજો

જમાવીને બેઠેલી ‘હંમેશાં બહાદુર અને અડગ’ મલાલા નથી.

તે કહે છે; ‘જ્યારે પણ લોકો મને મળે છે, ત્યારે એ બધા મને ‘બહાદુર અને મજબૂત’ કહે છે. ત્યારે હું અટકીને વિચારું છું : શું હું ખરેખર આ શબ્દોમાં ખરી ઉતરું છું?’

આ ખુદને પુછાયેલા તે આ સવાલમાં ઊંડું આત્મ-નિરીક્ષણ છે. મલાલા સ્વીકારે છે કે તે હરહંમેશ આત્મવિશ્વાસી અથવા નિડર નથી હોતી. બીજા દરેક માણસોની જેમ તેની અંદર પણ ક્યારેક ડર, સંશય અને કમજોરીની ક્ષણો આવે છે.

મલાલા ઇચ્છે છે કે લોકો તેની નવી આત્મકથા વાંચીને સમજશે કે ‘હીરો’ બનાવી દેવાયેલા લોકો પણ ક્યારેક અસુરક્ષિત અનુભવ કરે છે, તેમને પણ પોતાને લઈને શંકા થાય છે. મલાલાના આ શબ્દોનો સાચો અર્થ એ છે કે સાહસનો અર્થ ડરનો અભાવ નહીં, પણ ડર હોવા છતાં આગળ વધતા રહેવાનો થાય છે. મલાલા આ પુસ્તકમાં કહે છે કે તેના જીવનની કહાની હવે ૧૫ની એ છોકરીની નથી રહી, જેણે ગોળી ખાધી હતી પણ તે સ્ત્રીની છે જે આજે પણ પોતાને સમજવાના - સ્વીકારવાના અને પોતાનો માર્ગ શોધવાની યાત્રા પર છે.




મલાલાનું આ બયાન આપણને એ સમજવામાં મદદ કરે છે કે પ્રેરણાદાયક વ્યક્તિત્વની પાછળ પણ એક એવો સામાન્ય, સંવેદનાપૂર્ણ માણસ છુપાયેલો હોય છે, જે ક્યારેક નબળો પડી શકે છે, પરંતુ તેમ છતાં સત્યના માર્ગ પર ચાલતો રહે છે.

પ્રસિદ્ધ થઇ જવાની આ સમસ્યા છે. સમાજ પછી તેને માણસ તરીકે જોવાનું બંધ કરી દે છે અને પોતાની કલ્પનાનું પ્રતીક બનાવી દે છે. શેક્સપિયરનાં શબ્દોમાં કહીએ તો મલાલા એક સાધારણ છોકરી હતી, પણ તેના પર મહાનતા લાદવામાં આવી હતી.

મલાલા હવે ૨૮ વર્ષની છે. તે લખે છે કે ઑક્સફોર્ડ યુનિવર્સિટીમાં તેણે પ્રથમ વખત એક એવી ‘સામાન્ય છોકરી’ની જેમ જીવવાની ઈચ્છા કરી હતી જે મિત્રો બનાવતી હોય, ટેલિવિઝન જોતી હોય, ભૂલો કરતી હોય અને ક્યારેક ક્યારેક ઉદાસ પણ થતી હોય. લોકો તેને ‘મલાલા ધ સિંબલ’ તરીકે ઓળખતા હતા, પરંતુ તે ઇચ્છતી હતી કે એ બધા તેને ‘માલાલા ધ સ્ટૂડન્ટ’ કહે. મલાલાને ઘણી વાર પેનિક એટેક અને પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસનો સામનો કરવો પડ્યો હતો. એના, aTe તરીકે તેણે થેરાપી લીધી હતી, લગ્નને લઈને અસમંજસ અનુભવી હતી... આ બધું તેણે પહેલીવાર લખ્યું છે, જેથી લોકોના મનમાંથી ‘મહાન મલાલા’ની ઈમેજ દૂર થાય.

અહીં તો શેક્સપિયરના વિધાનનો બીજો હિસ્સો પણ મલાલા પર લાગુ થાય છે- તેણે મહાનતા હાંસલ કરી છે. મલાલાએ નિડરતાપૂર્વક પોતાનો અવાજ ઉઠાવ્યો છે અને છોકરીઓના શિક્ષણની લડાઈ જીતી છે તે વાત પણ એટલી જ સાચી છે, પણ આ નવું પુસ્તક કહે છે કે આ ‘મહાનતા’ માત્ર પ્રેરણા નથી, એક ભાર પણ છે. મીડિયા અને સમાજે ‘દેવી-સમાન’ મલાલાની જે ઈમેજ બનાવેલી છે તેમાં એક કિશોરીની માનવીય થકાવટ, ગુસ્સો, અને મુંઝવણ માટે કોઈ જગ્યા નહોતી. તે લખે છે, ‘હું આ ઈમેજમાં મને ઓળખી શકી નથી. તે મલાલા મારી નથી.’

આ સ્વીકાર માત્ર સાહસિક નથી, પરંતુ મુક્તિનો સૂચક છે. મલાલા કહે છે કે આપણે દુનિયાએ આપેલા લેબલ કરતાં પણ વધુ કંઈક છીએ... ‘મહાન’ બનવાની પ્રક્રિયામાં ઘણી વાર વ્યક્તિ પોતાની નિજતા ગુમાવી દે છે. મલાલા કોઈ યુદ્ધનો ચહેરો બનવા માગતી નહોતી, તેને તો કેવળ શાળાએ જવું હતું. પણ જ્યારે તેના પર ગોળી ચાલી પછી તેની વાર્તા તેના હાથમાંથી નીકળી ગઈ અને દુનિયાએ નક્કી કર્યું કે એ કોણ છે અને તેણે શું કરવું જોઈએ. આને જ મહાનતા લાદી કહેવાય. શેક્સપિયરનું કથન આજે પણ એટલું જ પ્રાસંગિક છે. મહાનતાનો અર્થ માત્ર ઊંચાઈ નહીં- ગહેરાઈ પણ થાય છે. મહાન બનવું એટલે માત્ર દુનિયાને બદલવાની તાકાત નથી- તે પોતાને ઓળખવાની, સ્વીકારવાની અને સામાન્ય માણસ બની રહેવાની ક્ષમતા પણ છે. કદાચ સાચી મહાનતા એ જ છે- જ્યારે વ્યક્તિ ‘મહાન’ બનવાને બદલે ‘સ્વયં’ બની રહે છે. ■

નવી કોલમ

ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# રોકાણજગતમાં પ્રવેશતા પહેલાં આટલી પાયાની જાણકારી જરૂરી...




સમગ્ર રોકાણજગત સતત તેનો વ્યાપ વધારતું રહીને નવાં-નવાં પરિબળો અને વિભિન્ન સાધન ઉમેરતું જાય છે. ટેક્નોલોજીએ તેને અલગ જ સ્તરની ગતિવિધી આપી છે. ઓનલાઈન ધોરણે થતા આ કામકાજ અસાધારણ પ્રમાણમાં વૃદ્ધિ પામી રહ્યા છે. આ સાથે રોકાણ માટેનાં સાધનો પણ એકધારા વધી રહ્યા છે. વૈવિધ્યકરણ અને એસેટ એલોકેશનનું મહત્ત્વ કાયમ રહેશે.

આજે પાયાની વાતોથી આ જગતને નજીકથી સમજવાનો પ્રયાસ કરીએ, કારણ કે તાજેતરમાં લાખો બચતકારો હવેના સમયના નવા રોકાણકારો બનીને આ જગતમાં પ્રવેશી રહ્યા છે.

જો આપણું આર્થિક ભાવિ વધુ સુરક્ષિત કરવા માગતા હોઈએ તો આપણી આવકનો ચોક્કસ ભાગ નિયમિત બચત તરફ જવો જ જોઈએ. આ બચતનાં સાધન ઘણાં છે, પરંતુ તેને રોકાણ કહી શકાય અર્થાત તેમાંથી બહેતર વૃદ્ધિ થાય એવાં સાધનોમાં આ નાણાં જવા જોઈએ. આ બચત-રોકાણ ખરેખર આપણી માટે વધુ નાણાંનું સર્જન કરી શકે છે. રોકાણ જગતમાં શ્રેષ્ઠ રોકાણ વિકલ્પો અને પ્લાન્સ ઉપલબ્ધ હોય છે, એમાં રોકાણ કરવાના વિવિધ વિકલ્પ હોય છે. એને આપણે ઓળખવા અને સમજવા પડે અને તે નાણાંની સલામતી જાળવશે એ ખાતરી પણ કરવી જોઈએ.

## રોકાણ શા માટે કરવું જોઈએ?

સમય સાથે આપણા નાણાંમાં વૃદ્ધિ થાય અને વળતર મળે એ માટે મૂડીરોકાણ એ નિશ્ચિત માર્ગ છે.

મૂડીરોકાણના વધુ વિકલ્પો પ્રતિ શા માટે જોવું જોઈએ એનાં વિવિધ કારણ આ મુજબ હોઈ શકે,જેમકે ...

૧) નિષ્ક્રિય રહેલા ભંડોળ પર આપણને વળતર મળે.

૨) જીવનના ભાવિ લક્ષ્યને હાંસલ કરવા આપણે વિભિન્ન પ્રોડક્ટ્સમાં રોકાણ કરી શકીએ.

૩) અનિશ્ચિત ભાવિ સામે આપણને સલામતી મળે.

આપણા નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવા માટે ફુગાવાનું પણ ચોક્કસપણે ધ્યાન રાખવું જોઈએ. ફુગાવાના કારણે પૈસાનું મૂલ્ય ઘટી જાય છે. ફુગાવો વધે તો જીવનનિર્વાહનો ખર્ચ વધે છે અને રોજિંદી જરૂરિયાતોને પહોંચી વળવા માટે માલસામાન અને સેવાઓ ખરીદવાનું મોંઘું બને છે.

મોંઘવારી એ એક એવું પરિબળ છે કે જેમાં આજે ૧૦૦૦ રૂપિયામાં ખરીદ કરાયેલો માલસામાન તેમ જ સેવાઓ ભવિષ્યમાં એટલી જ રકમ મારફતે ખરીદી શકાશે નહીં. આપણા અનુભવ કહે છે,

ભૂતકાળમાં પણ આટલી જ રકમથી આ માલસામાન તેમ જ સેવાઓ ખરીદી શકાતાં હતાં તે આજે ખરીદી શકાતાં નથી...

આ વાસ્તવિકતા સમજવા માટે સાદું ઉદાહરણ જોઈએ...

જો આપણે આગામી ૨૦ વર્ષો માટે વાર્ષિક ૬% ના ફુગાવાના દરે ગણતરી કરીએ તો વર્ષ ૨૦૧૮ માં ૧૦૦ રૂપિયા મારફતે જે ખરીદી કરી શકાતી હતી તેનો વર્ષ ૨૦૩૮ માં ૩૨૧ રૂપિયાનો ખર્ચ થશે. આ જ કારણ છે કે લાંબા ગાળાના રોકાણના આયોજન દરમિયાન ફુગાવા (મોંઘવારી દર) ની ગણતરી ઘણી મહત્ત્વની છે. રોકાણનો ‘વાસ્તવિક’ વળતરનો દર એટલે કે ફુગાવા બાદના વળતરની ચોક્કસપણે ગણતરી થવી જોઈએ.

રોકાણનું વળતર ફુગાવાના દરથી વધુ હોવું જોઈએ, જેથી રોકાણના મૂલ્યમાં ઘટાડો ન થાય એની ખાતરી રહે. આ કારણસર મહત્ત્વની બાબત એ છે કે તમારે માટે ઉપલબ્ધ રોકાણ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ વિકલ્પની સૌ પ્રથમ ચકાસણી કરવી જોઈએ.

## મૂડીરોકાણ ક્યારે શરૂ કરવું જોઈએ?

વહેલી તકે મૂડીરોકાણ કરવું જોઈએ. નિયમિત મૂડીરોકાણ કરવું જોઈએ અને લાંબા ગાળા માટે મૂડીરોકાણ કરવું જોઈએ. સંપત્તિના સર્જન અને મૂડીરોકાણ પર વળતરની પ્રાપ્તિ ઘણો સમય અને ધીરજ માગી લે છે. આદર્શ રીતે જો શક્ય હોય તો યુવા વયે રોકાણનો પ્રારંભ કરવો જોઈએ. જોકે આ પ્રક્રિયાના પ્રારંભ માટે ક્યારે પણ મોડું થયું નથી હોતું. વહેલી તકે રોકાણ કરીને આપણાં રોકાણને વળતર અપાવવા માટે ઘણો સમય આપી શકીએ છીએ.

લાંબા ગાળાના રોકાણમાં ચક્રવૃદ્ધિનું બળ સારું વળતર આપે છે અને તેની વૃદ્ધિ કરે છે. આ ત્યારે થાય છે, જ્યારે મુદ્દલનું એકત્રીકરણ થયું હોય તેમ જ વર્ષાનુંવર્ષ (વરસ પછી વરસ) વ્યાજ અને/અથવા ડિવિડંડની કમાણી થઈ હોય.

## રોકાણ માટેના પાયાનાં ૧૨ પરિબળ

યોગ્ય સાધનો કે યોજનાઓમાં નાણાંનું રોકાણ કરવાનું કાર્ય નિપુણતા માગી લે છે. આ માટે ૧૨ મહત્ત્વનાં પરિબળ ધ્યાનમાં રાખવા જોઈએ, જેની આપણે રોકાણ પૂર્વે વિચારણા કરવી જોઈએ,જેમકે...

૧) રોકાણની સમજ આપતા લેખિત દસ્તાવેજો મેળવવા જોઈએ.

૨) દસ્તાવેજોને વાંચવા- સમજવા.

૩) રોકાણની કાયદેસરતા ચકાસવી.

૪) તેની સાથે સંકળાયેલાં ખર્ચાઓ અને ફાયદાઓને જાણવા.

૫) તેના જોખમ-વળતરના પ્રમાણની આકારણી કરવી.

૬) રોકાણની પ્રવાહિતા અને સલામતીનાં પાસાં પ્રતિ જાગ્રત રહેવું

૭) રોકાણ આપણાં ચોક્કસ લક્ષ્યો માટે યોગ્ય છે તેની ખાતરી કરવી.

૮) અન્ય રોકાણની તકો સાથે તેની વિગતોની સરખામણી કરવી.

૯) રોકાણ આપણા વર્તમાન અથવા ભાવિ પોર્ટફોલિયોમાં બંધ બેસે છે કે કેમ તેની તપાસ કરવી.

૧૦) અધિકૃત મધ્યસ્થી મારફતે જ વ્યવહાર કરવો.

૧૧) મધ્યસ્થીને આપણી શંકાઓ સ્પષ્ટ જણાવવી અને જો આપણને અનુકૂળ હોય તો જ રોકાણ કરવું. જો આપણને ખાતરી કે વિશ્વાસ ન બેસે તો રોકાણ ન કરવું.

૧૨) જો કંઈક ખોટું જણાય તો અન્ય વિકલ્પોની ચકાસણી કરવી. જ્યારે આપણને સંપૂર્ણ સંતોષ થાય ત્યારે જ રોકાણ કરવાના નિર્ણયનો અમલ કરવો. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ૨૭ વર્ષ પગપાળા ચાલીને ઘરવાપસી!



કાર્લ બુશબી



આર્થિક કારણોસર, શારીરિક સજ્જતા અને પેટનો ઘેરાવો ઘટાડવા સહિતનાં કારણોસર માનવી અનુકૂળતા મુજબ પગપાળા ચાલતો રહે છે, પરંતુ અમુક વિરલા આમાંના કોઈ નહીં પણ વિશિષ્ટ કારણસર ચાલવા માંડે છે, ને ચાલતા રહે છે.

આવું એક વ્યક્તિત્વ છે કાર્લ બુશબી. હા, **Karl Bushby.** બ્રિટનના કિંગસ્ટન અપોન હલ (લોકપ્રિય નામ હલ-ઈહહ)માં ૧૯૬૯ની ૩૦મી માર્ચે જન્મેલા આ જેન્ટલમેન વરસોથી ચાલી રહ્યા છે. માત્ર ૧૬ વર્ષની ઉંમરે બ્રિટિશ લશ્કરમાં જોડાઈને પેરાશૂટ રેજિમેન્ટમાં ૧૧ વર્ષ સુધી સેવા આપનારા કાર્લ હાલ દુનિયાભરમાં રોકાયા વગર સતત પગપાળા આગળ વધતા રહેનારી પહેલી વ્યક્તિ બનવા પ્રયાસરત છે. એમના પ્રોફાઈલમાં અત્યારે ત્રણ નોંધપાત્ર બાબત છેઃ ભૂતપૂર્વ પેરાટ્રુપર, લેખક અને પદયાત્રી.

આમાં ત્રીજી વિશિષ્ટતા મેળવવાને એમની ધૂન, ધગશ, મક્કમતા અને દૃઢ નિશ્ચયનું પરિણામ કહી શકાય. હકીકતમાં તેઓ અવિરત ચાલતા રહેવાનો ધ્યેય ધરાવતા હતા. આની શરૂઆત થઈ ૧૯૯૮ની પહેલી નવેમ્બરથી. ત્યારે કાર્લ માનતા હતા કે પોતે આઠ વર્ષમાં ૫૮ હજાર કિલોમીટર (૩૬ હજાર માઈલ)ની પગપાળા સફર પૂરી કરી લેશે. પરંતુ તેઓ ૨૦૨૬ના સપ્ટેમ્બરમાં પોતાના ઘરે પાછા ફરવાની આશા રાખે છે.

સરકારી યોજનાના ખર્ચમાં વધારાની સ્પર્ધા કરી શકે એવી આ આઠ વર્ષની મુસાફરી ૨૮ વર્ષની કેવી રીતે થઈ ગઈ એ જાણીને મોંઢામાં આંગળા નાખી જવાય, પરંતુ એનાથી વધુ આશ્ચર્ય એ બાબતનું થાય કે અનેક અવરોધ, વિઘ્ન અને સંકટ છતાં તેઓ અડગ રહ્યા. મુસાફરી વચ્ચેથી પડતી ન મૂકી. ૨૮-૨૮ વર્ષ પોતિકી ધરતી, વતન, ઘર અને પરિવારથી દૂર રહેવું કેવી રીતે શક્ય બને?

કાર્લે મુસાફરીની શરૂઆત ચિલી દેશના પુંટા એરેનાસથી કરી તેમની મંઝિલ હતી બ્રિટનના હલ સ્થિત ઘર. શરૂઆતમાં અંતર સડસડાટ કપાવા માંડ્યું હતું. ૨૦૦૬ તેમણે દક્ષિણ, મધ્ય અને ઉત્તર અમેરિકા વટાવતા ૨૦ હજાર કિલોમીટર જેટલું ચાલી લીધું હતું. ૨૦૦૬ના માર્ચમાં ફ્રેન્ચ સાહસી મુસાફર દિમિત્રી ફીફટ સાથે કાર્લે બેરિંગ સ્ટ્રેઈટ (હિન્દીમાં આના માટે એક રસપ્રદ શબ્દ છે ‘જલડમરુમધ્ય’) પસાર કરી લીધી. અલાસ્કાથી સાઈબેરિયા સુધીની ૯૩ કિલોમીટર સમુદ્રધુની પાર કરવા માટે ૨૪૦ કિલોમીટરના વર્તુળાકાર જમીન માર્ગ પર પગને ચાલતા રાખવા પડ્યા હતા. આમાં ૧૪ દિવસ વીતી ગયા હતા.

રશિયામાં સાચા બંદરગાહથી પ્રવેશ કરવાને બદલે ચુટકોટન ગામ પાસેથી સરહદ પાર કરતી વખતે કાર્લ બુશબી મુસીબતમાં મુકાઈ ગયા હતા. રશિયન સીમા સુરક્ષા દળે તેને અટકમાં લઈ લીધા. આમ થવું સામાન્ય છે કારણ કે આંતરરાષ્ટ્રીય ભૌગોલિક સીમા ચોક્કસ સ્થળેથી વ્યવસ્થિત સરકારી દસ્તાવેજો સાથે જ ઓળંગી શકાય. એમાંય જાસૂસી, ઘૂસણખોર, દાણચોર અને આતંકવાદી સામેની સાવધાની હોય ત્યારે આવો પ્રયાસ અવરોધ સર્જ્યા વગર રહે ખરો!

લાંબી માથાકૂટ બાદ ૨૦૦૬ની પાંચમી મેના રોજ રશિયન અદાલતે કાર્લની અરજી સહાનુભૂતિપૂર્વક સાંભળી. ત્યાર બાદ કાર્લને પગપાળા મુસાફરી ચાલુ રાખવાની મંજૂરી અપાઈ. કહેવાય છે કે આ માટે બ્રિટનના તત્કાલીન નાયબ વડા પ્રધાન જોહન પ્રેસ્કૉટ અને રશિયાના ચુકોટકાના તત્કાલીન ગવર્નર રોમન અબ્રામોનિચે ખાસ્સી લમણાઝીંક કરવી પડી હતી.

એ પરમિશન તો મળી ગઈ છતાં છેક ૨૦૦૭ની ૧૬મી માર્ચે કાર્લ પોતાની પગપાળા યાત્રાના બીજા તબક્કા ભણી આગળ વધી શક્યા હતા. આ નવા તબક્કાની શરૂઆત તેમણે વિશ્વના સૌથી ઠંડા સ્થળ યાકુત્સ્કથી કરવી પડી. રશિયામાં તેમણે વિઝા ઉપરાંત લશ્કરી અધિકારી પાસેથી પણ વિશેષ પરમિશન મેળવવી પડી કારણ કે અમુક વિસ્તાર લશ્કરની હકૂમત હેઠળ છે.

આ રીતે વિઝા, આર્થિક મુસીબત અને સરકારી કાગળપત્રની માથાકૂટ ઓછી હોય એમ એક કલ્પનાતીત રાક્ષસે પગમાં બેડી નાખી દીધી. એનું નામ હતું કોરોનો વાયરસ. કોવિડને લીધે પણ હલનચલન પર નિયંત્રણ આવી ગયા.

ક્યાંક વિઝામાં વિલંબ થાય તો મુશ્કેલી. અમુક સ્થળે કેટલાક દિવસ પૂરતા જ વિઝા મળે પણ એટલી અવધિમાં પગપાળા પ્રવાસ ન પતે તો નવી મુસીબત. ક્યાંક પહાડ આવે, ક્યાંક નદી, ક્યાંક થીજેલો બરફ અને વચ્ચે સમુદ્રમાં તરવાનું ય આવ્યું. આમાં ક્યારેક જીવ પણ જોખમમાં મુકાઈ ગયો હતો.

૨૦૨૫ના જૂનમાં કાર્લ બુશબી મેક્સિકો પહોંચ્યા હતા. હવે મંઝિલ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ સ્વગૃહે વાપસી તેમને ‘વિચિત્ર અનુભવ’ લાગે છે. ગોલિયથ એક્સપિડિશન તરીકે ઓળખાવાતી આ યાત્રા બાદ પોતાને ઘર-પરિવાર સાથે ફરીથી જોડાવું પડશે. કાર્લ બુશબી કહે છે કે અચાનક ઘર આવતા મારું મિશન પૂરું થશે અને હું આશા રાખું છું કે તન, મન અને આત્માને સચેત રાખીને ઝડપભેર અન્ય રૂટિન કામકાજમાં લાગી શકું. ■

સ્પોર્ટ્સ
અમિત શાહ
feedback@bombaysamachar.com

# અમોલ મુઝુમદારઃ આધુનિક એવા અણમોલ એકલવ્ય

## હજારો રન કરનાર મુંબઈના આ બૅટ્સમૅનને ભારત વતી તો ન રમવા મળ્યું, પણ ભારતની મહિલા ટીમને સર્વોત્તમ ટ્રોફી અપાવીને રહ્યા

મોડે-મોડે ભાગ્યનો ઉદય થવો એનો શું અર્થ થાય એનું સાક્ષાત ઉદાહરણ છે ભારતની વિશ્વ વિજેતા મહિલા ટીમના કોચ અમોલ મુઝુમદાર. રણજી ટ્રોફી સહિત પ્રથમ કક્ષાની ક્રિકેટમાં ખાસ કરીને મુંબઈનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા અને આ સ્તરની ક્રિકેટમાં કુલ ૧૭૧ મૅચ રમીને ૩૦ સેન્ચુરી તથા ૬૦ હાફ સેન્ચુરીની મદદથી ૧૧,૧૬૭ રનનો ઢગલો કરવા છતાં અમોલ માટે ભારતીય ટીમનો દરવાજો કદી નહોતો ખૂલ્યો. સાહેબ, નસીબની બલિહારી તો જુઓ...૨૦ વર્ષની શાનદાર કરીઅરમાં ભારત વતી એક મૅચ રમવા માટે તરસી રહેલા અમોલને કુદરતે વ્યાજ સાથે એટલી બધી સફળતા અને લોકપ્રિયતા આપી દીધી કે તેમની ઓળખ આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે તો ન થઈ, તેમનું નામ વર્લ્ડ ચૅમ્પિયન ભારતીય મહિલા ટીમના કોચ તરીકે ક્રિકેટના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયું.

અમોલ મુઝુમદાર માટે વિધાતાએ જાણે કંઈક વિશેષ સફળતા જ લખી હશે અને એટલે જ આટલા લાંબા સમય સુધી ભારત વતી જેમને રમવા ન મળ્યું તેમણે ભારત વતી રમતી સ્ટાર મહિલા ખેલાડીઓના સૌથી સફળ કોચ તરીકેનું નામ ઇતિહાસમાં અંકિત કર્યું.

લગભગ બે વર્ષ પહેલાં ભારતીય મહિલા ટીમના પ્રશિક્ષક તરીકેનું પદ સંભાળનાર અમોલ ઘણાં વર્ષો બાદ આ મોટી જવાબદારી ફરી સ્વીકારી રહ્યા હતા. આ પહેલાં તેઓ નેધરલૅન્ડ્સની ટીમના કોચ હતા અને એ ટીમના ખેલાડીઓએ વિશ્વ સ્તરે જે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું એનું શ્રેય અમોલને જાય છે. ભારતીય મહિલા ટીમની જવાબદારી જ્યારે અમોલે સ્વીકારી ત્યારે તેમણે પસંદગીના સાથી પ્રશિક્ષકોનું સિલેક્શન કર્યું હતું. અમોલે તમામ મહિલા ખેલાડીઓના પર્ફોર્મન્સને બારીકાઈથી પારખ્યો હતો. નિયુક્તિ પછીના બે વર્ષ દરમ્યાન મહિલા ટીમે ઘણા વિદેશ પ્રવાસો કર્યા હતા અને ત્યાં આપણી મહિલા ટીમના પ્રદર્શનમાં એટલો બધો સુધારો જોવા મળ્યો જે માત્ર અમોલ મુઝુમદારની રણનીતિનું જ પરિણામ હતું.

ઘરઆંગણે વર્લ્ડ કપ ટૂર્નામેન્ટનું આયોજન થયું હોય અને માની લઈએ કે એ જીતવાનું ભારતીય મહિલા ખેલાડીઓનાં મનમાં છેલ્લા લગભગ એક વર્ષથી સપનું હશે, પરંતુ અમોલે તો તેમને કોચિંગ આપવાની બે વર્ષ પહેલાં જવાબદારી સ્વીકારી ત્યારથી જ પ્રણ લીધું હતું કે જે અપ્રતિમ સફળતા પોતે ખેલાડી તરીકે ન મેળવી શક્યા એ સફળતા કોચ તરીકે તો હાંસલ કરવી જ રહી. અને, એ ઇતિહાસ બીજી નવેમ્બરે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રચાયો. એ ગયા રવિવારે રાત્રે અમોલ મુઝુમદારની આંખોમાંથી જે આંસુ બહાર આવ્યા હતા એ ક્રિકેટમાં તેમણે બે દાયકા સુધી કરેલી તપસ્યાના સુંદર પરિણામના સ્પષ્ટ પુરાવા હતા.


એવું નથી કે અમોલને મોકો નહોતો મળ્યો, પરંતુ જ્યારે જ્યારે મોકો મળ્યો ત્યારે ત્યારે તેમણે એનો પૂરો લાભ લીધો હતો. જોકે હજારો રન ખડકી દેવા છતાં તેમને ક્યારેય ભારત વતી રમવા ન મળ્યું એ કમનસીબી કહેવાય. બીજું દુર્ભાગ્ય એ હતું કે જે સમયે સચિન તેન્ડુલકર અને વિનોદ કાંબળી શારદાશ્રમ સ્કૂલ વતી હૅરિસ શીલ્ડ સ્પર્ધામાં વિશ્વ વિક્રમવાળી ઇનિંગ્સ રમી રહ્યા હતા એ સમયે અમોલ પૅડ પહેરીને પોતાની બૅટિંગ આવવાની રાહ જોઈ રહ્યા હતા. તેમનું એવું માનવું હતું કે જો આ બેમાંથી કોઈ એક બૅટ્સમૅન આઉટ થઈ જાય તો પોતાને બૅટિંગ કરવા મળી શકે. વિધાતાએ તેમને કરીઅરમાં એ જ રીતે રાહ



કૅપ્ટન હરમનપ્રીત કૌરે વર્લ્ડ ચૅમ્પિયન બન્યા બાદ ગુરુ સમાન કોચ અમોલ મુઝુમદારને પગે લાગીને આદરભાવ વ્યક્ત કર્યો.

જોતા બેસાડી રાખ્યા. જોકે હવે કોચ તરીકેની તેમની અસાધારણ સફળતા આપણા સૌની નજર સામે જ છે.

તેન્ડુલકર, કાંબળી, અમોલ અને પ્રવીણ આમરે આ બધા સ્ટાર બૅટ્સમેનો દ્રોણાચાર્ય પુરસ્કારથી સન્માનિત રમાકાંત આચરેકરના શિષ્ય હતા. કોઈ પણ ખેલાડી અન્યથી ઊણો ઊતરે એવો નહોતો. સચિન તેન્ડુલકરની બૅટિંગમાં જબરું સાતત્યપણું હતું અને ક્રિકેટની અભ્યાસરૂપી સાધના કરતા રહેવાનો તેમનો અભિગમ હતો, જ્યારે કાંબળીની પ્રતિભામાં બહુ સારી નિખાલસતા હતી અને તેમની રમવાની શૈલી અનોખી હતી. જોકે



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અમોલને અભિનંદન આપ્યા

### મિતાલીની સાથે અમોલ પણ આઇસીસીની કમિટીમાં

ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ વિમેન્સ ક્રિકેટ કમિટીમાં ભારતની ભૂતપૂર્વ કૅપ્ટન અને બૅટિંગ-લેજન્ડ મિતાલી રાજ ઉપરાંત અમોલ મુઝુમદારનો પણ સમાવેશ કર્યો છે. એ રીતે, એકસાથે ભારતની બે હસ્તીઓને આઇસીસીએ સન્માનિત કરી છે. આ સમિતિ મહિલા ક્રિકેટ સંબંધમાં આઇસીસીની ગવર્નિંગ બૉડીને સલાહસૂચનો આપશે. એ રીતે, મિતાલી તથા અમોલ મહિલા ક્રિકેટના વિકાસ તેમ જ પ્રોત્સાહનને લગતા કાર્યોમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ કમિટી આઇસીસીને મહિલા ક્રિકેટની સિરીઝો અને ટૂર્નામેન્ટોના ટાઇમટેબલ બનાવવા વિશે સૂચનો પણ આપશે. લૉસ ઍન્જલસમાં ૨૦૨૮ની સાલમાં ક્રિકેટની રમત ઑલિમ્પિક્સમાં ૯૮ વર્ષે કમબૅક કરશે એટલે એ દૃષ્ટિએ પણ મિતાલી તથા અમોલના સૂચનો મહત્ત્વપૂર્ણ બની રહેશે.

અનુશાસનનું પાલન ન કરવા બદલ તેમની કારકિર્દી વહેલી સમાપ્ત થઈ ગઈ હતી. પ્રવીણ આમરે પણ બહુ સારું રમી રહ્યા હતા. તેઓ રાષ્ટ્રીય ટીમ વતી પણ રમ્યા હતા, પરંતુ તેમને બહુ તક નહોતી મળી. આ તમામ સિતારાઓ જેટલા જ ટૅલન્ટેડ અને કાબેલ ખેલાડી હોવા ઉપરાંત બદનસીબ સાબિત થનાર ખેલાડી હતા અમોલ મુઝુમદાર.

આ બધી વાતો પરથી વિચારીએ તો અમોલ ખરેખર, આધુનિક એકલવ્ય છે જેમની આંગળી દ્રોણાચાર્યએ નહીં, પણ વિધાતાએ કાપી લીધી હતી. ■




# ઘરની બહાર, છતાં ઘરથી વધુ એવો ઓટલો!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

ગીતાબા આજે બહુ દુઃખી હતાં. કારણ? એમની બારીએ બેસતી ચકલી આજે નહોતી આવી. ચકલી વિશે વહુને પૂછ્યું તો વહુએ રાઈનો પહાડ બનાવ્યો. એટલે બા ઘરની બહાર ઓટલે આવી બેઠાં. ઘરમાં જે થયું એ ઝીણું ઝીણું બબડતા જાય ને આંખમાંથી આંસુ સરતાં જાય. પાડોશમાંથી હેમાબહેન આવ્યાં ને બાને છાના રાખવા પ્રયત્ન કર્યો. એમાં સામેવાળી સવિતા પણ જોડાઈ. પછી આવ્યા પદ્માભાભી, ગોમતીબા, મીનાબહેન અને જોતજોતામાં આખી પોળ ગીતાબાનાં ઓટલે ભેગી થઈ ગઈ.

નેવુંએ પહોંચવા આવ્યાં હતાં ગીતાબા. નાની નાની વાતે ખોટું લાગી જતું એમને. ચકલી ના આવી એમાં બિચારી વહુ શું કરે? પણ ગીતાબાને લાગે કે વહુ ચકલી ઉડાડી દે છે, એને ચણ નથી આપતી એટલે ચકલી રિસાઈ ગઈ ને ના આવી. હવે બાને કોણ સમજાવે કે ચકલી એની મરજીથી નહીં આવી હોય પણ એમાં ઓટલા પરિષદ થોડી બેસાડાય?!

આ માત્ર ગીતાબા નહીં પણ આખી પોળનાં દરેક ઘરનાં ઓટલાની વાત ઘરની બહાર તોય ઘરથી વધુ વાત-કજિયા, રિસામણા, મનામણા, ગીતો ગાવાનાં, શાક સમારવાનું ને વટાણા ફોલવાનાં, મજાક મસ્તી, પંચાત, જાસૂસી બધુંય જ્યાં થાય એનું નામ ઓટલો.

પોળનાં ઘર, શહેરનાં દેખાવડા બંગલા બધે ઘરનાં બારણા પાસે બહાર બેઉ બાજુ જમીનથી જરા ઊંચી કરેલી માટી પથ્થર કે ઈંટની ચણેલી બેઠક એટલે ઓટલો. ઓટલાથી ઘરની, પડોશની, પોળની, પરિવારની કે પારાયણની કોઈ વાત છૂપી ન રહે. ઓટલો દોસ્તોનો દોસ્ત ને દુશ્મનોનો પણ દોસ્ત એવો આ ઓટલો રાત- દિવસ આસપાસ બનતી ઘટનાઓને જોયા કરે, પોતાની સાક્ષીએ થયેલી વાતો પચાવ્યા કરે.

આમ તો ઓટલો તો મંદિરમાં પણ હોય છે. કહેવાય છે કે ભક્તોએ ભગવાનનાં દર્શન કરીને થોડીવાર મંદિરના ઓટલે બેસવું જોઈએ. આમ કરવાથી વધુ પુણ્ય મળે છે. ઓટલાવાળા વિચાર પાછળનો હેતુ એ પણ હોઈ શકે કે દર્શન કરીને હાલ મંદિરમાંથી બહાર આવેલ વ્યક્તિ થોડો વધુ સમય ઈશ્વરનાં સાનિધ્યમાં, તેનાં વિચારોમાં રહે તેમ જ સુવિચારોનું મનમાં ચિંતન કરે. ઈશ્વરની આભામાં થોડો સમય વધુ લીન રહે. જેમ મંદિર નાનું હોય કે મોટું, પરંતુ આવનાર સૌ ભક્તોને સમાવી લે છે તેમ મંદિરનો ઓટલો પણ ઉદારતાથી ભક્તોને ભક્તિનાં ઊંડાણમાં લઈ જવામાં મદદ કરે છે.

ઓટલો ફક્ત બેસવા, વાતો કરવા માટે હોય તેમ માની લેવું ભૂલ ભરેલું છે. માનવીના જીવનમાં ઓટલો એક એવું પાત્ર છે, જેનો પોતાનો પણ ઈતિહાસ છે. ઈતિહાસમાં સમયગાળાનાં ભેદભાવો વચ્ચે પણ એવું કહેવાય છે કે વડનગરમાં ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા ઉત્ખનન તથા શોધકામ દરમિયાન ૧૬૦૦ વર્ષ જૂની એક આખી વસાહતનું બાંધકામ મળ્યું હતું, જેના પરથી ગુજરાતીઓની ગૃહ નિર્માણ શૈલીનો તાગ મળ્યો હતો. આ જગ્યાનાં બધાં મકાનોમાં એક જે સામાન્ય તેમ જ ધ્યાનાકર્ષિત બાબત હતી તે હતી ઓટલાનું બાંધકામ....! આમ ઓટલાનો ઈતિહાસ ૧૬૦૦ વર્ષ કદાચ તેનાથી પણ જૂનો હોઈ શકે.

કહેવતોથી છલોછલ ગુજરાતી ભાષામાં ઓટલા પર પણ ઘણી કહેવતો છે. જેમકે 'ચાર મળે ચોટલા, ભાંગે કોઈનાં ઓટલા' એટલે કે જ્યાં સ્ત્રીઓ ભેગી થઈને પંચાત કરે છે ત્યાં કોઈનું ને કોઈનું ઘર ભાંગે જ છે. મોટા શહેરોને એમાંય ખાસ કરીને મુંબઈ માટે કહેવાય છે કે ત્યાં 'રોટલો મળે પણ ઓટલો ન મળે' એટલેકે વગર પૈસે કે ઓછા પૈસૈ એક ટંક ખોરાક મળી જાય પણ રહેવા માટે ઘર તો પછી પણ ઓટલો સુધ્ધાં નથી મળતો. એ જ રીતે, 'મૂછ પાઘ કે મોભો, દેખાડવાનો ઓટલો' એટલે કે અજાણ્યા પુરુષને ઘરની અંદર પ્રવેશ ના આપવો જોઈએ. જો એ કંઈ કામથી આવ્યો હોય તો ઓટલા પર જ બેસીને તેને ચા-પાણી કરાવીને કામ પૂરું કરી તેને વિદાય કરવો જોઈએ.

ઓટલો એટલે RGM- રોજિંદી જનરલ મીટિંગ કે જેમાં હાજર રહેલા સૌ કોઈ એકબીજાના સુખ દુઃખમાં સહભાગી બને છે. ઓટલો એટલે એવી ઘરસભા કે જેમાં ઘરનાં સદસ્યો સિવાય બધાં હાજર રહે છે. ઓટલો એટલે એક એવી નિઃશુલ્ક સારવાર જે મનની તંદુરસ્તી વધારે છે. ઓટલો એટલે એક એવી જગ્યા જ્યાંથી બૂમ પાડતાંની સાથે મદદે આખી પોળ કે સોસાયટી ઊમટી પડે. ઓટલો એટલે આમંત્રણ વિના કોઈનાં પણ ઘેર જવાની પરવાનગી. ઓટલો એટલે અંત વિનાની વાતો અને બીજું ઘણું બધું.

આપણે સૌ ક્યારેક ને ક્યારેક તો ઓટલા પરિષદમાં સહભાગી થયા જ હોઈશું. આવા ઓટલા પર કરેલી અગણિત વાતો અને યાદો હંમેશાં માટે હૃદયસ્થ થઈ જાય છે

**બોલો, તમે શું કહો છો?** ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ડિજિટલ પ્લેટફૉર્મનો સમ્રાટ છે કોન્ટેન્ટ

## રીલ્સથી લઈને ફોટો સુધી કોન્ટેન્ટના બદલાતાં સ્વરૂપથી ઓછા સમયમાં અઢળક સામગ્રી મળવાની શરૂ થઈ છે

ટેક્નોલોજીની દુનિયામાં બદલાતાં પ્રવાહમાં અનેક પ્લેટફોર્મ પરથી કેટકેટલું પીરસાયું...! 'ટિકટોક' નામની એપ્લિકેશન બંધ થઈ જતા હરીફ કંપનીઓએ મર્યાદિત સમયના વીડિયોનો અફાટ સમુદ્ર બનાવ્યો. યુટ્યૂબથી લઈને ઈન્સ્ટાગ્રામ સુધી અને એડથી લઈને એનિમેશનથી સજ્જ શોર્ટ સ્ટોરીઝ સુધી, સર્વત્ર ફોટો-વીડિયોના કોન્ટેન્ટ-સામગ્રીથી વિઝ્યુલાઈઝેશન (ચિત્રાંકન) એકાએક વધ્યું. એક સમયે યુટ્યૂબના વીડિયો જોવા પણ રેર ગણાતા. ઈન્ટરનેટ ડેટાપેકની સસ્તી ને સરળ સવલતથી વીડિયો માર્કેટમાં શૅરબજાર જેવી તેજી આવી. 'ગ્લોબલ મીડિયા સ્ટ્રેજિક' સર્વે અનુસાર ૫.૧ મિલિયનથી વધુનું વીડિયો માર્કેટ એકલા યુટ્યૂબ ચેનલનું રહ્યું છે, જેમાંથી ૩૦૦ કલાક શોર્ટ વિડિયોના છે. સાત જુદા જુદા રિજિયનમાંથી કરાયેલા આ જ વર્ષના સર્વેનું તારણ છે. ૮૩ બિલિયન વિડિયોનું માર્કેટ એશિયાઈ દેશનું છે, જેમાં ફૂડ, ટ્રાવેલ્સ, હોમ ટિપ્સ અને ચાઈલ્ડ કેરના વીડિયો સૌથી વધુ જોવાયા છે. સર્વે કરનારી કંપની ત્યાં સુધી કહે છે કે, છેલ્લા ત્રણ વર્ષનો આ સૌથી મોટો ગ્રોથ છે. જેની પાછળ સસ્તું ઈન્ટરનેટ કનેક્શન અને બીજા ક્રમે એના કોન્ટેન્ટ (સામગ્રી- માહિતી) જવાબદાર છે.

'કોન્ટેન્ટ' શબ્દના મૂળ લેટિન ભાષામાં છે. મૂળ શબ્દ કોન્ટિનેરે પરથી કોન્ટેન્ટ થયું અને એમાંથી બ્રિટિશ ઈંગ્લિશ અનુસાર કોન્ટેન્ટ શબ્દને સ્થાન મળ્યું, જેનો સીધો-સાદો અર્થ થાય છે સામગ્રી.

ડિજિટલની વિવિધતા ભરી દુનિયામાં દર વર્ષે શું સર્ચ થયું એની યાદી ગૂગલ જાહેર કરે છે. શું જોવાયું એના પર સર્વે થાય છે. એક વખત જે ગમ્યું એને લાઈક કર્યું એ પછી જુદા જુદા વિષયોની આખી હારમાળા પીરસાય છે. આ તમામ વસ્તુઓ પાછળ જે મેકેનિઝમ કામ કરે છે એને કહેવાય કોન્ટેન્ટ સાયન્સ. એમાં વ્યક્તિના મૂડ, મનપંસદ મ્યુઝિક, માહોલ અને મેઈન સ્ટ્રીમમાં ચાલતા વાયરલના વાયરા પર સૌથી વધુ ફોક્સ હોય છે. સોશ્યલ મીડિયાથી થોડે આગળ જતા ઓટીટી પ્લેટફોર્મ ઉપર પણ પાવરફૂલ, ક્લિયર, પર્ફેક્ટ અને ઈમોશન સાથે પીરસાતું વીડિયો કોન્ટેન્ટ પ્રાયોરિટીમાં હોય છે. નામી ઓટીટી પ્લેટફોર્મ તો વીડિયો ક્વોલિટીના રીઝોલ્યુશનને પ્રાધાન્ય આપીને એને પીરસવાના રૂપિયા લે છે અર્થાત્ કોન્ટેન્ટ ઈઝ ધ કિંગ. યુદ્ધ કથાથી લઈને યોગાભ્યાસ સુધી, ટ્રાવેલથી લઈને ટિખ્ખળ સુધી, પોડકાસ્ટથી લઈને પિક્ચર સુધી તમામ વીડિયો ફોર્મેટના પાયામાં છે એના વિષયનું કોન્ટેન્ટ.

જેમાં ચોક્કસ શબ્દો, શૈલી અને સ્ક્રિપ્ટના ફોર્મેટ સાથે તે પીરસાય એ અનિવાર્ય




છે. વિષયોની અમાપ દુનિયામાં સાચું-ખોટું બધુંય ઠલવાય છે. વાઈરલ વીડિયો પાછળ કેટકેટલાય વાદ-વિવાદ થાય છે. સત્ય શું એ માટે થોડો વિચાર અવશ્ય આવે. આ માટે પણ કેટલીક ટિપ્સ અને નિરિક્ષણ જરૂરી છે, જેમ કે, કોઈ પણ વીડિયોમાં ભાષા કઈ, આસપાસના લોકેશન શું, જે વિષય છે એ સંબંધિત બીજા વાવડ શું આ તમામ પર થોડું રીસર્ચ કરીએ એટલે હકીકત સામે આવી જાય. એ ન મળે તો એટલું તો અવશ્ય મળે કે આખરે એના મૂળ ક્યાં છે. કોન્ટેન્ટનું કોપી-પેસ્ટ, નકલ અને બેઠી ઉઠાંતરી એ વિકટ સમસ્યા ઊભી કરી છે. એમાં એક દ્રષ્ટિકોણથી ડેટાનો પણ વ્યય થાય છે. સરળ, સ્પષ્ટ અને ટૂંકા કોન્ટેન્ટની મોટી માર્કેટ છે. ટ્વિટર (હવે X) જેવી વેબસાઈટે પહેલા મર્યાદિત શબ્દો આપીને ભલભલાને ક્રિએટિવ કરી દીધા, જેમાં ટેગથી લઈ હેશટેગ સુધી બધું આવી જાય એટલે ભયો..ભયો..સ્ક્રિપ્ટ મજબૂત હોય તો ફિલ્મમાં દમ છે એમ કહેવાય એમાં પણ કોન્ટેન્ટ છે. સોશ્યલ મીડિયા શરૂ થતા જ અઢળક વિષયોના કોન્ટેન્ટ ઠલવાયા. એમાંથી આપણને ગમ્યા એની આખી કેટેગરી ઊભી થઈ.

માર્કેટમાંથી પૈસા કેમ કમાવવાથી લઈને પેન્શન સ્કિમમાં જરૂરી દસ્તાવેજ સુધી કોન્ટેન્ટની આ માર્કેટમાં કેટલાય ઈન્ફ્લુએન્સર્સે કમાણીનો રસ્તો બનાવ્યો. એને પીરસવાની શૈલી ઉપર પણ આધાર છે. AI અને ચેટજીપીટી આવતા રૉ કોન્ટેન્ટની માર્કેટમાં ઉછાળો આવ્યો છે. ક્રિએટિવ શબ્દો, સુંદર શૈલી અને થોડું પ્રોફેશનાલિઝમ કરો એટલે જાણે કોઈ એક્સપર્ટે શબ્દો લખ્યા હોય એવી ફીલ આવે. ગૂગલે પણ આ વાતની નોંધ લઈને એક વાર્ષિક રિપોર્ટ બનાવવાનું શરૂ કર્યું.. જાણીને આશ્ચર્ય થશે કે, વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ એમ બે વર્ષમાં સૌથી વધું જે કોન્ટેન્ટ સર્ચ થયા એમાં મ્યુઝિક, ધાર્મિક સીરિયલ, જૂના ગીત અને ટેક્નોલોજી સંબંધિત રહ્યા છે. એ પછીના એક વર્ષમાં હાઈવે ટ્રીપ, એડવેન્ચર, સિટી બ્લોગ, ફૂડ, ફેશન, ટીપ એન્ડ ટ્રિકસ મુખ્ય રહ્યા. છેલ્લા બે વર્ષમાં થયેલી સર્વેના રિપોર્ટ અનુસાર ગોસીપ, બોલિવૂડ સેલેબ્સના મેરેજ, ક્રિકેટ મેચની સ્ક્રિન પર ન આવેલી વાત, મુવી સિન્સ, વેધર, શોર્ટ સ્ટોરી, એડલ્ટ પ્રેંક અને છેલ્લે ઓટો. આટલા વિષયના કોન્ટેન્ટ સૌથી વધુ સર્ચ પણ થયા અને ભરપૂર જોવાયા.

મોટાભાગના કિસ્સામાં બ્યૂટી ટિપ્સ અને ફેશન સંબંધિત કોન્ટેન્ટ બપોરના સમયે જોવાય છે. જ્યારે સવારના સમયે ન્યૂઝ અને આર્ટિકલ્સ વંચાય છે. મોટાભાગના નાઈટ ટ્રાવેલ્સમાં યુટ્યૂબ પર સતત ચાલતા જૂના ગીત સર્ચ થયા છે. જ્યારે બિઝનેસ સંબંધિત કોન્ટેટ સૌથી વધારે સાંજના સમયે અથવા મોડી રાત્રે જોવાય છે. આ બધી સામગ્રી પરથી સોશ્યલ મીડિયા પર કે પોતાની કોઈ ચેનલ્સ તૈયાર કરવા એટલું તો નક્કી છે કે, કોઈ રસપ્રદ અને યુનિક કોન્ટેન્ટ હોય તો આવનારી ટેક્નોલોજીની દુનિયા કોન્ટેન્ટ ક્રિએટર્સની છે. એ પછી સ્ક્રિપ્ટ લખવાની ફાવટ હોય કે બોલવાની. એ પછી બીજા ક્રમે એ એડિટ કરનારા વીડિયો એડિટર્સની વાત આવે છે. કોન્ટેન્ટ બેસ્ટ હશે તો ટેક્નિકલ પાસું સરળ રીતે સેટ થશે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

*અમેરિકા, કેનેડા, રશિયા, જાપાન અને આફ્રિકા જેવા દેશના લોકો સોશ્યલ મીડિયા છોડી રહ્યા છે, જ્યારે ભારતમાં સોશ્યલ મીડિયા વ્યૂઈંગ ટાઈમિંગ સૌથી વધારે છે. ૨૪ કલાકમાંથી ૧૮ કલાક...!*

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

### વર્લ્ડકપ વિજયઃ

# મહિલાઓની રસોડાથી રમતના મેદાન સુધીની અફલાતૂન સફર

જયારે કોઈપણ મોટી સફળતા દેશને મળે છે ત્યારે તેની સાથે લોકોની લાગણીઓ જોડાય જાય છે, જોશ અને જોમ વધે છે, વેપાર વધે છે, નવી નવી કેટેગરી ઉદ્ભવે છે અને નવા નવા ચહેરા જોવાં મળે છે.

૧૯૮૩ માં જયારે ભારતે ક્રિકેટનો વિશ્વકપ જીતી લીધો ત્યારે દુનિયામાં આપણી વાહ વાહ થઇ તેની સાથે દેશમાં લોકોને લાગ્યુ કે રમત ગમતને પણ પ્રોત્સાહન આપવું જોઈએ. ક્રિકેટની રમતે નવો વળાંક લીધો અને આપણે તે દિશામાં વિચારવા લાગ્યા.

ત્યારબાદ વનડેનો ૨૦૧૧ અને ૨૦૦૭ તથા ૨૦૨૪ ટી-૨૦માં... આ બધું થયું ત્યાં સુધીમાં ભારત ક્રિકેટનું સૌથી ધનાઢ્ય બોર્ડ બની ગયું હતું. હવે સોનામાં સુંગધ ભળી જયારે આપણી મહિલા ખેલાડીની ટીમ પણ આ વર્ષે વર્લ્ડકપ જીતીને લાવી.



આની અસર આપણે કલ્પી નથી શકતા તેવી થશે. તેમણે ફક્ત ટ્રોફી જ નથી ઉપાડી. તેમણે મહિલા ક્રિકેટની રમતને પણ ઊંચા સ્તરે પહોંચાડી દીધી છે અને આમ કરતી વખતે, યુવા ભારતીય ચેમ્પિયન્સની નવી પેઢીઓને પ્રેરણા આપી. ફક્ત ક્રિકેટ નહિ પણ મહિલાઓનો વિવિધ રમતગમતોમાં રસ જાગૃત થશે અને કેટલાંક સામાજિક બંધનો મહિલાઓ માટે તૂટશે. આ ટીમને જોશો તો ખ્યાલ આવશે કે મોટાભાગની મહિલા ખેલાડી નાના શહેરોમાંથી આવી આ પડાવ હાંસિલ કર્યો છે. એ બધા પોતપોતાના વિસ્તારોમાં અને નાનાં શહેરોમાં બીજી યુવતીઓ-બાળકીઓને પ્રોત્સાહિત કરશે. ફક્ત રમતગમત નહિ, બીજી ઘણી વાતોમાં પણ જીવનમાં કશુક કરવાની પ્રેરણા પામશે.

૨૦૨૨માં BCCI એ એક મોટુ પગલું એ લીધું કે પુરુષ - સ્ત્રી બંને ટીમના ખેલાડીઓને સમાન મહેનતાણુ મળશે. આ ઘણી મોટી વાત છે, જે સ્વાભાવિકપણે મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરી હશે. કરોડોનો વેપાર કરતી બોલિવૂડ આજ સુધી આ નથી કરી શકી. અહીં પુરુષ સ્ત્રી કલાકારોના મહેન્તાણામાં જબરો તફાવત છે!)

વર્લ્ડ કપ વિજય પછીનો એક અહેવાલ મુજબ મહિલા ક્રિકેટ ખેલાડીઓનું બ્રાન્ડ વેલ્યુએશન પણ વધી ગયુ છે. હવે તેમની અને પુરુષ ખેલાડીની બ્રાન્ડ એંડોરસેમેન્ટ ફીમાં મોટો ફરક નથી રહ્યો. જો જીતના એક-બે દિવસમાં આ થઇ શકે તો આપણે કહી શકીયે કે, આતો હજુ ટ્રેલર છે... પિક્ચર અભી બાકી હે મેરે દોસ્ત.

સહેજે છે કે જયારે આવી ઉપલબ્ધિ દેશને મળે છે ત્યારે તેના સકારાત્મક પરિણામો આવે છે. એક સમય હતો જયારે સ્પોર્ટસથી દેશને કે પછી સ્પોર્ટસથી ધંધામાં કોઈ ફાયદો થઇ શકે કે પછી સ્પોર્ટસથી નોકરી મેળવવી કે ઘર ચલાવવુ લોકોને મુશ્કેલ લાગતું. છેલ્લાં અમુક વર્ષોમાં IPL અને WPL જેવા સ્પોર્ટસ પ્લેટફોર્મ્સ અને પર્સનલ પર્ફોર્મન્સથી ઓલિમ્પિક્સમાં મેડલ લાવનાર રમતવીરોના કારણે આપણા દેશમાં સ્પોર્ટસને મહત્ત્વ મળવા લાગ્યું છે. નવી નવી બ્રાન્ડ્સ, સબ કેટેગરીઓ ઊભી થશે. જયારે નવી બ્રાન્ડ્સ ઉભરશે એક તરફ ત્યારે બીજી તરફ માર્કેટર્સને નવા નવા પ્લેટફોર્મ્સ અને મીડિયા મળશે પોતાના પ્રોડક્ટ પ્રમોટ કરવા માટે. મોટી મોટી બ્રાન્ડ્સ આવી તકોની રાહ જોતી હોય છે જેના થકી એ પોતાના ટાર્ગેટ ઓડિયન્સ સુધી પહોંચી શકે. આ ઉપરાંત આપણે જોયું છે કે ઘણી મોટી કોર્પોરેટ્સ IPL જેવી ઇવેન્ટ્સમાં પોતાની ટીમ ખરીદે છે. જયારે એમનો પોતાના ધંધામાં સ્થિર છે અને રમતગમત એમનો વિષય પણ નથી છતાં એ બધા આ કેટેગરીમાં રસ દાખવે છે અને ઈન્વેસ્ટ કરે છે, કારણ કે આનાથી એમને એક મોટું ફલક મળે છે નવી માર્કેટમાં જવા માટે, પોતાની બ્રાન્ડ સ્થાપિત અને લોકપ્રિય કરવા માટે, ફેન બેઝ વધારવા માટે, નવું ટાર્ગેટ ઓડીએન્સ મેળવવા માટે, પોતાની બ્રાન્ડને યૂથફુલ પર્સનાલિટી મળે છે અને આ ઉપરાંત કંપની અને બ્રાન્ડનું વેલ્યુએશન વધે છે તે નફામાં. આથી ઘણી નામી બ્રાન્ડ્સ આ કેટેગરીમા કેલ્ક્યુલેટિવે રિસ્ક લઇ રહી છે અને આવનારા સમયમાં બીજી ઘણી બ્રાન્ડ્સ આમાં જોડાશે.

આ ખરો સમય છે આ કેટેગરીમાં બ્રાન્ડ બનાવવા માટે, માર્કેટિંગની પુષ્કળ તક ઊભી થશે. સ્પોર્ટસ ગૂડ્સ મેનુફેકચરિંગ, સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર, ગ્રાસરૂટ સ્પોર્ટસ, ઇન્ટરનેશનલ ઈવેન્ટ્સ, ડેટા એનાલિટિક્સ, સ્પોર્ટસ સાયન્સ, પેરા સ્પોર્ટસ, સ્પોર્ટસ લીગ્સ, સ્પોર્ટસ ઇન્ક્યુબેટર જેવા વેપાર માટે તકો હજુ ઉભરશે. એટલું જ નહીં, જે કોચ છે, એક્સપર્ટ એનાલિસ્ટ્સ છે, ફિઝિઓ ડોક્ટર્સ છે એમને પણ પોતાની પર્સનલ બ્રાન્ડ બનાવવી પડશે પોતાને એક્સપર્ટ સાબિત કરવી પડશે તો જ લોકો ડીલ કરવા તૈયાર થશે. 'હું ફક્ત એક્સપર્ટ છું તેથી મારી પાસે આવો ' એ નીતિરીતિ હવે નહિ ચાલે. બ્રાન્ડેડ એક્સપર્ટ માટે લોકો ડિમાન્ડ કરશે. જે નાના કોચિંગ સેન્ટર્સ ચલાવે છે, સ્પોર્ટસ સ્ટોર્સ છે એ લોકોએ પણ બ્રાન્ડ બનાવવી પડશે...

અહીં ટેક્નોલોજી પણ મહત્ત્વનો ભાગ ભજવશે, કારણ કે આજે સ્પોર્ટસમાં આપણે જાણીએ છીએ કે કઈ હદ સુધી ટેક્નોલોજીની મદદ લેવાય છે. હા, એ ખરું કે આપણા દેશમાં જોઈએ તેટલી સ્પોર્ટ્સ મેનેજમેન્ટ કોલેજો કે કોર્સ નથી તો કોલેજો માટે તક છે સ્પોર્ટસ મેનેજમેન્ટના કોર્સ શરૂ કરવાની.

મહિલા માટે પાછું વિચારીયે તો આ બધી તકો એમના માટે પણ ખુલશે. વ્યક્તિગત સ્તરે અનુભવી મહિલા ખેલાડીઓ માટે દરવાજાઓ ખુલશે પોતાની જે આવડત છે તેને રોકડી કરવાનો. આ જીત સામાન્ય જીત કે ફક્ત ક્રિકેટની જીત નથી, આ મહિલા સશક્તીકરણની જીત છે, મહિલાના અધિકારની જીત છે, મહિલા પુરુષથી ઓછી નથી તે સમજની જીત છે અને આ જીત ચોક્કસપણે છોકરીઓને રસોડાથી રમતના મેદાન પર લઈ આવશે. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# હેલોવીન ઉજવતા દેશો કરતાં વધુ ભૂતકથા ને ભૂતિયા સ્થળો તો ભારતમાં છે!

દર વર્ષે ઓક્ટોબરના અંતથી નવેમ્બરની શરૂઆતના દિવસોમાં ઘણા દેશ હેલોવીન વીક ઉજવે છે. હેલોવીનનું અઠવાડિયું એવો સમય છે જ્યારે લૌકિક અને અલૌકિક દુનિયા વચ્ચેની સીમાઓ ઝાંખી થઈ જાય છે. સેમહેન સેલ્ટિક ફેસ્ટિવલ એટલે કે વાવણીની ઋતુ પૂરી થાય પછી અને ઠંડીની સીઝન શરૂ થાય ત્યારે હેલોવીન ઉજવવાની પ્રથા જૂની છે. આ હેલોવીન ઉત્સવ પશ્ચિમી દેશોના લોકોને આત્મા- ભૂતાવળ અને અદ્રશ્ય શક્તિ સાથે સાંકળવાનો મોકો આપે છે. લોકો હળવાશથી ભૂતપ્રેતના વેશ ધારણ કરે છે. ભારતના લોકો પણ હેલોવીનથી અજાણ નથી. મોટા શહેરોમાં ક્યાંક ક્યાંક હેલોવીન પાર્ટીઝ શરૂ થઇ ગઈ છે. વિદેશમાં વસતા ભારતીયો તો હેલોવીન વિકની ઉજવણી કરે પણ છે.

જોકે અહીં મુદ્દો એ છે કે આ ભૂતપ્રેતની વાતમાં પણ ભારત પશ્ચિમી દેશો કરતાં જોજનો આગળ છે. ભારતમાં ઘણા ભૂતિયા લોકેશન છે, જેની સાથે અનેક ચિત્રવિચિત્ર કથા સંકળાયેલી છે, જેમકે...

દિલ્હીમાં એક મહેલ આવ્યો છે જેનું નામ છે 'ભૂલી ભટિયારી કા મહાલ.' ૧૪મી સદીના મધ્યમાં ફિરોઝ તુઘલક દ્વારા બંધાયેલો આ મહેલ ખરેખર તો શિકારીઓ માટેનું છૂપું સ્થાન હતો. હાલના દિલ્હીમાં પ્રખ્યાત હનુમાનજીની પ્રતિમાની નજીક રસ્તાની બાજુમાં જ આ જગ્યા આવેલી છે. તેની કથા એવી છે કે ભટિયાર જાતિની એક મહિલા પોતાનો રસ્તો ભૂલી ગઈ ને આ સ્થળ પર જ મૃત્યુ પામી. ત્યારથી તેની આત્મા આ ખંડેરમાં ભટકે છે એવું કહેવાય છે. આ સ્થળ એકદમ એકાંતભર્યું છે. વળી તે વિસ્તારમાં ઘણા ગુનાઓ પણ થયા છે માટે આ સ્થળને લઈને એક કરતાં વધુ ભૂતકથાઓ પ્રસરી છે.

આપણે ભૂતમાં માનીએ કે ન માનીએ, પણ સજાગ નાગરિક તરીકે એટલું વિચારી શકાય કે આ સ્થળ દર્શાવે છે કે શહેરનો વધતો જતો વિસ્તાર કેવી રીતે એક સમયના બહારના જંગલને ગળી જાય છે પરિણામે કેવી રીતે ઉપેક્ષા પામેલાં સ્થળો ભૂતકથાને જન્માવે છે.

મધ્યપ્રદેશમાં ગઢ કુંદર કિલ્લો છે. ઓરછાની ઉત્તરે એક ટેકરી પર આવેલો આ નાનો કિલ્લો ૧૫મી સદીમાં ખાંગર રાજવંશના શાસન હેઠળ હતો, જેની બુંદેલાઓ સાથે દુશ્મનાવટ હતી. એક ખાસ લગ્નની રાત્રે હત્યાકાંડ થયો. જ્યારે ખાંગર દારૂના નશામાં હતા ત્યારે સશસ્ત્ર બુંદેલાઓએ કિલ્લા પર હુમલો કર્યો હતો આવી સ્થાનિક લોકવાયકા છે. આજે આ કિલ્લો શાંત અને અવાવરું છે, એ ખાલી ગઢમાંથી ફક્ત પક્ષીઓના અવાજ સાંભળવા મળે છે. નજીકમાં કોઈ મોટા ગામ નથી, ફક્ત છૂટાછવાયા ઘરો છે. સ્થાનિક લોકો માને છે કે આ સ્થળમાં ભૂત વસે છે તેથી મોટાભાગના લોકો ત્યાં જતા નથી.



અંગ્રેજોના જમાનાથી લઈને હમણાં સુધી રોસ ટાપુ તરીકે ઓળખાતો નેતાજી સુભાષચંદ્ર બોઝ ટાપુની ભૂતકથા પણ પ્રચલિત છે. આપણને ખબર છે કે આંદામાન ટાપુઓમાં બ્રિટિશ જેલો હતી. આશરે ૧૮૬૪ થી ૧૮૬૭ સુધી ત્યાંના કેદીઓએ બેરેક, એક ચર્ચ, એક બજાર, એક સ્વિમિંગ પૂલ અને મુખ્ય કમિશનરનું ભવ્ય નિવાસસ્થાન બનાવવા માટે મહેનત કરી. દાયકાઓ સુધી કેદીઓ સાથેના ક્રૂર વર્તન થયું હતું. ૧૯૪૦ના દાયકામાં આ ટાપુ ત્યજી દેવામાં આવ્યો હતો.

આજે તે જંગલ વિસ્તારમાં ઇમારતો ચણાઈ રહી છે - અને આ શહેરી વિકાસ સાથે મૃત કેદીઓની ભટકતી આત્માઓની વાર્તાઓ પણ સાંભળવા છે. અહીં રાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો થાય છે, પણ સ્થાનિક લોકોને પૂછીએ તો કહે છે કે મોડી રાતે અહીં આત્માઓ ભટકે છે...

'બાજીરાવ મસ્તાની' ફિલ્મ પછી મહારાષ્ટ્રનો શનિવાર વાડાનો ગઢ વધુ જાણીતો થયો છે. ૧૭૩૨માં બંધાયેલો આ કિલ્લો મરાઠા સામ્રાજ્યના શક્તિશાળી પેશ્વાઓનો ગઢ હતો.

એક જમાનામાં આ ગઢ લોકોની ચહલપહલથી ગુંજતો રહેતો, પરંતુ ૧૭૭૩માં યુવાન પેશ્વા નારાયણ રાવની હત્યા કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, તેમના કાકા અને કાકીએ જ અંગરક્ષકોને હત્યાનો આદેશ આપ્યો હતો. પછી, ૧૮૨૮માં, આગ લાગવાથી કિલ્લો બળીને રાખ થઈ ગયો, જેમાં ફક્ત કિલ્લાની અમુક દીવાલો અને પ્રવેશદ્વાર જ બચ્યા. સ્થાનિક દંતકથા એવી છે કે નારાયણ રાવનું ભૂત પૂર્ણિમાની રાત્રે મદદ માટે બૂમ પાડે છે : 'કાકા, માલા વચવા ...કાકા, મને બચાવો!'

રાજસત્તા, કાવતરું, વિશ્વાસઘાત આ બધા સંજોગોની જ્યારે અથડામણ થાય છે ત્યારે એ બધા ફક્ત ઈતિહાસનાં પુસ્તકોમાં જ નહીં, પરંતુ સમયના વહેણમાં પણ પોતાની છાપ છોડી જાય છે...

આ બધા વચ્ચે કદાચ ભારતનું સૌથી પ્રખ્યાત ભૂતિયા સ્થળ એટલે અલવર-રાજસ્થાનનો ભાનગઢ કિલ્લો. ૧૭મી સદીમાં રાજા ભગવંત દાસે તેમના પુત્ર માધો સિંહ માટે બંધાવેલો આ કિલ્લો અરવલ્લી પર્વતોની તળેટીમાં સરિસ્કા અભયારણ્યની પાસે આવેલો છે.

એની સાથે બે મુખ્ય દંતકથા સંકળાયેલી છે. એકઃ તપસ્વી બાલાનાથે આ કિલ્લાને આશીર્વાદ આપ્યા હતા કે તેનો પડછાયો તેમના નિવાસસ્થાન પર ક્યારેય ન પડે. જ્યારે તે થયું ત્યારે તે વિનાશમાં પરિણમ્યું. બીજી દંતકથા એ છે કે એક તાંત્રિક રાજકુમારી રત્નાવતીથી મોહિત થઈ ગયો ત્યારે પોતાને વશ કરવાની બધી યોજના એ રાજકુમારીએ નિષ્ફળ બનાવી દીધી એટલે રોષે ભરાયેલા તાંત્રિકે એ ભૂમિને શ્રાપ આપ્યો... આજે એ કિલ્લો ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના નિયંત્રણ હેઠળ છે. અહીં સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં પ્રવેશ પ્રતિબંધિત છે.

વારસો અને ઉપેક્ષા આ મહત્ત્વના શબ્દો છે. આમાંના ઘણાં સ્થળો ફક્ત ભૂતોને કારણે જ નહીં, પણ તેમનો ભૂતપૂર્વ હેતુ બંધ થઈ જવાને કારણે પણ ભૂતિયા બન્યા. બીજા કારણોમાં પર્યટન, અર્થતંત્ર અને જે તે સ્થળની રજૂઆતની કળા પણ કારણભૂત બની જાય છે ત્યારે ભૂત નામનું ગેબી તત્ત્વ એને યાદ રાખવાનો માર્ગ બની જાય છે. પરિણામે સત્તાવાર ઇતિહાસ ક્યારેક ભૂલી જાય છે.

વળી જે તે સ્થળ સાથે જોડાયેલું 'ભૂતિયા ' ટેગ મુલાકાતીના અનુભવને વધુ રોચક બનાવે છે...ત્યારે તમે ફક્ત ખંડેર જોતા નથી - તમે કંઈક અનુભવો છો. તે લાગણી શક્તિશાળી છે. ડર પણ રોમાંચ આપે છે. ભલે હેલોવીન પશ્ચિમી દેશોમાં ઉજવાતો તહેવાર છે પણ ભારતનો પોતાનો ભૂતિયા વારસો દર્શાવે છે કે અદ્રશ્ય તાકાત સાથે માણસની જોડાવાની ઇચ્છા સાર્વત્રિક છે.

આ હેલોવીન સીઝનમાં એ સવાલ મહત્ત્વનો નથી કે ભૂત હોય છે કે નહિ? પણ જે તે ત્યજી દેવાયેલા સ્થળ અને આપણો ઈતિહાસ શું છે તે મહત્ત્વનું છે. આપણે આપણા ભૂતકાળમાંથી શું શીખીએ છીએ અને વર્તમાનને કેવી રીતે બેહતર બનાવીએ છીએ તે મહત્ત્વનું છે.

બાકી ભૂત-બૂત જેવું કઈ હોતું નથી. એ બધી મનની માન્યતા અને ભ્રમણા માત્ર છે. ■

સ્મૃતિ વિશેષ

અમૃત ગંગર
feedback@bombaysamachar.com

# બંગાળી ફિલ્મકાર ઋત્વિક ઘટકની વિભાજન- વ્યથા

### ઋત્વિક ઘટકની એકસોમી જન્મજયંતી હમણાં ચાર નવેમ્બર ૨૦૨૫ના દિવસે ઉજવાઈ ગઈ. આ વર્ષ એમની જન્મ શતાબ્દીનું વર્ષ (૧૯૨૫-૨૦૨૫) છે.







આમ તો આ સાવ આગવા એવા ફિલ્મકાર ઋત્વિક ઘટક અને એમની ફિલ્મકૃતિઓ વિશે મેં ગુજરાતી - અંગ્રેજી ભાષામાં અવારનવાર વિસ્તારપૂર્વક લખ્યું છે. એમના વિશે ભારતનું પ્રથમ વિશ્લેષણાત્મક અંગ્રેજી પુસ્તક 'એ રીટર્ન ટુ ધ એપિક' (લેખકઃ આશિષ રાજાધ્યક્ષ)અમારી મુંબઇની ફિલ્મ સોસાયટી સ્ક્રીન યુનિટ વતી પ્રકાશિત કરવાની પણ મને ૧૯૮૨માં તક મળી હતી... તેનું વિમોચન સ્વ. ઋત્વિક ઘટક (મૃત્યુ ૧૯૭૬)ના પત્ની સુરમાએ કલકત્તામાં કર્યું હતું. ત્યારબાદ ૧૯૮૭માં ઋત્વિક ઘટક વિશેનું સ્ક્રીન યુનિટ-પ્રકાશિત અને આશિષ રાજાધ્યક્ષ, અમૃત ગંગર-સંપાદિત બીજા અંગ્રેજી પુસ્તક આર્ગ્યૂનેન્ટ્સ / સ્ટોરીઝનું વિમોચન અમારા વિશાળ રેટ્રોસ્પેક્ટિવ દરમિયાન ઘટકના શિષ્ય અને ફિલ્મકાર મણિ કૌલે કર્યું હતું.

૧૯૬૦-૭૦ના દાયકામાં ઋત્વિક ઘટક મુંબઇના ફિલ્મિસ્તાન સ્ટુડિયોઝના સિનાર્યો વિભાગમાં જોડાયા હતા. એ ગાળામાં એમણે સ્ટુડિયોઝના વડા શશધર મુખર્જીને પત્ર લખીને ફિલ્મિસ્તાન તેના ફિલ્મ નિર્માણના બજેટમાં પ્રયોગાત્મક અભિગમને પ્રોત્સાહન આપે તેવી ભલામણ કરી હતી. મુંબઇના એમના રહેવાસ દરમિયાન તેમણે બિમલ રોયની ફિલ્મ 'મધુમતિ'ની પટકથા લખી હતી.

ઋષિકેશ મુખર્જીની ફિલ્મ 'મુસાફિર'ના પણ એ સહપટકથા લેખક હતા. એમની ટૂંકી કારકિર્દી (૧૯૫૨થી ૧૯૭૬) દરમિયાન ઋત્વિક ઘટકે આઠ સંપૂર્ણ ફિચર ફિલ્મકૃતિઓ બનાવી હતી, જેમાંની 'પ્રથમ નાગરિક' ૧૯૫૨માં એટલે કે સત્યજિત રાયની 'પથેર પાંચાલી' કરતાં ત્રણ વર્ષ અગાઉ સર્જાઇ હતી, પણ કમનસીબે એ ફિલ્મ ઘટકના મૃત્યુ બાદ ૧૯૭૭માં રિલીઝ થઇ હતી. ત્યારે જણાયું હતું કે ફિલ્મની મૂળ નેગેટિવ પ્રિન્ટો નષ્ટ પામી હતી , પણ સ્થાનિક ટેક્નિશિયનોએ ખરાબ હાલતની એક પોઝિટિવ પ્રિન્ટ શોધી કાઢી હતી અને ઘણાં પ્રયત્નોના અંતે નવી રિલીઝ પ્રિન્ટ તૈયાર કરી હતી. કેટલાક અગ્રણી બંગાળી ફિલ્મ વિદ્વાનોના મત મુજબ જો 'નાગરિક' ફિલ્મકૃતિ ૧૯૫૨માં રિલીઝ થઇ હોત તો ભારતીય સિનેમાનો ઇતિહાસ અલગ રીતે લખાયો હોત!

ઋત્વિક ઘટકે 'નાગરિક' થી પૂર્વે તારાશંકર બંદોપાધ્યાયની વાર્તા આધારિત 'અરૂપ કથા કે બેદિની' નામની ફિલ્મકૃતિ બનાવી હતી. તેની શરૂઆત નિર્મલ ડે નામના દિગ્દર્શકે કરી હતી, પણ તે પૂર્ણ નહોતી થઇ શકી.

માત્ર ૫૦ વર્ષની આયુએ કવેળા અંતિમ વિદાય લેનારા આ આગવા ફિલ્મ સર્જક ઋત્વિક ઘટકનું જીવન ઘણું ઝંઝાવાતી રહ્યું હતું. એમનો જન્મ ત્યારના પૂર્વ બંગાળના પાટનગર ઢાકામાં થયો હતો. બંગાળનું હિન્દુ મુસલમાન નાગરિકોને વિખૂટા પાડતું પહેલું વિભાજન ત્યારના બ્રિટિશ વાઇસરોય લોર્ડ કર્ઝને કરાવ્યું હતું. એમના જન્મથી વીસ વર્ષ પૂર્વાર્ધ ૧૯૦૫માં થયેલા બંગાળના વિભાજનના ઇતિહાસથી એ વાકેફ હતા. એમના જન્મથી વીસ વર્ષ ઉત્તરાર્ધ એટલે ૧૯૪૫ના વર્ષમાં બંગાળના બીજા વિભાજનના એંધાણ મળી ચૂક્યા હતા. અને તે ભારતની આઝાદી સાથે ૧૯૪૭માં નવા રાષ્ટ્રના નિર્માણ સાથે થયું. પછી પૂર્વ બંગાળ પૂર્વ પાકિસ્તાન થઇ ગયું. ૧૯૪૩માં બંગાળનો કારમો દુકાળ એમણે જોયો હતો અને તેના થકી સર્જાયેલા હૃદયદ્રાવક દૃશ્યોએ યુવાન ઋત્વિકને હચમચાવી મૂક્યા હતા. એ ગાળામાં જ એ પશ્ચિમ બંગાળના પાટનગર કલકત્તામાં આવી ગયેલા. એમની ત્રણ ફિલ્મકૃતિઓ 'મેઘે ઢાકા તારા (૧૯૬૦),' -' કોમલ ગાંધાર (૧૯૬૧) ' અને ' સુવર્ણરેખા (૧૯૬૨)' પાર્ટિશન ટ્રિલજી તરીકે ભારત અને વિશ્વમાં ચર્ચાય છે. આજની ટેક્નોલોજિના લીધે એમની બધી ફિલ્મકૃતિ અંગ્રેજી સબટાઇટલ્સ સાથે સહેલાઇથી જોઇ શકાય છે. ૧૯૮૭માં મેં એમની ફિલ્મોનો રેટ્રોસ્પેક્ટિવ ક્યૂરેટ કરેલો ત્યારે હજી ગૂગલેશ્વરની કૃપા અમને નસીબ નહોતી.

ઋત્વિક ઘટક ફિલ્મકલા તેમજ ટેક્નિકમાં બધી રીતે પારંગત હતા. એમની લેન્સિન્ગ સેન્સ એટલી આગવી ને તીવ્ર હતી કે હું એમને 'લેન્સિન્ગ ફિલોસોફર' કહું છું. એમની બાળકો માટેની ફિલ્મ 'બાડી થેકે પાલિયે (૧૯૫૯)' માં એમણે ૧૮મીમીના વાઇડ એન્ગલ લેન્સનો ઉપયોગ કર્યો હતો. એવા વાઇડ એન્ગલ લેન્સથી એ પાત્રના ચહેરાનો ક્લોઝઅપ પણ લેતા. આ રીતે ફિલ્મકૃતિમાં નવા પ્રકારની ઊર્જાનું સિંચન કરી નવાં આયામ સર્જતા. એમની ઘણી ફિલ્મોમાં વાઇડ એન્ગલથી ઝડપાયેલાં દશ્યો જોવા મળશે. આ પ્રકારની બાબતો માત્ર ટેક્નિકલ ન રહેતાં ફિલ્મ એસ્થેટિક્સનો અંતરંગ હિસ્સો બની જાય છે. સામાન્ય રીતે લેન્સનો વિષય ફિલ્મના કેમેરામેનનો છે પણ ઋત્વિક ઘટક જુદી માટીથી ઘડાયેલા વિઝનરી ફિલ્મકાર હતા.

એમણે પોતાની ફિલ્મકૃતિઓમાં મેલોડ્રામાને ગ્રીક ટ્રેજેડીની જેમ નવું સ્વરૂપ આપ્યું. મેલોડ્રામાના વિનિયોગ માટે એમની વધારે પડતી ટીકા થતી તો એ કહેતા કે આ મારો જન્મસિદ્ધ અધિકાર છે. જીવનકાળ દરમિયાન એમની ફક્ત એક જ ફિલ્મ 'મેઘે ઢાકા તારા' (વાદળા વચ્ચે છુપાયેલો તારો) બોક્સ ઓફિસ પર સફળતાને વરી હતી, પણ ન જાણે કેમ 'અજાંત્રિક' (૧૯૫૭) જેવી એમની અનન્ય કૃતિને બંગાળના સમીક્ષકોએ અવગણી હતી.

એમની અંતિમ બે ફિલ્મ - બાંગ્લાદેશમાં શૂટ થયેલી 'તિતાશ એક્ટી નદીર નામ (૧૯૭૩) ' અને 'જુક્તિ તાક્કો આર ગપ્પો (૧૯૭૪)' ખૂબ આગવી કૃતિ છે, જે આજે વિશ્વભરમાં દર્શાવાય છે ને ચર્ચાય છે પણ એ વખતે નિષ્ફળતાને વરેલી.

ઋત્વિક ઘટકની ફિલ્મકૃતિના સાઉન્ડ - ધ્વનિ ઘણાં વિચક્ષણ ને વિલક્ષણ છે, કારણ કે તે નેરેટિવમાં ઓતપ્રોત થઇને તેને ગતિ આપે છે. તેનો ઉપયોગ એમણે ચીલાચાલુ રીતે દશ્યને ઇલસ્ટ્રેટ કરવા-દર્શાવવા માટે નથી કર્યો.

મૌનના મહારથી એવા ઋત્વિક ઘટક એમના નિબંધ 'સાઉન્ડ ઈન સિનેમા'માં એ એક મજાનું વિધાન કરે છે.

એ કહે છે :

'સાઇલેન્સ... ધેટ ઇઝ વ્હોટ આઇ કન્સિડર ધ મોસ્ટ ઇવોકેટિવ એલિમેન્ટ.... સાઇલેન્સ ઇન્વેન્ટેડ સાઉન્ડ.!'

નસીબજોગે અને સદભાગ્યે આજે સોશ્યલ મીડિયાને કારણે ઋત્વિક ઘટકનું નામ ચારેકોર ગૂંજે છે એ પણ વિધિની એક વક્રતા છે - સમયની બલિહારી છે...

આમ છતાં બંગાળી લહેકામાં કહીએ તો આવા વિચક્ષણ ફિલ્મસર્જક ઋત્વિકદાને સાત સલામ! ■

હાસ્ય વિનોદ

# શુક્રનું સરનામું શું છે?

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

શુક્ર નામના ગ્રહનું પોસ્ટલ ઍડ્રેસ આમ તો જાતકની આંખ છે, પણ ખગોળશાસ્ત્ર એવું કહે છે કે સૂર્યથી તે ૧૦,૮૨,૦૦,૦૦૦ (દસ કરોડ બ્યાસી લાખ) કિલોમીટર દૂર રહીને પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે અને ત્યાં ૨૨૫ દિવસનું વર્ષ હોય છે. આપણા કરતાં બરાબર ૧૪૦ દિવસ ઓછા, જે આપણે ત્યાંના સરકારી નોકરોને ઈર્ષા આવે એવું છે. 'મેરા ભારત મહાન' માં સરકારી નોકરીમાં આપણે કામ ભલે ન કરીએ, તોય શુક્ર કરતાં ૧૪૦ દિવસ વધારે ઑફિસે જેવું પડે છે. બાકી ત્યાં વસતિ હશે તો એ પ્રજાને સરકારી કચેરીઓમાં ઓછું કામ કરીને પગાર, મોંઘવારીભથ્થું, એલ.ટી.સી. વગેરે પૂરા વર્ષનાં ગણીને મળવાનાં. શક્ય છે કે 'કર્મચારીઓનું શોષણ ઓછું કરો ' એવી દલીલ કરીને અહીંના યુનિયનો ભવિષ્યમાં શુક્રના ધોરણે કામના કલાકો કરવાનું દબાણ લાવશે.

પેલા ભોળા આંગ્લ કવિ ક્ટ્સિે શુક્રને એવી પ્રાર્થના કરી હતી કે 'હું તમારા જેવો ઠંડો હોઉં, સ્થિર થઉં તો કેટલું સારું! ' આ હિસાબે કવિને કવિતાના મીટર પૂરતી જ જાણકારી હશે, કિલોમિટરની નહીં, નહીં તો એણે શુક્રને ઠંડો ન કહ્યો હોત. શુક્ર પર ૪૭૦ સેન્ટિગ્રેડ ગરમી પડે છે. અને આપણે ભલે એવરેસ્ટ માટે ગર્વ કરીએ, પણ શુક્ર પર તો એથીય ઊંચું શિખર મેક્સવેલ મોન્ટિસ છે, પરંતુ હજી સુધી ત્યાં કોઈ તેનસિંગ પાક્યો નથી જે તેની ટોચ પર ઊભો રહીને પોતાને વધારે ઊંચો બતાવી શકે. કહે છે કે એક જમાનામાં શુક્ર પર ઘણા દરિયા હતા, પણ તરસ્યો સૂરજ એ બધા દરિયા પી ગયો. તરસ્યાઓ માટે પાણીની પરબ શરૂ કરાવનાર દાનવીરો એ પરબ પર પોતાનું નામ મુકાવવાનું ચૂકતા નથી, જ્યારે શુક્રએ તો તરસ્યા સૂરજ માટે નિરપેક્ષભાવે આખેઆખા દરિયા ખૂલ્લા મૂકી દીધા... શક્ય છે કે દરિયા પીવા દેવા બદલ, ખાનદાની બતાવી એ બદલ, સૂરજે તેને લાલાશ-રતાશ ભેટરૂપે આપી હોય.

૧૯૬૦ પછી વિનસ, ઝોન્ડ, પાયોનિયર અને વેગા જેવાં અવકાશયાનોની મદદથી શુક્ર વિશે થોડીઘણી માહિતી મેળવી શકાય છે, પણ આ અવકાશયાનો શોધાયાં ત્યારે પહેલાં અસૂર ગણાતા શુક્રાચાર્ય નામના વિદ્વાને પોતાની આધ્યાત્મિક શક્તિ દ્વારા પ્રાચીનકાળમાં અહીં બેઠાં ત્યાંનું ઘણું સંશોધન કર્યું હતું. આ કારણે આકાશમાંના સૌથી તેજસ્વી ગ્રહને એમના નામ પરથી શુક્રનું નામ અપાયું છે.

આપણે ત્યાં 'ભારતરત્ન'નો ખિતાબ તો અત્યારે અપાય છે, પણ એ યુગમાં ભગવાન શ્રીકૃષ્ણે શુક્રાચાર્યને સૌથી 'શાણા માણસ'નું બિરુદ આપ્યું હતું અને શુક્રાચાર્ય સાચે જ શાણા હોવાથી આ ઍવોર્ડ એમણે સહેજ પણ આનાકાની કર્યા વગર સ્વીકારી લીધો હતો.

બ્રહ્મપુરાણમાં એવો ઉલ્લેખ છે કે શુક્ર જે રથમાં બેસે છે એ રથને જુદા જુદા રંગના દસ ઘોડા જોડેલા છે. એ દિવસોમાં શક્ય છે કે આકાશમાં મેઘધનુષ દસ રંગનું થતું હશે. આપણી દૃષ્ટિમર્યાદાને લીધે આપણને આજે ફક્ત સાત જ રંગ મેઘધનુષમાં દેખાય છે.

માણસ માટે કહેવાય છે કે 'એ મેન ઈઝ નોન બાય ધ કંપની હી કીપ્સ...' એવું ગ્રહોમાંય હોય છે. શુક્ર જો મીન રાશિમાં હોય તો તેને ઉચ્ચનો અને કન્યા રાશિમાં હોય તો નીચનો લેખવામાં આવે છે. અને જેની જન્મકુંડળીમાં શુક્ર બળવાન હોય તે જાતક સુંદર, સપ્રમાણ, સાહસ તેમ જ સહવાસપ્રિય, શાંત અને વિલાસી હોય છે. સ્ત્રીપાત્ર વગરની નવલકથા જેટલી નીરસ લાગે એવું આખુંય વિશ્વ શુક્ર વિના શુષ્ક અને નીરસ લાગત. શુક્રને કારણે તો નવલકથાઓ પણ રસિક બને છે એ આપણે સૌ જાણીએ છીએ. શુક્ર એ રસિકતાનો પર્યાય છે. તેનો વાસ માત્ર સુંદરીના ગાલના તલમાં જ નહીં, લાલી-લિપ્સિટીક, કોસ્મેટિક્સ, સૌંદર્યપ્રસાધનો અને બનાવટી ચોટલામાં પણ છે. એક જ્યોતિષીએ તો ત્યાં સુધી કહ્યું છે કે જગતભરનાં તમામ થિયેટરો શુક્રએ જ બાંધ્યાં છે, બંધાવ્યા છે. જોકે તે બાંધવાથી થયેલો સઘળો નફો બિલ્ડરોએ જ ગજવે કરી લીધો છે. આ બિલ્ડરોમાં પણ શુક્રનો વાસ હોવો જોઈએ. આ ઉપરાંત ફ્રિજ, એ.સી., વોશિંગમશીન, ઘરઘંટી, જ્યુસર, ક્રશર, ગાદલાં-ગોદડાં, ચાદરો, મિલોના શો-રૂમમાં સ્ટેચ્યૂ-સુંદરીઓના શરીર પર લપેટાયેલી સાડીઓ- આ બધાંને જ્યોતિષીઓએ શુક્રની મહેરબાની તરીકે ઓળખાવી છે.

શુક્ર આમ ભલે સૂર્યની નજીકનો ગ્રહ છે, પણ શુક્રની બોલબાલા સૂર્યાસ્ત બાદ શરૂ થાય છે. 'ઝાઝાં બાળ, જય ગોપાળ' એ આમ તો શુક્રનું જ સૂત્ર છે. શુક્રની શક્તિથી માણસ કાં તો બ્રહ્મચારી બને છે અથવા તો વિલાસી થાય છે. ક્યારેક વિશ્વામિત્ર પણ બની જાય છે. આને બાવાનાં બેય બગડ્યા એમ કહેવાય... પણ પુરુષનો શુક્ર નબળો પડે એટલે એના શરીરના સાંધા રિપેર ન થઈ શકે એટલી હદે તૂટવા માંડે, કમર વાંકી વળવા લાગે ને સુંદરીઓ એને કાકાને બદલે દાદા કહેવાનું શરૂ કરી તે જાતકનું અપમાન કરે. આને શુક્રનો કુપ્રભાવ કહેવાય, પરંતુ મંગળ-શુક્રની યુતિ હોય ત્યારે એ પુરુષનું ઉપનામ ભોગીલાલ બને છે અને એમાં જો ચંદ્ર જોડાય તો તે પાગલપન પણ આપે છે. અલબત્ત, એની વિલાસિતા ટકી રહે છે, એ પણ ગાંડપણની હદે પહોંચી જાય છે.

લેખની શરૂઆતમાં લખ્યા મુજબ શુક્રનું પોસ્ટલ ઍડ્રેસ જાતકની આંખ છે અને શુક્ર પ્રભાવિત એ પુરુષની આંખ સામે જોવાથી જોનારને માદકતાનો અનુભવ થાય છે. પુરુષની આંખમાં આસન જમાવીને બેઠેલો શુક્ર લોહચુંબકની પેઠે સ્ત્રીને પોતાની તરફ ખેંચે છે. એ જ રીતે સ્ત્રીનો શુક્ર પુરુષને ખેંચે છે.

શુક્ર-પ્રધાન સ્ત્રી સુંદર અને શ્વેત હોય, કોઈ કિસ્સામાં શ્યામ પણ હોય. એ હસે ત્યારે એનાં ગાલમાં ખંજન પડે. એ ખંજનમાં અર્થાત્ ડિમ્પલમાં ભરાઈને બેઠેલો શુક્ર લાગતાવળગતા પુરુષને તરત જ દેખાય. એના વાળ વાંકડિયા (અને કપાવ્યા ન હોય તો) લાં...બા હોય, આંખો મારકણી, ગાયનાં શિંગડાં જેવી અણિદાર હોય. સમગ્ર તન નાજુક અને સૌંદર્યથી છલકતું હોય...ટીવી પર કાર્યક્રમોની વચ્ચે વચ્ચે અનિવાર્યપણે જોવા મળતાં ઘણાં મોડલ્સમાં શુક્રનું પ્રાધાન્ય હોય છે. શુક્ર બલિષ્ઠ હોય એ પુરુષની આંખ પણ નશીલી હોય છે, એની આંખમાં શુક્રનું અંજન હોય છે, પણ એ તો સમાનધર્મી સ્ત્રી જ પારખી શકે. ભારતીય ફિલ્મજગત યાને બોલિવૂડ ફક્ત માફિયાઓના જ નહીં, શુક્રના તાબામાં પણ એટલું જ છે. એક જ્યોતિષીએ તો એવો તર્ક પણ રજૂ કર્યો છે કે શુક્રને કારણે નવી ફિલ્મ થિયેટરમાં શુક્રવારે જ રજૂ કરવામાં આવે છે.

શુક્રને કલાનો કારક કહ્યો છે. જેનો શુક્ર જબરો હોય અને તે ગાયક, સંગીતકાર, ચિત્રકાર, અદાકાર, લેખક કે કવિ બનાવે છે. જાતકને કવિ બનાવવામાં શુક્રને કેમ રસ પડતો હશે એ સંશોધનનો વિષય ગણી શકાય. શુક્રથી પ્રભાવિત જાતક સારો તબલચી પણ બને છે અને પછી અમુક વિશિષ્ટ કિસ્સામાં તે જે સારા ગાયકની સંગત કરતો હોય એ ગાયકની ભાર્યાને બગાડીને એ ભગાડી જાય છે... શુક્ર જો શુભ સ્થાને બેઠો હોય તો તેના જાતકને બ્યુટીપાર્લર, પરફ્યુમ્સ, બંગડીની દુકાન, કેસેટ્સની દુકાન, ફૂલોની દુકાન, પ્લાસ્ટિકના ચાંદલા, લેડિઝ બૂટ-ચંપલની દુકાન તેમ જ સોના-ચાંદી, હિરા-મોતી વગેરે દાગીનાના ધંધામાં સફળતા મળે.

જોકે, કુંડળીમાં શુક્ર આઠમા કે બારમા સ્થાને, અશુભ ગ્રહોની દૃષ્ટિમાં કે અશુભ શનિ સાથે પડેલો હોય ત્યારે યુવાની જાતકને છોડીને માઈલો દૂર ચાલી જાય ત્યાં સુધી એને સ્ત્રીનો મેળાપ થતો નથી. પરીકથાઓના સર્જક હાન્સ એન્ડરસન એક પણ પરીને પામ્યા વગર ઊડી ગયેલો. ત્રણેક સ્ત્રી એના જીવનમાં આવેલી ખરી, પણ એ ત્રણેય એને રાખડી બાંધવા જ તૈયાર થયેલી, પરણવા તો એક પણ નહીં. શુક્ર વગરનું જીવન એ મીઠા વગરની રસોઈ જેવું બેસ્વાદ હોય છે એવી લાગણી સાથે એન્ડરસન ગુજરી ગયો.

વેદકાળમાં જે પ્રભુત્વ ગુરુનું હતું એ શુક્રએ છીનવી લીધું છે. શુક્ર એ વ્યક્તિના ચારિત્ર્યની પારાશીશી છે. હા, શુક્ર જ્યાં બળવત્તર હોય ત્યાં ચારિત્ર્ય જોખમાય એ પણ એક હકીકત છે. શુક્રના આશીર્વાદ માણસને શ્રીમંત બનાવે છે અને અઢળક ધન રેલાતું હોય ત્યાં શરાબ અને સુંદરી, વાઈન એન્ડ વુમન શરૂઆતમાં સંકોચ સાથે પાછળના દરવાજેથી અને ત્યારબાદ આગળના બારણેથી બેધડક પ્રવેશે છે અને પછી કાયમ માટે રહી પડે છે. વ્હિસ્કી અને શિવાઝ રિગલ માટે ધનિકનું ઘર પિયર સમાન છે. શુક્ર શરૂઆતમાં મંગળને ઉછેરી વારંવાર શરાબના ઘૂંટડા પિવડાવે છે અને પછી નશામાં રહેવાની ટેવ પાડે છે. શુક્રને નશામાં રહેવાનું અધિક પસંદ છે, માદકતા તેને ઘણી પ્રિય છે. કદાચ આ જ કારણે શરાબ અને સુંદરીને સગાં ભાઈ-બહેન માનવામાં આવ્યા છે.

જન્મસમયે શુક્ર પ્રથમ ભાવમાં બેઠો હોય તો એ જાતકને સારાં કપડાં પહેરીને ઠાઠમાઠથી રહેવાનો શોખ હોય. એનું ગણિત પાકું હોય. ખાસ કરીને સ્ત્રીઓ અંગેનું ગણિત. આ પુરુષના વાળ મોટી ઉંમર સુધી ડાઈ કર્યા વગર પણ કાળા રહે. જોકે એની હરકતોને સાક્ષીભાવે જોનાર આસપાસના સ્નેહીઓના માથે આ કારણ ટાલ પડી જાય...

શુક્ર બીજા ભાવમાં હોય તો ધનસંચયની હોબી રહે, તે ધીરધારનો ધંધો કરે. આવો જાતક ગામડામાં રહેતો હોય તો ધીરધાર દ્વારા ગરજાઉ લોકોનું કાયમ શોષણ કરે, લોકો હંમેશાં એના દેવાદાર રહે. દેવામાંથી કાયમી મુક્તિ મેળવવા કોઈ કદાચ એનું ખૂન પણ કરી નાખે. આવો જાતક બે બૈરાંવાળો થાય. જોકે બે બૈરાંવાળો થાય એટલે સુખી જ થાય એવું કહેવાનો આ લખનારનો આશય નથી.

વગર મહેનતનો પૈસો મેળવવામાં સૌથી વધારે રસ શુક્રને હોય છે. આમ તો તે પ્રમાદી, બેઠાડું, એશઆરામ અને વિલાસી ગ્રહ છે. તેના ઘેરા પ્રભાવમાં આવનાર જાતકના મોંમા કોઈ ભોજનનો કોળિયો મૂકી જમાડતું હોય તો એની સામે કટાણું મોંઢું કરી તે છાસિયું કરશે કે આ ચાવશે કોણ, તારો બાપ?

જન્મકુંડળીમાં શુક્ર હોય અને એને મંગળ સાથે સંબંધ હોય તો એ જાતક લોકો પાસેથી ધાકધમકી વડે પૈસા પડાવનાર ગેન્ગનો લીડર બને. વળી શુક્ર મોહિનીવિદ્યાનો સમ્રાટ હોવાથી શુક્રના પ્રભાવ હેઠળની વ્યક્તિ પોતાની અસ્ખલિત મીઠી વાણીના ઉપયોગથી એકના ડબલ કરી આપવા, બનાવટી સોનું ભટકાડવું વગેરે વ્યવસાયમાં પારંગત હોય. આ શુક્રને જો મંગળ કે પછી મંગળના વિકલ્પે રાહુની મદદ મળે તો એ જાતક ફાઇનાન્સ કંપની ખોલી અથવા તો ચીટફન્ડ (જેને ચીટિંગ ફંડ પણ કહે છે તે) શરૂ કરી બીજાઓના લાખો રૂપિયા એકઠા કરી અંતર્ધ્યાન થઈ જાય.

પાંચમા સ્થાને શુક્ર હોય એવો પુરુષ વૈભવી હોય છે. આ વૈભવ તે સટ્ટાથી પામે છે, સ્ત્રીઓ પાછળ પાગલ થાય છે, છતાં પાગલખાનામાં દાખલ કરવો પડે એટલી હદે પાગલ એ થતો નથી, મોટાભાગે એ બુદ્ધિશાળી હોય છે. તેને લખવાથી લાભ થાય છે, પણ જો એને લખવાનો કંટાળો આવતો હોય છતાં લખવાના વિકલ્પે તે ગમે તેની આબેહૂબ સહી કરવાનો શોખીન હોય તો પણ એને ફાયદો થાય છે અને ક્યારેક એને જેલ-યોગ પણ થાય છે. અલબત્ત, એનો રોટલાનો પ્રશ્ન હલ થઈ જાય છે એવું અત્રે ઉમેરવાની જરૂર રહેતી નથી.

કેટલાક કિસ્સાઓમાં જ્ઞાની, ધાર્મિક, આધ્યાત્મિક અને ખાસ તો ભાગ્યશાળી જાતકોને શુક્રની અમીનજરને લીધે સુંદર સ્ત્રી-શિષ્યાઓની સેવાઓનો લાભ પ્રાપ્ત થાય છે. અને જો શુક્ર રાજ્યભવનમાં પડ્યો હોય તો એ વ્યક્તિને જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા, વિજય અને પ્રતિષ્ઠા મળે છે. પણ પોતાની વધારે પડતી સ્ત્રી-દાક્ષિણ્યની વૃત્તિને લઈને આવો જાતક સ્ત્રીઓની બાબતમાં પ્રતિષ્ઠા યાને આબરૂ પામતો નથી. હા, સ્ત્રીઓને એ ચોક્કસ પામે છે.

શુક્રથી અતિપ્રભાવિત જાતક શુક્ર જેવો તેજસ્વી, વિદ્વાન કોઈ રાજ્યના પ્રધાન કે રાજ્યકક્ષાના પ્રધાન સાથેની દોસ્તીથી લાભાન્વિત થાય, કિન્તુ એ ક્યારેય રાજા અર્થાત આજની ભાષામાં કહીએ તો મુખ્યમંત્રી થઈ શકે નહીં. એને થવું હોય તો બીજાઓના ધનનો રક્ષક (એટલે કે બેન્કનો બંદૂકધારી પહેરેગીર) થઈ શકે. આવો જાતક ધારે તો પાણીમાંથી પૈસો પેદા કરી શકે અર્થાત્ આઈસ ફેક્ટરી નાખી શકે, પણ જો શત્રુભાવ પર શુક્રની કુપિત દૃષ્ટિ હોય તો એ નીચ, લુચ્ચો, લફંગો, ચોર, બદમાશ, ખલ અને કુટિલ થાય, પરંતુ એ જાતકમાં આના માટેની યોગ્યતા ને હિંમત ન હોય તો તે હિન્દી ફિલ્મોમાં વિલનની ભૂમિકા કરે અને જો ફિલ્મમાં એ ખોટેખોટું મરી જાય તો પણ પ્રેક્ષકો હર્ષની ચિચિયારીઓ પાડે, રાજીના રેડ થઈ જાય...

ત્રીજા ભાવમાં શુક્ર હોય તો જાતક અંદરથી ઘણો ડરપોક હોય. સેનાપતિ બનવા છતાં ગરોળી કે કૂતરાની બીક લાગે, પરંતુ શુક્ર જો પાંચમા સ્થાને હોય તો હાથી, વાઘ, સિંહ, ચિમ્પાંઝી વગેરે પ્રાણીઓથી આજિવિકા મળે, સર્કસમાં કામ મળે...

આઠમે શુક્ર હોય તે જાતક હલકાં વચન બોલે, વાતવાતમાં ગાળોનો વરસાદ વરસાવે. એની છાપ સમાજમાં સારી ન પડે. મોટાભાગે એને પોલીસ-ખાતામાં નોકરી મળે...દસમા વૃષભ-શુક્રનું ફળ પામનાર માણસ હાથીના સુખવાળો બને એટલે કે જગન્નાથ જેવા કોઈ મોટા મંદિરનો મહંત કે પછી મહાવત બને...અને તુલા રાશિનાં શુક્રનું ફળ પહેલા ભાવમાં હોય તો જાતક રાજા બને (રાજા એટલે અહીં કોઈ રાજ્યના મુખ્યમંત્રી વાંચવું). એ હાથી પર બેસે (હાથીનો અર્થ અત્રે માથા પર લાલબત્તીવાળી કોન્ટેસા કરવો.) આવા જાતકને સ્ત્રી-વર્ગ તરફ વિશેષ રુચિ તેમ જ પ્રીતિ રહે, શરાબથી હોઠ ને ગળું ભીંજવવાં ગમે. એ દસ પેઢી ચાલે એટલા પૈસા એકઠા કરી શકે...

આપણાં ધર્મશાસ્ત્રો અનુસાર જ્યાં શાપ હોય છે ત્યાં તેનું મારણ પણ હોય છે એ રીતે શુક્રની અશુભ અસર નાબૂદ કરવા શુક્રનું નંગ ધારણ કરવું. શુક્રના નંગને અંગ્રેજીમાં ડાયમન્ડ, સંસ્કૃતમાં વજ્ર અને ગુજરાતીમાં હીરો કહેવાય છે. આ હીરામાં પણ માણસોની જેમ ત્રણ જાત છે. જોકે આ વાતની આપણને જ ખબર છે, હીરાને તેની જાણ નથી. પુરુષ હીરા, સ્ત્રીહીરા ને નપુંસક હીરા. આ ત્રીજા પ્રકારના હીરા ધરાવનારને સ્ત્રીઓ તરફ અરુચી, અણગમો કે વૈરાગની ભાવના કેળવાય છે. તમામ સ્ત્રીઓમાં એને મા કે બહેનના જ દર્શન થાય છે. જે સ્ત્રીહીરા છે એ તેજસ્વી હોવાને કારણે દાગીનામાં વપરાય છે. આવો હીરો ધરાવનારને મનવાંછિત પત્ની-પુત્ર પ્રાપ્ત થાય છે. અપવાદરૂપ કિસ્સામાં પત્નીને પત્નીરૂપે પામ્યા પહેલાં પુત્ર પ્રાપ્ત થાય છે. ટૂંકમાં ક્રમ બદલાઈ જાય છે અને જેની પાસે પુરુષહીરો હોય તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેયમાં શ્રેષ્ઠતાને વરે છે એવું જ્યોતિષશાસ્ત્ર જણાવે છે.

જ્યોતિષવિજ્ઞાનમાં કહેવાયું છે કે આ હીરો એટલો તો પ્રતાપી છે કે માત્ર તેને ધારણ કરવાથી જ જાતક શૂરવીર, બુદ્ધિશાળી અને સદ્‌ગુણી બને છે.

ઔર ક્યા ચાહિયે?!

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ગરજે ગધેડાને બાપ કહેવો પડે, अडला हरी गाढवाचे पाय धरी !



ગુજરાતી અને મરાઠી ભાષાના મૂળિયાં સંસ્કૃત સાથે અનુસંધાન ધરાવે છે. બંને ભાષામાં ગજબનાક સામ્ય જોવા મળે છે. ક્યાંક જબરદસ્ત વિરોધાભાસ છે તો કેટલાક શબ્દોમાં ગજબની સમાનતા પણ નજરે પડે છે. એક કહેવત યુગ્મનું ઉદાહરણ જોઈએ જેનાથી ભાષા સામ્યનો તો ખ્યાલ આવશે જ, એ કહેવત આપણને ત્રીજી જ ભાષાના પ્રદેશમાં સફર કરાવે છે એની મોજ પણ આવશે. 'મુંબઈ સમાચાર'ના ભાષાપ્રેમી વાચકો ગરજ સાકરથી ગળી અથવા ગરજે ગધેડાને બાપ કહેવો પડે કહેવતથી ચોક્કસ વાકેફ હશે. અનેક લોકો એના અનુભવમાંથી પસાર પણ થયા હશે. કામ કઢાવવું હોય કે પાર પાડવું હોય તો જબાન સાકર કે મધ કરતાં વધુ ગળી રાખવી જોઈએ અને ખપ પડે ગમે તેવા માણસની ખુશામત કરવી પડે એ એનો ભાવાર્થ છે. હવે આ કહેવત મરાઠીમાં 'અડલા હરી ગાઢવાચે પાય ધરી' સ્વરૂપે હાજર છે. **'अडला हरी गाढवाचे पाय धरी' या म्हणीचा अर्थ असा आहे की, अत्यंत कठीण परिस्थितीत शहाण्या व्यक्तीलाही पाय धरी या म्हणीचा अर्थ असा आहे की, अत्यंत कठीण परिस्थितीत शहाण्या व्यक्तीलाही मूर्खाची मदत घ्यावी लागते किंवा त्याची मनधरणी करावी लागते अडचणीच्या वेळी मानापमान बाजूला ठेवुन कोणाकडूनही मदतीची याचना करण्याची वेळ येते.** આ કહેવતનો ભાવાર્થ એવો છે કે અત્યંત મુશ્કેલ કે વિકટ પરિસ્થિતિમાં ડહાપણ - શાણપણનો ભંડાર ધરાવતી વ્યક્તિએ સુધ્ધાં મૂર્ખ કે અક્કલનો ઓથમીરની મદદ લેવી પડે અથવા એને થાબડભાણાં કરવા પડે. આપદા આવી પડી હોય ત્યારે માન અપમાન કોરાણે મૂકી કોઈની પણ મદદ લેવા યાચના કરવી પડે. **'हरी (शहाणा) याला 'गाढव' (मूर्ख) याच्याकडे मदतीसाठी जावे लागते आणि त्याच्या इच्छेनुसार वागावे लागते.** આ કહેવતમાં હરિને શાણપણ સાથે અને ગાઢવ એટલે કે ગધેડાનો સંબંધ મૂર્ખતા સાથે જોડવામાં આવ્યો છે.

હવે આ ગુજરાતી - મરાઠી યુગ્મની સમાનાર્થી કહેવતનું કનેક્શન ત્રીજા રાજ્યની અનોખી કથા સાથે કેવી રીતે છે એ જાણીએ. મહારાષ્ટ્ર સાથે સીમા ધરાવતા કર્ણાટકના ચિકમંગલુર જિલ્લાના અમૃતપુરા ગામમાં અમૃતેશ્વર મંદિર આવેલું છે. આ મંદિર બહાર પથ્થર પર કોતરણી કરેલું એક ચિત્ર છે જેની સાથે જોડાયેલી કથા કહેવત પર પ્રકાશ પાડે છે. એ ચિત્રમાં વાસુદેવજી ગધેડાને નમન કરતા દેખાય છે. એની સાથે જોડાયેલી કથા અનુસાર દેવકી બાળકને જન્મ આપતાં હતાં ત્યારે એક ગધેડો ચેતવણી આપતો અને દેવકીનો ભાઈ દુષ્ટ રાજા કંસ કારાવાસમાં જઈ બાળકને મારી નાખતો. દેવકીનું આઠમું બાળક કંસના મૃત્યુ માટે જવાબદાર હશે તેવી ભવિષ્યવાણીથી બચવા માટે આ એક પ્રયાસ હતો. આઠમા બાળક તરીકે દેવકીની કૂખે કૃષ્ણનો જન્મ થયો ત્યારે વાસુદેવજીએ ગધેડાને બે હાથ જોડી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને બાળકના જન્મની ચેતવણી દુષ્ટ રાજાને ન આપવા વિનંતી કરી એ આ ચિત્રમાં જોવા મળે છે. ગરજે ગધેડાને બાપ કહેવો પડે એ ભાવાર્થ અહીં ચરિતાર્થ થાય છે. ભાષાની આ ભવ્યતા છે, એનો આવો પ્રતાપ છે.

---

हिंग्लिश VINGLISH

## Office पहुंचकर तुम्हें immediately call करता हूँ




યંગસ્ટર્સની દૈનિક બોલચાલની ભાષામાં હિંગ્લિશનો જબરદસ્ત પગપેસારો થઈ ગયો છે એ નકારી ન શકાય. **Office पहुंचकर तुम्हें immediately call करता हूँ. बाद में तू right time पे आ जाना.** જેવા વાક્યો નિયમિતપણે સાંભળવા મળે છે. આ ઉદાહરણ છે ઓફિસ જતા લોકો વચ્ચેના, ગૃહિણીઓની વાતચીતમાં સુધ્ધાં એની અસર જોવા મળે છે. **मुजे आने में late हो जाएगा because kitchen wind up करके I will leave** (મને પહોંચતા મોડું થશે કારણ કે રસોડું સમેટી લીધા પછી જ હું નીકળી શકીશ). આ સિલસિલો આગળ વધી ગણેશ આરતી સુધી પહોંચી ગયો છે. અંગ્રેજી મીડિયમમાં ભણતાં બાળકો આરતીમાં હોંશે હોંશે સહભાગી થાય એ આશય સાથે **You love लड्डू एण्ड मोदक And ride the मूषक** જેવી પંક્તિઓ આરતી વખતે સાંભળવા મળે છે.

ઓગણીસમી સદીમાં અન્ય એક કવિએ પણ હિંગ્લિશનો ઉપયોગ પોતાની રચનાઓમાં કર્યો હોવાનું તપાસ કરતા જાણવા મળ્યું છે. ૧૮૫૦માં જન્મેલા અને ૩૪ વર્ષનું અલ્પ આયુ જીવનારા ભારતેન્દુ હરિશ્ચંદ્ર હિન્દી સાહિત્યના પિતામહ અને આધુનિક હિન્દી સાહિત્યના જનક તરીકે ઓળખ ધરાવે છે. સાડા ત્રણ દાયકાના નાનકડા જીવનકાળમાં ભારતેન્દુજીએ સાહિત્ય, પત્રકારત્વ, સમાજ સુધારણા અને સાંસ્કૃતિક ક્ષેત્રે અસાધારણ યોગદાન આપ્યું હતું. આ કારણસર તેમનું નામ હિન્દી સાહિત્યમાં સુવર્ણ અક્ષરથી અંકિત છે. ખડી બોલી હિન્દીને તેમણે પ્રતિષ્ઠા અપાવી. ખડી બોલી હિન્દી દિલ્હી, મેરઠ તેમ જ આગ્રા અને આસપાસનાં ક્ષેત્રોમાં બોલાતી ભાષા. આ ભાષા સરળ અને સ્પષ્ટ હોવાથી ખડી બોલી તરીકે જાણીતી બની હતી.

ભારતેન્દુ શુક્લ દ્વારા પ્રકાશિત 'હરીશચંદ્રિકા' નામની પત્રિકામાં તેમની લખેલી કવિતામાં હિન્દી અને અંગ્રેજીનું મિશ્રણ જોવા મળે છે. પ્રકાશિત થયેલા કાવ્યમાં તેમણે હિન્દી શબ્દો માટે રોમન લિપિનો ઉપયોગ કર્યો હતો. જોકે, વાચકોનું ધ્યાન વિશેષ ખેંચાય અને એમાં પ્રયોગથી સરખા વાકેફ થાય એ હેતુથી અહીં આપેલા ઉદાહરણમાં હિન્દી શબ્દો દેવનાગરી લિપિમાં લખવામાં આવ્યા છે. **When I go Sir मुलाकात को these चपराशी Trouble me much. How can I give daily इनाम, ever they ask Me I say such, Some time they give me गर्दनिया And tell बाहर निकलो तुम, देना ना लेना, मुफ्त के आये यहां हो, बने दरबान की दूम.** ઓફિસમાં કોઈને મળવા અથવા ઈન્ટરવ્યુ માટે ગયા ત્યારે ચપરાસી દ્વારા થયેલી હેરાનગતિ અને એના ટોણાંનો ઉલ્લેખ એમાં જોવા મળે છે.

---

ફોકસ

વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# 'જેન ઝી'માં કેમ વધી રહ્યું છે શોર્ટ વીડિયોનું ગાંડપણ...

આજકાલ 'જેન ઝી' ખૂબ જ ચર્ચામા છે. જે બાળકો ૧૯૯૭ થી લઈને ૨૦૧૨ના સમયગાળમાં જન્મ લીધો છે તે 'જેન ઝી' તરીકે ઓળખાય છે. મોટાભાગે, આ પેઢી તેના ઉગ્ર વલણને કારણે મીડિયામાં ચર્ચાતી રહે છે.

બીજી તરફ માત્ર ૫૦ થી ૬૦ સેકન્ડનો વીડિયો આજે તેમની મનોરંજનની વ્યાખ્યા બની ગઈ છે. આમાં વિચારવા જેવી વાત એ છે કે, આમાં કોઈ મનોવૈજ્ઞાનિક કારણ છે કે આજ કાલનું જનરેશન જ મીડિયાને અનુરૂપ બની ગયું છે. જેન ઝી મોબાઈલ અને ઇન્ટરનેટની સાથે ઉછરેલી પેઢી છે. તેથી એ ઇન્સ્ટાગ્રામ રિલ્સ, યુ ટ્યુબ શોર્ટ્સ, સ્નેપચેટ જેવા પ્લેટફોર્મ સાથે સૌથી વધારે લગાવ છે. ખરી વાત તો એ છે કે આ ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમ પર એ પોતાના વિચાર, જીવનશૈલી અને વાતચીત કરવાની રીત દ્વારા વિશ્વમાં પોતાની એક આગવી ઓળખ બનાવી રહ્યા છે.

આ જેન ઝીનું બીજું નામ છે સ્ક્રોલ જનરેશન. જેન ઝી પાસે ઘણા વિકલ્પ છે. નવા વિકલ્પો ઝડપથી પસંદ કરવા જૂના વિકલ્પોને સાઈડ પર મૂકતા જાય છે. મોબાઈલ પર જે રિલ્સ અને શોર્ટ્સ આવે છે તે થોડી જ સેકન્ડમાં ઘણું બધું કહી જાય છે. આ જનરેશન પાસે સમયનો અભાવ છે એવું નથી પરંતુ એમને બધું ખૂબ જ ઝડપથી કરવું છે પરિણામે આ પેઢી સ્ક્રોલ જનરેશન તરીકે પણ ઓળખાય છે.

**શા માટે એ આવી અધીરાઈ બતાવે છે?**

એક વર્ગ એવો છે જે આ ગતિશીલ મનોવિજ્ઞાનથી બહુ પ્રભાવિત નથી હકીકતમાં, જ્યારે મગજ સતત બદલાતી સામગ્રી માટે ટેવાયેલું બને છે, ત્યારે ઊંડા વિચારની સામગ્રી બોજ બની શકે છે અથવા તો એ, કંટાળાજનક બની શકે છે. જ્યારે કોઈ પણ વસ્તુ સમજવા માટે જો તમે સમય નહિ આપો અને માત્ર અધીરતા વ્યક્ત કરશો તો કોઈ પણ વાત ઊંડાણથી સમજી નહિ શકાય. જે વીડિયો લાંબા હોય છે તેમાં વધારે વાત અને વિચાર હોય છે, પરંતુ જો તમારી પાસે એને સાંભળવાનો સમય જ નથી તો તેના ફાયદા પણ તમને નહિ મળે.



બીજી તરફ, શોર્ટ વીડિયોઝની ખાસિયત એ છે કે ૩૦ સેકન્ડમાં જ આખી વાત કરી દેવામાં આવે છે. આને 'માઈક્રો નેરેટિવ ફોર્મેટ' કહેવામાં આવે છે. આ કલાને જેન ઝીએ નવાં શિખરો સુધી પહોંચાડી છે. શર્ત માત્ર એટલી કે, તમને ઓછા સમયમાં વધારે અને ચોક્કસ વાત કરતા આવડવી જોઈએ.

ફોલો - લાઈક અને પ્રસિદ્ધિની ભૂખે જ જેન ઝીને શોર્ટ વીડિયોઝનું ગાંડપણ લગાડ્યું છે. આ પેઢીવાળા પોતાની વાત અખબાર અને ન્યૂઝ દ્વારા નથી કરવા માગતા, કારણ કે તેમની નજરોમાં આ ખૂબ જ ધીમું માધ્યમ છે. સોશ્યલ મીડિયાનાં પ્લેટ્ફોર્મ્સ જ તેમનું મનપસંદ માધ્યમ છે કારણકે એ ખૂબ જ ફાસ્ટ છે. એને લીધે એમને જલદી પ્રસિદ્ધિ પણ મળે છે.

મોટી મોટી કંપનીની જાહેરખબરો પણ માત્ર ૧૦ થી ૩૦ સેકન્ડ સુધીની હોય છે. આજકાલ માઈક્રો લર્નિંગનો જમાનો છે જ્યાં તમારી વાત લોકો સુધી ઓછા ટાઈમમાં પહોંચાડવાની હોય છે એટલે જેન ઝીનું શોર્ટ વીડિયોઝ પ્રત્યેનું ગાંડપણ એમની જીવનશૈલી બની ગઈ છે.

**સોરી...**

આજની આ 'ઉત્સવ' પૂર્તિમાં સ્થળ સંકોચને કારણે...

'સર્જકના સથવારે' (રમેશ પુરોહિત),

'ક્લોઝ-અપ' (ભરત ઘેલાણી)

'ઊડતી વાત' (ભરત વૈષ્ણવ)

કોલમ્સનો સમાવેશ કરી શક્યા નથી. વાચકોને દરગુજર કરવા વિનંતી.

## ૪. ધામીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૯. લગ્ન સંબંધી

**પરિચય સંમેલન**

**સમસ્ત ગુજરાતી સમાજના દરેક સંપ્રદાયના/ દરેક જ્ઞાતિના કુંવારા, ડાઈવોર્સી, વિધવા લગ્નોત્સુક યુવક/ યુવતીઓ માટે, રવિવારે 16 નવેમ્બરના, શ્રી હરિ ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (બી-૧૬૭૨૦)**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૪૩૮-એ)

■ Ph.D. 1986 બ્યુટીફૂલ એક્ટિવ જૈનને ક્વોલિફાઈડ વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૪૦-બી)

■ BE MBA 1982 સ્માર્ટ વૈષ્ણવને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૪૦-બી)

■ BCOM એક્ટિવ 1980 દેખાવડી વૈષ્ણવને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૪૦-બી)

■ ઘાટકોપરમાં 1981 BCOM બિઝનેસ ધરાવતા સ્માર્ટને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૪૦-બી)

## ૯. લગ્ન સંબંધી

■ ફેક્ટરી ધરાવતા 1977 BCOM વેલસેટ, જૈનને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૪૦-બી)

■ ડાયમંડ બિઝનેસ 1993 BCOM હેન્ડસમ કપોળને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૪૦-બી)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (384-A)**

**JAIN GIRL**

5'5", Born 1979, Fair Slim Educated Working MNC Co Gujrati Candidate can Contact 9892268284. (No Dowry) (436-C)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ, હોટેલ પેકેજ Tatkal Passport, USA Visa Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488/ 9326373672. (બી-૧૬૭૨૭)

**મહાબળેશ્વર બંગલો**

ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વિમિંગ પૂલ. Cham House: 9820065681. (૫૦૧-સી)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે**

**પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણું). કુદરતના સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથ દાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્ક: પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૨૯૦૮)**

**દિવ્ય ટુર**

જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દુબઈ, ચારધામ, આસામ મેઘાલય અરુણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદરણ: 9819304112. (૪૩૪/એ)

## ૧૪. નોકરી ખાલી છે

■ કુડૂસ (તા. વાડા) ખાતેની સેવાભાવી સંસ્થાને અનુભવી વોર્ડબોય, નર્સ, આયા-માવશી અને ખેડૂત/માળી રહેવા માટે જરૂરી છે. (રહેઠાણ અને જમવાની સગવડ ઉપલબ્ધ છે). સંપર્ક: 9323033112. (બી-૧૬૭૧૬)

**કાંદિવલીમાં જોઈએ**

સવારે ૧૦થી ૨માં લેડી કોમ્પ્યુટર ક્લાર્ક તથા કેરટેકર આવકાર્ય. (પગાર - ૪૦૦૦/-) સંપક:- 9819314587, 9969378847. (બી-૧૬૭૧૮)

**ઓપોરચ્યુનિટી**

**સરકારમાન્ય કંપનીમાં નિવૃત્તો/ અધિકારીઓ/શિક્ષકો/ગૃહિણીઓ તાત્કાલિક જોઈએ. 75068 01607. (એસડીબી-૨૯૩૮)**

**REAL ESTATE**

Sales Wanted 10 Male Candidates to Work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission basis. Field job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (407-G)

**ACCOUNTS ASSISTANT**

Required at Charni Road. Knowledge of GST & TDS. 1 to 5 Years Experience. Email CVs at: e2esolutionspgs@gmail.com (SDB-2924)

## ૧૭. જગ્યા આપવી છે

**ફ્લેટો - 2-3-6 બેડરૂમ**

2 બેડરૂમ જુહુ વર્સોવા લીંક રોડ, જુહુધારા કોમ્પલેક્ષ, ભાડેથી 3 બેડરૂમ વિલેપાર્લા 1200' કાર્પેટ, 5.25 કરોડ તથા 3 બેડરૂમ દાદર (સેન્ટ્રલ) સ્વામી નારાયણ મંદીર સામે - 1300' (4.25 કરોડ) - 6 બેડરૂમ (2200'). ઓનરશીપથી. ''બી. નરેન્દ્ર જોષી'' 9820294922/ 9167309869/ 8080709030. (૪૩૬-એ)

**અંધેરી વેસ્ટમાં**
**3-BHKના 25 ફ્લેટ ભાડે આપવાના છે.**
**મુંબઈ-સુરત-નવસારીમાં ફ્લેટ જમીન મકાન લે વેચાણ માટે મળો**
**98247 25399**
**98985 36101**
(બી-૧૬૭૨૬)

**જુહુસ્કીમ**

**૨ બેડરૂમનો વિશાળ ફર્નિશ્ડ ફ્લેટ, અલગ સર્વન્ટ બાથરૂમ. અંદાજે ૧૦૦૦ ફૂટ, ૫મે માળે, લિફ્ટ. ૧ પાર્કિંગ. જમનાબાઈ સ્કૂલ અને દેરાસર પાસે વેચવાનો છે. સંપર્ક: 9892168687. (એસડીબી-૨૯૪૩)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**ઘાટકોપરમાં ગેરેંટી**

**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેચ બજાર ભાવે ૩૦ દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૪૪૩-એફ)**

**ઘાટકોપર**

**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રક્શન, લેવા - વેચવા - ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ / જુગ્નું શાહ - 9833352224. (૪૪૩-ડી)**

**ઘાટકોપર (વેસ્ટ)**

કામાલેન - ૧ બેડરૂમ - 510' કારપેટ, ૧લે માળે, વેલમેઈનટેન બિલ્ડિંગ, વેલ ફર્નિશ્ડ, (1.15 CR) નેગોશીએબલ. 9619400752. (૪૪૩-બી)

**તિરૂપતિ એપાર્ટમેન્ટ પાસે**

પેડર રોડ 2/3 BHK, એરિયા 1200', મિડલ ફ્લોર, 1 પાર્કિંગ, તૈયાર કબજો, 8 Cr., લેવા-વેચવા-ભાડે થી. ''અગરવાલ'' 9821231619. (૪૩૬-એફ)

**મરીનલાઈન્સ**

**2 બેડરૂમ 725', 686' પાર્કિંગ સાથે, ટૂંક સમયમાં કબજો, 9821030822. (બી-૧૬૬૮૭)**

## ૧૭. જગ્યા આપવી છે

**બ્રીચકેન્ડી**

1 BHK, એરીયા 550', મિડલ ફ્લોર ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 1.25 લાખ દર મહિને, લેવા-વેચવા-ભાડે થી. ''અગરવાલ'' 9821231619. (૪૩૬-જી)

**નેપીયનસી દેરાસર**

"A" ગ્રેડ બિલ્ડીંગ, હાયર ફ્લોર, 2 BHK 1300' ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, ભાડું 2.60 લાખ દર મહિને, લેવા-વેચવા-ભાડે થી. ''અગરવાલ'' 9821231619. (૪૩૬-એચ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી કુશાલ ટાવર, M.G.ROAD, 2.5 બેડરૂમ, હોલ, કિચન, ૧૨મે માળે ફુલ્લી ફર્નિશ્ડ. ''કુમાર ભીમાણી'' 9867389182. (૪૪૩-એ)

**અંધેરી ઈસ્ટ**

નાગરદાસ રોડ ઉપર PRIME LOCATIONમાં દુકાન ૩૦૦ ભાડે આપવાની છે. જીતુભાઈ શાહ 9820613128.

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના-મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૭૨૭)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી / વેચાણથી લેવા / વેચવા ''પંકજ નરેન્દ્ર વોરા'' 9321103249. (૪૩૧-સી)

**વિલેપાર્લા ઈસ્ટ**

**3 બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની ૨ પાર્કિંગ સાથે આકર્ષક ફ્લેટ હવા ઉજાસવાળો - બધી જ સગવડતા દેરાસરની સામે તુરંતમાં આપવાનો છે. ફોન - 9619018233. (૪૪૭-એ)**

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
**1 થી 4 બેડરૂમ ના ફ્લેટો**
1)૩ બેડરૂમ ૧૨૦૦', ૧૫૦૦' કારપેટ ૫.૯૦ કરોડ
2)૪ બેડરૂમ ૧૯૦૦' કારપેટ ૯ કરોડ
3)૨ બેડરૂમ ૮૨૦' કાર્પેટ ૩.૫૦ કરોડ
4)૧ બેડરૂમ ૫૨૦' કારપેટ, ૨.૫૦ કરોડ.
બીજા ઘણા પ્રપોઝલો રેડી / બંધાતામા લેવા / વેચવા / લીવલાયસંસથી
સંપર્ક:- "ચેતન નાગર"
9820141544 / 9920141544
(બી-૧૬૫૭૪)

**દહીંસર (ઈસ્ટ)**

D - 68, રેડી ફોર FIT આઉટ, 13 માળનું નવું ટાવર, 1 બેડરૂમ 94 લાખ +, 2 બેડરૂમ 1.27 કરોડ +, (1 BHK + 1BHK jodi available) 20 + Rooftop amenities site NEXOME - 9702021033 / 9167577112. (જેપી-૪૫૨૯-બી)

**" ગામદેવી ભાડેથી''**

**2 BHK પાર્કિંગ, 3 BHK પાર્કિંગ -''નિમેષ સોની '': 9619927603. (૪૩૩-સી)**

**વિલેપાર્લા (ઈસ્ટ / વેસ્ટ)**

3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પુલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૪૦૭-એ)

**જુહુ સર્કલ**

ડી એન નગર @ પ્રોજેક્ટસ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૪૦૭-બી)

**સાન્તાક્રુઝ/ ખાર**

લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, એમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૪૦૭-સી)

**લાલુભાઈ પાર્ક**

રેડી ફ્લેટ્સ 4 બેડરૂમ 1500' - 2000' 7-8 કરોડ ફર્નિશ્ડ 3 બેડરૂમ 1100' - 1400' @ 42000 psf, 6 મહિનામાં કબજો જીમ + ટેરેસ ગાર્ડન સાથે "MIHIR" 7021919015. (૪૦૭-ડી)

**જુહુ ગુલમહોર**

3/ 4/ 5/ 6 બેડરૂમ, 1200- 5000' ફૂટ ઊંચા ટાવર, સુવિધાઓ સાથે પૂલ, જીમ, બેન્કવેટ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યુ, દર 55000 થી 65000 psf. "MIHIR" 7021919015. (૪૦૭-ઈ)

**સીટચ ફ્લેટો**

એક્સક્લુઝીવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ : જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ : બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો સંપર્ક 7021919015. (૪૦૭-એફ)

**પાર્લા (વેસ્ટ)**

એક બેડરૂમ હોલ કિચન ૫૬૦ કારપેટ બીજે માળે હવા ઉજાસવાળો જૂના ભાડાનો ફ્લેટ ટ્રાન્સફર સાથે એન્જિનિયરિંગ સાયંસ આર્ટસ અને કોમર્સ કોલેજ મેટ્રો તથા કૂપર હોસ્પિટલની નજીકમાં ઈરલા સોસાયટી રોડ આલ્ફા સ્ટોર્સની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્ક: ૯૮૨૦૦૨૮૩૪૭. (૩૧૮)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુસ્કીમ**

**4 બેડરૂમ વેચાણથી, રેડી વિથ ઓસી. 1730', 2100', 2350' કાર્પેટ, નવું બિલ્ડિંગ, અમેનીટીઝ સાથે. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-એ)**

**જુહુસ્કીમ**

**3 બેડરૂમ વેચાણથી, રેડી વિથ ઓસી. 1150', 1250', 1725' કાર્પેટ, નવું બિલ્ડિંગ, અમેનીટીઝ સાથે. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-બી)**

**જુહુસ્કીમ**

**ભાડેથી 2.5 બેડરૂમ બાલકની સાથે સેમી ફર્નિશ્ડ 1.75 લાખ, સ્પેશિઅસ 3 બેડરૂમ 1750' કાર્પેટ સેમીફર્નિશ્ડ 3.50 લાખ, 4 બેડરૂમ ફર્નીશ્ડ 3 લાખ નેગોશિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-સી)**

**તારદેવ**

2 બેડરૂમ - 752' - કાર્પેટ - પાર્કિંગ - 4,00,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૯-ડી)

**ગામદેવી**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 4,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૯-સી)

**નાનાચોક**

3 બેડરૂમ - 1450' - પાર્કિંગ સી.વ્યુ. ફરનીસ્ટ 10,50,00,000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૯૯/બી)

**નાનાચોક**

2 બેડરૂમ - જૂનું ભાડું - 1100' - કાર્પેટ - 2,50,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૯૯/એ)

**ઘાટકોપર**

**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રક્શન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૪૩૧/એ)**

**પાર્લા (ઇસ્ટ/વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૪૨૯/એ)**

**સાન્તાક્રુઝ (ઇસ્ટ/વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૪૨૯/સી)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૪૨૯/ઈ)**

**" ચોપાટી, બાબુલનાથ (દેરાસર) ભાડેથી''**

**2 બેડ ફર્નિશ્ડ, 3 બેડ ફર્નિશ્ડ, 4 બેડ ફર્નિશ્ડ, ''નિમેષ સોની'': 9619927603. (૪૩૩-એ)**

**ચોપાટી**

**ન્યુ ટાવર 2 BHK. રેરા કાર્પેટ 800 સ્કે ફિટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.10 CR વેચવાનું છે. 8080753577. (Time: 10-6) (દલાલ માફ) (બી-૧૬૬૯૯)**

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 720 sq. ft. 3 BHK, 891 Sq. ft. ડો. આમ્બેડકર રોડ, પાર્કીંગ સાથે, ટૂંક સમયમાં કબજો. સંપર્ક: 9930333456. (૪૧૩-એ)

**ખાર (વેસ્ટ)**

મધુપાર્ક પાસે - ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમનો ફ્લેટ - જીમ, સર્વન્ટ ટોઈલેટ, એરકંડિશન્ડ લોબી, ૨ પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. ડિપોઝીટ - ૫,૦૦,૦૦૦/-, ભાડું ૨,૦૦,૦૦૦/-, ફક્ત જેન્યુન પાર્ટી સંપર્ક:- 9820156133. (બી-૧૬૬૬૮)

**વિલેપાર્લે (વેસ્ટ)**

ઈર્લા- KLS હોસ્પિટલ પાસે એમિનિટીઝવાળા ટાવરમાં 2 અને 3 બેડરૂમના ફ્લેટો પઝેશન- May 2026- ''નવકાર એસ્ટેટ'' 9819117722. (જેપી/૪૫૨૯-એ)

**સાઉથ મુંબઈ**

**૧ થી ૪ બેડરૂમના ફ્લેટસ/ ઓફિસ લેવા/ વેચવા/ ભાડેથી, આપના બજેટ મુજબ, 'કિરણ શાહ' 9820085979. (બી-૧૬૬૮૮)**

**તારદેવ**

**2 બેડરૂમ 540', કારપેટ, રેડી પઝેશન 9029450460. (બી-૧૬૬૮૬)**

**અંધેરી (વેસ્ટ)**

**જુહુ લેન વેચાણથી, ફુલ્લી ફર્નિશ્ડ, 2 બીએચકે+ 1 બીએચકેની જોડી ફ્લેટ, 1615 સ્કેવર ફીટ કારપેટ, 8th ફ્લોર, 1 ગેરેજ + ૨ સ્ટિલ્ટ પાર્કિંગ, 3 લીફ્ટ્સ, 2 ગાર્ડન, ઈસ્ટ- વેસ્ટ ઓપન, જૈન દેરાસરની બાજુમાં. સંપર્ક: 9821035179. (૪૧૬-એ)**

**શાંતાક્રુઝ (ઈસ્ટ)**

સ્ટેશન/ દેરાસર/ ઉપાશ્રય નજીક ૧/૨ બેડરૂમના ફ્લેટો લેવા / વેચવા. ૯૮૨૧૯૮૧૭૪૪. (બી-૧૬૬૮૩)

**MALABAR HILL**

For Rent 3 BHK - 1850', Furnished, 2 Parking, 5 Lac per Month (nego), Buy - Sell - Rent, "Agarwal" 9821231619. (436-E)

GOREGAON-MALAD 1/2/3/4 BHK for Sale / Purchase Contact - Agarwal Estate Consultants 9820232273. (B-16703)

## ૧૭. જગ્યા આપવી છે

**MARINE DRIVE**

4 Bed Full Sea Face / Excellent View 3000 Carpet Well Maintained 1 Garage and 2 Open Parking 35 Crore. Ashok Shah 9821036552 / 9920655056. (432-A)

**ADRINA - LODHAPARK**

Next to Kamla Mill Lower Parel 2/2.5/3 BHK 944' / 967' / 1136'/ 1193'/ 1254'/ 1266'/ 1334'/ with Servant Quarter. No Brokerage. Call Shradha 9920655056 / 9870246552. (422-B)

**GHATKOPAR (EAST)**

Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (412-C)

**Dadar Hindu Colony**
**PENTHOUSE**
> Unrestricted View
> 3000+' with Terrace
> 4 BHK + 3 living
> Elegantly Done up
> 3 Premium Parkings
> OC Obtained
Price on Request
Owner : 90820 80382
(430/A)

**GHATKOPAR / VIDYAVIHAR WEST**

**3 Bedroom Hall Kitchen, 1460 Area, at Takshashila, Neelkanth Kingdom, Available for Family on Rental Basis, Contact Owner: Kiran Parikh 98339 40025. (426/A)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

■ હોસ્પિટલ, હોટેલ, ઓફિસ લાયક જગ્યા ભાડે આપવાની છે. 9000 સ્કેવર ફુટ કાર્પેટ. હાલમાં 8 ICU બેડ, 3 ઓપરેશન થિયેટર, અને ૩૧ બેડ, પ્રાઈમ લોકેશન, રામનગર, સુરત. 7383155150. (બી-૧૬૭૨૫)

**'ઓપેરાહાઉસ'**

312' ઓફિસ, લીઝ - વેચાણ ફ્લેટ (લેવા--વેચવા): નીતિન - 9867222020. (૪૩૩/ઈ)

**KALINA**
PREMISES AVAILABLE ON LEAVE & LICENCE
Area 1000 sqft to 5000 sqft
Rate charged on carpet area
Contact : 7400026775
(430/B)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**■ દવા બજાર ઈલેક્ટ્રિક બજારને અનુરૂપ કાલબાદેવી - પ્રિન્સેસ સ્ટ્રીટ જંકશન પાસે અંદાજે ૨૪૦૦ સ્કવેર ફુટ વેરહાઉસ ભાડે આપવાનું છે. રસ ધરાવનાર કંપની સંપર્ક સાધે: 8355946966. ટાઈમ સવારે ૧૦ સાંજે ૫. સોમથી શુક્ર. (બી-૧૬૬૪૪)**

**AVAILABLE FOR RENT / SALE**
**LOTUS GRANDEUR SIGNATURE**
EXCLUSIVE FURNISHED OFFICE
TRIPLEX -
17500 SQ.FT
Lokhandwala - Oshiwara - Andheri West
Dinesh Haswani
86930 33369
Rera Number - A51800004556
(B-16678)

**JUHU/ VILEPARLE/ ANDHERI**

Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 7021919015. (407-H)

## ૨૦. ધંધાદારી જગ્યા

**KURLA (WEST)**

**Station Road, Outright Sale / Lease, Ownership Shop 370' Carpet. Contact: "9322998138". (393-A)**

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**

સંગીત સંધ્યા (NOV. 9 BORIVALI), લગ્ન સાંજી (DEC. 2 GHATKOPAR - KANDIVALI, 14 લગ્નગીત NASHIK), મામેરૂ (18 FEB. MALAD), ભજન, ડાયરો, ANNIVERSARY. મનસુખભાઈ (કાંદિવલી): 9326801860. (૪૪૦-એ)

**નાટ્ય ગ્રુપ**

વર્ષના 6 નાટક વ્યક્તિ દીઠ માત્ર 500/- ભરી બુક કરો 9619538663/9820419608. (બી-૧૬૭૦૯)

**SHREENATH બજેટથી**

પ્રાર્થના + લગ્નગીત + મહેંદી + ANNIVERSARY + ડાયરો + GAME કિરણભાઈ - 9821795355. (બી-૧૬૭૦૬)

**''વિનોદ શાહ...''**

ભક્તિસભર ગીતોથી દિવંગત સ્વજનને શાંતિ પહોંચાડો... માતૃપિતૃ વંદના - પ્રાર્થનાસભા, દરેક ભાવયાત્રા (પ્રોજેક્ટ સ્ક્રીન સાથે) કરાવવા - 9821540500. (બી-૧૬૬૫૧)

**''બજેટ મુજબ''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'': - 9820889938. (૪૦૦-એ)

## ૩૧. નાણાંકીય

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

**LOAN AGAINST**

Residential or Commercial Property / Unsecured Business Loan, Based on Banking or GST Turnover, Either Term Loan or OD, Compare Loan Eligibility, ROI and Tenure across 19+ Banks, with 28+ years of experience, Partnered with Corporate DSA having PAN India, (T & C) Services in Mumbai and Pune. Contact Harish Shah on: 9226511191. (435-D)

## ૩૨. જમીન - મિલકત

■ વેચવાનો છે બંગલો 913 વાર, બસ સ્ટેન્ડ તથા જૈન દેરાસર પાસે, મેઈન રોડથી 50 મીટરમાં, ટોલકનગર, પાલડી, અમદાવાદ 9824099927. (બી-૧૬૭૨૮)

## ૩૩. ધંધાદારી

**લગ્ન ગીફ્ટ**

શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે. - 9930310057. (બી-૧૬૬૯૭)

**ગાદીવાળા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/ સ્લીપર જેન્ટ્સ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ - 9869669633. (એસડીબી-૨૯૪૧)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપોર. - 9769691025 / 26822572. (બી-૧૬૭૦૭)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ડૉલરમાં નરમાઈ અને અમેરિકી શટડાઉનની ચિંતા સપાટી પર રહેતાં વૈશ્વિક સોનામાં મક્કમ આંતરપ્રવાહ

## સ્થાનિક સોનામાં બેતરફી વધઘટે માગ રૂંધાતા ડિસ્કાઉન્ટમાં વધારો

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડી હોવાથી ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે ગત સપ્તાહના આરંભે વૈશ્વિક સોનામાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, ત્યાર બાદ સપ્તાહ દરમિયાન વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષેત્રનાં શૅરોની આગેવાની હેઠળ કડાકા બોલાઈ જવાની સાથે અમેરિકી સુપ્રીમ કોર્ટે ડૉનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલી ટૅરિફની કાયદેસરતા સામે પ્રશ્નાર્થ કર્યો હોવાથી તેમ જ અમેરિકાના ગત ઑક્ટોબર મહિનાના રોજગારીનાં ડેટા પણ બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી પુનઃ અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાઓમાં વધારો થવાથી ડૉલર ઈન્ડેક્સ અને ઈક્વિટી માર્કેટની પીછેહઠ સાથે સોનામાં ઘટ્યા મથાળેથી પુનઃ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

વધુમાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ એકંદરે માગ શાંત હતી અને છૂટાછવાયા હાથબદલાના કામકાજો રહ્યા હતા. તેમ જ ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ બેથી પાંચ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. ચીનના નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી નવી નીતિઓ અનુસાર ચીને ગત પહેલી નવેમ્બરથી સોનાના રિટેલરો માટે લાંબા સમયગાળાથી ચાલી રહેલી કર મુક્તિની નીતિનો અંત આણ્યો હતો અને તેને છ ટકા સુધી ઘટાડવામાં આવી હતી આ નીતિ આગામી ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૭ સુધી અમલી રહેશે. વધુમાં ચીનમાં નવી વેરા નીતિ મૂલ્ય વર્ધિત કરનો અમલ થવાને કારણે પણ હાજર બજારમાં માગ સુસ્ત રહી હતી. જોકે, તેને કારણે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ હેઠળની માગ પર કોઈ માઠી અસર નથી પડી એમ ગ્રેટર ચાઈના સ્થિત એમકેએસ પીએએમપીનાં ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવ્યું હતું. વાસ્તવમાં હાલના તબક્કે રોકાણકારોની નજર ચીન તથા ભારતની અમેરિકા સાથેની ટ્રેડ ડીલ પર મંડાઈ છે. જોકે, અમેરિકી વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલી ટૅરિફની કાયદેસરતા સામે સુપ્રીમ કોર્ટે પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું હોવાથી ભારત તથા ચીન સુપ્રીમ કોર્ટનાં નિર્ણયની રાહ જોઈ રહ્યા હોવાથી અમેરિકા સાથેની ટ્રેડ ડીલ વિલંબિત થઈ રહી હોવાનું અમુક બજાર વર્તુળોનું માનવું છે.

એકંદરે સપ્તાહ દરમિયાન વૈશ્વિક સ્તરે જોવા મળેલી બેતરફી વધઘટને ધ્યાનમાં લેતા સ્થાનિક બજારમાં પણ સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાઈ ગયા હતા. જોકે, ગત બુધવારે ગુરુ નાનક જયંતી નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહેતાં એકંદરે કામકાજના સત્ર માત્ર ચાર જ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે દેવ ઊઠી એકાદશી હતી અને સામાન્યપણે દેવઊઠી એકાદશી પછી લગ્નસરાની મોસમ શરૂ થતી હોય છે. જોકે, આ બેતરફી વધઘટમાં સ્થાનિક જ્વેલરી ઉત્પાદકો સહિત રિટેલ સ્તરનાં ખરીદદારોએ નવી ખરીદી મોકૂફ રાખી હોવાથી ગત સપ્તાહે ડીલરો દ્વારા ઓફર કરવામાં આવતા સોનાના ભાવ પરનાં ડિસ્કાઉન્ટમાં વધારો થયો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આગલા સપ્તાહે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૨ ડૉલર આસપાસનાં ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા તેની સામે ગત સપ્તાહે ૧૪ ડૉલરમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૩૧મી ઑક્ટોબરનાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૨૦,૭૭૦ના બંધ સામે રૂ. ૧,૨૧,૧૧૩ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૧,૧૯,૯૧૬ અને ઉપરમાં રૂ. ૧,૨૧,૧૧૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧,૨૦,૧૦૦ની સપાટીએ

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૦.૫૫ ટકાનો અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭૦નો ઘટાડો નોંધાયો હતો. નવી દિલ્હી સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે ગયા મહિનામાં ધનતેરસ અને દિવાળી જેવાં સપરમાં દહાડાઓમાં સોનામાં રોકાણલક્ષી માગ મુખ્ય પરિબળ રહ્યું હતું, જ્યારે હવે રોકાણકારો પણ સાઈડલાઈન થયા હોવાનું જણાય છે.જોકે, હવે બજાર વર્તુળોની નજર લગ્નસરાની મોસમની માગ પર સ્થિર થઈ છે. એકંદરે સપ્તાહના આરંભે વૈશ્વિક સોનામાં નરમાઈનું વલણ રહ્યા બાદ ખાસ કરીને અમેરિકાના ખાનગી ક્ષેત્રના રોજગારીના ડેટા નબળા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૯-૧૦ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં પુનઃ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બની હતી. નોંધનીય બાબત એ છે કે અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન અપેક્ષા કરતાં વધુ ઐતિહાસિક લાંબા સમય સુધી ચાલુ રહ્યું હોવાથી સરકારી ડેટાઓની જાહેરાત વિલંબમાં મુકાઈ રહી છે. ખાનગી ક્ષેત્રમાં કરવામાં આવેલા સર્વેક્ષણોમાં એવું ફલિત થયું હતું કે કંપનીઓ દ્વારા લેવામાં આવેલા ખર્ચમાં કપાતના પગલાં તેમ જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વ્યાપકપણે થઈ રહેલી સ્વીકૃતિની માઠી અસર શ્રમ બજાર પર પડી રહી છે. વધુમાં અમેરિકી ઈક્વિટી માર્કેટમાં એઆઈ ક્ષેત્રનાં શૅરોમાં ઊંચા વૅલ્યુએશનને કારણે ટેક્નોલૉજી ક્ષેત્રના શૅરોની આગેવાની હેઠળ બજારમાં કડાકા બોલાઈ રહ્યા હોવાથી સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે વૈશ્વિક વેપારોમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાનો પણ સોનામાં સુધારાને ટેકો મળી રહ્યો છે. અમારા મતાનુસાર આગામી સપ્તાહે રેટ કટના આશાવાદ સાથે વૈશ્વિક સોનાના ભાવની રેન્જ ઔંસદીઠ ૪૧૨૦થી ૪૧૮૦ ડૉલર આસપાસની રહી શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૧૭,૮૦૦થી ૧,૨૪,૫૦૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન ગત સપ્તાહના અંતે ખાસ કરીને લંબાઈ રહેલા અમેરિકી શટડાઉનની ચિંતા, ખાનગી ક્ષેત્રનાં રોજગારીના નબળા ડેટા, ફેડરલ રિઝર્વ દ્વારા ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપનો આશાવાદ અને ચીને મહત્ત્વપૂર્ણ ખનીજોની નિકાસ માટેનાં નિયંત્રણો હળવા કરવાની દિશામાં આરંભ કર્યો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૦૦૫.૨૧ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને ૪૦૦૯.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૮.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકી શટડાઉનને કારણે સરકારી ડેટાઓ વિલંબિત થઈ રહ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત માટે મુખ્યત્વે ખાનગી ડેટાઓ પર જ આધાર રાખે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી ડિસેમ્બર મહિનામાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૬ ટકા ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા હોવાથી સોનાના સુધારાને ટેકો મળી રહ્યો છે. વધુમાં ચીન મહત્ત્વના ખનીજોની નિકાસ માટેના નિયમનો હળવા કરી રહ્યું હોવાથી શિપમેન્ટો વહેલાસર શરૂ થવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે. જોકે, વૉશિંગ્ટનની અપેક્ષાનુસાર ચીન સંપૂર્ણપણે નિયંત્રણો દૂર કરે તેવી શક્યતા અત્યંત પાતળી હોવાનું ઉદ્યોગ વર્તુળો જણાવી રહ્યા છે. આમ એકંદરે સપ્તાહ દરમિયાન સોનામાં સલામતી માટેની માગને ટેકે મક્કમ વલણ જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

# ઈયુ સાથેના કરારમાં કાર્બન ટેક્સ અને સ્ટીલનાં નિયમોમાં આગોતરી સ્પષ્ટતા માટે ભારતનો આગ્રહ

નવી દિલ્હીઃ ભારત અને યુરોપિયન યુનિયન વાટાઘાટો મારફતે સંતુલિત વેપાર કરાર કરવાના પ્રયાસોને વેગ આપવા સંમત થયા છે. જોકે, તેમાં ભારતે ખાસ કરીને પ્રસ્તાવિત કાર્બન ટેક્સ અને સ્ટીલનાં નિયમનોનાં અમલીકરણ અને સ્પષ્ટતા માટે આગોતરી આવશ્યકતા પર વધુ ભાર મૂક્યો છે. ગત ૩થી ૭ નવેમ્બર દરમિયાન યુરોપિયન યુનિયનનાં વરિષ્ઠ અધિકારીઓની ટુકડીએ નવી દિલ્હીની મુલાકાત લીધી હતી અને પ્રસ્તાવિત ભારત-ઈયુ વચ્ચેનાં મુક્ત વેપાર કરાર અંગે ચર્ચા થઈ હોવાનું વાણિજ્ય મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું.

યુરોપિયન યુનિયન સાથે વ્યાપક, સંતુલિત અને બન્ને પક્ષે હિતકારી વેપાર કરાર કરવા માટેનાં પ્રયાસોને આગળ ધપાવવા માટેનાં ભાગરૂપે એક અઠવાડિયું ચર્ચા ચાલી હતી. આ ચર્ચામાં ગૂડ્સ અને સર્વિસીસ, રોકાણ, વેપાર અને ટકાઉ વિકાસ, મૂળ સ્રોત માટેનાં નિયમો તથા વેપારમાં આવતા ટૅક્નિકલ અવરોધો દૂર કરવા માટે ચર્ચા કરવામાં આવી હતી. વાટાઘાટાના ભાગરૂપે વાણિજ્ય સચિવ રાજેશ અગરવાલે યુરોપિયન કમિશનનાં વેપાર વિભાગનાં ડિરેક્ટર જનરલ સબિન વેનાદા સાથે એક વિસ્તૃત બેઠક કરી હતી. તેમ જ ગત ૫-૬ નવેમ્બરના રોજ થયેલી વાટાઘાટોમાં સંતુલિત વેપાર કરાર માટેના બાકી રહેલા અમુક મુદ્દાઓ પર ચર્ચા થઈ હોવાનું સચિવે જણાવતા ઉમેર્યું હતું કે ભારતે ખાસ કરીને કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મેકેનિઝમ અને પ્રસ્તાવિત નવી સ્ટીલ નીતિ સહિતની અન્ય નીતિઓમાં આગોતરી સ્પષ્ટતાઓ પર વધુ આગ્રહ રાખ્યો હતો.

# ઑક્ટોબરમાં ચીનની નિકાસ ૧.૧ ટકા ઘટી, અમેરિકા ખાતેના શિપમેન્ટ ૨૫ ટકા ઘટ્યા

હૉંગકૉંગઃ ગત ઑક્ટોબર મહિનામાં ચીનથી અમેરિકા ખાતેનાં શિપમેન્ટમાં ૨૫ ટકા જેટલો ઘટાડો થવાથી કુલ નિકાસમાં ૧.૧ ટકાનો ઘટાડો આવ્યો હોવાનું સરકારી અહેવાલમાં જણાવાયું છે. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ ગત સપ્તાહે વેપાર તણાવ હળવો કરવા માટે સંમત થયા બાદ વર્તમાન વર્ષ ૨૦૨૫ના છેલ્લા ત્રિમાસિકગાળામાં વૉશિંગ્ટન સાથેનાં વેપાર તણાવમાં રાહત મળી શકે છે, પરંતુ એકંદરે વેપાર ઘર્ષણ અન્ય માગ પર મંદી લાવી રહ્યું હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું. ચીનના કસ્ટમ વિભાગની જાણકારી બાદ ગત સપ્ટેમ્બર મહિનામાં ચીનની નિકાસમાં ૮.૩ ટકાની વૃદ્ધિ જોવા મળ્યા બાદ ગત ઑક્ટોબર મહિનામાં નિકાસમાં ગત ફેબ્રુઆરી પછી પહેલી વખત ૧.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ગત સપ્ટેમ્બર મહિનામાં આયાતમાં ૭.૪ ટકાની વૃદ્ધિ નોંધાયા બાદ ગત ઑક્ટોબર મહિનામાં એક ટકાની વૃદ્ધિ જોવા મળી હતી.

# તહેવારોનાં ૪૨ દિવસમાં ઑટોમોબાઈલનું રિટેલ વેચાણ બાવન લાખ યુનિટની વિક્રમ સપાટીએ

નવી દિલ્હીઃ ગત નવરાત્રીથી જીએસટી ૨.૦ અથવા તો જીએસટીના દરમાં ઘટાડો કરવામાં આવતા વાહનોના ભાવમાં ઘટાડો આવ્યો હતો અને જનતાની ખરીદશક્તિમાં વધારો થવાથી તહેવારોના ૪૨ દિવસમાં સ્થાનિકમાં પેસેન્જર વાહનો તેમ જ દ્વીચક્રી વાહનોનાં રજિસ્ટ્રેશનમાં વર્ષાનુવર્ષ ધોરણે ૨૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો અને આ તહેવારો દરમિયાન વાહનોનું કુલ રિટેલ વેચાણ ગત સાલના સમાનગાળાના ૪૩,૨૫,૬૩૨ યુનિટ સામે વધીને ૫૨,૩૮,૪૦૧ યુનિટની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહ્યું હતું. એકંદરે વર્ષ ૨૦૨૫નો તહેવારોનો આ ૪૨ દિવસનો સમયગાળો ભારતીય ઑટો રિટેલ માટે માઈલ સ્ટોન અથવા તો સીમા ચિહ્નરૂપ પુરવાર થયો હતો અને તમામ શ્રેણીનાં વાહનોના વેચાણમાં સર્વોચ્ચ વૃદ્ધિદર જોવા મળ્યો હોવાનું ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (ફાડા)ના પ્રમુખ એસ વિઘ્નેશ્વરે એક યાદીમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના સમયગાળામાં પેસેન્જર વાહનોનું રજિસ્ટ્રેશન ગત સાલના સમાનગાળાના ૬,૨૧,૫૩૯ યુનિટ સામે ૨૩ ટકા વધીને ૬,૨૧,૫૩૯ યુનિટની સપાટીએ રહ્યું હતું. વાસ્તવમાં જીએસટી ૨.૦ને કારણે મધ્યમવર્ગની પોસાણક્ષમતામાં વધારો થયો હોવાથી ડીલરોના શૉ રૂમમાં ગ્રાહકોની ચહેલપહેલ વધી હતી અને ટૅક્સમાં ઘટાડો થવાથી સબ-૪ મીટર કાર ઉપરાંત અન્ય મૉડેલોમાં પણ ખરીદીમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું ડીલરોએ જણાવ્યું હતું.

વધુમાં આ સમય દરમિયાન દ્વીચક્રી વાહનોનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૨૨ ટકા વધીને ૪૦,૫૨,૫૦૩ યુનિટ (૩૩,૨૭,૧૯૮ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું. દ્વીચક્રી વાહનોમાં મુખ્યત્વે પ્રવાહિતા વધવાની સાથે જીએસટીનાં તાર્કિકીકરણને કારણે પોસાણક્ષમતા વધતા ગ્રામીણ વિસ્તારોમાં માગ વધુ રહી હોવાનું વિઘ્નેશ્વરે જણાવતા ઉમેર્યું હતું કે એકંદરે કોમ્યુટર્સ બાઈક, સ્કૂટર્સ અને ઈલેક્ટ્રિક વાહનોમાં રહેલી પ્રબળ માગને ધ્યાનમાં લેતા ડીલરો ગત તહેવારોની મોસમને યાદગાર મોસમ તરીકે ગણાવી રહ્યા છે. તહેવારોની આ મોસમ દરમિયાન ત્રિચક્રી વાહનો અને વેપારી વાહનોના રજિસ્ટ્રેશનમાં વર્ષાનુવર્ષ ધોરણે અનુક્રમે નવ ટકા અને ૧૫ ટકાની વૃદ્ધિ જોવા મળી હોવાનું તેમણે જણાવતા કહ્યું હતું કે જીએસટી ૨.૦ સુધારા એ માત્ર વેરાનું સરળીકરણ નથી થયું, પરંતુ ગ્રાહક માગલક્ષી વૃદ્ધિ થતાં દેશનાં અર્થતંત્રને પણ ટેકો મળશે. ફેડરેશનની માહિતી અનુસાર ગત ઑક્ટોબર મહિનામાં ઑટોમોબાઈલનું રિટેલ વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૪૧ ટકા વધીને ૪૦,૨૩,૯૨૩ યુનિટની સપાટીએ રહ્યું હતું. જેમાં પેસેન્જર વાહનોનું વેચાણ ૧૧ ટકા વધીને ૫,૫૭,૩૭૩ યુનિટ (૫,૦૦,૫૭૮ યુનિટ)ના સ્તરે અને દ્વીચક્રી વાહનોનું વેચાણ બાવન ટકા વધીને ૩૧,૪૯,૮૪૬ યુનિટ (૨૦,૭૫,૫૭૮ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું.

# પશ્ચિમ રેલવે દ્વારા ''વંદે માતરમ્''ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી



મુંબઈઃ ભારતના રાષ્ટ્રીય ગીત - ''વંદે માતરમ્''ના ૧૫૦ વર્ષની સ્મૃતિ નિમિત્તે, ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચર્ચગેટ સ્થિત પશ્ચિમ રેલવે મુખ્યાલય ખાતે ગીતના સંપૂર્ણ સંસ્કરણનું સમૂહ ગાયનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી ભારતના માનનીય પ્રધાનમંત્રીના નેતૃત્વમાં મુખ્ય સમારોહ સાથે યોજાઈ હતી. મુખ્યાલય ખાતેનો કાર્યક્રમ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાના નેતૃત્વ હેઠળ યોજાયો હતો અને તેમાં વિભાગોના મુખ્ય વડાઓ, વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, રાષ્ટ્રવ્યાપી સ્મૃતિ ઉજવણીના અનુસંધાનમાં, આપણા રાષ્ટ્રીય ગીતના ૧૫૦ ગૌરવપૂર્ણ વર્ષો ઉજવવા અને રાષ્ટ્ર પ્રત્યે એકતા, સંવાદિતા અને ભક્તિના સહિયારા આદર્શોને પુનઃપુષ્ટિ કરવા માટે, મુખ્ય મથક કાર્યાલય, બધા વિભાગો અને કાર્યશાળાઓ સહિત, પશ્ચિમ રેલવેમાં ''વંદે માતરમ્''નું સામૂહિક ગાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ખૂબ જ દેશભક્તિના ઉત્સાહ સાથે યોજાયો હતો અને તમામ સ્તરના અધિકારીઓ અને કર્મચારીઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી, જેઓ ગૌરવ અને દેશભક્તિની ભાવના સાથે રાષ્ટ્રીય કાર્યક્રમમાં જોડાયા હતા.

૨૦૨૫માં બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા અક્ષય નવમી પર લખાયેલ ''વંદે માતરમ્''ની રચનાને ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, જે ૭ નવેમ્બર ૧૮૭૫ના રોજ લખાયેલ હતી. અને સૌપ્રથમ વખત સાહિત્યિક જર્નલ ''બંગદર્શન''માં તેમની નવલકથા ''આનંદમઠ''ના ભાગરૂપે પ્રકાશિત થયું હતું. દાયકાઓથી આ ગીત ભારતની સ્વતંત્રતા, એકતા અને રાષ્ટ્રીય ગૌરવનું અમર પ્રતીક બની ગયું છે. ■

# શૂટિંગ પ્રોગ્રામને મજબૂત બનાવવા આર્મી માર્ક્સમેનશિપ યુનિટ, મહુના રિલાયન્સ ફાઉન્ડેશન સાથે સમજૂતીના કરાર




મુંબઈઃ આર્મી માર્ક્સમેનશિપ યુનિટ, મહુએ, ભારતીય આર્મીસ મિશન ઓલિમ્પિક્સ વિંગ હેઠળની એલાઈટ શૂટિંગ ટ્રેનિંગ સંસ્થાએ રિલાયન્સ ફાઉન્ડેશન સાથે સ્પોર્ટસના વિકાસ માટે તેની પ્રથમ કોર્પોરેટ ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા હતા. આ ભાગીદારી હાલમાં AMU ખાતે ૧૪ શૂટર્સને ટ્રેનિંગ આપવા માટે સમર્થન આપે છે, જેમાં પેરિસ ઓલિમ્પિયન સંદીપ સિંહ અને આર્મીનાં પ્રથમ મહિલા સુબેદાર પ્રીતિ રજકનો સમાવેશ થાય છે. રિલાયન્સ ફાઉન્ડેશનનાં શ્રીમતી નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું કે: ''રિલાયન્સ ફાઉન્ડેશન માટે ભારતીય આર્મી અને આર્મી માર્ક્સમેનશિપ યુનિટ AMU સાથે ભાગીદારી કરવી એ તેમના વિશ્વ-સ્તરીય શૂટિંગ પ્રોગ્રામને મજબૂત બનાવવા માટે ગૌરવની વાત છે.'' ■

# વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૫.૬૨ અબજ ડૉલર ઘટી

મુંબઈઃ ગત ૩૧મી ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૫.૬૨૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૯.૭૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ તાજેતરમાં સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૬.૯૨૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૫.૩૫૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી. સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૯૫૭ અબજ ડૉલર ઘટીને ૫૬૪.૫૯૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી હૂંડિયામણની અનામતમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન સહિતનાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૩.૮૧ અબજ ડૉલર ઘટીને ૧૦૧.૭૨૬ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧.૯ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૪૪ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા.

# હાજર ખાંડમાં મિશ્ર વલણ, નાકા ડિલિવરીમાં નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૪૦થી ૩૭૭૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત હોવાથી માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને ઉપલા મથાળેથી રૂ. ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ હતો. તેમ જ રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ચારના સુધારા સાથે રૂ. ૩૯૪૨થી ૩૯૮૦માં થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૮૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૮૩૫થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૮૭૦થી ૩૯૧૦માં થયાના અહેવાલ હતા.

# પાંખાં કામકાજો વચ્ચે ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને વૈશ્વિક અહેવાલોની ગેરહાજરીને કારણે એકંદરે કામકાજો પાંખાં રહ્યા હતા. એકંદરે આજે ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી બે વધી આવ્યા હતા. જોકે, આજે એકમાત્ર કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે માગ પણ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૩૨૬૯ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૧૨ અને કોપર ક્રેપ હેવી તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૯૩૦ અને રૂ. ૨૭૮ના મથાળે રહ્યા હતા.

# ખાદ્યતેલમાં છૂટાછવાયા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૩ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે એકંદરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હતા અને હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૪ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૪, નારાયણ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, નવભારત લિ.નાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૨થી ૧૨૧૬ તેમ જ કચ્છ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના ૧૫મી નવેમ્બર સુધી ડિલિવરી શરતે રૂ.૧૨૨૫, ૧૫થી ૩૦ નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૩૦ અને ડિસેમ્બર ડિલિવપી શરતે રૂ. ૧૨૩૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

ડે. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પ.), પશ્ચિમ રેલવે કેરેજ રિપેર વર્કશોપ, N.M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ઈ-ટેન્ડર નોટીસ નં.: EL/WA/PL/ ૨૦૨૫-૨૬/૦૭, તારીખ: ૦૪.૧૧.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ સાથે સ્થળ: લોઅર પરેલ વર્કશોપ ખાતે વિવિધ ક્ષમતાની EOT ક્રેન્સની રિપેરિંગ, રિકન્ડિશનિંગ અને ટેસ્ટિંગ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૪૯,૭૬,૨૮૮.૦૯. બારડીઃ ₹ ૯૯,૫૦૦/-. સુપ્રતિની છેલ્લી તારીખ અને સમયઃ ૨૬.૧૧.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી. ખોલવાની છેલ્લી તારીખ અને સમયઃ ૨૬.૧૧.૨૦૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0761

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**બ્રેક પાઈપલાઈન્સ વર્કનું મોડિફિકેશન અને અપગ્રેડેશન**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N.M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ટેન્ડર નોટિસ નં.: WR-PL-ME-EST-૬૩૬૪૫૫, તારીખઃ ૦૪.૧૧.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળ: કામના સ્કોપ મુજબ LHB/ICF કોચેસમાં એર બ્રેક પાઈપલાઈન્સનું મોડિફિકેશન અને અપગ્રેડેશન. કામની અંદાજિત કિંમતઃ ₹ ૭૭,૬૬,૦૧૪.૨૬. બારડીઃ ₹ ૧,૫૫,૩૦૦/-. સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમયઃ ૨૨.૧૧.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી. ખોલવા માટે છેલ્લી તારીખ અને સમયઃ ૨૨.૧૧.૨૦૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0763

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## કૂપર હૉસ્પિટલમાં ત્રણ ડૉક્ટરની મારપીટ

# ...તો સોમવાર સાંજથી પાલિકાની મુખ્ય ચાર હૉસ્પિટલનું કામકાજ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિલેપાર્લેની કૂપર હૉસ્પિટલના ઈમર્જન્સી વૉર્ડમાં લાવવામાં આવેલા દરદીના પરિવારજનોએ ત્રણ ડૉક્ટરની મારપીટ કરતાં આ ઘટનાની રેસિડેન્ટ ડૉક્ટરોના ઍસોસિયેશને ગંભીર નોંધ લીધી હતી. ડૉક્ટરોની સુરક્ષાને ધ્યાનમાં લઈ સૂચવેલાં જરૂરી પગલાં બાબતે પ્રશાસન દ્વારા સંતોષજનક ઉકેલ લાવવામાં ન આવે તો મુંબઈ મહાપાલિકા સંચાલિત ચાર મુખ્ય હૉસ્પિટલનું કામકાજ સોમવાર સાંજથી બંધ કરી દેવાની ચીમકી આપવામાં આવી છે.

ડૉક્ટરોની મારપીટની ઘટના શુક્રવારની મધરાતે એક વાગ્યાની આસપાસ બની હતી. કૂપરના ઈમર્જન્સી વૉર્ડમાં દરદીને લાવવામાં આવ્યો હતો. દરદીની હાલત ગંભીર હોવાથી ડૉક્ટરોએ તાત્કાલિક ઉપચાર શરૂ કર્યો હતો. એ જ સમયે સહમતીપત્ર પર હસ્તાક્ષર કરવા માટે દરદીનાં સગાંસંબંધીને બોલાવવામાં આવ્યાં હતાં. જોકે ઉશ્કેરાયેલા પરિવારજનોએ કોઈ પણ જાતની પૂછપરછ વિના સીધી ફરજ પર હાજર ડૉક્ટરો સાથે રકઝક શરૂ કરી હતી. બાદમાં ત્રણ ડૉક્ટરો સાથે બેરહેમીથી મારપીટ કરાઈ હતી.

આ મામલે શનિવારે સવારે જૂહુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. મારપીટમાં ઘવાયેલા

(જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામના વીર સાવરકર ફ્લાયઓવરનો ભોગ નહીં લેવાય

## તેના બદલે મોનોપાઈલ ટેક્નોલોજીનો ઉપયોગ કરી નવો પુલ બાંધવાની યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક નાગરિકોના ભારે વિરોધને પગલે આખરે મુંબઈ મહાનગરપાલિકાને ગોરેગામના સાત વર્ષ જૂના વીર સાવરકર ફ્લાયઓવરને તોડી પાડવાની તેની યોજના પર પુનર્વિચાર કરવાની ફરજ પડી છે.

પ્રસ્તાવિત વર્સોવા-દહિસર લિંક રોડ (વીડીએલઆર) ડબલ-ડેકર કોરિડોર માટે વીર સાવરકર ફ્લાયઓવરને તોડી પાડવાનો હતો પણ પાલિકા પ્રશાસને હવે ફ્લાયઓવરને તોડી પાડવાને બદલે મોનોપાઈલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાના વિકલ્પ પર વિચાર કરી રહી છે. પાલિકા અંતિમ નિર્ણય લેતા પહેલા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી(આઈઆઈટી) બોમ્બે પાસેથી ફિઝિબિલિટી રિપોર્ટ આવે તેની રાહ જોઈ રહી હતી.

ગોરેગામ પશ્ચિમમાં ૨૦૧૮ની

(જુઓ પાનું ૪) ▶▶

# દહિસર ટોલ નાકાના સ્થળાંતરની મુદત પાછી ઠેલવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના પ્રવેશદ્વાર દહિસર પરની ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે ટોલનાકાને આઠ નવેમ્બર સુધી સ્થળાંતર કરવાની પરિવહન પ્રધાને જાહેરાત કરી હતી પણ હજી સુધી જગ્યા નક્કી થઈ શકી ન હોવાને હાલ પૂરતો આ મુદ્દો લંબાઈ ગયો છે. આ દરમ્યાન વસઈમાં ટોલનાકા માટે જગ્યા જોવા ગયેલા પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક સહિત સરકારી અધિકારીઓને સ્થાનિક ગ્રામવાસીઓના વિરોધનો સામનો કરવો પડયો હતો.

મુંબઈ-અમદાવાદ હાઈવે પર ગુજરાતથી મુંબઈ આવતા સમયે મુંબઈના પ્રવેશદ્વાર દહિસર પર રહેલા ટોલનાકાને કારણે અહીં મોટા પ્રમાણમાં વાહનોની લાંબી લાઈન લાગતી હોય છે. અમુક સમયે મીરા રોડથી પણ આગળ વાહનોની લાઈન લાગીને ભારે ટ્રાફિક જૅમ થતો હોય છે. તેથી રાજ્ય સરકારે ટોલનાકાનું સ્થળાંતર કરવાની જાહેરાત કરી હતી અને જગ્યા શોધવાનું કામ સરકારી યંત્રણા દ્વારા કરવામાં આવી રહી હતી પણ જે જગ્યા નક્કી કરવામાં આવી હતી, તેની સામે સ્થાનિક સ્તરે ભારે વિરોધ થતાં પરિવહન પ્રધાનની આઠ નવેમ્બર સુધીમાં

(જુઓ પાનું ૪) ▶▶

# માટુંગામાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં આગઃ ૨૮ પ્રવાસીને બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માટુંગામાં શનિવારે સાંજે શિવશાહી સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસમાં થયેલી એક નાની ઘટના બાદ લગભગ ૨૮ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

પ્રાથમિક માહિતી પ્રમાણે એસટી બસમાં આગ લાગી હતી પણ બાદમાં એસટી વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે બસમાં કોઈ આગ લાગી નહોતી. બસના એર કન્ડીશનિંગ યુનિટમાં નીકળતા ધુમાડાને કારણે મુસાફરો અને ડ્રાઈવરોમાં ગભરાટ ફેલાયો હતો. પરિસ્થિતિને ઝડપથી નિયંત્રણમાં લેવામાં આવી હતી, તેને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ શનિવારે સાંજે છ વાગ્યાની આસપાસ દાદરથી પુણે જતી બસમાં

(જુઓ પાનું ૪) ▶▶

## નાગપુરમાં વિધાનસભાના શિયાળુ સત્ર માટે તડામાર તૈયારી

# ગયા વર્ષના ૧૫૦ કરોડ બાકી ને ૯૦ કરોડના નવા કામ

મુંબઈઃ રાજ્ય સરકારે ડિસેમ્બરમાં યોજાનારા રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્ર પહેલા નાગપુરમાં પ્રધાનો, વિધાનસભ્યો અને વહીવટી અધિકારીઓના રહેઠાણો અને કચેરીઓની સજાવટ શરૂ કરી દીધી છે. રીપેરીંગના આ કામની અંદાજિત કિંમત ₹૯૦ કરોડ છે. જોકે, નવા કામ સંદર્ભે કોન્ટ્રાક્ટરો નારાજ છે કારણ કે ગયા વર્ષના શિયાળુ સત્ર પહેલા હાથ ધરવામાં આવેલા જાળવણી અને સમારકામ કાર્ય માટે ₹૧૫૦ કરોડથી વધુના બિલની ચુકવણી હજી બાકી છે.

નાગપુર કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનના પ્રમુખ સુબોધ સરોદેએ જણાવ્યું હતું કે આ વર્ષે એપ્રિલથી કોન્ટ્રાક્ટરોને કોઈ પૈસા ચૂકવાયા નથી. વિગતો આપતા તેમણે કહ્યું હતું કે ‘બાકી ચુકવણી બે વિભાગ માટે છે - ડિસેમ્બર ૨૦૨૪ના

(જુઓ પાનું ૪) ▶▶

# ખોપોલીમાં 300 કરોડના ખર્ચે દેશની પ્રથમ આયુર્વેદિક કૅન્સર હૉસ્પિટલ

મુંબઈઃ પરંપરાગત આયુર્વેદ અને આધુનિક કેન્સરની સારવારના સંકલિત મોડલને સાકાર કરવા માટે ભારતમાં પ્રથમ વખત આયુર્વેદિક કેન્સર હોસ્પિટલ અને સંશોધન કેન્દ્ર સ્થાપવાની તૈયારીઓ ચાલી રહી છે. થાણે જિલ્લાના ખોપોલી ખાતે ૧૦૦ દર્દીને સમાવેશ કરી શકતો અત્યાધુનિક પ્રોજેક્ટ દેશમાં આયુર્વેદ-ઓન્કોલોજી એકીકરણના નવા યુગની શરૂઆત કરશે.

આ પ્રોજેક્ટનો અમલ ટાટા મેમોરિયલ સેન્ટર અને સેન્ટ્રલ ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યો છે. એના માટે ૩૦૦ કરોડનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે. હૉસ્પિટલમાં ઔષધ ઉપચારની સાથે સાથે આયુર્વેદ, પંચકર્મ, યોગ અને આહાર ઉપચારનો સમન્વય કરતી ઉપચાર પદ્ધતિ શરૂ કરવામાં આવશે. આ કેન્દ્રની સ્થાપના લગભગ ૨૦ એકર વિસ્તારમાં કરવામાં આવશે અને તેમાં સંશોધન પ્રયોગશાળા, ઔષધીય વનસ્પતિનો બગીચો, પંચકર્મ કેન્દ્ર અને કલા અને સંગીત ઉપચાર માટે એક

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં દિવસે ગરમી, રાત્રે થોડી ઠંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં દિવસના ગરમી તો રાતના ઠંડી એવો વિચિત્ર અનુભવ થઈ રહ્યો છે ત્યારે રાજ્યના મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો નીચે ઊતરીને શિયાળાની ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં સૌથી નીચું તાપમાન જળગાંવમાં ૧૦.૮ ડિગ્રી નોંધાયું હતું તો સૌથી ઊંચુ તાપમાન મુંબઈમાં ૩૪.૫ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં ગયા અઠવાડિયામાં વરસાદી માહોલ રહ્યો હતો અને હવે ઠંડી-ગરમી જેવુ મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. દિવસના ગરમી વર્તાય છે તો રાતના હળવી ઠંડીનો વર્તાય છે. મુંબઈમાં શનિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૯ ડિગ્રી અને લઘુતમ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# આજે રેલવેની ત્રણેય લાઈનમાં બ્લોક

મુંબઈઃ રવિવારે ૯મી નવેમ્બરના રોજ સિગ્નલ મેઈન્ટેનન્સ, ટ્રેક મેઈન્ટેનન્સ સહિતના અનેક મહત્ત્વના કામ હાથ ધરાવવાના હોવાથી રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. મધ્ય રેલવે પર માટુંગા-મુલુંડ વચ્ચે સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી અપ-ડાઉન ફાસ્ટ લાઈન મેગા બ્લોક હાથ ધરવામાં આવશે, જેને કારણે અપ-ડાઉન ફાસ્ટ લોકલ અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન અપ-ડાઉન લોકલ ટ્રેનો વિક્રોલી, ભાંડુપ, નાહુર અને કાંજુરમાર્ગ, સાયન સહિતના સ્ટેશન પર ઊભી રહેશે. જેને કારણે લોકલ ટ્રેનોના ધાંધિયા જોવા મળશે અને લોકલ ટ્રેનો ૧૦થી ૧૫ મિનિટ મોડી પડી શકે છે. હાર્બર લાઈનની વાત કરીએ તો હાર્બર લાઈન પર કુર્લા-વાશી વચ્ચે અપ-ડાઉન બંને લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી મેગા બ્લોક

(જુઓ પાનું ૪) ▶▶

અમદાવાદ, સિંધુભવન રોડથી નજીક @ આંબલી (R-3 ઝોન)
પ્રીમિયમ બંગલોઝ અને કોર્પોરેટ હાઉસ લાયક
પ્લોટ વેચવાના છે (કાર્પેટ)
એક્સ્ટ્રા ઓર્ડિનરી લોકેશન • વ્યાજબી ભાવ • 100% વાસ્તુ મુજબ • બે રોડ કોર્નર
લોકેશન માટે QR સ્કેન કરો
1450 થી 5900 વાર (કાર્પેટ) 8160896392 - 9033421007 - 9687379592
દલાલ આવકાર્ય




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**